# શ્રી સમ્યકત્વકૌમુદી ભાષાંતર

## તથા

# આદિનાથ - શકુનાવલી



॥ શ્રી સીમંધર સ્વામીને નમઃ ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

# સમ્યકત્વકૌમુદી ભાષાંતર

❀ પ્રેરણા - આશીર્વાદ ❀

★ પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

★ પ.પૂ.આચાર્યદેવશ્રી વરબોધિસૂરીશ્વરજી મ.સા.

★ પ.પૂ.મુનિરાજશ્રી કૈવલ્યબોધિવિજયજી મ.સા.

❀ સંપાદક ❀

પ.પૂ.મુનિરાજશ્રી પદ્મબોધિવિજયજી મ.સા.

❀ ગ્રંથ પ્રકાશનનો લાભ લેનાર ❀

શ્રી આંબાવાડી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ
નહેરુનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ.

❀ પ્રકાશક ❀

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**• ભાવભરી અનુમોદના •**

**સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતરના પ્રકાશનનો સંપૂર્ણ લાભ પૂ. આચાર્યશ્રી વરબોધિ સૂ.મ. તથા પ્રવર્તક પૂ.શ્રી ધર્મગુપ્ત વિ.મ. આદિની નિશ્રામાં મુનિ શ્રી જિનવલ્લભ વિ.મ.ની ૧૦૦મી તથા મુનિશ્રી કૈવલ્યબોધિ વિ.મ.ની ૮૯મી તથા સાધ્વીશ્રી જયપદ્માશ્રીજી મ.ને ૯૦મી, સાધ્વીશ્રી જયદર્શનાશ્રીજી મ.ને ૯૧મી વર્ધમાન તપની ઓળીની અનુમોદનાર્થે.**

**શ્રી આંબાવાડી શ્વે. મૂર્તિ. જૈન સંઘ તરફથી જ્ઞાનનિધિમાંથી લેવામાં આવેલ છે. જ્ઞાનનિધિના સદુપયોગની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.**

લિ.

***શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ***

**પ્રસ્તુત ગ્રંથ જ્ઞાનનિધિમાંથી છપાયેલ હોઈ કોઈ પણ ગૃહસ્થ મૂલ્ય વિના તેની માલિકી કરી શકશે નહીં.**

**❀ પ્રાપ્તિસ્થાન ❀**

- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  શોપ નંબર ૫, બદ્રીકેશ્વર સોસાયટી,
  મરીન ડ્રાઈવ 'ઇ' રોડ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  ૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે, પાટણ (ઉ.ગુ.).
- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  C/o. હેમદીપ પ્રિન્ટર્સ
  ઘીકાંટા, વડફળીયા, રાવપુરા, વડોદરા - ૩૯૦ ૦૦૧.


- **વિ.સં.** : ૨૦૫૭
- **ઈ.સ.** : ૨૦૦૧
- **કિંમત** : ૩૦.૦૦
- **નકલ** : ૪૫૦

**મુદ્રક** : *Tejas Printers*
402, Vimal Vihar Apartment, 22, Saraswati Society, Nr. Jain Merchant Society, Paldi, **AHMEDABAD** - 380 007. • **Phone : (079) 6601045**

## પ્રકાશકીય

પ.પૂ. વર્ધમાનતપોનિધિ સ્વ. આચાર્યભગવંત, શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા-માર્ગદર્શન અને આશિષથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી શ્રી સંઘના સાતે ક્ષેત્રના અનેકવિધ કાર્યો ચાલી રહ્યા છે.

જીર્ણપ્રાયઃ થયેલા આગમગ્રંથો, શાસ્ત્રગ્રંથોને પુનઃજીવિત કરવાનું કાર્ય મોટા પાયે ચાલી રહ્યું છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિશ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યના સતત અને ભગીરથ પ્રયાસથી આજદીન સુધી ૨૦૦થી વધુ શાસ્ત્ર ગ્રંથોની ૪૦૦/૪૦૦ નકલ કરાવી ભારતભરના સંઘોમાં-જ્ઞાનભંડારોમાં ઘરબેઠા પહોંચાડવાનું કાર્ય ટ્રસ્ટ દ્વારા થઈ શક્યું છે.

અનેક શ્રુતપ્રેમી શ્રાદ્ધવર્યો તથા શ્રી સંઘના અખૂટ સહકારથી શ્રુતના ઉદ્ધારનું વિરાટ કાર્ય ખૂબ સહજતાથી થઈ રહ્યું છે.

હજી સેંકડો-હજારો શ્રુતગ્રંથોને પુનર્જીવિત કરી ભાવી પેઢીને શ્રુતનો અમૂલ્ય વારસો પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરવાની અમારી ખેવના છે. જે દેવ ગુરુ અને શાસનદેવના પ્રભાવથી જરૂર પૂર્ણ થશે.

પ્રસ્તુત સમ્યક્ત્વકૌમુદી ભાષાંતર નામક ગ્રંથને પુનર્જીવિત કરી શ્રી સંઘના ચરણે સમર્પિત કરતા ટ્રસ્ટ અત્યંત આનંદ અનુભવે છે.

આ ગ્રંથ વિ.સં. ૧૯૮૫ની સાલમાં શ્રી જૈન સસ્તી વાંચનમાળા (ભાવનગર) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ, ગ્રંથને પુનઃપ્રકાશિત કરતા તેમના પ્રત્યે કૃતજ્ઞતા ભાવ ને વ્યક્ત કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથનું સંપાદન **પૂ. મુનિ પદ્મબોધિવિજયજી મહારાજે શ્રુતભક્તિથી** પ્રેરાઈને પરિશ્રમ લઈ કરેલ છે. ટ્રસ્ટ તેમનો પણ ઉપકાર માને છે.

ભવિષ્યમાં હજી વિશેષ શ્રુતભક્તિ કરવાની શક્તિ શાસનદેવ દ્વારા અમને મળતી રહે એજ મનોકામના.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

ટ્રસ્ટીઓ

ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાલા • લલિતભાઈ આર. કોઠારી

પુંડરિકભાઈ એ.શાહ • નવીનભાઈ બી. શાહ

## શ્રુતસમુદ્ધારક

(૧) ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ.
(પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.ના ઉપદેશથી)

(૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

(૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ.પૂ.તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

(૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ.
(પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ.મ.સા.ની પ્રેરણાથી)

(૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વે.મૂ. જૈન સંઘ, અમદાવાદ.
(પ.પૂ.પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

(૬) નયનબાળા બાબુભાઈ સી. જરીવાલા, હ. ચંદ્રકુમારભાઈ, મનીષભાઈ, કલ્પનેષભાઈ (પ.પૂ.મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિ.મ.સા.ની પ્રેરણાથી)

(૭) કેશરબેન રતનચંદ કોઠારી, હ. લલિતભાઈ
(પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

(૮) શ્રી શ્વેતાંબર મૂ.ત.જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

(૯) શ્રી મુલુંડ શ્વે.મૂ.ત.જૈન સંઘ, મુલુંડ, મુંબઈ.
(પૂજ્યપાદ આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

(૧૦) શ્રી સાંતાક્રુઝ શ્વે.મૂ.ત.જૈન સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ.
(પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

(૧૧) શ્રી દેવકરણ મુળજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ. (પ.પૂ.મુનિરાજશ્રી સંયમબોધિ વિ.મ.સા.ની પ્રેરણાથી)

(૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂ.આ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા.ની સ્વયંપ્રભાશ્રીજી

મ. તથા પૂ.આ.શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

(૧૩) બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરિટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ. (પૂ.મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ.મ. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિ વિ.મ. તથા પૂ.મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

(૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ. (પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ.મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

(૧૫) શ્રી જૈન શ્વે.મૂ.સંઘ, મંગળ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યદેવ શ્રી રુચકચંદ્ર સૂરિ મ.ની પ્રેરણાથી)

(૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.(પૂ. મુનિશ્રી કલ્યાણબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

(૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ. (પૂ. મુનિશ્રી અક્ષયબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

(૧૮) શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પીંડવાડા-રાજસ્થાન. (સિદ્ધાંતમહોદધિ સ્વ.આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સંયમની અનુમોદનાર્થે)

(૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વે.મૂ.ત.સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

(૨૦) શ્રી આંબાવાડી શ્વે.મૂ.ત.સંઘ, અમદાવાદ. (પૂ.મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૨૧) શ્રી જૈન શ્વે.મૂ.સંઘ, વાસણા, અમદાવાદ. (પૂ.આ.શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂ.તપસ્વીરત્ન આ.શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

(૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણીધર દેરાસર, પાલડી, અમદાવાદ.(પૂ.ગણિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

(૨૩) શ્રી મહાવીર જૈન શ્વે.મૂ.સંઘ, પાલડી, અમદાવાદ.

શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય.
(પ.પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

(૨૪) શ્રી માટુંગા જૈન શ્વે.મૂ.ત.સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ.

(૨૫) શ્રી જીવીત મહાવીર સ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન). (પૂ.ગણિ શ્રી અક્ષયબોધિ વિ.મ.સા. તથા પૂ.મુનિશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૨૬) શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

(૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ. (પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય વિજય હેમચંદ્રસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

(૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પૂ.આ. હેમચંદ્રસૂરિ મ.ના સં. ૨૦૫૩ના ચાતુર્માસ પ્રસંગે)

(૨૯) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટ., અંધેરી (ઈસ્ટ). (પૂ.મુનિશ્રી નેત્રાનંદવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે.મૂ.સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ.પૂ.મુનિશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૩૧) શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂ. સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યવિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમીત્તે પ.પૂ.મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજય મ.સા.ની પ્રેરણાથી)

(૩૨) શ્રી બાબુભાઈ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા. (પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

(૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરિશ્વરજી મ.સા. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.)

(૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ-ભવાની પેઠ, પુના. (પ્રેરક : પૂ. મુનિશ્રી અનંતબોધિવિજયજી મ.સા.)

(૩૫) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય - ખંભાત. (પૂ.પ્રવર્તીની સાધ્વી શ્રી રંજનશ્રીજી મ.સા. તથા પ્રવર્જીની સાધ્વીશ્રી ઈન્દ્રશ્રીજી મ.સા.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ.સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.)

(૩૬) શ્રી જવાહરનગર જૈન શ્વે.મૂ.સંઘ - ગોરેગામ, મુંબઈ. (પૂ.પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

(૩૭) શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ (પૂ. મુનિશ્રી અપરાજિતવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૩૮) શ્રી માટુંગા જૈન શ્વે.પૂ.તપાગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ - માટુંગા, મુંબઈ. (પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

(૩૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ - ૬૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ). (પૂ.પં.શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

❀ ❀ ❀ ❀ ❀

## ❀ શ્રુતોદ્ધારક બનતા પુણ્યાત્માઓ તથા જૈન સંઘો ❀

(૧) શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ. (પ.પૂ.મુનિરાજશ્રી નિપુણચંદ્રવિજય મ.સા.ની પ્રેરણાથી)

(૨) શ્રી નડીયાદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નડિયાદ. (પ.પૂ.મુનિશ્રી વરબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૩) શ્રી સાયન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - સાયન, મુંબઈ.

(૪) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ. સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

❀ ❀ ❀ ❀ ❀

## ❀ શ્રુતભક્ત બનતા પુણ્યાત્માઓ તથા જૈન સંઘો ❀

(૧) શ્રી બાબુભાઈ જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા.

(૨) શ્રી બાપુનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પૂ.ગણિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૩) શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મેમનગર, અમદાવાદ. (પૂ.મુનિરાજશ્રી ધર્મરક્ષિત વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ.ની પ્રેરણાથી)

(૪) સ્વ. શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી
હા. જાસુદબેન, પુનમચંદભાઈ, જસવંતભાઈ વગેરે

(૫) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર ટ્રસ્ટ, કોલ્હાપુર.

(૬) શ્રી અરવિંદકુમાર કેશવલાલ ઝવેરી જૈન - રિલિજીયસ ટ્રસ્ટ, ખંભાત.

❀ ❀ ❀ ❀ ❀

## શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ - મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

(૧) જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ સટીક કાયસ્થિતિ સ્તોત્રાભિધાન સટીક
(૨) ન્યાયસંગ્રહ સ્ટીક
(૩) ધર્મસંગ્રહ સટીક ભાગ - ૧
(૪) ધર્મસંગ્રહ સટીક ભાગ - ૨
(૫) ધર્મસંગ્રહ સટીક ભાગ - ૩
(૬) જીવસમાસ ટીકાનુવાદ
(૭) જંબુદ્વીપ સંગ્રહણી સટીક
(૮) સ્યાદ્વાદમંજરી સાનુવાદ
(૯) સંક્ષેપ સમરાદિત્ય કેવળી ચરિત્ર
(૧૦) બૃહત્ક્ષેત્રસમાસ સટીક
(૧૧) બૃહત્ સંગ્રહણી સટીક
(૧૨) બૃહત્ સંગ્રહણી સટીક
(૧૩) ચેઈયવંદણ મહાભાસ
(૧૪) નયોપદેશ સટીક
(૧૫) પુષ્પમાળા (મૂળ અનુવાદ)
(૧૬) મહાવીર ચરિયં
(૧૭) મલ્લિનાથ ચરિત્ર
(૧૮) વાસુપૂજ્ય ચરિત્ર
(૧૯) શાંતસુધારસ સટીક
(૨૦) શ્રાદ્ધગુણ વિવરણ
(૨૧) તત્ત્વજ્ઞાન તરંગિણી
(૨૨) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૩/૪
(૨૩) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૫/૬
(૨૪) અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ
(૨૫) મુક્તિપ્રબોધ
(૨૬) વિશેષણવતી વંદન પ્રતિક્રમણ અવચૂરી
(૨૭) પ્રવ્રજ્યા વિધાન કુલક સટીક
(૨૮) ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર ભાષ્ય સટીક)
(૨૯) વર્ધમાન દેશના પદ્ય (ભાગ - ૧ છાયા સાથે)
(૩૦) વર્ધમાન દેશના પદ્ય (ભા. - ૨ છાયા સાથે)
(૩૧) વ્યવહાર શુદ્ધિ પ્રકાશ
(૩૨) અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ
(૩૩) પયરણ સંદોહ
(૩૪) ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સટીક
(૩૫) અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ - ૧ ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન
(૩૬) અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ - ૨ ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન
(૩૭) પ્રશ્નોત્તર રત્નાકર (સેન પ્રશ્ન)
(૩૮) સંબોધસમતિ સટીક
(૩૯) પંચવસ્તુ સટીક
(૪૦) શ્રી જંબુસ્વામી ચરિત્ર
(૪૧) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ સટીક
(૪૨) ગુરુ ગુણ ષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા સટીક
(૪૩) સ્તોત્ર રત્નાકર
(૪૪) ઉપદશ સપ્તતિ
(૪૫) ઉપદેશ રત્નાકર
(૪૬) શ્રી વિમલનાથ ચરિત્ર
(૪૭) સુબોધા સમાચારિ
(૪૮) શાંતિનાથ ચરિત્ર ગ્રંથ
(૪૯) નવપદ પ્રકરણ સટીક ભાગ - ૧
(૫૦) નવપદ પ્રકરણ સટીક ભાગ - ૨
(૫૧) નવપદ પ્રકરણ લઘુ વૃત્તિ
(૫૨) શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ
(૫૩) શ્રી પાર્શ્વનાથ ચરિત્ર
(૫૪) વિજય પ્રશસ્તિ ભાષ્ય (વિજય સેનસૂરિ ચરિત્ર)
(૫૫) કુમારપાળ મહાકાવ્ય સટીક (પ્રાકૃત દ્વયાશ્રય)

(૫૬) ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ - ૧
(૫૭) ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ - ૨
(૫૮) ઉપદેશ પદ ભાગ - ૧
(૫૯) ઉપદેશ પદ ભાગ - ૨
(૬૦) શ્રાદ્ધદિન કૃત્ય ભાગ - ૧
(૬૧) શ્રાદ્ધદિન કૃત્ય ભાગ - ૨
(૬૨) પાર્શ્વનાથ ચરિત્ર
(૬૩) વિચાર રત્નાકર
(૬૪) ઉપદેશ સપ્તતિકા
(૬૫) દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ
(૬૬) પુષ્પ પ્રકરણમાળા
(૬૭) ગુર્વાવલી
(૬૮) પુષ્પ પ્રકરણ
(૬૯) નેમિનાથ મહાકાવ્ય
(૭૦) પાંડવ ચરિત્ર ભાગ - ૧
(૭૧) પાંડવ ચરિત્ર ભાગ - ૨
(૭૨) પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય
(૭૩) હીર પ્રશ્નોત્તરાણિ
(૭૪) ધર્મવિધિ પ્રકરણ
(૭૫) સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧
(૭૬) દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો
(૭૭) સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૨/૩
(૭૮) પ્રકરણત્રયી
(૭૯) સમતાશતક (સાનુવાદ)
(૮૦) ઉપદેશમાળા-પુષ્પમાળા
(૮૧) પૃથ્વીચંદ્ર ચરિત્ર
(૮૨) ઉપદેશમાળા
(૮૩) પાઈય લચ્છી નામમાલા
(૮૪) દોઢસો સવાસો ગાથાના સ્તવનો
(૮૫) દ્વિવર્ણ રત્નમાલા
(૮૬) શાલિભદ્ર ચરિત્ર
(૮૭) અનંતનાથચરિત્ર પૂજાષ્ટક
(૮૮) કર્મગ્રંથ અવચૂરી
(૮૯) ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભાગ - ૧
(૯૦) ધર્મબિન્દુ સટીક
(૯૧) પ્રશમરતિ સટીક
(૯૨) માર્ગણાદ્વાર વિવરણ
(૯૩) કર્મસિદ્ધિ
(૯૪) જંબુસ્વામી ચરિત્ર અનુવાદ
(૯૫) ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ
(૯૬) ગુણવર્મા ચરિત્ર સાનુવાદ
(૯૭) સવાસો દોઢસો ગાથાના સ્તવનો
(૯૮) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા
(૯૯) કથાકોષ
(૧૦૦) જૈન તીર્થ દર્શન
(૧૦૧) જૈન કથા સંગ્રહ ભાગ - ૧
(૧૦૨) જૈન કથા સંગ્રહ ભાગ - ૨
(૧૦૩) જૈન કથા સંગ્રહ ભાગ - ૩
(૧૦૪) રયણસેહર નિવકહા
(૧૦૫) આરંભસિદ્ધિ સટીક
(૧૦૬) નેમિનાથ ચરિત્ર ગદ્ય
(૧૦૭) મોહોન્મુલમ્ (વાદસ્થાનમ્)
(૧૦૮) શ્રી ભુવનભાનુકેવળી ચરિત્ર (અનુવાદ)
(૧૦૯) શ્રી ચંદ્રપ્રભસ્વામી ચરિત્ર (અનુવાદ)
(૧૧૦) આપણા જ્ઞાનમંદિરો
(૧૧૧) પ્રમાલક્ષણ
(૧૧૨) આચાર પ્રદીપ
(૧૧૩) વિવિધ પ્રશ્નોત્તર
(૧૧૪) આચારોપદેશ અનુવાદ
(૧૧૫) પટ્ટાવલી સમુચ્ચય ભાગ - ૧
(૧૧૬) પટ્ટાવલી સમુચ્ચય ભાગ - ૨
(૧૧૭) રત્નાકરઅવતારિકા અનુવાદ ભાગ - ૧
(૧૧૮) રત્નાકર અવતારિકા અનુવાદ ભાગ - ૨
(૧૧૯) ચૈત્યવંદન ચોવીસી તથા પ્રશ્નોત્તર ચિંતામણી
(૧૨૦) નિરયાવલિ સૂત્ર

(૧૨૧) કલ્યાણ મંદિર-લઘુશાંતિ સટીક
(૧૨૨) ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
(૧૨૩) પ્રતિક્રમણ હેતુ (પુસ્તક)
(૧૨૪) જૈન કુમારસંભવ મહાકાવ્ય
(૧૨૫) દેવચંદ્ર સ્તવનાવલિ
(૧૨૬) આનંદકાવ્ય મહોદધિ ભાગ - ૧ (શાલિભદ્ર - કુસુમશ્રી - રોહીણિ પ્રેમલાવછી રાસ)
(૧૨૭) શ્રી પર્યંત આરાધના સૂત્ર (અવચૂરી અનુવાદ સાથે)
(૧૨૮) જિનવાણી (તુલનાત્મક દર્શન વિચાર)
(૧૨૯) પ્રશ્નોત્તર પ્રદીપ ગ્રંથ
(૧૩૦) પ્રાચીન કો શ્વેતામ્બર કે દિગમ્બર (ગુજરાતી)
(૧૩૧) જંબૂદ્વીપ સમાસ (અનુવાદ)
(૧૩૨) સુમતિ ચરિત્ર (અનુવાદ)
(૧૩૩) તત્ત્વામૃત (અનુવાદ)
(૧૩૪) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ - ૨જુ
(૧૩૫) ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ - ૧લુ
(૧૩૬) જૈન કથા સંગ્રહ ભાગ - ૪ પ્રતાકાર સંસ્કૃત
(૧૩૭) જૈન કથા સંગ્રહ ભાગ - ૫
(૧૩૮) જૈન કથા સંગ્રહ ભાગ - ૬
(૧૩૯) જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ - ૧
(૧૪૦) જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ - ૨
(૧૪૧) શ્રીમોક્ષપદ સોપાન (ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ)
(૧૪૨) રત્નશેખર રત્નવતી કથા (પર્વતીથિ માહાત્મ્ય પર)
(૧૪૩) પષ્ઠિશતકમ્ (સાનુવાદ)
(૧૪૪) નમસ્કાર મહામંત્ર (નિબંધ)
(૧૪૫) જૈન ગોત્ર સંગ્રહ (પ્રાચીન જૈન ઇતિહાસ સહિત)
(૧૪૬) નયમાર્ગદર્શક યાને સાતનયનું સ્વરૂપ
(૧૪૭) મહોપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજા ચરિત્ર
(૧૪૮) મુક્તિ માર્ગદર્શન ધર્મપ્રાપ્તિના હેતુઓ
(૧૪૯) ચેતાદૂતમ
(૧૫૦) મૂર્તિમંડન પ્રશ્નોત્તર
(૧૫૧) પિંડવિશુદ્ધિ અનુવાદ
(૧૫૨) નંદિસૂત્ર (મૂળ)
(૧૫૩) નંદિસૂત્ર સટીક (બીજી આવૃત્તિ)
(૧૫૪) નંદિસૂત્ર ચૂર્ણિ સટીક
(૧૫૫) અનુયોગ દ્વાર સટીક
(૧૫૬) દશવૈકાલિક સટીક
(૧૫૭) દશવૈકાલિક દીપિકા
(૧૫૮) ઓઘનિર્યુક્તિ સટીક
(૧૫૯) પિંડનિર્યુક્તિ
(૧૬૦) આવશ્યક સૂત્રની ટીકા ભાગ - ૧
(૧૬૧) આવશ્યક સૂત્રની ટીકા ભાગ - ૨
(૧૬૨) આવશ્યક સૂત્રની ટીકા ભાગ - ૩
(૧૬૩) આવશ્યક સૂત્રની ટીકા ભાગ - ૪
(૧૬૪) આવશ્યકસૂત્રની ટીકા ભાગ - ૧
(૧૬૫) આવશ્યકસૂત્રની ટીકા ભાગ - ૨
(૧૬૬) આવશ્યકસૂત્રની ટીકા ભાગ - ૩
(૧૬૭) આવશ્યક સૂત્રની દીપિકા ભાગ - ૧
(૧૬૮) આવશ્યક સૂત્રની દીપિકા ભાગ - ૨
(૧૬૯) આવશ્યક સૂત્રની દીપિકા ભાગ - ૩
(૧૭૦) ઉત્તરાધ્યન સટીક ભાગ - ૧
(૧૭૧) ઉત્તરાધ્યન સટીક ભાગ - ૨
(૧૭૨) ઉત્તરાધ્યન સટીક ભાગ - ૩
(૧૭૩) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ - ૧
(૧૭૪) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ - ૨
(૧૭૫) જીવાજીવાભિગમ સૂત્ર ભાગ - ૧
(૧૭૬) જીવાજીવાભિગમ સૂત્ર ભાગ - ૨
(૧૭૭) રાજપ્રશ્નીય

(૧૭૮) આચારાંગ દીપિકા
(૧૭૯) ભગવતી સૂત્ર ભાગ - ૧
(૧૮૦) ભગવતી સૂત્ર ભાગ - ૨
(૧૮૧) ભગવતી સૂત્ર ભાગ - ૩
(૧૮૨) પન્નવણા સૂત્ર સટીક ભાગ - ૧
(૧૮૩) પન્નવણા સૂત્ર સટીક ભાગ - ૨
(૧૮૪) ઋષિભાષિ સૂત્ર
(૧૮૫) હરિભદ્રીય આવશ્યક ટીપ્પણક
(૧૮૬) સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક
(૧૮૭) આચારાંગ દીપિકા ભાગ - ૧
(૧૮૮) સૂત્રકૃતાંગ દીપિકા ભાગ - ૨
(૧૮૯) ઠાણાંગ સટીક ભાગ - ૧
(૧૯૦) ઠાણાંગ સટીક ભાગ - ૨
(૧૯૧) અનુયોગદ્વાર મૂળ
(૧૯૨) સમવાયાંગ સટીક
(૧૯૩) આચારાંગ દીપિકા ભાગ - ૨
(૧૯૪) સૂત્રકૃતાંગ સટીક ભાગ - ૧
(૧૯૫) સૂત્રકૃતાંગ સટીક ભાગ - ૨
(૧૯૬) ભગવતી સૂત્ર
(૧૯૭) કલ્પસૂત્ર પ્રદીપિકા
(૧૯૮) કલ્પસૂત્ર કૌમુદિ
(૧૯૯) આનંદ કાવ્ય મહોદધિ ભાગ - ૩
ભરત બાહુબલી રાસ, જયાનંદકેવળી રાસ,
સુરસુંદરી રાસ, વચ્છરાજદેવરાજ રાસ,
નળદમયંતી રાસ, હરિબળ માછી રાસ
(૨૦૦) શ્રી શ્રુતજ્ઞાન અમીધારા
(૨૦૧) ઉત્તરાધ્યયન સૂત્ર / મૂળ
(૨૦૨) ઉપધાન વિધિ પ્રેરક વિધિ
(૨૦૩) હીરસ્વાધ્યાય ભાગ - ૧
(૨૦૪) હીરસ્વાધ્યાય ભાગ - ૨
(૨૦૫) ચૈત્યવંદનાદિ ભાષ્ય ત્રયં (વિવેચન)
(૨૦૬) ભોજ પ્રબંધ
(૨૦૭) વસ્તુપાલ ચરિત્ર (ભાષાંતર)
(૨૦૮) વિમલનાથ ચરિત્ર (ભાષાંતર)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧. | ઉપોદ્‌ઘાત | ૧૭ |
| ૨. | અર્હદ્દાસશેઠે કહેલી રુપ્પખુર ચોરની કથા | ૧૯ |
| ૩. | મિત્રશ્રીએ કહેલી જિનદત્તા અને બંધુશ્રીની કથા | ૫૫ |
| ૪. | ચંદનશ્રીએ કહેલી સૌમ્યા અને વસુમિત્રાની કથા | ૬૩ |
| ૫. | વિષ્ણુશ્રીએ કહેલી સોમશર્મા મંત્રીશ્રીની કથા | ૭૦ |
| ૬. | નાગશ્રીએ કહેલી મુંડિકા અને ભગદત્ત રાજાની કથા | ૮૦ |
| ૭. | પદ્મલતાએ કહેલી પદ્મશ્રી અને પદ્મસિંહની કથા | ૮૯ |
| ૮. | કનકલતાએ કહેલી ઉભયકુમારની કથા | ૯૫ |
| ૯. | વિદ્યુલ્લતાએ કહેલી વૃષભદાસશેઠની કથા | ૧૦૧ |
| ૧૦. | આદિનાથ - શકુનાવલી | ૧૧૬ |
| ૧૧. | પરિશિષ્ટ - ૧ | ૧૩૩ |

## પ્રસ્તાવના

### સમકિત દ્વાર ગભારે પેંસતાજી !

- પદ્મબોધિવિજય

ઉપવનમાં ઉગેલું ફૂલ ખૂબ મુલાયમ અને મૂલ્યવાન હોય છે, છતાંય એ સુંદરતાના સર્જનહારે એના પર પોતાના નામની તકતી ટીંગાડી નથી !

ઉનાળુ બપોરની ધોમધખતી ગરમીમાં છાયડાનો પાલવ પાથરીને ઉભેલા વૃક્ષો અમૂલ્ય અને અજોડ છે, છતાંય એ વૃક્ષોનો સર્જનહાર અનામી રહેવાનું પસંદ કરે છે.

એજ રીતે આ સમ્યકત્વ કૌમુદી ગ્રંથના કર્તા મહાત્માએ અજ્ઞાત રહેવાનું પસંદ કર્યું છે.

આટલા સુંદર ગ્રંથના સર્જન પછી જાણે એ મહાત્મા ગ્રંથને જગત સમક્ષ ધરીને વચ્ચેથી હટી ગયા છે.

આ ગ્રંથના કર્તા કોણ હતા ? સૂરિ હતા કે મુનિ હતા એ પ્રશ્નો અનુત્તરીત છે આજ સુધી !

ભલે એ ગમે તે હશે ! પણ આ ગ્રંથના વાંચન દ્વારા એટલું જણાઈ આવે છે કે તેઓ ખૂબ વિદ્વાન હશે ! સરળ સંસ્કૃત ભાષામાં અઘરો વિષય સુગમતાથી સમજાવી દીધો છે. ચોકમાં વેરાયેલા મોતીની જેમ આ ગ્રંથમાં વચ્ચે વચ્ચે આવતાં બોધદાયક - ઉપદેશાત્મક - નિતીવિષયક શ્લોકો મનનીય છે. એનાથી ગ્રંથ ખૂબજ રસાળ બન્યો છે.

ગ્રંથનો પ્રારંભ આ રીતે કર્યો છે કે - મગધ દેશની રાજગૃહી નગરીના રાજા શ્રેણીક પ્રભુ મહાવીરને વંદન કરવા આવે છે. પ્રભુ દેશના આપીને દેવ છંદામાં પધારે છે અને ક્રમ મુજબ ગૌતમસ્વામી દેશના માટે પધારે છે. ત્યારે શ્રેણીક રાજા ગૌતમ ગણધરને સમકિતનો દીવો વધારે પ્રજ્વલિત બને તેવી પ્રેરણાદાયક કથા કહેવાની વિનંતિ કરે છે.

શ્રેણિક રાજાને કહેલી કથા તે આ સમ્યકત્વ કૌમુદી ગ્રંથ !

આ ગ્રંથના મુખ્ય પાત્રો શ્રેષ્ઠિ જિનદત્ત શ્રાવકના પુત્ર શ્રેષ્ઠિ

અર્હદ્દાસ તેમજ તેમની આઠ પત્નીઓ છે.

એક વખત રાત્રીના સમયે વાર્તાલાપમાં શેઠે પોતાની પત્નીઓને કહ્યું કે, 'તમે તમારું સમક્તિ દૃઢ કેમ થયું ? તેનું કારણ જણાવો.'

પત્નીઓએ કહ્યું કે, પહેલાં આપ જણાવો - પછી અમે પણ અમારું કારણ કહીશું.'

ત્યારબાદ શેઠ અને આઠ પત્નીઓ ક્રમપૂર્વક પોતાના સમ્યકત્વની દૃઢતાના કારણની કથા કહે છે.

વાંચતાં વાંચતા એમ થાય કે આઠ-આઠ પત્નીઓથી પરીવરેલા શેઠ અને તેમની પત્નીઓ કેટલા પરીણત હશે કે મોજમજાની - વિલાસની વાતો કરવાને બદલે આવી ધર્મચર્ચા-કથા કરે છે.

આજે સાવ છીછરી, છાટકી અને ઉપરછલ્લી વાતોમાં અમૂલ્ય સમય બગાડતાં પતી-પત્નીઓને આ ગ્રંથ વંચાવવા જેવો છે.

વાર્તા સ્વરૂપે કહેવાયેલા આ ગ્રંથમાં ઉપદેશનો ભાર વર્તાતો નથી. પ્રવાહી શૈલીમાં ગ્રંથ ચાલ્યા જ કરે છે.

ગ્રંથની શૈલી વાર્તાની છે માટે વાંચવો ગમે તેવો છે.

સંસ્કૃતના નવા અભ્યાસુઓને આ ગ્રંથનું વાંચન ખૂબ જ સુગમ પડે તેવું છે. અવાંતર શ્લોકો મગજમાં ઘેરી છાપ પાડી જાય તેવા છે. માટે જ પરિશિષ્ટમાં એ બધા શ્લોકોનો સમાવેશ કર્યો છે.

ભાષાંતરમાં વચ્ચે જુદા પડતા અક્ષરોમાં જે પંક્તિઓ છે તે એ બધા શ્લોકોના અર્થ છે.

ધર્મની - સમ્યકત્વની અચલ ટેકધારીઓની આ કથા વાંચતા મસ્તક નમી પડે છે.

નજીવા કારણોસર ધર્મમાં - નિયમોમાં છૂટછાટ અને બાંધછોડ કરતું મન આ કથાના વાંચન દ્વારા દૃઢતાનું પાન અને ગાન કરવા લાગી જાય તેવી વાતો આ ગ્રંથમાં કરી છે. ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરવાનો ઉદ્દેશ જ આ છે. સમક્તિની શુદ્ધિ-વૃદ્ધિને કરનારા આ ગ્રંથનું વાંચન અવશ્ય કરવા જેવું છે.

આદિનાથ શકુનાવલી તથા અંક-રમળ આ બે નાના ગ્રંથો ઉપયોગી હોવાથી આમાં સમાવિષ્ટ કર્યા છે.

**શ્રી ગૌતમગણધરાય નમઃ**

॥ श्री ॥

# सम्यक्त्वकौमुदी

**भाषांतर**

ત્યાં પ્રથમ ગ્રંથકર્તા એક શ્લોક વડે મંગળાચરણ કરે છે.

*(अनुष्टुपूवृत्तम)*

*श्री वर्द्धमानमानम्य ।*
*जिनदेवं जगत्प्रभुम् ॥*
*वक्ष्येहं कौमुदीं नृणां ।*
*सम्यकत्वगुणहेतवे ॥ १ ॥*

**ભાવાર્થ :** સર્વ જગતના પ્રભુ એવા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને પ્રાણીઓને સમકિતનો ગુણ થવા માટે હું ‘સમકિતકૌમુદી’ નામના ગ્રંથને કહીશ. (૧)

આ જંબુદ્વીપમાં **ભરતક્ષેત્ર**ની અંદર રહેલા **મગધ** દેશને વિષે **રાજગૃહ** નામે નગર હતું. તે નગરમાં નિરંતર મહોત્સવો પ્રવર્તતા હતા. ઘણાં શ્રેષ્ઠ જિનાલયો શોભતાં હતાં. જૈનધર્મના આચારવાળા ઉત્તમ શ્રાવકો ત્યાં વસતા હતા. ત્યાં આવેલાં ઘાટાં અને લીલાં વૃક્ષોના પ્રદેશથી તે નગર જાણે ભોગાવતી નગરી જ ન હોય ! તેવું જણાતું હતું. તે નગરમાં સમસ્ત રાજમંડલીથી શોભી રહ્યું છે સિંહાસન જેનું અને સર્વ કળામાં કુશળ એવો રાજનીતિને જાણનારો **શ્રેણિક** નામે રાજા હતો. તેને સર્વગુણ સંપન્ન અને જૈનધર્મ પાળનારી **ચિલ્લણા** નામે સ્વરૂપવાન પટ્ટરાણી હતી. તેને ઉત્પાત્તિકી વિગેરે ચાર પ્રકારની બુદ્ધિનો ભંડાર, બ્હોતેર કળાનો પાત્ર, બુદ્ધિમાન, ધર્માનુરાગી, પરોપકાર કરવામાં રસિક અને રાજ્યના તમામ ભારને ધારણ કરનારો **અભયકુમાર** નામે મ્હોટો પુત્ર હતો. તેથી સર્વ રીતે મહારાજા શ્રેણિક ઇંદ્રની પેઠે શોભતો હતો.

એક વખતે રાજગૃહ નગરની પાસેના ઉદ્યાનમાં વનપાળ ભમતો હતો, તેવામાં પરસ્પર વૈર બાંધનારા પ્રાણીઓ જેવા કે - અશ્વ અને મહિષ, ઉંદર અને બિલાડી, સર્પ અને નોળીઆ, એ સર્વનો એક સાથે મેળાપ તે વનપાળના

જોવામાં આવ્યો; તેથી તેને આશ્ચર્ય ઉત્પન્ન થયું અને તે મનમાં વિચાર કરવા લાગ્યો કે 'આ શું હશે ? આવા દેખાવથી શુભ કે અશુભ તો થવાનું નહિ હોય !' એવા વિચારમાં ફરતો તે વનપાળ મ્હોટા વૈભારગિરિ પર્વત પાસે આવ્યો, ત્યાં તેણે એ પર્વત ઉપર સર્વ સુર અસુરોથી યુક્ત અને જય જય શબ્દોથી દિશાઓના મધ્યભાગને પૂરી દેતું એવું છેલ્લા તીર્થંકર શ્રી **મહાવીરસ્વામી**નું સમવસરણ દીઠું. તે જોઈ હર્ષ પામેલા વનપાળે વિચાર કર્યો કે, 'અહો ! પરસ્પર વિરોધી પ્રાણીઓનો જે મેળાપ મેં જોયો, તે આ મહાપુરુષનો જ પ્રભાવ છે. કહ્યું છે કે : સમતામાં આરુઢ થયેલા અને પાપને સમાવી મોહને ક્ષીણ કરનારા યોગી પુરુષને જોઈને મૃગલી સિંહનાં બચ્ચાંને પોતાનાં બચ્ચાંની પેઠે જાણીને અડકે છે, ગાય વાઘનાં બચ્ચાંને પોતનાં બચ્ચાંની પેઠે જાણીને અડકે છે, બિલાડી હંસના બચ્ચાંને પોતાનાં બચ્ચાંની પેઠે જાણીને અડકે છે, અને સ્નેહથી પરવશ થયેલી ઢેલી (મોરલી) સર્પના બચ્ચાંને પોતાનાં બચ્ચાંની પેઠે જાણીને અડકે છે. એ સિવાય બીજા પ્રાણીઓ પણ મદરહિત થઈ જન્મથી માંડીને થએલા વૈરને છોડી દે છે.'

આવી રીતે મહાત્માનો અદ્‌ભૂત પ્રભાવ જોઈ આશ્ચર્ય પામેલો વનપાળ, તે વખતનાં એટલે તે ઋતુમાં અનુકૂળ એવાં ફળાદિક લઈ પ્રતિહારની સાથે સભામાં બેઠેલા શ્રેણિક રાજા પાસે ગયો અને એ મંડળેશ્વર રાજાના હાથમાં ફળોની ભેટ આપીને આ પ્રમાણે કહેવા લાગ્યો : 'હે દેવ ! આપના પુણ્યથી વૈભારગિરિ પર્વત ઉપર શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ થએલું છે.' એ વચન સાંભળી આસન ઉપરથી ઉઠી શ્રેણિક રાજાએ તે દિશામાં સાત આઠ પગલાં સામા ચાલીને પંચાંગથી નમસ્કાર કર્યા. પછી વનપાળને વધામણીમાં પોતાના અંગ ઉપર રહેલાં વસ્ત્રાભરણો આપ્યાં. ત્યારે ઘણો સંતુષ્ટ થયેલો તે વનપાળ બોલ્યો : 'હે રાજન ! આ ફળ મને ભર્યા હાથે આવવાથી મળેલું છે. કહ્યું છે કે : **રાજાને, દેવને, ગુરુને, નૈમિત્તિકને અને વૈદ્યને ખાલી હાથે જોવા નહીં, પણ કાંઈ ફળાદિક હાથમાં લઈને જોવા. હમેશાં ફળથી જ ફળ મળે છે.'** વનપાળના ગયા પછી મહારાજા શ્રેણિક આનંદકારી વાજિંત્રોના શબ્દોથી દિશાઓના મધ્યભાગને પૂરતા પરિજન અને પુરજન સહિત સવસરણમાં ગયા. ત્યાં પાંચ પ્રકારનાં અભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રભુને પ્રણામ કરી નીચેના શ્લોકથી સ્તુતિ કરવા લાગ્યા.

(वसंततिलकावृत्तम्)

*अद्याभवत्सफलता नयनद्वयस्य ।*
*देव ! त्वदियचरणांबुजवीक्षणेन ॥*
*अद्य त्रिलोकतिलकप्रतिभासते मे ।*
*संसारवारिधिरयं चुलुकप्रमाणः ॥ १ ॥*

**ભાવાર્થ :** હે દેવ ! આજે આપના ચરણકમળના દર્શનથી મ્હારાં બન્ને નેત્રોની સફળતા થઈ. હે ત્રણ લોકમાં તિલક સમાન ! આજે આ સંસારરૂપી સમુદ્ર તમારા દર્શનથી મને જળની એક અંજલી જેવો જણાય છે. ૧

આવી રીતે બીજાં હજારો સ્તોત્રોથી પ્રભુની સ્તુતિ કરી તેમજ પ્રભુની પાસે રહેલા ગૌતમ ગણધરની સ્તુતિ કરી તે યોગ્ય સ્થાનકે બેઠો અને ધર્મદેશના સાંભળવા લાગ્યો. ધર્મદેશના દીધા પછી પ્રભુજી દેવછંદામાં ગયા એટલે અવસર પામીને ગૌતમસ્વામી પ્રત્યે શ્રેણિક રાજાએ કહ્યું કે : જે પુરુષને દેવમાં ઉત્કૃષ્ટ ભક્તિ હોય અને જેવી દેવમાં ભક્તિ તેવી જ ગુરુમાં હોય તેને મહાત્માએ આ ધર્મોપદેશના કહેલા અર્થો પ્રકાશિત થાય છે. પછી અવસર પામી શ્રેણિક રાજાએ ગૌતમસ્વામીને કહ્યું કે, 'હે સ્વામિન્ ! કૃપા કરીને સમ્યકત્વકૌમુદીની કથા કહો.' ગૌતમસ્વામીએ કહ્યું. 'હે શ્રેણિક રાજા ! તે સમ્યકત્વકૌમુદીની કથા આ પ્રમાણે છે :

## રુપ્યખુર ચોર

આ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર રહેલા **સોરઠ દેશ**ને વિષે **ઉત્તરમથુરા** નામે નગરી હતી. ત્યાં **પદ્મોદય** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **યશોમતિ** નામે રાણી થકી ઉત્પન્ન થયેલો **ઉદિતોદય** નામનો કુમાર હતો. એ રાજાને **સંભિન્નમતિ** નામનો મંત્રી હતો. તેને **સુપ્રભા** નામે સ્ત્રી અને **સુબુદ્ધિ** નામે પુત્ર હતો. તે નગરીમાં અંજનગૂટિકાદિ વિદ્યામાં પ્રવીણ એવો **રુપ્યખુર** નામે ચોર રહેતો હતો. તેને **રુપ્યખુરી** નામે સ્ત્રી અને **સ્વર્ણખુર** નામે પુત્ર હતો. તેમજ તે નગરમાં **જિનદત્ત** નામના રાજશેઠની **જિનમતિ** નામે સ્ત્રીથી ઉત્પન્ન થએલો, જીવાજીવાદિ નવતત્ત્વોને જાણનારો, દેવગુરુનો ભક્ત, ઘણો ધનાઢ્ય અને ઉદાર ચિત્તવાળો **અર્હદાસ** નામે એક પુત્ર હતો. તે અર્હદાસને ૧. **મિત્રશ્રી**, ૨. **ચંદનશ્રી**, ૩. **વિષ્ણુશ્રી**, ૪. **નાગશ્રી**, ૫. **પદ્મલતા**,

૬. કનકલતા, ૭. વિદ્યુલ્લતા અને ૮. કુંદલતા, એ નામની આઠ સ્ત્રીઓ હતી.

એકદા તે પદ્મોદય રાજા પ્રત્યે વનપાલકે શ્રી વીતરાગ પ્રભુનું આગમન જણાવ્યું, તેથી પ્રભુને વંદન કરવા માટે રાજા અને અર્હદ્દાસ ગયા. પ્રભુએ ધર્મદેશના દીધી તે તેમણે શ્રવણ કરી. વિશેષે કરીને જિનપૂજાના સંબંધે - 'હું જિન-મંદિર જાઉં એમ વિચારતો જીવ ચતુર્થ - એક ઉપવાસનું ફળ પામે. એમ વિચારીને જિન-મંદિર જોવા ઉઠ્યો એટલે છઠ્ઠ - બે ઉપવાસનું ફળ પામે. પછી ત્યાં જવાને ઉજમાળ થયો એટલે અઠ્ઠમ - ત્રણ ઉપવાસનું, શ્રદ્ધાપૂર્વક માર્ગમાં ચાલવા લાગ્યો એટલે દશમ - ચાર ઉપવાસનું, જિન મંદિરે પહોંચ્યો એટલે પાંચ ઉપવાસનું, જિન મંદિરમાં દાખલ થયો એટલે ૧૫ ઉપવાસનું, અને જિનેશ્વર ભગવાનને ભલે ભાવે ભેટતાં એક માસ ઉપવાસનું ફળ પોતે પામે છે.' વળી 'જિન મંદિરમાં જયણાથી કાજો લેતાં તેમજ નિર્માલ્ય ઉતારીને પ્રભુજીને અભિષેક કરતાં સોગણું પુન્ય થાય છે, ચંદનાદિક શીતળ દ્રવ્યોથી પ્રભુના અંગે વિલેપન કરતાં હજારગણું પુન્ય થાય છે, સુગંધિ-ખુશ્બુ ભરેલા તાજાં ફુલોની વિધિયુક્ત ગુંથીને બનાવેલી માળા પ્રભુના કંઠે આરોપણ કરવાથી લાખગણું પુન્ય થાય છે, અને પ્રભુ સમીપે એકતાનથી ગીત વાજિંત્ર-સંગીતક નાટક કરતાં આત્મા અનંતગણું પુન્ય હાંસલ કરે છે.' એવા પ્રકારની ધર્મદેશના સાંભળીને સહુ કોઈ સભ્ય ભવ્યજનોએ પ્રભુની પૂજા-ભક્તિ કરવા સંબંધી નિયમો ગ્રહણ કર્યા. તે વખતે વિશેષે કરીને અર્હદ્દાસે ત્રિકાળ-પ્રભાત, મધ્યાન્હ અને સાયંકાળે પ્રભુનાં દર્શન-પૂજા કરવાનો તથા દરેક ચતુર્માસિકે-ચાર ચાર મહિને ચૈત્ય પરિપાટિકા કરવાનો (સઘળાં જિન ચૈત્યોને સ્વજન-પરિજન સહિત જૂહારવાનો) નિયમ અંગીકાર કર્યો; એટલે 'હું ત્રિકાળ પ્રભુ પૂજા-ભક્તિ કરીશ અને દરેક ચઉમાસીએ હું ચૈત્ય પરિપાટિકા કરીશ.' એ રીતે અર્હદ્દાસે પ્રતિજ્ઞા કરી. પછી સહુ કોઈ પોત પોતાના સ્થાનકે ગયા.

એકદા પદ્મોદય રાજા, કાર્તિક માસની પૂર્ણિમાને દિવસે પ્રતિવર્ષે પોતાના ઉદ્યાનમાં કૌમુદીયાત્રા કરતો હતો. ત્યાં પુરુષો વિના ફક્ત સ્ત્રીઓ જ આવતી હતી. એ ઉત્સવમાં નૃત્ય, ગીત અને વિનોદ વિગેરે ક્રીડા કરી મ્હોટા આડંબરે મહારાજા પોતાના નગરમાં આવતો હતો. પ્રતિવર્ષે આવા સુખથી તે ઉત્તરમથુરા નગરીનું રાજ્ય કરતો હતો.

એક વખતે કાર્તિક માસની પૂર્ણિમાનો દિવસ આવ્યો, એટલે રાજાએ

નગરમાં પડહ વગડાવ્યો કે, 'આજે નગરની સ્ત્રીઓએ વન ક્રીડા કરવાને જાવું, અને રાત્રિએ પણ ત્યાં જ રહેવું, તેમાં કોઈપણ પુરુષે આવવું નહીં. તેમણે સહુએ નગરની અંદર જ રહેવું. જો કોઈ પુરુષ વનમાં સ્ત્રીની પાસે આવશે, તો તેને રાજદ્રોહી ગણવામાં આવશે. કહ્યું છે કે : **રાજાની આજ્ઞાનો ભંગ, ગુરુનું અપમાન અને સ્ત્રીઓથી જૂદી શય્યા તે તેઓનો શસ્ત્ર વિનાનો વધ કહેવાય છે.'** આવી રીતે રાજાના હુકમ પ્રમાણે વર્તી કોઈપણ પુરુષ નગર બહાર ગયો નહીં; કારણ કે, **રાજ્યનું ફળ આજ્ઞા છે, તપનું ફળ બ્રહ્મચર્ય છે, વિદ્યાનું ફળ જ્ઞાન છે, અને ધનનું ફળ દાન તથા ભોગ છે.** આવી રીતે રાજાની આજ્ઞાથી વનમાં સર્વ સ્ત્રીઓ એકઠી થઈ, રાજાએ તેણીઓની યોગ્ય રક્ષા કરી; કારણ કે સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહીં. કહ્યું છે કે : **નદી, નખવાળા પ્રાણી, શીંગડાવાળા પ્રાણી, હાથમાં હથિયારવાળા પ્રાણી, સ્ત્રી અને રાજકૂળ એ સર્વનો વિશ્વાસ કરવો નહીં.'**

હવે સર્વ સ્ત્રીઓ વનમાં ક્રીડા કરવા લાગી, અને નગરના પુરુષો શહેરમાં પોત પોતાના વિનોદથી રહ્યા. આ વખતે શેઠ ચિંતવવા લાગ્યા કે આજે હું પરિવાર સહિત શી રીતે ચૈત્ય પરિપાટિકા કરી શકીશ ? એમ ક્ષણવાર વિચાર કરી તેનો ઉપાય શોધવા લાગ્યા. પછી એક સોનાનો થાળ રત્નોવડે ભરી કરી શેઠ રાજાની સમીપે આવ્યા. રાજા પાસે તે થાળ મૂકીને શેઠે તેને પ્રણામ કર્યા. તે વખતે તેને રાજાએ પૂછ્યું કે, હે શેઠ ! તમારૂં અત્ર આગમનું કારણ કહો ? ત્યારે શેઠે કહ્યું કે, હે રાજન્ ! આજે ચઉમાસી પર્વ છે અને મેં શ્રી વીરસ્વામી પાસે નિયમ લીધો છે કે પર્વ દિવસે મારે પરિવાર સહિત ચૈત્ય પરિપાટી અને સાધુ વંદન કરવાં, તેમજ રાત્રી સમયે એક મહાપ્રાસાદ (જિનાલય)માં મહાપૂજા રચીને ગીત નૃત્યાદિક કરણી કરવી. તેથી જેમ મારા નિયમનો ભંગ ન થાય તેમ આપની આજ્ઞા થવી જોઈએ. આ હકીકત સાંભળીને રાજાએ ચિંતવ્યું કે આ પુરુષ ધન્ય છે, આનાથી મારૂં નગર શોભે છે, અને હું તો અધન્ય છું. એમ ચિંતવીને રાજાએ કહ્યું કે, હે શેઠ ! તમે નિઃશંક થઈ ધર્મ કૃત્ય કરો ! હું પણ તેનું અનુમોદન કરૂં છું. એમ કહી રત્ન થાળ શેઠને પાછો સોંપી પટ્ટકુળ (ઉત્તમ વસ્ત્ર) વિગેરેથી યોગ્ય સત્કાર કરીને તેને વિસર્જિત કર્યા. પછી અત્યંત હર્ષિત થયેલા શેઠે પોતાના સમુદાય સાથે ઉત્તમ ઉત્સવ વડે ચૈત્ય પરિપાટી પ્રમુખ સઘળું તે પર્વ યોગ્ય દિવસ સંબંધી

ધર્મ કૃત્ય સમાપ્ત કરી રાત્રી સમયે પોતાના ઘરમાં રહેલા જિનમંદિર મધ્યે વિશેષતઃ મહાપૂજા રચાવી પ્રભુ આગળ પરમ ભક્તિ સહિત સ્વયમેવ મર્દલ વગાડી દેવોને પ્રિય લાગે અને રાજાઓને પણ દુર્લભ એવું નાટક શેઠે કરવા માંડ્યું, અને શેઠની જે આઠે સ્ત્રીઓ છે તેઓ પણ પોતાના સ્વામીની ઈચ્છાને અનુસરીને તેમજ ધર્મબુદ્ધિથી મધુર વચનયુક્ત પ્રભુગુણ ગાનપૂર્વક ભેરી પ્રમુખ વાજિંત્રના નાદયુક્ત નાચ કરવા લાગી. નગરના લોકો પણ રૂડા વિનોદ વડે દિવસ વીતાવીને રાત્રી સમયે સહુ પોત પોતાના મંદિર (આવાસ)માં રહ્યા. એવામાં સૂર્ય અસ્ત પામ્યો અને ચંદ્રનો ઉદય થયો. કહ્યું છે કે : જ્યારે પશ્ચિમ દિશા અને સૂર્ય એ બેનો સમાગમ થયો અને તેઓનો રાગ જોવામાં આવ્યો ત્યારે પૂર્વ દિશાએ પોતાનું મુખ કાળું કરી દીધું. અર્થાત્ જે સૂર્ય પહેલો પૂર્વ દિશાનો સંગી હતો, તે જ્યારે પશ્ચિમ દિશાનો રાગી થયો, ત્યારે પૂર્વ દિશાનું મુખ કાળું થઈ ગયું. કારણ કે, સ્ત્રી જાતિ ઈર્ષ્યા વિના હોતી નથી. વળી ઉપકારને કરનાર પોતાના પ્રિયબંધુ રૂપી સૂર્યને, નિસ્તેજ થઈ નીચે પડતો (આથમતો) જોઈને, કમલિની રૂપી સ્ત્રીઓએ પોતાનાં કમળ રૂપી નેત્રો મીંચી દીધાં. આવી રીતે રાત્રી પડી એટલે રાજા કામાતુર થયો, તેથી તેને પોતાની પટ્ટરાણી સાંભરી આવી અને તેની ચિંતામાં નિદ્રા પણ આવી નહી. કહ્યું છે કે : પ્રિયાના વિરહવાળા પુરુષને પહેલી ચિંતા આવી, એમ માની નિદ્રા ચાલી ગઈ. કારણ કે, કૃતઘ્ની પુરુષની કોણ ઉપાસના કરે ?

કામાતુર થયેલા રાજાને જ્યારે નિદ્રા આવી નહિ, ત્યારે તેણે પોતાના મંત્રીને બોલાવ્યો. મંત્રી આવ્યો. રાજાએ કહ્યું, 'હે મંત્રીન્ ! હું વનક્રીડા કરવાને જઉં છું.' મંત્રીએ કહ્યું, 'હે દેવ ! તમે જો વનમાં જશો, તો ઘણા લોકોની સાથે મ્હોટો વિરોધ થશે, અને ઘણો વિરોધ થવાથી નાશ પણ થઈ જશે. કહ્યું છે કે : **ઘણા માણસોની સાથે વિરોધ કરવો નહીં. કારણ કે ઘણા માણસો જીતવા કઠણ છે. 'સ્ફુરાયમાન થયેલા સર્પનું ઘણી કીડિઓ ભક્ષણ કરે છે.'** રાજાએ કહ્યું : 'હે મંત્રી ! જ્યારે હું ક્રોધાયમાન થયો, ત્યારે એ બિચારા ગરીબ પુરુષો મને શું કરવાના છે ? કહ્યું છે કે : કદી મૃગલાંઓએ જન્મ પર્યંતના વૈરથી કઠોર થયેલું ચિત્ત છોડી દઈને આદરથી ન્હારની સાથે સંગત કરી, તો પણ શું તેઓ હસ્તિના કુંભસ્થળ ઉપર અથડાતા મોતીના તેજથી જેની કેશવાળ પ્રકાશમાન થયેલી છે, એવા કેસરીસિંહની પાસે રહી શકવાના છે ? અર્થાત્

કદાપિ રહી શકે નહીં. માટે હે મંત્રી ! તેઓ મ્હારી સામે ટકી શકવાના નથી.' મંત્રીએ કહ્યું : 'હે મહારાજ ! તેઓ જુદા જુદા અસમર્થ છે, પણ જ્યારે સર્વ સાથે એકઠા મળે, ત્યારે તેઓનું સામર્થ્ય થઈ શકે છે. કહ્યું છે કે : **ઘણી અસાર વસ્તુઓનો પણ જો સમુદાય હોય, તો તે ઘણો ભયંકર થાય છે. ઘણા તૃણ-સૂત્રના તારથી મ્હોટો દોર થાય છે કે, જેથી મ્હોટો હસ્તિ બંધાય છે.'** રાજાએ કહ્યું : 'હે મંત્રી ! અસાર સમુદાયથી કંઈપણ થઈ શકતું નથી. કહ્યું છે કે : **'જે પુરુષ પરાક્રમથી અધિક છે, તે જ પુરુષ સર્વ કાર્ય કરવામાં સમર્થ થઈ શકે છે, પણ ઘણા ઉત્પન્ન થએલા નિર્બળ પુરુષો વડે શું ? જેમ ચંદ્ર સઘળી દિશાઓના મુખમંડળને પ્રકાશ કરે છે અને તારાઓનો સમૂહ ઘણો હોય છે, તો પણ તે પ્રકાશ કરવાને અસમર્થ છે.'**

મંત્રીએ કહ્યું : 'હે રાજન્ ! તમે આવો દુરાગ્રહ ન કરો. આવા આગ્રહથી હું ધારૂ છું કે, તમારો વિનાશકાળ હવે પ્રાપ્ત થયો, નહિ તો આવી વિપરીત બુદ્ધિ થાય નહીં. જુઓ, સુવર્ણનો મૃગ કોઈએ બનાવ્યો નથી, પૂર્વે કોઈએ જોયો નથી અને ક્યાંય સાંભળ્યો પણ નથી, તથાપિ રામચંદ્રની તેના ઉપર તૃષ્ણા થઈ, તેથી એમ સિદ્ધ થાય છે કે, વિનાશકાળમાં વિપરિત બુદ્ધિ થાય છે. કહ્યું છે કે : જેઓ યમરાજના પાશમાં બંધાવા લાગ્યા છે અને જેઓનાં ચિત્ત દૈવથી (કર્મથી) હણાઈ ગયાં છે એવા મ્હોટા પુરુષોની બુદ્ધિઓ કુમાર્ગે ચાલનારી થાય છે. વળી રાવણ પરસ્ત્રીનું હરણ કરવામાં શું દોષ નહોતો જાણતો ? રામે વનમાં સુવર્ણના મૃગનો અસંભવ શું નહોતો જાણ્યો ? અને યુધિષ્ઠિરે પાસે રમવાથી અનર્થ પ્રાપ્ત થશે એમ શું નહોતું જાણ્યું ? અર્થાત્ સૌએ જાણ્યું હતું, પણ જ્યારે વિપત્તિ નજીક આવવાની હોય, ત્યારે મૂઢમનવાળા થએલા પુરુષોની બુદ્ધિ પણ ક્ષય પામી જાય છે. હે રાજા ! તેવી રીતે તમારી બુદ્ધિ પણ વિપરીત થઈ છે. તેમ જ ઘણા માણસો સાથે વિરોધ કરવાથી પરિણામે નાશ વિના બીજું થાય જ નહીં. તે ઉપર એક કથા કહું તે સાંભળો :

**હસ્તિનાગપુર** નગરમાં દુષ્ટોનો નિગ્રહ કરનારો અને શિષ્ટ પુરુષોનું પાલન કરનારો એવો **સુયોધન** નામે રાજા હતો. તેને **કમળા** નામે રાણી અને **ગુણપાળ** નામે પુત્ર હતો. તે રાજાને સ્વામીનું હિત કરવામાં તત્પર એવો **પુરુષોત્તમ** નામે મંત્રી હતો. જે સ્વામીનું હિત કરે તે મંત્રી કહેવાય છે. કહ્યું

છે કે : જે મંત્રી કાર્યને અનુસરનારો છે અને જેઓનું કાર્ય સ્વામીના હિતને અનુસરે છે, તેઓ રાજાના ખરા મંત્રીઓ કહેવાય છે; પણ જેઓ ખુશામતથી ગાલ ફૂલાવ્યા કરે છે, તેઓ ખરા મંત્રી નથી. તે પુરુષોત્તમ નામના મંત્રીને **લક્ષ્મી** નામે સ્ત્રી અને **દેવપાળ** નામે પુત્ર હતો. રાજાને ઉત્તમ એવો **કપિલ** નામે પુરોહિત હતો. કહ્યું છે કે : વેદ તથા વેદાંગ જે વ્યાકરણાદિકને જાણનારો, જપ હોમમાં તત્પર અને નિત્ય આશીર્વાદ આપવામાં તત્પર એવો રાજાનો પુરોહિત હોય છે. આવા લક્ષણવાળા તે કપિલ પુરોહિતને **કપિલા** નામે સ્ત્રી અને **સોમશર્મા** નામે પુત્ર હતો. રાજાને **યમદંડ** નામે કોટવાળ હતો. તેને **ધનવતી** નામે સ્ત્રી અને **વસુમતિ** નામે પુત્ર હતો. આવા પરિવાર સહિત રાજા સુખેથી રાજ્ય કરતો હતો.

એક વખતે સુયોધન રાજા સભામાં બેઠો હતો, તેવામાં સર્વ દેશના લોકોએ મોકલેલો એક દૂત આવીને રાજાને કહેવા લાગ્યો કે, 'હે દેવ ! શત્રુઓએ આપણા દેશમાં ઉપદ્રવ કરવા માંડ્યો છે.' દૂતનાં આવાં વચન સાંભળીને રાજાએ કહ્યું. 'જ્યાં સુધી હું આળસની નિદ્રામાં રહેલો છું, ત્યાં સુધીમાં સર્વ શત્રુઓ ગર્જના કરે છે, પણ જ્યારે હું જાગીશ ત્યારે તેઓને દિશાનો ભ્રમ થઈ જશે. હવે અમારે ક્યાં જાવું તેનું ભાન પણ રહેશે નહીં. કહ્યું છે કે : જ્યાં સુધી કેસરીસિંહ નિદ્રાથી નેત્ર મીંચીને ગુફાની અંદર રહેલો છે, ત્યાં સુધી આ મૃગલા સ્વછંદ રીતે વનમાં ફરો, પણ જ્યારે તે કેસરીસિંહ જાગીને પોતાની કેશવાળનો ભાર કંપાવીને નિકળશે, ત્યારે દિગ્મૂઢ થએલાં તે મૃગલાઓને લાંબી દિશાઓ થશે.'

પછી રાજાએ ચતુરંગ સૈન્યથી નિકળવાનો ઉદ્યમ કરવા માંડ્યો. સર્વ વીર પુરુષોને એકઠા કરી, વીરમુષ્ટિ આપી - તેમનો યોગ્ય સત્કાર કરી રાજાએ કહ્યું. 'હે સુભટો ! આજે તમારો અવસર આવ્યો છે. કહ્યું છે કે : ચાકરો કામ પડે ત્યારે જણાય છે, આપત્તિના વખતમાં બંધુઓ અને મિત્રોની ખબર પડે છે, અને જ્યારે ઘરની સ્થિતિમાં ફેરફાર થાય છે (ધનનો નાશ થાય છે) ત્યારે સ્ત્રીની ખબર પડે છે. માટે હે સુભટો ! તમારો અવસર હવે આવ્યો છે.' આવી રીતે સર્વને લઈ રાજા નિકળ્યો. તે વખતે પોતાના કોટવાળ યમદંડને બોલાવીને કહ્યું. હે યમદંડ ! તમારે મ્હોટા યત્નથી મ્હારી પ્રજાનું રક્ષણ કરવું.' યમદંડે 'જેવી આપની કૃપા.' એમ કહી તેણે રક્ષણની વાત કબૂલ કરી. રાજા

સર્વ બંદોબસ્ત કરીને નિકળ્યો. યમદંડે સર્વ જનને આનંદ થાય તેવી રીતે પ્રજાનું રક્ષણ કર્યું.

કેટલેક દિવસે શત્રુઓનો પરાભવ કરી રાજા મ્હોટા આનંદ સાથે પોતાના નગરમાં આવ્યો. રાજાના દર્શનને માટે નગરનું મહાજન સામું ગયું. રાજા દરબારમાં આવી પોતાના યોગ્ય આસન ઉપર બેઠો. સર્વ મહાજન પણ પાસે યોગ્ય આસન ઉપર બેઠું. રાજાએ કહ્યું : 'હે મહાજન લોકો ! તમે સુખી છો ?' મહાજને કહ્યું 'આપના કોટવાળ યમદંડના પ્રસાદથી ઘણા સુખી છીએ.' વળી કેટલીકવાર બેસાડી સર્વને તાંબૂલ આપી ફરીથી રાજાએ પૂછ્યું કે, 'તમે સુખી છો ?' ત્યારે તેઓએ કહ્યું કે, 'આપના કોટવાળના પ્રસાદથી સુખી છીએ.' પછી રાજાએ સર્વને વિદાય કર્યા. થોડીવાર રાજાએ વિચાર્યું કે, 'અહો ! આ યમદંડ કોટવાળે મ્હારી સર્વ પ્રજાને સ્વાધીન કરી લીધી. એ દુષ્ટ અને રાજદ્રોહી છે. તેથી એને મ્હારે કોઈ ઉપાયથી મારવો જોઈએ. કહ્યું છે કે : **જે રાજાઓ અધિકારીઓના હાથમાં રાજ્યનો ભાર આપી પોતે સ્વેચ્છાવિહારને સાર માની રહે છે, તે મૂઢ રાજાઓ બિલાડાના ટોળાને દૂધ આપીને સૂઈ રહેવા જેવું કરે છે.** એવી રીતે અપમાન વડે ખિન્ન થઈ રહેલો રાજા કોઈની પાસે તે હકીકત નિવેદન કરતો નથી. કહ્યું છે કે : **દ્રવ્યનો નાશ, મનનો તાપ, ઘરનાં દુરાચરણ, ઠગાયા હોઈએ તે અને અપમાન; આટલી વસ્તુઓનાં બુદ્ધિવાન્ પુરુષે પ્રગટ કરવી નહીં. વળી આયુષ્ય, ધન, ઘરનું છિદ્ર, મંત્ર, મૈથુન, ઔષધ, દાન, માન અને અપમાન એ નવ વાનાં ગુપ્ત રાખવાં.'**

એક વખતે રાજાની ચેષ્ટાને તથા આકૃતિને જાણી યમદંડે રાજાનું દુષ્ટ મન જાણી લીધું. તત્કાળ એ મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'અરે ! મેં સર્વ પ્રજાને આનંદકારી એવું રાજાનું કામ કર્યું, તેમ છતાં પણ રાજા મ્હારા ઉપર દુષ્ટ વિચાર લાવે છે ! તેથી જે લોકોક્તિ કહેવાય છે કે, 'રાજા કોઈને વશ્ય નહીં.' એ વાત સત્ય છે. કહ્યું છે કે : **કાગડામાં પવિત્રતા, જુગારીમાં સત્યતા, નપુંસકમાં ધીરજ, દારૂ પીનારમાં તત્વની ચિંતા, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામની શાંતિ અને રાજા મિત્ર, આવું બધું કોઈએ જોયું નથી અને સાંભળ્યું પણ નથી.'**

એક વખત રાજાએ મંત્રી અને પુરોહિતને બોલાવીને કહ્યું કે, 'આ યમદંડ કોટવાળ દુષ્ટ અને રાજદ્રોહી છે, માટે તેને કોઈ ઉપાયથી મારી નાંખવો

જોઈએ.' તેઓ રાજાના વચનને ટેકો આપી તે કામ કરવામાં સમ્મત થયા. કહ્યું છે કે : **જેવી બુદ્ધિ થાય તેવો વ્યવસાય (ઉદ્યોગ) થાય છે, અને જેવી ભવિતવ્યતા (ભાવી) હોય, તેવી સહાય મળે છે.** આવી રીતે રાજા, મંત્રી અને પુરોહિત એ ત્રણેય મળીને વિચાર કરી રાજાના ભંડારમાં આવ્યા. ત્યાં ખાતર પડ્યા જેવું કરાવી, ત્યાં રહેલી વસ્તુઓ બીજે ઠેકાણે મૂકાવી, ઉતાવળા તેઓ પોતપોતાને સ્થાનકે ગયા. ત્યાં (કર્મયોગથી) રાજા પોતાની પાદુકા, મંત્રી પોતાની મુદ્રિકા અને પુરોહિત પોતાની જનોઈ આ પ્રમાણે ત્રણેય વસ્તુઓ ભૂલી ગયા !

પ્રાતઃકાળે સર્વ મળી કોલાહલ કરવા લાગ્યા. રાજાએ યમદંડને બોલાવવાને માટે દૂત મોકલ્યો. યમદંડ વિચારવા લાગ્યો કે, 'હવે મ્હારૂં મરણ આવ્યું. રાજાના કોપથી માણસ કેવો થઈ જાય છે ? કહ્યું છે કે : રાજાના કોપથી કવિ હોય તે અકવિ થઈ જાય, ચતુર હોય તે અચતુર થઈ જાય, શૂરવીર હોય તે બ્હીકણ થઈ જાય, દીર્ઘ આયુષ્યવાળો હોય તે અલ્પ આયુષ્યવાળો થઈ જાય, અને કુળવાન હોય તે કુળહીન થઈ જાય.' આવી રીતે મહા સમર્થ એવો યમદંડ નિર્બળ થઈ ગયો. તે મરણનો નિશ્ચય કરી રાજાની પાસે આવ્યો. રાજાએ કહ્યું : 'હે યમદંડ ! તું મહાજનની રક્ષા કરે છે અને મ્હારા ઉપર આવી ઉદાસીનતા કેમ રાખે છે ? આજે મ્હારા ભંડારમાંથી સર્વ વસ્તુઓ ચોર લઈ ગયા છે, તે તત્કાળ મને લાવી આપ; નહિ તો ત્હારો શિરચ્છેદ કરીશ.'

રાજાનું આવું વચન સાંભળી યમદંડ જ્યાં ખાતર પડ્યું હતું ત્યાં ગયો. જ્યાં આવીને જુએ છે તો, ત્યાં પાદુકા, મુદ્રિકા અને જનોઈ પડેલી દીઠી. તેણે આ વસ્તુઓ ઉપરથી વિચાર કર્યો કે, 'આ પાદુકા ઉપરથી રાજા ચોર છે, આ મુદ્રિકા અને જનોઈ ઉપરથી મંત્રી તથા પુરોહિત ચોર જણાય છે.' આવો નિશ્ચય કરી તે ચિંતવવા લાગ્યો કે, 'અહો ! આવું કામ જ્યારે રાજા પોતે કરે, ત્યારે આ કોની પાસે જઈને કહેવાય ?' તેવામાં આ કોલાહલ સાંભળીને નગરનું મહાજન તત્કાળ ત્યાં આવ્યું. તેમની આગળ રાજાએ આ સર્વ હકીકત કહી. છેવટે મહાજને કહ્યું કે, 'હે દેવ ! તપાસને માટે યમદંડને સાત દિવસની મુદત આપો. જો સાત દિવસમાં તે આપને ન લાવી આપે તો જે ધાર્યું હોય, તે પ્રમાણે તેને શિક્ષા કરજો.' રાજાએ મહાજનનું કહેવું

માંડમાંડ કષ્ટથી સ્વીકાર્યું. પછી મહાજન પોત પોતાને ઘેર ગયું.

પછી યમદંડે ખાનગી રીતે મહાજનને મળીને કહ્યું કે, 'મ્હારા ઉપર આવી વ્યવસ્થા આવી પડી છે. હવે મ્હારે કેવી રીતે કરવું ? મહાજને કહ્યું કે, 'તમે ભય રાખશો નહીં. તમે છો તેથી અમારે કોઈ વખત પણ ચોરનો ઉપદ્રવ થતો નથી. હવે તમારા ભેદથી કે, રાજાના ભેદથી ચોરનો ઉપદ્રવ થવા લાગ્યો. તમારા બન્નેમાં જે દુષ્ટ હશે, તેનો અમે નિગ્રહ કરીશું.' યમદંડે કહ્યું : 'બહુ સારૂં.' પછી યમદંડ ચોરને જોવાને માટે ધૂર્તવૃત્તિથી રહેવા લાગ્યો.

પહેલે દિવસે તે રાજસભામાં ગયો. રાજાને નમસ્કાર કરીને યોગ્ય આસને બેઠો. રાજાએ પૂછ્યું : 'હે યમદંડ ! તે કોઈ ચોરને જોયો કે નહિ ?' યમદંડે કહ્યું. 'મેં ચારે તરફ જોયું પણ કોઈ ઠેકાણે ચોર જોવામાં આવ્યો નહીં.' રાજાએ કહ્યું. 'ત્યારે આટલો વખત તેં શું કર્યું ?' યમદંડે કહ્યું 'એક ઠેકાણે કોઈ કથા કરનાર પુરુષ કથા કરતો હતો, તે મેં સાંભળી, તેથી મને ઘણી વાર થઈ ગઈ.' રાજાએ કહ્યું. 'અરે યમદંડ ! જે કથા સાંભળવામાં તું ત્હારૂં મરણ પણ વિસરી ગયો ! તેવી કથા શું હતી ? તે મને કહે.' આવી રીતે રાજાના કહેવાથી યમદંડ કથા કહેવા લાગ્યો : 'હે રાજા ! સાંભળો, તે કથા આ પ્રમાણે :

***दीहकाल वणं तत्थ ।***<br>
***पायवे निरुवद्दवे ॥***<br>
***मूलाओ उठिया वल्ली ।***<br>
***जायं सरणओ भयं ॥ २ ॥***

**ભાવાર્થ :** એક દીર્ઘકાળરૂપી વનમાં ઉપદ્રવ રહિત વૃક્ષ છે, તે વૃક્ષના મૂળમાંથી એક વેલ નીકળી, તેથી સર્વ વૃક્ષના પક્ષીઓને ભય થયો, તેથી તેઓને શરણથકી ભય થયો. (૨)

**(આ ગાથા ઉપર એક કથા છે, તે કહે છે.)**

એક વનમાં સરોવરની પાળ ઉપર મ્હોટું વૃક્ષ હતું, તેના ઉપર ઘણા હંસો રહેતા હતા. એક વખતે વૃક્ષના મૂળમાં વેલના અંકુર જોઈ એક વૃદ્ધ હંસે કહ્યું. 'હે પુત્રો ! હે પૌત્રો ! એક મ્હારો ઉપદેશ સાંભળો. આ વૃક્ષના મૂળમાં જે વેલના અંકૂરા છે, તેઓને ચાંચોના પ્રહારથી તોડી નાંખો; જો તેમ

નહિ કરો તો સર્વેનું મૃત્યુ થશે.' એવી રીતનું વૃદ્ધ હંસનું વચન સાંભળી તે જવાન હંસો હસવા લાગ્યા અને તેઓ કહેવા લાગ્યા કે, 'અહો ! આ વૃદ્ધ થઈને મૃત્યુથી ગભરાય છે અને હમેશાં જીવવાને ઇચ્છે છે. અહિં મરણથી શું ભય રાખવો ?' પોતાના પુત્રાદિકનું આવું વચન સાંભળી વૃદ્ધ હંસ મનમાં કહેવા લાગ્યો કે, 'અરે ! આ કેવા મૂર્ખ છે ? આ મ્હારા હિતોપદેશને જાણતા નથી અને ઉલટા કોપ કરે છે. કહ્યું છે કે : **ઘણું કરીને જે મૂર્ખને સન્માર્ગનો ઉપદેશ કરવો, તે કોપને માટે જ થાય છે. જેમ જેની નાસિકા કપાઈ ગઈ હોય તેવા પુરુષને નિર્મળ દર્પણ બતાવવું, તે કોપને માટે જ થાય છે.'** ફરીથી વૃદ્ધ હંસે કહ્યું કે, 'મૂર્ખની સાથે જે કંઈ બોલવું, તે વચન વ્યર્થ જાય છે. કહ્યું છે કે : મૂર્ખ અને અપકવ બોધવાળા માણસોની સાથે જે આલાપ કરવો, તે નિષ્ફળ થાય છે, તેની સાથે વાણીનો વ્યય કરવો તે મનમાં તાપ કરે છે, અને તેઓને જે તાડન કરવું, તે પણ દુષ્ટ અપવાદને કરાવે છે.' આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું કે, 'જ્યારે ફળ થશે ત્યારે તેઓને ખબર પડશે.' એમ કહીને મૌન રાખી રહ્યો.

પછી કેટલોએક કાળ ગયો એટલે તે વૃક્ષ ઉપર વેલ ચઢવા લાગી અને ચારે તરફ પથરાઈ ગઈ. એક વખતે કોઈ પારધી વેલને પકડીને વૃક્ષ ઉપર ચઢ્યો, ત્યાં તેણે ચોતરફ પાશ નાંખ્યા, તેમાં જે હંસો દશ દિશાઓમાં ચારો ચરવા ગયા હતા, તેઓ ત્યાં આવી રાત્રીએ અજાણથી પાશમાં બંધાઈ ગયા ! તેઓનો કોલાહલ સાંભળીને પેલા વૃદ્ધ હંસે કહ્યું. 'હે પુત્રો ! તમે મ્હારો ઉપદેશ માન્યો નહીં અને હવે બુદ્ધિરહિત એવા તમારૂં મૃત્યુ પ્રાપ્ત થયું. સર્વમાં બુદ્ધિ છે તે શ્રેષ્ઠ કહેવાય છે. કહ્યું છે કે : વિદ્યા શ્રેષ્ઠ નથી પણ બુદ્ધિ શ્રેષ્ઠ છે. વિદ્યાથી બુદ્ધિ ઘણી મ્હોટી કહેલી છે, તેથી બુદ્ધિ વિનાના પુરુષો વિનાશ પામે છે. જેમ સિંહને જીવાડવાથી એક વૈદ્યનું મૃત્યુ થયું તેમ.

## બુદ્ધિ ઉપર સિંહ અને વૈદ્યની કથા આ પ્રમાણે :

**વારાણશી** નગરીમાં **જિતશત્રુ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં વૈદ્યવિદ્યામાં અતિશય પ્રવીણ એવો **દેવદત્ત** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એ શહેરમાં રાજા તથા પ્રજા સર્વ લોકો એ દેવદત્તને વૈદ્યવિદ્યાને લીધે માન આપતા હતા. એકદા દૈવયોગે દેવદત્ત બ્રાહ્મણ મૃત્યુ પામ્યો. તેના મરણથી તેવા ઉત્તમ વૈદ્યની નગરમાં મ્હોટી ખામી આવી. તે દેવદત્તના પાછળ બે પુત્રો

હતા, તેઓ જ્યોતિષ તથા વૈદ્યવિદ્યામાં કાંઈ પણ જાણતા નહીં અને મૂર્ખ હતા. આવા ઉત્તમ નગરમાં વૈદ્યની જરૂર હોવાથી કોઈ ઉત્તમ વૈદ્ય બ્રાહ્મણ આવીને ત્યાં વસ્યો. તે પોતાની જ્યોતિષ તથા વૈદ્યવિદ્યાથી નગરમાં પ્રસિદ્ધ થયો. ઘણા લોકોના રોગ મટાડ્યા. તેની ઉત્તમ કીર્તિ સાંભળી રાજાએ તેને તેડાવી ઘણો આદર આપ્યો અને તેને દેવદત્તની જગ્યા ઉપર નીમ્યો.

આ વૈદ્યનું રાજસન્માન દેખીને દેવદત્તની સ્ત્રી રુદન કરવા લાગી અને મનમાં ચિંતવવા લાગી કે, 'અરે ! મ્હારા વિદ્વાન પતિનું સન્માન અને તેમની આજીવિકા આ પરદેશી બ્રાહ્મણે લઈ લીધી ! એક વખતે વૈદ્યને રાજાને ઘેર જતો જોઈ દેવદત્તની સ્ત્રી ઘણું રુદન કરવા લાગી. તેવામાં તેના બન્ને મૂર્ખ પુત્રો બહાર રમવા ગયા હતા ત્યાંથી ઘેર આવ્યા. માતાને રુદન કરતી જોઈ પુત્રોએ પૂછ્યું. 'અરે માતા ! તમે કેમ રુદન કરો છો ?' માતાએ કહ્યું કે, 'હે અભણ પુત્રો ! તમે બિલકુલ ભણ્યા નહી તેથી તમારા વિદ્વાન પિતાની આજીવિકા કોઈ પરદેશી વૈદ્ય ખાય છે, તે દેખીને મને દ્વેષ આવે છે. અત્યારે તે પરદેશી વૈદ્યને તમારા પિતાની પેઠે મ્હોટા સન્માનથી દરબારમાં જતો જોઈને મને રુદન આવ્યું.'

માતાના મુખથી આ વાત સાંભળી બન્ને પુત્રો વિદ્યાભ્યાસની પ્રતિજ્ઞા લઈ મથુરા નગરીમાં ભણવા ગયા. બન્ને ભાઈઓએ પાંચ સાત વર્ષ સુધી ત્યાં રહી સર્વ વૈદ્યવિદ્યામાં ઘણી પ્રવીણતા મેળવી. તેની સાથે બીજી સર્વ નાટક ચેટકની વિદ્યા પણ પ્રાપ્ત કરી. પછી બન્ને ભાઈઓ ગુરુની પાસેથી રજા લઈ પોતાના નગર તરફ આવ્યા. રસ્તે આવતાં તેમણે મૃત્યુ પામેલો એક વિકરાળ સિંહ દીઠો. તે વખતે મ્હોટા ભાઈએ ન્હાના ભાઈને કહ્યું કે, 'હે લઘુ ભ્રાતા ! આપણે મૃતસંજીવિની વિદ્યા ભણ્યા છીએ માટે તેની આ સિંહ ઉપર પરીક્ષા કરીએ.' ન્હાના ભાઈએ કહ્યું 'તેની પરીક્ષા આપણે ઘેર જઈને કરીશું. અહિં રસ્તે શા માટે પરીક્ષા કરવી જોઈએ ?' આવી રીતે ન્હાના ભાઈએ કહ્યું, તો પણ તે મ્હોટા ભાઈએ માન્યું નહીં. પછી ન્હાનો ભાઈ ચેતીને એક વૃક્ષ ઉપર ચઢી ગયો. મ્હોટા ભાઈએ પોતાની અલ્પબુદ્ધિને લીધે વિચાર કર્યા વિના ગોળી લઈને મૃતસંજીવિની વિદ્યાનું સ્મરણ કર્યું અને તત્કાળ તે સિંહની આગળ આવીને બેઠો. પછી તે ગોળી સિંહના નેત્રમાં આંજી એટલે સિંહ તત્કાળ જીવતો થઈ તે બ્રાહ્મણ (મ્હોટા ભાઈ)ને મારી નાંખ્યો અને તેનું ભક્ષણ કરી ગયો.

નાના ભાઈએ કુશળતાથી ઘેર આવી તે વૃત્તાંત પોતાની માતાને કહ્યો. આવી રીતે વિદ્યાથી બુદ્ધિ ચઢે છે.'

આ વાર્તા સાંભળી હંસોએ કહ્યું કે, 'હે તાત ! હવે અત્યારે જીવવાનો ઉપાય ચિંતવવો જોઈએ.' વૃદ્ધ હંસે કહ્યું. 'કાર્ય નાશ પામ્યું છે તેથી હવે શો ઉપાય કરવો ? કહ્યું છે કે : અજ્ઞાનપણાથી, પ્રમાદથી અથવા બેદરકારીથી જો કોઈ કાર્ય નાશ પામી જાય તો પુરુષનો કરેલો સમર્થ પ્રયત્ન પણ નિષ્ફળ થાય છે; કારણ કે, પાણી ચાલી ગયા પછી પાળ બાંધવી તે શા કામની છે ?' આવી રીતે વૃદ્ધ હંસે કહ્યું, તો પણ તે બાળહંસો ફરીથી તેને કહેવા લાગ્યા કે, 'હે પિતા ! તમારે ચિત્તને સ્વસ્થ કરીને પણ કોઈ જીવવાનો ઉપાય ચિંતવવો જોઈએ. કારણ કે, ચિત્તને સ્વસ્થ કરવાથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે : **ધાતુઓથી બંધાએલું આ શરીર ચિત્તને આધીન છે, તેથી ચિત્ત નાશ પામે તો સર્વ ધાતુઓ પણ નાશ પામે છે; તે માટે આ ચિત્તનું યત્નથી રક્ષણ કરવું જોઈએ. જો ચિત્ત સ્વસ્થ હોય તો બુદ્ધિઓ ઉત્પન્ન થાય છે.'**

આવી રીતે બાળહંસોનું કહેવું સાંભળીને વૃદ્ધ હંસે કહ્યું, 'હે પુત્રો ! જો તમારે જીવવું હોય તો એક ઉપાય છે કે, જ્યારે એ પારધિ આવે, ત્યારે તમારે મૃત્યુ પામેલાની પેઠે થઈને રહેવું. જો એમ નહિ રહો તો તે તમારાં ગળાં મરડી નાંખશે.' વૃદ્ધ હંસના કહેવાથી સર્વે બાળહંસો મડદાની પેઠે થઈને રહ્યા. પછી પ્રભાતકાળ થતાં પેલો પારધિ આવ્યો, તેણે સર્વ હંસોને મૃત્યુ પામેલા જોઈ નીચે પાડી નાંખ્યા. પછી વૃદ્ધ હંસે કહ્યું, 'હે પુત્રો ! નાશી જાઓ.' આવી રીતે વૃદ્ધ હંસના કહેવાથી સર્વ બાળહંસો ઉડી ગયા. પછી તેઓ કહેવા લાગ્યા કે, 'અહો ! આપણે વૃદ્ધના ઉપદેશથી જીવ્યા છીએ. કહ્યું છે કે : પોતાના ગુણથી શોભતા એવા ડાહ્યા પુરુષોએ હમેશાં વૃદ્ધ માણસનું કહ્યું માનવું. જુઓ ! જેમ વનમાં બંધાએલા હંસો વૃદ્ધના વચનથી છૂટી ગયા તેમ.'

આ દૃષ્ટાંતથી યમદંડે રાજાને એમ સૂચવ્યું કે, 'અરે રાજા ! આ કામ મૂળથી જ નાશ પામ્યું છે.' આવો અભિપ્રાય રાજાના જાણવામાં આવ્યો નહી. કારણ કે, તેને દુરાગ્રહ થયો હતો. કહ્યું છે કે : જે પુરુષ દુરાગ્રહ રૂપી ગ્રહથી ગ્રસિત છે, તેવા પુરુષને વિદ્વાન માણસ પણ શું કરી શકે ? કારણ કે, કાળા પત્થરને કોમળ કરવાને માટે વર્ષાદ પણ સમર્થ થતો નથી. આવી રીતે

આખ્યાન કહીને યમદંડ પોતાને ઘેર ગયો અને પહેલો દિવસ ગયો.

બીજે દિવસ તેવી જ રીતે યમદંડ સભામાં આવ્યો, એટલે રાજાએ 'ચોર મળ્યો ?' એમ પૂછ્યું. એટલે તેણે ના કહી. પછી રાજાએ 'આટલીબધી વાર કેમ થઈ ?' એમ પૂછ્યું. એટલે તેણે કહ્યું કે, 'ઘણી વાર થવાનું કારણ સાંભળો. માર્ગમાં એક કુંભારે મને કથા કહી, તે સાંભળતાં મને વાર થઈ છે.' રાજાએ કહ્યું, 'તે કથા મ્હારી પાસે કહે.' ત્યારે યમદંડ કહેવા લાગ્યો, 'તે કુંભારે મને આ પ્રમાણે કહ્યું કે :

*जेण भिक्खं बलिदेमि*
*जेण पोसेमि अप्पयं*
*तेण मे पिठिया भग्गा*
*जायं सरणओ भयं ॥ ३ ॥*

**ભાવાર્થ :** જે મૃત્તિકાથી મ્હારી ઉદરપૂર્ણા થતી અને જે મૃત્તિકાથી મ્હારા આત્માનું હું પોષણ કરતો હતો, તે જ મૃત્તિકાએ મ્હારી પૂંઠ ભાગી નાંખી ! તેથી મને શરણથી ભય થયો છે.' (૩)

આવી રીતે તેણે પોતાનો અભિપ્રાય સૂચવ્યો, તો પણ રાજાના સમજવામાં આવ્યું નહીં. એ આખ્યાન કહીને યમદંડ ઘેર ગયો. એવી રીતે બીજો દિવસ પણ ગયો.

ત્રીજે દિવસે યમદંડ રાજાની પાસે આવ્યો. રાજાએ પૂછ્યું કે, 'ચોર જોવામાં આવ્યો ?' યમદંડે ના કહી. રાજાએ ફરી પૂછ્યું કે, 'આટલી વાર કેમ થઈ ?' યમદંડે કહ્યું. 'મેં એક કથા સાંભળી, તેથી વધારે વાર લાગી. રાજાએ કહ્યું : 'તે કથા કહે.' ત્યારે યમદંડ કહેવા લાગ્યો :

'હે રાજા ! પંચાળ દેશમાં એક **વરશક્તિ** નામે નગર છે, તેમાં જૈનમતને અનુસરનારો **સુધર્મ** નામે એક ધર્મિષ્ટ રાજા છે. તેને **જિનમતી** નામે રાણી છે. એ રાજાને ચાર્વાક મતને અનુસરનારો **જયદેવ** નામે મંત્રી હતો. તેને એક **વિજયા** નામે સ્ત્રી હતી. સુધર્મ રાજા સુખેથી રાજ્ય કરતો હતો. એક વખતે તે રાજસભામાં બેઠો હતો, તેવામાં કોઈએ આવીને કહ્યું કે, '**મહાબલ** નામે એક રાજા છે, તે પ્રજાને ઘણી પીડા કરે છે.' રાજાએ એ ફરિયાદ સાંભળીને કહ્યું કે, 'જ્યાં સુધી હું તેનો પરાભવ કરવાને ગયો નથી, ત્યાં સુધીમાં તે ભલે ગર્જના કરે ! કહ્યું છે કે : જ્યાં સુધી ક્રીડામાત્રમાં જ પોતાના

પૂંછને ઉલાળતો કેસરીસિંહ આવ્યો નથી, ત્યાં સુધી વનમાં મદના ભારથી મંદ થએલા હસ્તિઓ ગર્જના કરે છે. ફરીને પણ રાજાએ કહ્યું કે, હું કોઈને પણ અશસ્ત્ર વધ કરતો નથી. જે સંગ્રામમમાં સામો ઉભો રહે અથવા તો જે પોતાના મંડળને કંટકરૂપ થાય, તેવા રાજાને અવશ્ય નિરાકરણ કરવો જોઈએ. કહ્યું છે કે : જે શસ્ત્ર લઈને સંગ્રામમમાં સામો ઉભો રહે અથવા પોતાના મંડળને કંટકરૂપ થાય, તેવા પુરુષ ઉપર રાજાઓએ શસ્ત્ર ફેંકવાં; પણ જેઓ દીન, અનાથ અને શુભ હૃદયવાળા હોય, તેમના ઉપર શસ્ત્ર ફેંકવાં નહીં.'

'દુષ્ટ પુરુષોનો નિગ્રહ કરવો અને ઉત્તમ પુરુષોનું મિલન કરવું, એ રાજાનો ધર્મ છે.' એમ વિચારીને સુધર્મ રાજા મહાબલની ઉપર ચઢી આવ્યો. સંગ્રામમમાં તેને જીતીને તેનું સર્વસ્વ લઈ લીધું. પછી મ્હોટા આનંદથી પોતાના નગરમાં આવ્યો. નગરમાં પ્રવેશ કરતી વખતે શહેરનો દરવાજો પડી ગયો ! તે જોઈ અપશુકન માની એક પોતાના ઉદ્યાનમાં રહ્યો. મંત્રીએ તત્કાળ નવો દરવાજો તૈયાર કરાવ્યો, તે પણ તેવી રીતે પડી ગયો. તેવી રીત ત્રીજી વખત પણ પડી ગયો ! રાજાએ મંત્રીને પૂછ્યું કે, 'હે મંત્રી ! આ દરવાજો કેવી રીતે સ્થિર થાય ?' મંત્રીએ કહ્યું. 'હે રાજા ! જો તમે પોતાના હાથથી કોઈ પુરુષને મારી તેના રુધિરથી આ દરવાજાને સિંચન કરો તો તે પછી સ્થિર રહેશે. તે શિવાય બીજા કોઈ ઉપાયથી સ્થિર રહેશે નહી. આવો લોકાચાર્યનો મત છે.'

મંત્રીનું આ વચન સાંભળી રાજાએ કહ્યું કે, 'મ્હારે આવા નગરનું પ્રયોજન નથી. કારણ કે, જ્યાં હું છું, ત્યાં નગર છે. તેમજ હે મંત્રી ! જે પોતાનું હિત ઈચ્છે, તેણે હિંસા કરવી નહીં. કહ્યું છે કે : પોતાનું જીવિત, બળ અને આરોગ્યને ઈચ્છનાર એવા રાજાએ પોતે હિંસા કરવી નહી અને બીજાની પાસે કરાવવી પણ નહીં. તેમ જ જીવિતદાન આપવામાં કેટલું ફળ છે ? કહ્યું છે કે : જો સુવર્ણનો મેરુ અને આખી પૃથ્વીનું દાન કરે અને એકને જીવિતદાન આપે, તો પણ જીવિતદાનના જેવું ફળ થતું નથી.'

પછી મહાજને આવી રાજાને કહ્યું કે, 'હે સ્વામિન ! અમે બધું કરીશું. આપે તો ફક્ત મૌન રહેવું.' રાજાએ કહ્યું. 'હે મહાજનો ! જો પ્રજા પાપ કરે, તો તેનો છઠ્ઠો ભાગ રાજાને મળે છે. તેવી રીતે જો પ્રજા પુણ્ય કરે તો તેનો છઠ્ઠો ભાગ રાજાને મળે છે. કહ્યું છે કે : **જેવી રીતે સુકર્મ કરનારી**

**પ્રજાના પુણ્યના છઠ્ઠા અંશનો ભાગીદાર રાજા છે, તેવી રીતે કુકર્મ કરનારી પ્રજાના પાપના છઠ્ઠા અંશનો ભાગીદાર પણ રાજા છે.**' રાજાનાં આવાં વચનો સાંભળી મહાજનોએ કહ્યું કે, 'હે મહારાજ ! જે પાપનો ભાગ છે, તે અમારો અને જે પુણ્યનો ભાગ છે તે તમારો. વળી તમે તે કામમાં મૌન રાખી રહો.' રાજાએ તે વાત કબુલ કરી.

પછી મહાજનોએ દ્રવ્યનું ઉઘરાણું કર્યું અને તે દ્રવ્યથી એક સુવર્ણમય પુરુષ બનાવ્યો. નાના પ્રકારના રત્નોથી શણગારીને તેને એક ગાડા ઉપર ચઢાવી આખા નગરમાં એવી ઘોષણા કરાવી કે, 'જે કોઈ પોતાના પુત્રને આપી, માતા તેને પોતાને હાથે વિષ દે અને પિતા ગળું મરડી નાંખે, તો તેને આ સુવર્ણનો પુરુષ અને એક કોટિ દ્રવ્ય આપવામાં આવશે.' તે નગરમાં એક ઘણો દરિદ્રિ અને નિર્દય એવો **વરદત્ત** નામે બ્રાહ્મણ રહેતો હતો, તેને સાત પુત્રો હતા. તે વરદત્તની સ્ત્રી ઘણી નિર્દય હતી. વરદત્તે આવી તેણીને પૂછ્યું કે, 'હે પ્રિયા ! આ નાના પુત્ર ઈંદ્રદત્તને આપી આપણે આ દ્રવ્ય લઈએ. જો આપણે બન્ને કુશળ હોઈશું તો ઘણા પુત્રો થશે.' સ્ત્રીએ એ વાતની હા કહી એટલે વરદત્તે ઘોષણાને ગ્રહણ કરી તે સુવર્ણમય પુરુષ લીધો. મહાજનોએ કહ્યું કે, 'જો તારે પુત્ર આપવો હોય તો તેની માતા પોતાના હાથે વિષ દે અને પિતા ગળું મરડે, તો અમે આ દ્રવ્ય આપીશું.' વરદત્તે તે વાત કબુલ કરી. પછી ઈંદ્રદત્તને ત્યાં હાજર કર્યો. ઈંદ્રદત્તે તે વખતે મનમાં વિચાર્યું કે, 'અહો ! ધનનું મહાત્મ્ય કેવું છે ? ધનને માટે માણસ અકર્તવ્ય પણ કરે છે. કહ્યું છે કે : **જે અપૂજ્ય હોય તે પૂજાય, જે અગમ્ય હોય તે મેળવાય, અને જે અવંદ્ય હોય તે વંદાય; તે ધનનો પ્રભાવ છે.** વળી કહ્યું છે કે :

*(---पजातिवृतम्)*

*बुभुक्षितः किं न करोति पापं ।*
*क्षीणा नरा निष्किरूणा भवंति ॥*
*आख्याहि भद्रे प्रियदर्शनस्य ।*
*न गंगदत्तः पुनरेति कूपम् ॥ ४ ॥*

આ શ્લોકથી એક દૃષ્ટાંતિક કથા કહે છે :

એક કૂવામાં **પ્રિયદર્શન** નામે નાગ રહેતો હતો, તેને એક **ભદ્રા** નામની ઘો અને **ગંગદત્ત** નામના દેડકા સાથે મિત્રતા થઈ. પ્રિયદર્શન નાગ હમેશાં

તે કૂવાના દેડકાનું ભક્ષણ કરતો હતો. એક વખતે કોઈ દેડકો નહિ મળવાથી, ગંગદત્ત દેડકા ઉપર તેની ભક્ષણ કરવાની ઈચ્છા થઈ. આ વાત ગંગદત્ત દેડકાના જાણવામાં આવી એટલે તેણે પ્રિયદર્શન નાગને કહ્યું કે, 'જો મને કૂવાની બહાર મોકલો તો હું મ્હારી જાતના બીજા દેડકાંને અહિં બોલાવી લાવું.' આવું બહાનું બતાવી તે ભદ્રા ઘોની સાથે બહાર આવ્યો. પછી કેટલીક વારે પ્રિયદર્શન નાગે ભદ્રા ઘોને, ગંગદત્ત દેડકાને તેડવા મોકલી. ભદ્રા ઘોને જોઈ ગંગદત્ત દેડકાએ ઉપરના શ્લોકથી કહ્યું કે : 'હે ભદ્રે ! જે ભૂખ્યો માણસ હોય તે શું પાપ નથી કરતો ? અર્થાત્ તે ગમે તે પાપ કરે છે. કારણ કે, ક્ષીણ થએલા પુરુષો નિર્દય થઈ જાય છે. તેથી તું જઈને પ્રિયદર્શન નાગને કહે કે, ગંગદત્ત દેડકો ફરીથી કૂવામાં નહિ આવે.' (૪)

ક્ષીણ થએલા વરદત્તે દ્રવ્ય લઈને પુત્ર મહાજનને આપ્યો. મહાજનોએ પુત્રને શણગાર્યો. પછી મંત્રી વિગેરેના સમૂહથી વિંટાએલા અને દરવાજાની સન્મુખ આવતા તે ઇંદ્રદત્તને હસતો દેખીને રાજાએ કહ્યું. 'હે બાળક ! તું કેમ હસે છે ? અને મરણથી કેમ ગભરાતો નથી ?' ત્યારે ઇંદ્રદત્તે કહ્યું. 'હે દેવ ! જ્યાં સુધી ભય આવ્યો નથી ત્યાં સુધી બ્હીવું જોઈએ, પણ ભય આવ્યા પછી તેને સહન કરવો જોઈએ. કહ્યું છે કે : જ્યાં સુધી ભય ન આવ્યો હોય ત્યાં સુધી બ્હીવું, પણ જો ભય આવેલો જોવામાં આવે, તો શંકારહિત થઈ તેના સામું થવું. વળી હે રાજા ! પિતાએ સંતાપ પમાડેલો પુત્ર માતાને શરણે જાય છે, માતાએ સંતાપ પમાડેલો પુત્ર પિતાને શરણે જાય છે, બન્નેથી સંતાપ પામેલો પુત્ર રાજાને શરણે જાય છે, અને જો રાજાથી સંતાપ થાય તો તે પુત્ર મહાજનોને શરણે જાય છે; પણ હે રાજા ! જ્યાં માતા વિષ દે, પિતા ગળું મરડે, મહાજન દ્રવ્ય આપી ગ્રહણ કરે,અને તેમાં રાજા પ્રેરક (પ્રેરણા કરનારો) થાય, ત્યારે તેને કોને શરણે જવું ? તે ઉપર ગાથા કહે છે :

*जस्स पिया गलयं विलेई ।*
*माया य जस्स देई विसं ॥*
*जत्थऽवलंबइ राया ।*
*किं सरणं तेण गंतव्वं ॥ ५ ॥*

**ભાવાર્થ :** પિતા જેનું ગળું મરડે, માતા જેને વિષ દે, અને રાજા જેમાં સમર્થન કરે, તેને કોને શરણે જવું ? (૫)

કહ્યું છે કે : માતા ઝેર દે, પિતા પુત્રને વેચે અને રાજા સર્વ ધન લૂંટી લે, તેમાં શી વેદના બાકી રહે ? આ પ્રમાણે ધીરપણાથી મ્હારૂં મરણ ભલે થાઓ ! એવું ધારીને હું ખુશ થઉં છું.' ઇંદ્રદત્તનું આવી રીતનું વચન સાંભળી રાજાએ કહ્યું કે, 'આ દરવાજાનું અને નગરનું મ્હારે પ્રયોજન નથી, જ્યાં હું રહું ત્યાં નગર જ સમજવું.' આવી રીતે રાજાની અને ઇંદ્રદત્તની ધીરજ તથા હિંમત જોઈ નગરદેવતાએ તત્કાળ દરવાજો બનાવી આપ્યો, અને પાંચ પ્રકારના આશ્ચર્ય પ્રગટ કરીને ઇંદ્રદત્તની પૂજા કરી. કહ્યું છે કે : **જે પુરુષને ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ એ છ વાનાં છે; તેવા પુરુષથી દેવતા પણ શંકા પામે છે.** એવી રીતે યમદંડે કહેલા આ આખ્યાનનો અભિપ્રાય રાજાના જાણવામાં આવ્યો નહીં. પછી યમદંડ તે આખ્યાન કહી પોતાને ઘેર ગયો. એવી રીતે ત્રણ દિવસ ગયા.

ચોથે દિવસે યમદંડ રાજાની સભામાં ગયો. અગાઉ પ્રમાણે રાજાએ તેને ચોરની ખબર પૂછી, એટલે તેણે ના કહી. પછી 'આટલી વાર કેમ થઈ ?' એમ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે, 'એક હરિણીની કથા મ્હારા સાંભળવામાં આવી, તેથી વાર થઈ.' રાજાએ તે કથા કહેવાને કહ્યું. ત્યારે યમદંડ આ પ્રમાણે કહેવા લાગ્યો :

*सव्वं विसजं हि सलिलं ।*
*सव्वारन्नं च कूडसंछन्नं ॥*
*राया जत्थ सयंवाहो ।*
*तत्थ मियाणं कओ वासो ॥ ६ ॥*

તળાવથી વીંટળાયેલું, ઘણા પાંદડાવાળા સરળ વૃક્ષના સમુહથી વિસ્તારવાળું એક ઉદ્યાન હતું, તેમાં ઘણાં બાળકોસહિત એક હરિણી રહેતી હતી. તે હરિણી પોતાનાં બચ્ચાંઓ સાથે વનભૂમિનાં લીલાં ઘાસ ચરી અને શીતળ જળવાળા તળાવમાં જળપાન કરી પોતાનો કાળ સુખેથી નિર્ગમન કરતી હતી. તેની નજીક એક શેહેર હતું. તેમાં **રિપુમર્દન** નામનો રાજા હતો. તેને ઘણા કુમારો હતા. એક વખતે કોઈ શીકારીએ એક મૃગલીનું બચ્ચું, તે જીર્ણ વનમાંથી પકડી રાજાના એક કુમારને આપ્યું. આ સુંદર મૃગનાં બચ્ચાંને જોઈને બીજા રાજકુમારો મૃગના બચ્ચાને માટે ઈચ્છાવાળા થયા. પછી તેઓ એકઠા થઈને રાજાની આગળ કહેવા લાગ્યા કે, 'હે સ્વામિન્ ! અમોને આવાં મૃગનાં

બચ્ચાંઓ મંગાવી આપો.' રાજાએ પારધીઓને બોલાવીને પૂછ્યું કે, 'હે પારધીઓ ! આવાં મૃગનાં બચ્ચાંઓ કયા વનમાં મળે છે ? તે કહો.' ત્યારે તે પારધીઓમાંથી એક પારધીએ કહ્યું કે, 'હે દેવ, જીર્ણોદ્યાનમાં ઘણાં મૃગનાં બચ્ચાંઓ મળે છે.' એ વચન સાંભળી રાજા પોતે જ પારધીનો વેષ લઈ જીર્ણોદ્યાનમાં ગયો. એ વન ઘણું વિષમ હતું, તેથી રાજાએ મૃગનાં બચ્ચાં લેવાને માટે એવી બુદ્ધિ રચી કે, ચોતરફ રહેલા તળાવની પાળ ફોડીને પાણી એકઠું કર્યું અને ચોતરફ બહાર ખાઈ ખોદાવી તેની પાસે જૂના ઘાસનો સમૂહ સળગાવ્યો અને આગળ પાસલાની રચના કરાવી. પછી રાજાએ પારધીઓને કહ્યું કે, 'હવે વનમાં પેસો, કે જેથી એ મૃગલાં પાસમાં પડી જશે.' પારધીઓએ તેમ કર્યું. એટલે ઘણાં મૃગલાંઓ પાસમાં પડી ગયાં. પછી તેઓને પકડી લીધાં. એવી રીતે રાજકુમારોએ ક્રીડા કરવાને માટે તે મૃગનાં બચ્ચાં મેળવ્યાં.

એક વખતે કોઈ પંડિતે રાજકુમારો તથા મૃગનાં બચ્ચાંઓને ક્રીડા કરતા જોઈ આ પ્રમાણે કહ્યું કે, 'જે અરણ્યમાં બધું પાણી વિષયુક્ત કર્યું છે, અને ચારે બાજુ જાળો પાથરી છે, તેમજ જ્યાં રાજા પોતે શીકાર ખેલે છે, ત્યાં બાપડાં મૃગલાં ક્યાં વસે ?' વળી, 'દોરીઓથી દિશાઓ રૂંધી, ઝેરથી પાણી રૂંધ્યું, પાસલાથી પૃથ્વી રૂંધી, અગ્નિથી વન બાળ્યું અને પછવાડે હાથમાં બાણ લઈ શીકારીઓ ફરે છે, ત્યારે હવે મૃગનાં બચ્ચાંવાળી હરણી કયા પ્રદેશનો આશ્રય કરશે ?' આવી રીતે અભિપ્રાય સૂચવ્યો તો પણ રાજાએ જાણ્યું નહિ, એટલે યમદંડ ઘેર ગયો. એવી રીતે ચોથો દિવસ પસાર થયો.

પછી પાંચમે દિવસે યમદંડ રાજસભામાં ગયો. રાજાએ અગાઉ પ્રમાણે ચોરના સંબંધમાં પૂછ્યું અને ફરીથી વેળા થવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે ગામ બહાર કોઈ એકે કથા કહી, તે મેં સાંભળી; તેથી વાર લાગી. રાજાએ કહ્યું કે, તે કથા મને કહે. તે ઉપરથી યમદંડ આ પ્રમાણે એક કથા કહેવા લાગ્યો :

**નેપાળ** દેશમાં એક **પાટલીપુર** નામે નગર છે. તેમાં **વસુપાલ** નામે એક રાજા હતો. તે ઘણો વિદ્વાન અને કવિ હતો. તેને **વસુમતિ** નામે રાણી હતી. તેને એક **ભારતીભૂષણ** નામે મંત્રી હતો. તેને **દેવકી** નામની એક સ્ત્રી હતી. ભારતીભૂષણ મંત્રી પણ શીઘ્ર કવિ તરીકે લોકમાં પ્રસિદ્ધ હતો. એક વખતે સભામાં રાજાની કવિતામાં મંત્રીએ દોષ બતાવ્યા, તેથી ક્રોધ પામેલા તે રાજાએ

મંત્રીને બાંધીને ગંગા નદીના પ્રવાહમાં નાંખ્યો. દૈવયોગે મંત્રી રેતમાં પડ્યો, તેથી મૃત્યુથી બચ્યો. કારણ કે, પુણ્ય માણસની રક્ષા કરે છે. કહ્યું છે કે : **વનમાં, રણમાં, શત્રુમાં, જળમાં, અગ્નિમાં, મ્હોટા સમુદ્રમાં અને પર્વતના શિખર ઉપર સૂઈ ગએલો હોય, અથવા પ્રમાદથી વિષમ રીતે રહ્યો હોય; તો પણ તેની પૂર્વે કરેલાં પુણ્ય રક્ષા કરે છે.**

રેત ઉપર પડેલા મંત્રીએ વિચાર્યું કે, 'રાજાએ ક્રોધથી આવી રીતે મને નઠારી દશામાં પહોંચાડ્યો, તેથી જે 'કવિને કવિ સહન કરે નહીં' તે ખરેખરૂં છે. કહ્યું છે કે : **દુષ્ટ માણસ ઉત્તમ પુરુષ ઉપર ક્રોધ રાખે છે, ચોર સ્વભાવથી જાગનારા પુરુષ ઉપર કોપ કરે છે, પાપી માણસ ધર્મી ઉપર કોપ રાખે છે, બ્હીકણ પુરુષ શૂરવીર ઉપર કોપ રાખે છે અને કવિ, કવિ ઉપર કોપ રાખે છે. ગર્દભ, શ્વાન, ઘોડા, જૂગારી, પંડિત અને બાળકો એ એક બીજાને સહન કરતા નથી; તેમ જ તેઓ એક બીજા વગર રહી પણ શકતા નથી.** આવી રીતે એ કવિ રાજાએ મ્હારા ઉપર દ્વેષ રાખી આ પ્રમાણે કર્યું, તેથી હવે મ્હારે આ જળમાં પડી મરવું જોઈએ.' એ પ્રમાણે વિચારી મંત્રી જળમાં ઉભો રહી નીચેની ગાથા કહેવા લાગ્યો :

***जेण बीया परोहंति ।***
***जेण सिंचंति पावया ॥***
***तस्स मज्झे मरिस्सामि ।***
***जायं सरणओ भयं ॥ ७ ॥***

**ભાવાર્થ :** જે પાણીથી બીજ ઉગે છે અને જે પાણીથી વૃક્ષનું સિંચન થાય છે, તે પાણીની વચમાં હું મૃત્યુ પામીશ; તેથી મ્હારે શરણથી ભય થયો. (૭)

પછી થોડી વારે પાણીને નીચી તરફ વળતું જોઈ આ પ્રમાણે અન્યોક્તિથી તેણે એક કાવ્ય કહ્યું :

***(शार्दूलविक्रीमितवृत्तम्)***

***शैत्यं नाम गुणस्तवैव तदनु स्वाभाविकी स्वच्छता ।***
***किं ब्रूमः शुचितां भवंत्यशुचयः स्पर्शात्तवैवापरे ।***
***किं वातः परमुच्यते स्तुतिपदं यज्जीवनं देहिनां ।***
***तं चेन्नीचपथेन गच्छसि पयः कस्त्वां निरोद्धुं क्षमः ॥ ८ ॥***

**ભાવાર્થ :** 'હે જળ ! ત્હારો પહેલો ગુણ શીતળતા છે, તે પછીનો

બીજો ગુણ સ્વાભાવિક સ્વચ્છતા છે, તે સિવાય ત્હારી પવિત્રતાને માટે અમે શું કહીએ ? પરંતુ બીજા અપવિત્ર માણસો પણ ત્હારા સ્પર્શથી પવિત્ર થઈ જાય છે; તેથી જેથી તારી વધારે સ્તવના શું કરવી કે, જે તું બધા પ્રાણીઓનું જીવન છે. એવું તું જળ, જો નીચ રસ્તે જાય છે, તો પછી તને રોકવાને કોણ સમર્થ થાય ? અર્થાત્ જ્યારે તું આવું ઉત્તમ થઈ નીચમાર્ગે ચાલીશ, ત્યારે તને કોણ રોકી શકશે ?' (૮)

આવી રીતે જળ પ્રત્યે અન્યોક્તિનાં વચન સાંભળી રાજાએ ચિંતા કરવા માંડી કે, 'અહો ! મેં ઘણું ખોટું કર્યું ! કારણ કે, ઉત્તમ પુરુષે પોતાના આશ્રિત માણસોના ગુણ કે દોષ ઉપર વિચાર કરવો નહીં. કહ્યું છે કે : નિત્ય ક્ષયરોગવાળો, સ્વભાવથી વક્રમૂર્તિવાળો, જડસ્વરૂપ અને દોષાકર એવો ચંદ્ર, મિત્ર (સૂર્ય)ના વિપત્તિના વખતમાં ઉદય પામે છે. આવી રીતે અનેક અવગુણ ભરેલો ચંદ્ર છે, તો પણ તેને શંકરે પોતાના મસ્તક ઉપર ધારણ કરેલો છે; તેથી મહાપુરુષોને પોતાના આશ્રિત માણસોમાં ગુણ દોષનો વિચાર થતો નથી.' આવી રીતે વિચારી રાજાએ મંત્રીને જળમાંથી બહાર કઢાવ્યો અને ફરીથી પૂજા કરીને તેને મંત્રીપદ ઉપર સ્થાપન કર્યો.' આ વાર્તાનો અભિપ્રાય યમદંડે સૂચવ્યો, તથાપિ રાજાના જાણવામાં આવ્યો નહી. પછી યમદંડ ઘેર ગયો. એવી રીતે પાંચ દિવસ વીતી ગયા.

છઠ્ઠે દિવસે અગાઉ પ્રમાણે રાજાએ પૂછ્યું કે, 'ચોર જોયો ?' તેણે ના પાડી. પછી પોતાને વિલંબ થવાનું કારણ પૂછતાં તેણે આ પ્રમાણે કથા કહેવા માંડી કે, અરણ મધ્યે એક માણસે કહેલી કથા કહું છું તે સાંભળો :

'**કુરુજંગલ** દેશમાં **પાડલીપુર** નામે એક શહેર છે. તેમાં **સુભદ્ર** નામે રાજા છે. તેને **સુભદ્રા** નામે એક રાણી હતી. એક વખત રાજાએ ક્રીડા કરવા માટે મનોહર અને અપૂર્વ રચનાવાળું એક વન કરાવ્યું. એ વનમાં તાડીની મદિરા પીને ઉન્મત્ત થએલા વાંદરાઓ વનને ઉપદ્રવ કરવા લાગ્યા. કહ્યું છે કે : ચપળ એવો વાંદરો મદિરાના મદથી ઉન્મત્ત થયો, તેને વળી વીંછીએ કરડ્યો, અને તેને પછી ભૂત વળગ્યું. તે વખતે તેના ચેષ્ટિતમાં શું બાકી રહે ? આવી રીતે મદિરાના પીવાથી ઉન્મત્ત થએલા વાંદરાઓ વડે વનનો મ્હોટો ઉપદ્રવ જોઈ વનપાળે આવી રાજાને કહ્યું કે, 'હે સ્વામિન્ ! વાંદરાઓએ આપણું વન પાયમાલ કર્યું છે.' એ વચન સાંભળી રાજાએ વનની રક્ષા કરવા માટે

પોતાના મંદિરમાં વિનોદ માટે રાખેલા વાનરોને તે ઉપદ્રવ શાંત કરવાને મોકલ્યા. ત્યારે વનપાળે વિચાર્યું કે, 'અહો ! અહિં તો મૂળથી જ કામ વિનાશ થઈ ગયું. કારણ કે, જેના ઉદ્યાનના રક્ષકો વાંદરા છે, મદિરાના રક્ષકો કલાલ છે, અને બકરાના રક્ષકો ન્હાર (રીંછ) છે, તેનું કાર્ય મૂળથી જ વિનાશ થાય છે. તેમ જ વિવેક રૂપી ચક્ષુ વિના અન્યાય માર્ગના અંધકારમાં પડી જવાય, તેમાં શો અપરાધ ગણાય ? કહ્યું છે કે : **જે સ્વાભાવિક વિવેક છે, તે એક ચક્ષુ છે; અને જે વિવેકી માણસ સાથે રહેવું તે બીજી ચક્ષુ છે. એ બન્ને ચક્ષુ જેને પૃથ્વિમાં નથી, તે માણસ પૃથ્વિમાં આંધળો છે. તેથી બે ચક્ષુ વિનાનો માણસ અવળે રસ્તે ચાલે તેમાં શો અપરાધ ગણાય ?** તેથી આ રાજા વિવેકરૂપ ચક્ષુથી રહિત છે, માટે તેમાં તેનો બિલકુલ અપરાધ નથી; અને જેઓ કુલીન માણસ છે, તેઓને સુકૃતધર્મ શીખવવું પડતું નથી. કહ્યું છે કે : **હંસોને સારી ગતિ, કોયલને મધુર અવાજ, મોરને નૃત્ય, કેસરીસિંહને શૌર્યતાનો ગુણ, મલયાચલના વૃક્ષોને સુગંધ તથા શીતળતા, અને કુલીન માણસોને સુકૃતધર્મ એ કોઈએ શીખવ્યાં નથી.** અર્થાત્ તેઓને તે સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. વળી કૌસ્તુભમણિમાં પ્રકાશની લક્ષ્મી કોણ કરે છે ? અમૃતને મધુર કરવાનું કર્મ આચરણ કોણ કરે છે ? ચંપકવૃક્ષનાં પુષ્પને સુગંધી કોણ કરે છે ? તેમ જ સાધુ પુરુષના વિવેકનો હેતુ કોણ થાય છે ?'

આવી રીતે વ્યાખ્યાનથી સૂચવ્યું, તો પણ રાજાના સમજવામાં આવ્યું નહી. પછી યમદંડ ઘેર ગયો. એવી રીતે છ દિવસ ગયા.

સાતમે દિવસે રાજાએ તેવી જ રીતે પૂછ્યું. વિલંબ થવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે, 'ચૌટામાં કોઈ એક માણસે કથા કહી, તે મ્હારા સાંભળવામાં આવતાં, મ્હારે વિલંબ થયો છે.' રાજાએ તે કથા કહેવાનું કહ્યું. એટલે યમદંડ કથા કહેવા લાગ્યો.

**અવંતીદેશ**માં **ઉજ્જયિની** નગરી છે. ત્યાં **યશોભદ્ર** નામે સાર્થવાહ રહેતો હતો. તેને બે સ્ત્રીઓ હતી. એક વખતે તેણે પોતાની બે સ્ત્રીઓ પોતાની માતાને સોંપી શુભ મુહૂર્તે પરિવારસહિત નગરની બહાર પ્રસ્થાન કર્યું. તેની માતા દુરાચારિણી હતી તેથી તે જ દિવસે તે કોઈ પુરુષની સાથે ઘરની વાડીમાં રહેલી હતી.

એવામાં કોઈ કામના પ્રસંગે સાર્થવાહ રાત્રીએ પોતાના ઘેર પાછો

આવ્યો. તે બારણા આગળ ઉભો રહી, 'હે માતા ! કમાડ ઉઘાડો.' એમ બોલ્યો. પુત્રનો સ્વર ઓળખી માતાએ કમાડ ઉઘાડ્યાં. પછી તે બન્ને ઘરના ખૂણામાં પેસી ગયાં. ઘરમાં પેસતાં તેને પોતાની માતાનું વસ્ત્ર એરંડાના વૃક્ષ ઉપર પડેલી જોવામાં આવ્યું. ત્યારે તેણે વિચાર્યું કે, 'અહો ! મ્હારી માતા સિત્તેર વર્ષની થઈ, તો પણ કામની સેવા છોડતી નથી. અહો ! કામદેવનું કેવું વિચિત્રપણું છે કે, જે મૃત્યુ પામેલા માણસને પણ મારી નાંખે છે ! કહ્યું છે કે : દૂબળો, આંખે કાણો, પગે લૂલો, કાને વિકળ થએલો, પૂંછડા વિનાનો, ગૂમડાવાળો, નિકળતા પરૂથી ખરડાઈ રહેલો, સેંકડો જીવડાથી વ્યાપ્ત શરીરવાળો, ક્ષુધાથી કૃશ થઈ ગએલો, વૃદ્ધ થએલો અને બેસી ગયું છે ગળું જેનો એવો કૂતરો પણ કામાસક્ત થઈને કૂતરીની પાછળ જાય છે !!! અહો ! કામદેવ હણાએલાને પણ હણે છે !!! અહો ! તેમાં પણ સ્ત્રીઓનું ચરિત્ર તો કોઈના જાણવામાં આવતું નથી. કહ્યું છે કે : 'ચક્રવાકની જેવી પ્રીતિવાળી વૃત્તિથી વર્તનારા પોતાના પતિને, પિતાને, પુત્રને તેમજ ગુરૂને પણ દુષ્ટ-વ્યભિચારી સ્ત્રી કોપમાં આવી છતી મારી નાંખે છે; તો પછી બીજા મનુષ્યોને સ્વાર્થવશ મારી નાંખે તેનું તો કહેવું જ શું ? આ સ્ત્રી રૂપી માયા કે, જે લોકમાં પ્રસિદ્ધ છે, તેને કયા ધિક્ક પુરુષે રચેલી છે ? જે સ્ત્રી બીજા પુરુષને આલિંગન કરે છે, બીજાને રમાડે છે, બીજાને જુએ છે, બીજાને માટે રૂએ છે, બીજાની સાથે સોગન ખાય છે, બીજાને વરે છે, બીજાની સાથે સુઈ રહે છે, અને શય્યામાં સૂતી સૂતી પણ બીજાને ચિંતવે છે !'

સાર્થવાહે વિચાર કર્યો કે, જે આ મ્હારી વૃદ્ધમાતા આવું કામ કરે છે, તો મ્હારી બે તરુણ સ્ત્રીઓ કરે તેમાં શું કહેવું ? કહ્યું છે કે : જ્યાં સાઠ વર્ષના મ્હોટા હસ્તિઓને પવન ખેંચી લઈ જાય, ત્યાં ગાયોની ગણત્રી શી ? અને વળી મચ્છરની તો વાત જ શી કરવી !!! આવી રીતે નિશ્ચય કરીને સાર્થવાહ પોતાની બે સ્ત્રીઓને શીખામણ આપવા લાગ્યો કે, 'હે સ્ત્રીઓ ! જે વેલ મૂળથી બગડી હોય, તો તેને શું કરવું ? માટે તમે જાણો તેવી રીતે કરજો. મ્હારી માતાનું વસ્ત્ર મેં એરંડાના વૃક્ષ ઉપર પડેલું જોયું છે.'

આવી રીતે વાર્તા કહીને યમદંડે રાજાને અભિપ્રાય જણાવ્યો, તો પણ રાજા સમજયો નહીં. એ આખ્યાન કહીને યમદંડ ઘેર ગયો. એવી રીતે સાત દિવસો ગયા.

પછી આઠમે દિવસે સભામાં ક્રોધરૂપી અગ્નિએ પ્રદીપ્ત થએલા રાજાએ યમદંડને પૂછ્યું કે, 'અરે ! તે ચોર દીઠો કે નહીં ?' યમદંડે ના કહી. એટલે રાજાએ સર્વ માણસોને બોલાવીને કહ્યું કે, 'હવે મ્હારો બિલકુલ દોષ નથી. આ ધૂર્ત યમદંડે મને સાત દિવસ સુધી છેતર્યો અને હવે ચોર તેમજ ચોરાયેલી વસ્તુ જો નહિ આપે તો હું તેના સો (૧૦૦) ટૂકડા કરીને દિશાઓમાં તેનું બલિદાન આપીશ.' રાજાનું આવું નિશ્ચય વચન સાંભળીને યમદંડે તત્કાળ પાદુકા, મુદ્રિકા અને જનોઈ લાવી સભાની આગળ મૂકીને કહ્યું કે, 'હે ન્યાયવાદીઓ ! હે મહાજનો ! આ વસ્તુના આ ત્રણ ચોર છે. હવે જેમ તમને રુચે તેમ કરો.' એમ કહી તેણે નીચેની એક ગાથા કહી :

*जत्थ राया सयं चोरो ।*
*समंती सपुरोहिओ ॥*
*वणं वच्चह सव्वेवि ।*
*जायं सरणाओ भयं ॥ १ ॥*

**ભાવાર્થ :** જે નગરીનો રાજા, મંત્રી અને પુરોહિતસહિત ચોર છે ? તે નગરીના લોકોને વનમાં જઈને રહેવું સારૂં છે; કારણ કે, તેઓને શરણથી ભય થાય છે. (૯)

તેથી હે મહાજનો ! જો તમે આ અવિચારી રાજાનો ત્યાગ નહિ કરો તો, પુણ્ય તમારાથી દૂર થઈ જશે; એમ તમારે જાણવું. કહ્યું છે કે : લુચ્ચો મિત્ર, અસતી સ્ત્રી, કુળનો નાશ કરનાર પુત્ર, મૂર્ખ મંત્રી, અવિચારી રાજા, પ્રમાદી વૈદ્ય, રાગી દેવ, વિષયી ગુરુ અને દયારહિત ધર્મ; આટલી વસ્તુઓ જે માણસ મોહને વશ થઈને છોડી દેતો નથી, તે માણસને કલ્યાણ છોડી દે છે.'

પછી સર્વ મહાજને પાદુકાઓથી રાજાને, મુદ્રિકાથી મંત્રીને અને જનોઈથી પુરોહિતને ચોર જાણી લીધા. પછી એકી સાથે વિચાર કરીને રાજાને પદભ્રષ્ટ કરી તેના પુત્રને રાજ્યપદ ઉપર બેસાડ્યો, મંત્રીને પદભ્રષ્ટ કરી તેના અધિકાર ઉપર તેના પુત્રને બેસાડ્યો, અને પુરોહિતને પદભ્રષ્ટ કરીને તેને સ્થાને તેના પુત્રને બેસાડ્યો. તે રાજા, મંત્રી અને પુરોહિત જ્યારે ત્યાંથી ચાલ્યા ગયા, ત્યારે લોકોએ કહેવા માંડ્યું કે, 'જ્યારે વિનાશકાળ આવે ત્યારે શરીરમાં રહેલી બુદ્ધિ પણ ચાલી જાય છે, એ લોકોક્તિ ખરેખરી છે. કહ્યું છે કે :

**રામે સુવર્ણના મૃગને જાણ્યો નહીં, નહુષ રાજાએ બ્રાહ્મણોને પાલખીમાં જોડ્યા હતા, અર્જુનને એક બ્રાહ્મણની વાછરડાસહિત ગાયને હરણ કરવાની બુદ્ધિ થઈ હતી, અને ધર્મરાજાએ પોતાના ચાર ભાઈઓની સ્ત્રી દ્રૌપદીને જૂગટામાં આપી દીધી હતી; કારણ કે, ઘણું કરીને વિનાશકાળમાં સત્પુરુષોની બુદ્ધિઓ પણ નાશ પામી જાય છે.** તેમ બીજી પણ એવી કહેવત ચાલે છે કે : રાવણના કપાળમાં એકશોને આઠ બુદ્ધિઓ હતી, પણ જ્યારે લંકા ભાંગવાનો વખત આવ્યો, ત્યારે એક બુદ્ધિ પણ આવી નહીં !'

હવે જ્યારે રાજા પદભ્રષ્ટ થઈને નિકળ્યો, ત્યારે તેણે વિચાર્યું કે, 'યમદંડને આ ઉપાયથી મારીને પછી સુખેથી રાજ્ય કરવાનો મ્હારો વિચાર હતો, પણ મ્હારા નઠારા કર્મનું પરિણામ મ્હારા જ ઉપર આવી પડ્યું ! અહો ! દૈવની વિચિત્રગતિ છે !! તે કોઈના જાણવામાં આવતી નથી.' (આ વૃત્તાંત સુબુદ્ધિમંત્રી પદ્મોદય રાજાને કહે છે કે) : 'હે રાજા ! ઉપરોક્ત દ્રષ્ટાંતથી એમ નિશ્ચય કરવો કે, કોઈની સાથે વિરોધ કરવો નહીં. વિરોધ કરવાથી પોતાનો જ નાશ થઈ જાય છે. કહ્યું છે કે : જેવા તેવા માણસનો પણ પરાભવ કરવો નહીં. જેમ એક ટીંટોડે આખા સમુદ્રને વ્યાકૂળ કર્યો હતો તેમ.

### ટીંટોડા અને સમુદ્રની કથા આ પ્રમાણે :

દક્ષિણ સમુદ્ર તીરે એક ટીંટોડાનું જોડું રહેતું હતું. એકદા ટીંટોડીને પ્રસવનો વખત આવ્યો, ત્યારે તેણીએ પોતાના સ્વામીને કહ્યું. 'હે નાથ ! પ્રસવયોગ્ય સ્થાન શોધી કાઢો. ટીંટોડાએ કહ્યું. 'હે સ્ત્રી ! આ સ્થાન પ્રસવ યોગ્ય છે.' તેણીએ કહ્યું. 'આ સ્થાનમાં સમુદ્રની ભરતીનું પાણી આવે છે.' ટીંટોડે કહ્યું. 'આપણાં ઈંડા સમુદ્ર લઈ લે, એવો શું હું નિર્બળ છું ?' ટીંટોડી હસીને બોલી. 'સ્વામિન્, તમારામાં અને સમુદ્રમાં મ્હોટું અંતર છે, અથવા જેને પોતાનો પરાભવ હરવા માટે યોગ્યાયોગ્યના વિચારનું જ્ઞાન છે, તે વિપત્તિના વખતે પણ દુઃખ ભોગવનારો થતો નથી. કહ્યું છે કે : જે અયોગ્ય કામને આદરી બેસે, સ્વજનમાં વિરોધ થાય એવું કામ કરે, બળિયાની સાથે બાથ ભીડવા તત્પર થાય, અને કુટિલસ્ત્રીનો વિશ્વાસ કરે, એ ચાર વાનાં મૃત્યુનાં દ્વાર છે.'

સ્વામીએ તેનો યોગ્ય જવાબ દીધો એટલે તેણીએ ત્યાં જ પ્રસવ કર્યો. સમુદ્રે પણ આ બધું સાંભળીને તેની શક્તિ જાણવાને તેનાં ઈંડાં હરી લીધાં !

એટલે ટીંટોડી શોકાતુર થઈને કહેવા લાગી. 'હે નાથ ! કષ્ટ આવી પડ્યું. મ્હારાં તે ઈંડાં નાશ પામ્યા.' ટીંટોડો બોલ્યો. 'પ્રિયે ! ગભરાઈશ નહીં.' એમ કહીને તે પક્ષીઓનો મેળો કરીને તેમનો સ્વામી જે ગરુડ હતો, તેમની પાસે ગયો. ત્યાં જઈને તેણે સર્વ વાત ગરુડ આગળ કહી. 'હે દેવ ! હું મ્હારા ઘરમાં રહેતો હતો અને સમુદ્રે મને અપરાધ વિના દુઃખ દીધું.' પછી તેનું વચન સાંભળીને ગરુડે શ્રીકૃષ્ણને વિનંતી કરી એટલે તેમણે સમુદ્રને ઈંડાં પાછાં આપવાની આજ્ઞા કરી. શ્રીકૃષ્ણની આજ્ઞા માથે ચઢાવીને તે ઈંડાં ટીંટોડાને આપ્યાં.'

એ ટીંટોડાનું આખ્યાન સાંભળીને પદ્મોદય રાજાએ કહ્યું કે, 'હે બુદ્ધિમંત્રી ! તમે જે કહ્યું તે બધું સત્ય છે. જો હું વનમાં ગયો હોત તો સર્વની સાથે વિરોધ થાત અને તેથી સુયોધન રાજાની પેઠે મારી અવસ્થા થાત. એમાં કોઈ જાતનો સંદેહ નથી.' સુબુદ્ધિ મંત્રીએ કહ્યું. 'હે રાજા ! મંત્રી વિના રાજયનો નાશ થઈ જાય છે. કહ્યું છે કે : ઝેરનો રસ એક માણસને હણે છે, શસ્ત્રથી પણ એક માણસ હણાય છે, અને જો મંત્રી પોતાના હોદ્દા ઉપરથી ભ્રષ્ટ થાય છે, તો તે બંધુ અને દેશસહિત રાજાને હણે છે.' રાજાએ કહ્યું કે, **'રહી ગએલા કાર્યને સંભારી આપનાર, ભવિષ્યમાં થનારા કાર્યને બતાવી આપનાર અને અનર્થરૂપ કાર્યનો નાશ કરનાર હોય, તે જ ખરેખરો મંત્રી કહેવાય છે.'** મંત્રીએ કહ્યું. 'તે તમારૂં કહેવું યુક્ત છે; કારણ કે મંત્રીએ પોતાના સ્વામીનું હિત કરવું જોઈએ જ. કહ્યું છે કે : કાર્યને અનુસરનારો મંત્રી હોય છે. જેઓનું કાર્ય સ્વામીના હિતને અનુસરતું છે, તે રાજાઓના ખરા મંત્રીઓ કહેવાય છે; અને જેઓ ફક્ત ગાલ ફૂલાવનારા છે તેઓ મંત્રી સમજવા નહીં.' રાજાએ કહ્યું. 'તેવી રીતે વર્તનાર અને સત્પુરુષ એવા ખરા મંત્રી તમે છો, અને તમે હોવાથી મ્હારી અપકીર્તિ તેમજ દુર્ગતિ દૂર જ રહેલી છે. કારણ કે સત્પુરુષોની સેવા એવીજ હોય છે. કહ્યું છે કે : સત્પુરુષની સેવા ભવિષ્યની અને વર્તમાન કાળની (ચાલતી) આપત્તિનો નાશ કરે છે; કારણ કે, ગંગાનું પાણી પીધું હોય તો તે તૃષા અને દુર્ગતિને હરે છે. અર્થાત્ વર્તમાનકાળમાં તૃષાને હરે છે, અને ભવિષ્યકાળમાં દુર્ગતિને હરી સારી ગતિ આપે છે.'

આવી રીતે મંત્રી અને રાજાએ અનેક પ્રકારની વાર્તાઓ કરી. પછી

રાજાએ કહ્યું કે, 'હે મંત્રી ! આ રાત્રી નિર્ગમન કરવા માટે વિનોદ કરવાને નગરમાં ફરીએ, જેથી કંઈક આશ્ચર્ય જોવામાં આવશે. કારણ કે, બુદ્ધિમાન પુરુષોનો કાળ વિનોદથી જવો જોઈએ. કહ્યું છે કે : ગીત નાદના વિનોદથી બુદ્ધિવંત પુરુષોનો કાળ નિર્ગમન થાય છે અને મૂર્ખ લોકોનો કાળ વ્યસન, નિદ્રા અને કજીઆથી નિર્ગમન થાય છે; માટે હે મંત્રી ! આપણે વિનોદથી કાળ નિર્ગમન કરીએ. જે મૂર્ખ લોકો વ્યસનથી કાળ નિર્ગમન કરે છે, તેઓ નરકમાં જાય છે. કહ્યું છે કે : **જૂગટું, માંસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પર સ્ત્રીસેવા એ સાત વ્યસન આ લોકમાં માણસને ઘોર નરકમાં લઈ જાય છે.'** મંત્રીએ કહ્યું. 'જેવી આપની મરજી.' એમ કહી બન્ને જણા નગરની અંદર આશ્ચર્ય જોવા નિકળ્યા.

આગળ ચાલતાં માર્ગમાં એક છાયાપુરુષ જોયો, એટલે રાજાએ મંત્રીને કહ્યું, 'આ કોણ છે ?' મંત્રીએ કહ્યું. 'હે મહારાજ ! આ **સ્વર્ણખુર** નામે ચોર છે, તે અંજનગુટિકાવિદ્યાથી પ્રસિદ્ધ છે. એ વિદ્યાને લીધે તે કોઈના જોવામાં આવતો નથી.' રાજાએ કહ્યું. ' આ ક્યાં જતો હશે ? ચાલો તેની પછવાડે જઈએ.' તેમ વિચારી બન્ને જણ ચોરની પછવાડે ગયા. ત્યાંથી સુવર્ણખુર ચોર અર્હદ્દાસ નામના કોઈ શેઠના ઘર ઉપર વડનું વૃક્ષ હતું ત્યાં જઈ વડ ઉપર અદ્રશ્ય થઈને રહ્યો. રાજા અને મંત્રી અદ્રશ્ય થઈ વડની નિચે ઉભા રહ્યા. તેવામાં અર્હદ્દાસ શેઠે પોતાની આઠ સ્ત્રીઓ કે, જેઓએ આઠ ઉપવાસ કર્યા હતા, તેણીઓને કહ્યું કે, 'હે સ્ત્રીઓ ! આજે નગરની સર્વ સ્ત્રીઓ પુરુષને છોડીને રાજાની આજ્ઞાથી વનમાં ક્રીડા કરવાને ગઈ છે, તેમ તમારે પણ કરવું જોઈએ. હું એકલો ધર્મધ્યાન કરવાને ઘેર રહીશ. જો તમે નહિ જાઓ તો પોતાની આજ્ઞાનો ભંગ થતાં એ રાજા વિષમ થઈ સર્વ અનિષ્ટ કરશે. કહ્યું છે કે : ભોગી એવા કુટિલ રાજાઓ સર્પની પેઠે આગળ રહેલા માણસને બાળી નાંખે છે, પડખે રહેલાને વીંટે છે, અને પછવાડે રહેલાને ચિંતવે છે; તેથી તેવા રાજાઓની વિરુદ્ધમાં વર્તવું નહીં. વળી સર્પે ડંસેલા માણસો મણિ, મંત્ર અને ઔષધિથી સ્વસ્થ થએલા જોવામાં આવે છે, પણ રાજાઓ વડે દ્રષ્ટિરૂપી ઝેરથી ડંસાયેલા માણસો ફરીથી ઉઠેલા જોવામાં આવ્યા નથી; માટે હે સ્ત્રીઓ ! તમારે રાજાની આજ્ઞા પાળવી જોઈશે.'

પોતાના સ્વામિના એવાં વચન સાંભળી સ્ત્રીઓએ કહ્યું કે,

'હે સ્વામિન્ ! અમારે આજ આઠ ઉપવાસો થયા છે, તેથી ઉપવાસને દિવસે ધર્મ છોડીને ક્રીડા કરવા કેમ જવાય ? તે તમે પોતે જ વિચારો. અમારે રાજાની આજ્ઞાનું શું પ્રયોજન છે ? જેવું અમે પાપ પુણ્ય કર્યું હશે, તે પ્રમાણે થશે; તેથી અમે કદાપિ વનમાં જવાનાં નથી. કહ્યું છે કે : **કદાપિ જળમાં ડૂબી જાઓ, મેરુપર્વતના શિખર ઉપર ચઢો, રણમાં શત્રુઓને જીતો, વ્યાપાર અને ખેડ વિગેરેની વિદ્યા કે કળાઓ શીખો, અથવા તો મ્હોટો પ્રયત્ન કરીને પક્ષીની પેઠે વિશાળ આકાશમાં ઊડી જાઓ; પણ જે ભાવી (થવાનું) છે, તે અભાવી (મિથ્યા) થવાનું નથી;** અને જે કર્મને વશે થવાનું છે તેનો તો નાશ ક્યાંથી જ થાય ?'

આ પ્રમાણે પોતાની પવિત્ર પત્નિઓનો દ્રઢ નિશ્ચય જાણી અર્હદ્દાસ શેઠે કહ્યું કે, 'હે કાંતાઓ ! તમે જે કહ્યું તે ખરૂં છે. ઉપવાસને દિવસે તો એકાગ્રચિત્તે જિનાગમ સાંભળવાં જોઈએ, અને તેથી જ કર્મક્ષયનું કારણ થાય છે.'

આવી રીતે પતિનું વચન સાંભળી સ્ત્રીઓએ કહ્યું કે, 'હે સ્વામિન્ ! તમે અને અમે આપણા ઘરમાં રહેલા સહસ્રકુટ નામના જિનમંદિરમાં જઈએ.' શ્રેષ્ઠીએ તેમ કરવા હા પાડી એટલે તેઓ સર્વે અનેક મંગળ દ્રવ્ય સહિત તે સહસ્રકૂટ નામના જિનમંદિરમાં ગયા; ત્યાં અનેક જાતનાં વાજિંત્રો તથા ધવળ મંગળ સાથે શ્રી ભગવંતની પૂજા કરી અને પછી ધર્મવિનોદથી પરસ્પર આનંદ પામી ત્યાં રહ્યા. પછી સ્ત્રીઓએ પોતાના સ્વામીને પૂછ્યું કે, 'હે પ્રાણનાથ ! તમારું સમકિત કેવી રીતે દ્રઢ થયું ? તે અમને કહો.' શ્રેષ્ઠીએ કહ્યું કે, 'તમારું સમકિત કેમ દ્રઢ થયું ? તે પ્રથમ કહેવું જોઈએ; તે પછી હું કહીશ.' ત્યારે સ્ત્રીઓએ કહ્યું કે, 'પ્રથમ તો તમારે કહેવું જોઈએ; કારણ કે સ્ત્રીઓને પતિ એક ગુરુ સમાન છે. કહ્યું છે કે : બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્યનો ગુરુ અગ્નિ છે; વર્ણનો ગુરુ બ્રાહ્મણ છે; સ્ત્રીઓનો ગુરૂ પતિ છે અને સર્વનો ગુરુ અભ્યાગત (અતિથિ) છે.' સ્ત્રીઓનું આવું વિનયવચન સાંભળી શ્રેષ્ઠી 'તથાસ્તુ' (તેમ જ થાઓ) એમ કહી જેવી રીતે પોતાને દ્રઢ સમકિત પ્રાપ્ત થએલું છે તેની કથા આ પ્રમાણે કહેવા લાગ્યા :

'ઉત્તરમથુરા નગરીમાં **પદ્મોદય** નામે એક રાજા હતો. તેને **યશોમતી** નામે રાણી હતી. તેણીને ઉદિતોદય નામે એક કુમાર હતો. તે કુમાર તે

વખતમાં રાજાધિરાજ થઈ વર્તતો હતો. તે રાજાને **સંભિન્નમતિ** નામે એક મુખ્ય મંત્રી હતો. તેને **સુપ્રભા** નામે સ્ત્રી હતી. તેનો **સુબુદ્ધિ** નામે પુત્ર હતો. તે, તે વખતમાં મંત્રીપણે વર્તતો હતો. એ નગરમાં અંજનગુટિકા વિદ્યાથી પ્રસિદ્ધ એવો **રુપ્યખુર** નામે એક ચોર હતો. તેને **રુપ્યખુરા** નામની સ્ત્રીથી **સ્વર્ણખુર** નામે પુત્ર હતો.તે હાલ મ્હોટો ચોર થઈ પ્રવર્તે છે. એ રાજ્યમાં એક જિનદત્ત નામે શેઠ છે. તેને એક જિનમતી નો સ્ત્રી હતી. તેથી અર્હદ્દાસ નામે એક પુત્ર થયો હતો. તે અર્હદ્દાસ હું પોતે હાલમાં શેઠ થઈ પ્રર્વતું છું.'

આ વાર્તા પડખે ગુપ્ત રહેલા ચોર, મંત્રી અને રાજાના સાંભળવામાં આવી. તેમાંથી સ્વર્ણખુર ચોરે વિચાર્યું કે : 'અહો ! મ્હારે ચોરીનો વ્યાપાર હમેશાં છે, પણ આજે આ નવો બનાવ જોવામાં આવ્યો; તે એક ધ્યાનથી સાંભળીએ.' મંત્રી અને રાજા પણ એક કૌતુક જાણી આદરથી સાંભળવા લાગ્યા.

(શેઠ કહે છે) : 'હે સ્ત્રીઓ ! આ કથા નજરે જોઈ અનુભવ કરેલી હું તમને કહું છું, તેથી તમારે સાવધાન થઈને સાંભળવી.' સ્ત્રીઓએ કહ્યું કે, 'અમારા ઉપર આપનો મ્હોટો પ્રસાદ છે, તેથી અમે સાવધાનતાથી સાંભળીએ છીએ.' શેઠ કહે છે :

'પેલો જે **રુપ્યખુર** ચોર હતો, તે સાત વ્યસનને સેવનારો હતો. એક વખતે તે દ્યૂત ક્રીડા કરી ઘણું ધન જીત્યો હતો. પછી તે જીતેલું ધન યાચકોને આપી દઈ પોતે ભૂખથી પીડિત થઈ બે પહોર પછી ભોજન કરવા ઘેર ચાલ્યો. માર્ગમાં રાજાના મંદિર પાસે થઈને નિકળ્યો, એટલે રાજાની રસોઈની સુગંધ તેની નાસિકાએ સુંઘવામાં આવી, તેની ઉત્તમ સુગંધ જાણી તેણે મનમાં વિચાર્યું કે, 'અહો ! મ્હારે કંઈ પણ કઠણ નથી ! તે છતાં અંજનબળથી શા માટે આવી સુંદર રસોઈ ન જમવી ?' એમ મનમાં વિચારીને આંખોમાં અંજન કરી તે રાજાના મંદિરમાં પેઠો. રાજાની સાથે ભોજન કરી પોતે રાજા જેવો થઈને ચાલ્યો ગયો. એવી રીતે નિત્યે રાજાની સાથે ભોજન કરીને જવા લાગ્યો; એથી રાજા દુર્બળ થઈ ગયો.

એક વખતે મંત્રીએ રાજાનું શરીર દુર્બળ જોઈને વિચાર્યું કે, 'અહો ! શું આ રાજાને ઘેર અન્ન નથી ? કે જેથી તે આવો દુર્બળ જણાય છે ? કારણ કે, અન્ન વિના શરીર શોભતું નથી. કહ્યું છે કે : **'અન્ન વિના શરીર શોભતું**

**નથી, ચક્ષુ વિના મુખ શોભતું નથી, ન્યાય વિના રાજ્ય શોભતું નથી, લવણ (મીઠા) વિના ભોજન શોભતું નથી, ધર્મ વિના જીવિત શોભતું નથી, અને ચંદ્ર વિના રાત્રી શોભતી નથી.'** એક વખતે મંત્રીએ રાજાને પૂછ્યું. 'હે મહારાજ ! તમારૂં શરીર દુર્બળ કેમ થઈ ગયું છે ? તેનું કારણ કહો. કદાપિ જો કોઈ તમારે ચિંતા હોય તો તે કહો.' રાજાએ કહ્યું. 'હે મંત્રી ! તમારા જેવા સુજ્ઞ મંત્રી હોય ત્યાં મ્હારે શી ચિંતા હોય ? પણ એક આ આશ્ચર્ય છે કે, 'હું હમેશાં બમણું, ત્રણગણું, ચારગણું તથા પાંચગણું પણ ભોજન કરૂં છું, તે છતાં પણ મને તૃપ્તિ થતી નથી. જાણે કોઈ મ્હારી સાથે ભોજન કરતું હોય તેવું મને જણાય છે ! અને તેથી જ મ્હારો જઠરાગ્નિ શાંત થતો નથી.' એ સાંભળી મંત્રીએ વિચાર્યું કે, 'કોઈ પણ અંજનસિદ્ધિ વિદ્યાવાળો પુરુષ રાજાની સાથે ભોજન કરતો હશે, અને તેથીજ રાજા દુર્બળ થઈ ગયો હશે.' એવી રીતે નિશ્ચય કરીને તેણે એક એવો ઉપાય રચ્યો કે, 'જયારે રાજાનો ભોજનકાળ થયો, તે વખતે રસોઈની પાસે ચારેપાસ આકડાનાં પાંદડાં અને પુષ્પ નંખાવ્યાં. વળી તે સ્થાનના ચારે ખૂણામાં ઘણા ભયંકર ધૂપના ધુમાડાથી પૂરેલા ચાર ઘડા, મુખ ઉપર મજબૂત બાંધીને મૂકાવ્યા. અને બહાર હથિયારવાળા માણસો તૈયાર રખાવ્યા.' આવી રીતે કરીને તેઓ રહ્યા. તેવામાં ભોજનનો અવસર જાણી ચોર આવ્યો, તેનાં પગલાં આકડાના પાંદડાં ઉપર પડવાથી તે પાંદડાંનો ચૂર્ણ (ભૂકો) થવાનો શબ્દ સાંભળવામાં આવ્યો; એટલે ચોરને આવેલો જાણી તેઓએ દ્વારમાં મજબૂત સાંકળ લગાવી પેલા ધૂપના ધુમાડાવાળા ઘડાઓનાં મુખ છૂટાં કરી દીધાં. તેથી તત્કાળ નિકળેલા એ ભયંકર ધુમાડાથી ચોરનાં નેત્ર આકુળ વ્યાકૂળ થયાં અને તેમાંથી આંસુ પડતાં નેત્રનું અંજન નાશ પામ્યું ! એટલે એ ચોર પ્રત્યક્ષ રીતે સુભટોના જોવામાં આવ્યો. સુભટો ચોરને બાંધી રાજા પાસે લાવ્યા. પોતાનું અકસ્માત બંધન થયું તેથી ચોર ચિંતવવા લાગ્યો કે, 'અહો ! દૈવયોગથી મ્હારે ભોજન અને ઘર બન્ને નાશ પામ્યાં. અત્યારે પાણી અને તીર (કાંઠા)માંથી ભ્રષ્ટ થએલા ગજેંદ્રના જેવી મ્હારી સ્થિતિ થઈ ! તે આ પ્રમાણે :

કોઈ એક ગજેંદ્ર ગ્રીષ્મ ઋતુમાં તાપથી પીડિત થયો અને પાણીની ઘણી તૃષાથી તડપડવા લાગ્યો. તેવામાં એક પૂર્ણ સરોવર તેના જોવામાં આવ્યું એટલે તે ઉતાવળે તેમાં ધસી ચાલ્યો, પણ કાંઠા ઉપર રહેલા કાદવમાં તે ખૂંચી ગયો.

આ વખતે તે પીડિત ગજેંદ્રને દૈવયોગથી તીર અને પાણી બન્ને નાશ પામ્યાં.

ચોર કહે છે : મ્હારે પણ એ પ્રમાણે થયું. અહો ! મેં બીજી રીતે ચિંતવ્યું હતું અને દૈવે બીજી રીતે કર્યું. કહ્યું છે કે : માણસોએ જૂદી રીતે કાર્ય ચિંતવ્યું હોય, તેને દૈવ જુદી રીતે કરે છે. જેમ * રાજકન્યાના પ્રસાદથી કોઈ ભિક્ષુકને વાઘે ભક્ષણ કર્યો હતો. વળી અહો ! મ્હારે ભમરાની જેમ જે વિચારેલું તેનાથી વિપરીત થયું. તે આ પ્રમાણે :

કોઈ એક ભમરો કમળના દોડામાં પૂરાઈ ગયો, ત્યારે તે ત્યાં રહી વિચાર કરે છે કે, 'રાત્રી ચાલી જશે, પ્રાતઃકાળ થશે, સૂર્ય ઉદય પામશે, કમળની શોભા ઉલ્લાસ પામશે એટલે હું બહાર નિકળીશ.' આવી રીતે ભમરો વિચાર કરતો હતો, તેવામાં સરોવરમાં ક્રીડા કરતો કોઈ હસ્તિ આવી તે કમળને તોડી ભક્ષણ કરી ગયો.

ચોર કહે છે : મ્હારે પણ એવી રીતે થયું છે.' તેવામાં રાજાએ હુકમ કર્યો કે, 'હે સુભટો ! આ ચોરને શૂળી ઉપર ચઢાવો.' આ હુકમથી સુભટો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, 'અહો ! એક ચોરીના વ્યસનથી મૃત્યુ થાય છે, તો જે સાત વ્યસનને સેવનાર છે તેનું શું થાય ? ખરેખર સાત વ્યસનોથી અનેક પુરુષને હાની થએલી છે. કહ્યું છે કે : **દ્યૂતના વ્યસનથી ધર્મરાજા રાજ્ય ભ્રષ્ટ થયા; માંસના ભક્ષણથી બક રાજાનો ક્ષય થયો હતો; મધના વ્યસનથી યાદવો નાશ પામ્યા; કામીપણાથી ચારુ (ચારુદત્ત)નો ક્ષય થયો; મૃગયા (આહેડીકર્મ)ના વ્યસનથી બ્રહ્મદત્ત રાજા મૃત્યુ પામ્યો હતો; ચોરીના વ્યસનથી શિવભૂતિ પાયમાલ થયો; અને પરસ્ત્રીના દોષથી રાવણ માર્યો ગયો.** એવી રીતે એક એક વ્યસનથી માણસો હણાઈ ગાય છે, તો સર્વ વ્યસનથી કોણ નાશ ન પામે ? તેમજ જેઓ પાંચ ઇંદ્રિયોના વિષયની સેવામાં લુબ્ધ થએલા છે, તેઓની પણ એવી સ્થિતિ થાય છે. કહ્યું છે કે : હરણ શબ્દના વિષયથી હણાય છે, હસ્તિ મૈથુનના વિષયથી બંધનમાં આવે છે, પતંગીઆ નેત્રના વિષયથી હણાય છે, ભમરો સુગંધના વિષયથી હણાય છે, અને માછલાં જીભના વિષયથી હણાય છે. તેઓ સર્વે પ્રમાદ વડે એક એક વિષયથી હણાય છે, તો જે પાંચ વિષયો સેવન કરે, તે હણાય તેમાં શું કહેવું ? તેઓમાં ચોરીનું વ્યસન ઘણું કષ્ટકારી છે. ચોરી કરનારને ઘણો

* આ રાજકન્યા અને ભિક્ષુકની કથા બીજા ગ્રંથોમાંથી જોઈ લેવી.

દંડ ભોગવવો પડે છે. કહ્યું છે કે : જે સોનું, એક ગાય અને એક આંગળ પૃથ્વી ચોરે, તે પ્રાણીમાત્રના પ્રલયકાળ સુધી દંડ ભોગવે છે.'

પછી રાજાની આજ્ઞાથી તે ચોરને શૂળી ઉપર લઈ ગયા. રાજાએ સુભટોને ગુપ્ત રીતે સૂચવ્યું હતું કે, 'જે કોઈ આ ચોરની સાથે વાત કરવા આવે, તે રાજદ્રોહી સમજવો અને તેની પાસે ચોરીનો માલ રહેતો હશે એવું ધારી તેને જોઈ લેવો અને પછી મ્હારી પાસે તે ખબર આપવી.'

રાજાની એવી આજ્ઞાથી રાજપુરુષોએ તે ચોરને શૂળી ઉપર ચઢાવ્યો. તેવામાં અર્હદ્દાસ પુત્રની સાથે જિનદત્ત શ્રેષ્ઠી ગામની બ્હાર આવેલા સહસ્રકૂટ નામના જિનાલયનો અભિષેક તથા પૂજા કરી અને પરમગુરુ શ્રી જિનચંદ્ર ભટ્ટારકના ચરણ યુગલને વંદના કરી પોતાના ઘર પ્રત્યે ચાલ્યા આવતા હતા. તેઓ પિતા પુત્ર શૂળી આગળ આવ્યા, ત્યાં માર્ગમાં તૃષાતુર, લોહીથી ભરેલો અને શૂળી ઉપર રહેલો તે ચોર તેમના જોવામાં આવ્યો. ચોરને જોઈને અર્હદ્દાસે પિતાને પૂછ્યું. 'હે પિતા ! આ કોણ છે !' શ્રેષ્ઠીએ કહ્યું. 'એ ચોર છે.' પુત્રે કહ્યું. 'આ શા માટે કષ્ટ પામે છે ?' ત્યારે શ્રેષ્ઠી કહે છે. 'હે પુત્ર ! જે પૂર્વે ઉપાર્જન કરેલું હોય, તે કેમ ઉદયમાં આવ્યા વગર રહે ? કહ્યું છે કે : ગમે તો પાતાળમાં જાઓ, ગમે તે દેવલોકમાં જાઓ, ગમે તે પર્વતોના અધિપતિ મેરુપર્વત ઉપર જાઓ, અથવા મંત્ર, મહૌષધ અને શસ્ત્રોથી રક્ષા કરો, તો પણ ભાવિ છે તે થવાનું છે; તેમાં કોઈ જાતનો બીજો વિચાર કરવાનું કારણ નથી.'

આ વાત ચોરના સાંભળવામાં આવી એટલે તેણે કહ્યું કે, 'હે શ્રેષ્ઠી ! આજે ત્રીજો દિવસ ગયો, તોપણ હજુ મ્હારા પ્રાણ જતા નથી. હવે હું શું કરૂં ? મ્હારા પગ શિયાળોએ ભક્ષણ કર્યા, અને મ્હારૂં મસ્તક કાગડાઓએ ચૂર્ણ કરી નાખ્યું, એવું મ્હારે પૂર્વકર્મ પ્રાપ્ત થએલું છે. હવે હે બુદ્ધિવંત ! હું શું કરૂં ? હે જિનદત્ત ! તમે દયાના સાગર છો; પરમ ધાર્મિક છો, અને જગતના મ્હોટા ઉપકારી છો; માટે તમે જે કરો છો તે લોકના ઉપકારને જ માટે છે. હે દયાળુ ! મને તૃષા ઘણી લાગી છે માટે પાણી પાઓ. તમારા જેવો પરોપકારી બીજો કોઈ નથી. જે દયાળુ અને પરોપકારી છે, તેને જ્ઞાન અને મોક્ષ પોતાની મેળે સિદ્ધ છે. કહ્યું છે કે : જેનું ચિત્ત દયાથી પલળી ગયું છે, તેને જ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે; પણ જટા વધારવાથી, ભસ્મ

ચોળવાથી, કે વૃક્ષની છાલનાં વસ્ત્ર પહેરવાથી જ્ઞાન મોક્ષ થતાં નથી. જે પુરુષો પરોપકાર કરતા નથી, તેઓથી તો વૃક્ષ પણ ઉત્તમ ગણાય છે. કહ્યું છે કે : સત્પુરુષોની પેઠે વૃક્ષ પણ બીજાને છાયા કરે છે, પોતે તડકામાં રહે છે અને બીજાને માટે ફલ પેદા કરે છે. તે શિવાય બીજા પણ ઘણા પદાર્થો પરોપકારી છે. કહ્યું છે કે : **નદીઓ પોતાનું પાણી પોતે પીતી નથી, વૃક્ષો પોતાનાં સ્વાદિષ્ટ ફળોનો સ્વાદ લેતા નથી, અને વર્ષાદ પોતાના ઉપજાવેલા ધાન્યનો ઉપયોગ કરતો નથી; કારણ કે, સત્પુરુષોની સમૃદ્ધિ પરોપકારને માટે થાય છે. વળી ગાયો પરોપકારને માટે દૂધ આપે છે, અને નદીઓ પરોપકારને માટે વહે છે; તેવી રીતે સત્પુરુષોની પ્રવૃત્તિ પરોપકારને માટે છે.** વળી પણ કહ્યું છે કે : પોતાના ભરણપોષણના વ્યાપારથી ઉદરને પૂરનારા એવા નીચ લોકો હજારો છે, પણ જેને પરોપકાર એ જ સ્વાર્થ છે એવો સત્પુરુષોમાં અગ્રણી કોઈ એકજ પુરુષ હોય છે. જેમ નીચ એવો વડવાનળ પોતાના ન પૂરી શકાય તેવા ઉદર પૂરવાને માટે સમુદ્રને પી જાય છે, અને પરોપકારી વર્ષાદ ગ્રીષ્મઋતુના તાપથી ભરપૂર થએલા જગતના સંતાપનો નાશ કરવાને વરસે છે.'

આવી રીતે ચોરે શેઠની ઘણી સ્તુતિ કરી, એટલે જિનદત્તશેઠ બોલ્યા. 'હે તસ્કર ! મેં બાર વર્ષ સુધી ગુરુની સેવા કરી હતી, તેથી ગુરુએ મને આજે એક મંત્ર જપવાનો આદેશ આપ્યો છે, તે મંત્ર જો હું પાણી લેવાને જઊં તો તે ભૂલી જવાય; તેથી મ્હારાથી જઈ શકાશે નહીં.' ચોરે કહ્યું. 'એ મંત્રથી શું થાય ?' શેઠે કહ્યું કે, 'જો એ મંત્ર જપ્યો હોય તો તે સર્વ સુખને આપે છે, અને એનું નામ પંચ નમસ્કારમંત્ર છે. કહ્યું છે કે : દેવતાની સંપત્તિનું આકર્ષણ કરનારી, મુક્તિની લક્ષ્મીને વશ્ય કરનારી, વિપત્તિનો નાશ કરનારી, ચાર ગતિમાં થએલા પાપનો દ્વેષ કરનારી, દુર્ગતિમાં જનારાને રોકનારી, અને મોહને દૂર કરનારી પાંચ નમસ્કારમંત્રની અક્ષરમય દેવતા આરાધન કરવાથી રક્ષણ કરો.' ચોરે કહ્યું. 'તમે જયાં સુધી મ્હારે માટે પાણી લઈને આવો, ત્યાં સુધી એ તમારો મંત્ર હું જપ્યા કરૂં કે, જેથી તમે ભૂલી જશો નહીં; માટે મને ઉપદેશ આપીને જાઓ.' શ્રેષ્ઠીએ તેમ કરવા કબૂલ કર્યું. પછી તે ઉપદેશ આપી ચોરને મંત્ર શિખવી પોતે પાણી લેવા ગયા. થોડીવાર પછી એકાગ્ર ચિત્તે પંચપરમેષ્ઠિનો મંત્ર બોલતાં એ ચોરે પ્રાણ છોડ્યા. ત્યાંથી તે ચોર એ

મંત્રના પ્રભાવથી સૌધર્મ દેવલોકમાં સોળ આભૂષણે શોભિત અને અનેક પરિજનસહિત દેવતા થયો.

હવે જિનદત્તશેઠ વિલંબ કરી કેટલેક વખતે પાણી લઈને આવ્યા, તેવામાં વિકારરહિત અને અંજળિ જોડી રહેલો તે ચોર તેમના જોવામાં આવ્યો. ચોરને જોઈ શેઠે કહ્યું કે, 'અહો ! ઉત્તમ સમાધિ વડે આ ચોર સ્વર્ગે ગયો.' અર્હદ્દાસ પુત્રે પોતાના પિતાને કહ્યું. 'હે પિતાજી ! સત્સંગ છે તે કોનું પાપ નથી હરતો ? અર્થાત્ સર્વનું પાપ હરે છે. કહ્યું છે કે : **જો સત્સંગ કર્યો હોય તો તે બુદ્ધિની જડતાને નાશ કરે છે, વાણીમાં સત્યતાને સિંચે છે, માન પ્રતિષ્ઠાની ઉન્નતિ આપે છે, પાપને ટાળી નાંખે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, અને દિશાઓમાં સારી કીર્તિ ફેલાવે છે. તેથી કહો, પુરુષોને સત્સંગ શું શું હિત નથી કરતો ?'**

પુત્રના એ વચનથી શેઠ ખુશ થયા. પછી ત્યાંથી પાછા વળી ગુરુને વંદના કરી સર્વ વૃત્તાંત કહી અને ઉપવાસનું પચ્ચખ્ખાણ કરી શેઠ તે જિનાલયમાં રહ્યા. શેઠે પુત્રને કહ્યું કે, 'હે વત્સ ! મ્હોટા પુરુષોના સંસર્ગથી કોની ઉન્નતિ ન થાય ? કહ્યું છે કે : **મ્હોટાનો સંસર્ગ કોની ઉન્નતિનું કારણ નથી ? અર્થાત્ સર્વની ઉન્નતિનું કારણ છે. જુઓ કે, ગંગામાં પ્રવેશ કરેલું શેરીનું જળ દેવતાથી પણ વંદન કરાય છે.'**

આવી રીતે પિતા પુત્ર વાત કરે છે, તેવામાં રાજાના ગુપ્ત સેવકોએ આ વૃત્તાંત રાજાની પાસે આવીને કહ્યો, અને જિનદત્ત શેઠે ચોરની સાથે ઘણી વાતચિત કરી એમ પણ જણાવ્યું ! રાજાએ આદેશ કર્યો કે, 'ચોરની સાથે વાતચિત કરનાર આ શેઠ રાજાનો દ્રોહી છે, અને તેની પાસે ચોરીનું દ્રવ્ય પણ હોવું જોઈએ; તેથી તેને બંધન કરી પકડી લાવો.' કોપ પામેલા રાજાની આજ્ઞાથી જેવામાં સુભટો શેઠને બાંધવાને આવ્યા, તેવામાં પેલો ચોર જે મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતારૂપે ઉત્પન્ન થયો હતો તેણે વિચાર્યું કે, 'પુણ્ય વિના આવી સામગ્રી પ્રાપ્ત થતી નથી. કહ્યું છે કે : **'જ્યારે પૂર્વના કરેલાં પુણ્યનો ફળીભૂત થવાનો સમય આવે છે, ત્યારે મિષ્ટાન્ન, પાન, શયન, આસન, સુગંધી પુષ્પોની માળા, વસ્ત્ર, સ્ત્રી, આભૂષણ, વાહન અને ઘર વિગેરે વસ્તુઓ પુરુષોને યત્નવિના પણ આવી આશ્રય કરે છે.'**

આવી રીતે તે દેવતા ચિંતવે છે, તેવામાં તેણે અવધિજ્ઞાનથી પોતાના

ઉપકારી જિનદત્ત શેઠનું સર્વ વૃત્તાંત જાણી લીધું. કારણ કે, નારકી અને દેવતાને ભવપ્રત્યય (સ્વભાવિક રીતે આખા ભવ સુધીનું) અવધિજ્ઞાન થાય છે. દેવતાએ કહ્યું કે, 'અહો ! જિનદત્તશેઠ મને ધર્મનો ઉપદેશ આપનાર છે, તેનો ઉપકાર હું ક્યારે પણ ભૂલીશ નહીં. જો હું તેનો ઉપકાર ભૂલી જઈશ તો મ્હારા જેવો કોઈ પાપી નથી. કહ્યું છે કે : જે કોઈ એક અક્ષર અથવા એક પદાર્થનો ઉપદેશ કરે, તેવા ઉપકારીને જે ભૂલી જાય છે, તે પાપી કહેવાય છે; તો જે ધર્મનો ઉપદેશક હોય, તેને ભૂલી જવાથી કેમ પાપ ન લાગે ?' આવી રીતે વિચારી પોતાના ઉપકારી ગુરનો ઉપસર્ગ નિવારવાને માટે તે દંડધર થઈ શેઠના બારણે આવી ઉભો રહ્યો. તેવામાં રાજાના કિંકરો શેઠને પકડવા આવ્યા એટલે તેણે કહ્યું કે, 'અરે બાપડાઓ ! તમે કેમ આવ્યા છો ?' રાજપુરુષોએ કહ્યું. 'અરે રાંક ! તું અમારા હાથે મરણ પામવાને કેમ ઈચ્છે છે ?' દંડધરે કહ્યું. 'અરે દુષ્ટો ! તમે ઘણા જાડા છો તેથી શું ડરાવો છો ? તમારા સ્થૂલ શરીરથી કંઈપણ થવાનું નથી. કારણ કે, જેનામાં તેજ હોય, તે જો કે, સૂક્ષ્મ હોય તો પણ બળવાન કહેવાય છે. કહ્યું છે કે : 'હસ્તિ ઘણા મ્હોટા શરીરવાળો હોય છે, તો પણ તે એક અંકૂશને વશ થઈ જાય છે; ત્યારે શું અંકૂશ હસ્તિ જેટલું છે ? દીપક પ્રદીપ્ત થતાં ઘણો અંધકાર નાશ પામે છે, માટે શું તે દીપકના જેટલો અંધકાર હોય છે ? વજ્રના પ્રહારથી મ્હોટા પર્વતો પડી જાય છે, માટે શું તે વજ્રના જેટલો પર્વત છે ? અર્થાત્ જેમાં તેજ હોય તે બળવાન છે; તેથી મ્હોટી સ્થૂલ વસ્તુમાં કાંઈ પ્રતીતિ (ખાત્રી) રાખવી નહીં. **વળી સિંહ દૂબળો હોય તો પણ તે હસ્તિના જેવો કહેવાય નહીં; તેથી બળ છે તે પ્રધાન છે. કાંઈ માંસનો પિંડ પ્રધાન નથી. કારણ કે, વનમાં એક સિંહના શબ્દથી હસ્તિઓનાં અનેક ટોળાં મદને છોડી દે છે;'** આ પ્રમાણે કહીને દંડધરે કેટલાએક રાજપુરુષોને મારી નાંખ્યા, અને કેટલાએકને મૂર્છિત કર્યા. તે વૃત્તાંત કોઈએ આવી રાજાને કહ્યો, એટલે રાજાએ બીજા કેટલાએક સુભટો ફરીથી મોકલ્યા; તેને પણ તેણે મારી નાંખ્યા. પછી રાજા કોપ પામી ચતુરંગ સેના લઈ પોતે આવ્યો. બન્નેને મ્હોટો સંગ્રામ થયો. તેમાં દંડધરે સર્વેને મારી નાંખ્યા, તેથી રાજા એકલો રહ્યો. પછી દંડધર દેવતાએ રાક્ષસનું ભયંકર રૂપ ધર્યું, તે જોઈ રાજા ભય પામીને નાશી ગયો. દંડધર તેની પછવાડે ગયો, અને કહેવા લાગ્યો કે, 'હે દુષ્ટ ! તું જ્યાં જઈશ ત્યાં હું આવીને તને મારીશ;

પણ જો ગામની બહાર રહેલા સહસ્રકૂટ નામના જિનાલયની અંદર નિવાસ કરનારા જિનદત્તશેઠને શરણે જઈશ, તો હું ત્હારી રક્ષા કરીશ. તે શિવાય તને માર્યા વિના છોડીશ નહીં.'

તે વચન સાંભળી તેણે શેઠનું શરણ પકડ્યું. પછી જિનાલયમાં જઈ રાજાએ કહ્યું કે, 'હે શેઠ ! મ્હારી રક્ષા કરો. હું તમારે શરણે આવ્યો છું. હે ધર્મિષ્ટ શ્રેષ્ઠી ! મ્હારી રક્ષા કરવાથી તમે મ્હારી ફરીથી પ્રતિજ્ઞા કરેલી થશે અને તમને ચોગણું પુણ્ય પ્રાપ્ત થશે. કહ્યું છે કે : જે પુરુષ નાશ પામેલા ફળને, કૂવા, તળાવ કે વાવડીને, ભ્રષ્ટ થએલા રાજ્યને, શરણે આવેલા પ્રાણીને, ગાય તથા બ્રાહ્મણને અને જીર્ણ (જૂના) દેવાલયને ફરી બેઠું કરે છે, તેનો જીર્ણોદ્ધાર કરે છે, તેને ચારગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.' રાજાનું વચન સાંભળી શેઠે મનમાં વિચાર્યું કે, 'આ રાક્ષસ નથી પણ વિકૃતરૂપી દેવતા લાગે છે; કારણ કે, બીજાનું માહાત્મ્ય આવું ન હોય.' પછી શેઠે કહ્યું. 'હે દેવ ! જે ભયથી નાશી જાય, તેવાની પછવાડે લાગવું ન જોઈએ. કહ્યું છે કે : **બ્હીકણ માણસ નાશી ગયો હોય તો બળવાન પુરુષે તેની પછવાડે જવું નહીં. કારણ કે, કદાચિત્ મરણ પામવાનો નિશ્ચય કરી તે શૂરવીરતાને પામી સામો થાય.'**

શેઠનું વચન સાંભળી દેવતા રાક્ષસરૂપ છોડી પ્રત્યક્ષ દેવતા થયો. તેણે પ્રથમ શ્રેષ્ઠીને ત્રણ પ્રદિક્ષણા કરી વંદન કર્યું. પછી દેવ ગુરુને નમસ્કાર કરી પાસે બેઠો. ત્યારે રાજાએ કહ્યું. 'સ્વર્ગમાં પણ વિવેક લાગતો નથી કે, જે આ દેવતાએ દેવ ગુરુને છોડી પ્રથમ આ ગૃહસ્થ - જિનદત્ત શેઠને વંદના કરી ! આ એક દેવ ગુરુનું ઉલ્લંઘન થયું કહેવાય. કહ્યું છે કે : જ્યાં પ્રસિદ્ધ ક્રમનું ઉલ્લંઘન થાય, તે અપક્રમ કહેવાય છે. જેમ કોઈ ભોજન કરી સ્નાન કરીને ગુરુ તથા દેવને વાંદે તેમ.' તે વખતે દેવતાએ કહ્યું કે, 'હે રાજા ! હું સર્વ વિવેક જાણું છું કે, પ્રથમ દેવને નમસ્કાર કરી પછી ગુરુને, તે પછી શ્રાવકને નમવું જોઈએ. તે હું યથાયોગ્ય જાણું છું; પણ આમ કરવામાં કારણ છે. આ જે શ્રેષ્ઠી છે, તે મ્હારા ગુરુ છે. તેથી મેં તેમને પ્રથમ વંદના કરી છે.' રાજાએ દેવતાને પૂછ્યું કે, 'હે દેવ ! તે શેઠ તમારા ગુરુ કેવા સંબંધથી થએલા છે ?' તે વખતે દેવતાએ પૂર્વનું વૃત્તાંત અથથી ઇતિ સુધી રાજાને કહી બતાવ્યું.

ત્યાં કોઈકના વડે બોલાયું કે 'વાહ ! આ કેવા સજ્જન પુરૂષ છે કે

કરાયેલા ઉપકારને ભૂલતો નથી. કહ્યું છે કે - 'બાલ્યવયમાં મનુષ્યોએ સીંચન દ્વારા પીવડાયેલા થોડા પાણીને યાદ રાખતા નાળીયેરના વૃક્ષો એ ઉપકારને મસ્તકે ધારણ કરે છે અને મનુષ્યોને જીંદગીના અંત સુધી અમૃત જેવું પાણી આપે છે. ખરેખર ! સજ્જનો કરાયેલા ઉપકારને ક્યારેય ભૂલતા નથી.'

**'મેરૂ પર્વત પર રહેલા, પરોપકાર વગરના કલ્પવૃક્ષો શું કામના કે જે મુસાફરોને કૃતાર્થ નથી કરતા. તેના કરતા તો મારવાડના માર્ગમાં રહેલા બાવળના વૃક્ષો સારા કે જે મુસાફરોને છાયા દ્વારા કૃતાર્થ કરે છે.'**

રાજા વડે પૂછાયું કે, 'કોના વડે પ્રેરાયેલા આ શેઠે ઉપકાર કર્યો.' દેવે કહ્યું કે 'આ મહાપુરૂષોનો સ્વભાવ હોય છે.' કહ્યું છે કે **'કોના આદેશથી સૂર્ય-ચંદ્ર વગેરે અંધકારનો નાશ કરે છે ? માર્ગ ઉપર છાયો કરવાની પ્રાર્થના વૃક્ષોને કોના વડે કરાઈ છે ? અથવા તો વાદળોને વરસવાને માટે કોણ પ્રાર્થના કરે છે ? પ્રાયઃ કરીને આવા સજ્જનો પરોપકારમાં પ્રતિબદ્ધ હોય છે.'**

રાજા બોલ્યો કે, 'સર્વ ધર્મોમાં મહાન એવો આ ધર્મ મોટા ઉપકારથી મળે છે.' શેઠ બોલ્યા કે, 'રાજન ! આપની વાત સાચી છે. અલ્પપુણ્યથી ધર્મ નથી મળતો. કહ્યું છે કે, **'જૈન ધર્મ, પ્રગટ વૈભવ, સજ્જનોનો સંગ, વિદ્વાન પુરુષો સાથે ગોષ્ઠી, વચનની હોશીંયારી સત્કીયાઓમાં કુશળતા, શુદ્ધ લક્ષ્મી, સત્ગુરૂના ચરણની ઉપાસના, નિર્મલશીલ, નિર્મલમતિ આટલી ચીજો અલ્પપુણ્યથી પ્રાપ્ત થતી નથી.'**

પછી દેવ વડે પાંચ આશ્ચર્યથી શેઠ પૂજાયા અને વખાણાયા. 'ચોર એવો હું તમારી કૃપાથી દેવ થયો. તમે નિષ્કારણ પરોપકારી છો.' આ બધું નજર સમક્ષ - પ્રત્યક્ષ જોઈને વૈરાગ્યયુક્ત થયેલો રાજા કહે છે. શું ધર્મનું માહત્મ્ય છે કે જેનાથી દેવો પણ દાસ બનીને રહે છે. કહ્યું છે કે, **'સાપ હાર જેવો બની જાય છે, તલવાર પુષ્પની માળા બની જાય છે, ઝેર રસાયન બની જાય છે, શત્રુ પ્રીતીવાળો બની જાય છે, દેવો પણ પ્રસન્ન મનવાળા થઈને વશ થઈ જાય છે અથવા વધારે શું કહીએ, પણ જેની પાસે ધર્મ છે - જે ધર્મી છે તેની પર આકાશ પણ સતત રત્નો વરસાવ્યા કરે છે.'** પછી રાજાએ પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડીને દીક્ષા લીધી. તે પ્રમાણે મંત્રી-શ્રેષ્ઠિ આદિ ઘણા જીવો વડે જિનચંદ્રગુરૂ પાસે સંયમગ્રહણ કરાવાયું. કેટલાક શ્રાવક બન્યા, કેટલાક ભદ્રપરિણામી બન્યા. પેલો દેવ સ્વર્ગમાં ગયો. પછી

અર્હદ્દાસ વડે કહેવાયું કે, 'હે પ્રિયે ! આ બધું મારા વડે પ્રત્યક્ષ જોવાયું. આથી હું દઢ સમ્યગ્દર્શનવાળો થયો. પત્નિએ કહ્યું કે, 'સ્વામીન્ ! જે તમારા વડે જોવાયું - સંભળાયું અને અનુભવ કરાયું તે બધું અમે શ્રદ્ધાથી માન્ય રાખીએ છીએ. ઈચ્છીએ છીએ અને અમને ગમે છે.' ત્યાં નાની કુંદલતા બોલી, 'આ બધી વાતો ખોટી છે. હું આની પર ભરોસો કરતી નથી. આ વાતો મને ગમતી નથી.' કુંદલતાના આવા વચનો સાંભળીને રાજા, મંત્રી અને ચોર ગુસ્સે થયા. રાજાએ મનમાં વિચાર્યું કે, 'આ પ્રસંગ મારા વડે પ્રત્યક્ષ જોવાયો છે. મારા પિતા મને રાજ્ય આપીને દિક્ષિત થયા છે, બધા લોકોને આ વાતની ખબર છે, છતાંય આ સ્ત્રી શી રીતે શ્રેષ્ઠિના વચનને જુઠ્ઠા કહી શકે ? મેં નજરોનજર જોયો છે. રાજા વડે શૂલી પર જે ચોર આરોપીત કરાયો હતો તે મારા પિતા હતા. શેઠે તેમને પંચપરમેષ્ઠિમંત્ર આપ્યો હતો. તે મંત્રના પ્રભાવથી ચોર સ્વર્ગે ગયો હતો. તે દેવ વડે શેઠનો ઉપસર્ગ દૂર કરાયો હતો. આ બધું બાલગોપાલ આદિ પણ જાણે છે. તો આ સ્ત્રી કઈ રીતે તેને ખોટું કહે છે ? વળી ચોરે વિચાર્યું કે નીચ લોકોનો આ સ્વભાવ છે, જેની કૃપાથી તે જીવે છે તેને જ તે વિરૂપ કરે છે. કહ્યું છે કે, 'કમળોની સાથે રહેતો હંસ તેની પાંખડીને છેદે છે અને તે જ કમળપત્રોને દૂર રહેલો સૂર્ય ખીલવે છે.'

—**અર્હદ્દાસશેઠ** વડે કહેવાયેલી સમ્યકત્વની પ્રથમ કથા પૂર્ણ થઈ.

❀ ❀ ❀ ❀ ❀

## ❀ મિત્રશ્રીની સમ્યકત્વની કથા (બંધુશ્રી અને કનકશ્રી) ❀

આ પ્રમાણે સમ્યકત્વના કારણ ની કથા કહીને શેઠ પહેલા **મિત્રશ્રીને** કહે છે, 'હે મિત્રશ્રી ! સમ્યકત્વના લાભની કથા કહે.' મિત્રશ્રી કહે છે :

મગધ દેશમાં **રાજગૃહ** નગરમાં **સંગ્રામસૂર** નામનો રાજા છે. તેની **કનકમાલા** નામની રાણી છે. ત્યાં મહાસમ્યગ્દૃષ્ટિ પરમધાર્મિક અને સર્વલક્ષણથી સંપૂર્ણ **ઋષભદાસ** શેઠ રહે છે. કહ્યું છે કે, **'સુપાત્રમાં દાન કરનાર, ગુણમાં રાગ કરનાર, પરિવાર સહિત ભોગ ભોગવનાર, શાસ્ત્રનો જાણકાર, રણમાં શૂરવીર. આ પુરૂષના પાંચ લક્ષણ છે.'** તે શ્રેષ્ઠિને જિનદત્તા ભાર્યા છે. તે પણ સમ્યકત્વ આદિ ગુણોથી યુક્ત છે. કહ્યું છે કે, **'સદા અનુકૂલ રહેનારી સુપ્રસન્ન, દક્ષ, સુશીલ, વિચક્ષણ, આટલા ગુણથી યુક્ત સ્ત્રી લક્ષ્મી**

**જેવી છે. તેમાં કોઈ સંશય નથી.'** આટલા ગુણોથી યુક્ત જિનદત્તા શેઠાણી હોવા છતાં વંધ્યા છે. કોઈ ઉપાયથી તેને પુત્ર થતો નથી. એક વખત અવસર મેળવીને તેણી વડે પોતાના સ્વામીને કહેવાયું, 'સ્વામિન્ ! પુત્ર વિના કુલ શોભતું નથી. આપણો વંશછેદ થશે. આથી તમારે વંશની વૃદ્ધિ માટે બીજો વિવાહ કરવો જોઈએ. કહ્યું છે કે, **'હાથી મદથી શોભે છે, આકાશ વાદળોથી શોભે છે, રાત્રી પૂર્ણ ચંદ્રથી શોભે છે, નારી શીલથી શોભે છે, અશ્વ વેગથી શોભે છે, મંદિર ઉત્સવોથી શોભે છે, વાણી વ્યાકરણ (ભાષાશાસ્ત્ર)થી શોભે છે, સરોવર હંસના યુગલોથી શોભે છે, સભા પંડિતોથી શોભે છે, વન ફુલોથી શોભે છે, સ્વામીત્વ નીતિથી શોભે છે એમ સુપુત્રથી કુલ શોભે છે.'** 'રાત્રીનો દિપક ચંદ્ર છે, સવારનો દિપક સૂર્ય છે. ત્રણ લોકનો દિપક ધર્મ છે, એમ કુલનો દિપક સુપુત્ર છે.'

'સંસારથી શ્રમિત થયેલા જીવને થાક ઉતારવાની જગ્યા ત્રણ છે. પુત્ર, પત્ની અને સજ્જનોની સંગતિ !' મિથ્યાદૃષ્ટિઓ પણ એવું કહે છે કે પુત્ર વિના ગૃહસ્થની ગતિ થતી નથી. કહ્યું છે કે, 'પુત્ર વગરનાની ગતિ થતી નથી, અને સ્વર્ગ તો મલતો નથી, મલતો જ નથી. તેથી પુત્રનું મુખ જોઈને ગૃહસ્થ તાપસ થાય છે.' શેઠ વડે કહેવાયું કે, 'આ બધું અનિત્ય જોઈને જે ભોગનો અનુભવ કરે છે તે વિવેકશૂન્ય જ છે.' કહ્યું છે કે, 'જેમ ઉખરભૂમિ વરસાદના પાણીને દૂષિત કરે છે તેમ આ શરીર કસ્તુરી આદિને પણ દૂષિત કરી નાખે છે.' 'યમરાજે આ શરીર પોતાના કોળીયા માટે બનાવ્યું છે, છતાં પણ આ શરીર નિત્ય છે. એવું માનતા વિવેકમૂઢ જીવો વિષયોમાં મોહ પામે છે. એ ખેદજનક છે.'

ફરી શેઠ વડે કહેવાયું કે, 'પૂરા સિત્તેર વર્ષ થવા છતાં હું ધર્મ મૂકીને બીજા લોકોને હસવું આવે એવું કરું છું. આ અવસરે (ઉંમરે) આવું કરવું તે વિરૂદ્ધ છે.' કહ્યું છે કે, **'રોગમાં આભૂષણોની શોભા, શોકના વખતમાં લોકપ્રસંગો (લોકવ્યવહાર), ગરીબીમાં ઘર વસાવવું, વૃદ્ધાવસ્થામાં સ્ત્રીનો સંગ આ પરસ્પર વિરૂદ્ધ છે, એવું લોકો જાણતા હોવા છતાં પણ જેના વડે આ બધું કરાવાય છે તે સર્વ જગતને જીતનારો મહાન મોહરૂપી મલ્લ જય પામે છે.**

ત્યારે શેઠના પગમાં પડીને જિનદત્તા વડે કહેવાયું કે, 'હે સ્વામિન્ ! રાગવશ થઈને જે કાર્ય કરાય છે તે હાસ્યનું કારણ બને છે. સંતાન માટે એવું

કાર્ય કરો તેમાં દોષ નથી. ત્યારે મહાકષ્ટથી તેણીના અતિ આગ્રહથી શેઠ વડે તે વાત સ્વીકારાઈ. જિનદત્તા વડે તે જ નગરમાં રહેનારા પોતાના કાકા **જિનદત્ત** અને **બંધુશ્રી**ની પુત્રી **કનકશ્રી** શેઠ માટે મંગાઈ. તે બન્ને વડે કહેવાયું કે, 'જે મૂર્ખ હોય, નિર્ધન હોય, દૂર વસવાટ કરતો હોય, શૂરવીર હોય (સૈનિક હોય), મોક્ષની અભિલાષાવાળો હોય અને કન્યાથી ત્રણગુણા અધિક વર્ષવાળો હોય એવાને કન્યા આપવી જોઈએ નહીં.' અને બીજું એ કે શોક્ય ઉપર કન્યા અપાય નહીં. જિનદત્તા વડે કહેવાયું કે, 'ભોજનનો સમય છોડીને કનકશ્રીના ઘરે હું આવીશ નહીં અને (બાકીનો વખત) જિનમંદિરમાં રહીશ.' આવી શરત કરીને કનકશ્રી મંગાઈ. તે બન્ને વડે અપાઈ. શુભલગ્નમાં પરણાવી. જિનદત્તા જિનમંદિરમાં રહી. દંપતી પોતાના ઘરમાં સુખથી રહ્યા. એક વખત કનકશ્રી પોતાની માતાના ઘરે ગઈ. માતા વડે પૂછાયું કે, 'હે પુત્રી ! પતિ સાથે સુખનો અનુભવ કરાય છે કે નહીં ?' પાપીણી કનકશ્રી વડે કહેવાયું કે, 'હે માતા ! પતિ સાથે વાર્તાલાપ પણ થતો નથી તો પછી કામભોગની તો શું વાત કરવી ? અને મને શોક્ય ઉપર આપીને તું સુખની પૃચ્છા શું કરે છે ? જિનદત્તા વડે મારો પતિ સંપૂર્ણ રીતે ગ્રહણ કરી લેવાયો છે. તે બન્ને કાયમ જિનાલયમાં રહે છે. ત્યાં જ સુખનો અનુભવ કરે છે. મધ્યાન્હકાલે અને સંધ્યાકાલે ભોજન માટે આવે છે. દુર્બલદેહવાળી હું રાત્રીમાં એકલી જ સુવું છું.' આ બધું અસહિષ્ણુતાથી કનકશ્રી વડે માતાની આગળ કહેવાયું. કહ્યું છે કે, **'કવિઓ શું નથી જોતા ? દારૂડીયા શું નથી બોલતા ? કાગડાઓ શું નથી ખાતા ? એમ સ્ત્રીઓ શું નથી કરતી ?'**

પછી બંધુશ્રી વડે બોલાયું કે, 'રતિ જેવી રૂપાળી મારી પુત્રીને છોડીને ઘડપણથી જર્જરીત, રૂપ વગરની અને વૃદ્ધ એવી તેને જિનાલયમાં ભોગવે છે. ખરેખર ! જે કામી હોય છે તે ઉચિત - અનુચિત જાણતો નથી. કહ્યું છે કે, 'કમળ જેવી આંખોવાળી સ્વર્ગની સ્ત્રીઓ શું નહોતી કે જેથી ઈન્દ્ર તાપસી એવી અહલ્યાને ભોગવે છે ?'

પછી રાજાએ કહ્યું કે,

**જ્યારે હૃદયરૂપી ઝૂંપડીને વિષે કામાગ્નિ જ્વલતો હોય છે, ત્યારે યોગ્ય શું કે અયોગ્ય છું ? તે તો કોઈ વિરલ પુરુષ જ જાણે છે !** વળી કામી પુરુષ લજવાતો નથી; પોતાનું પારકું દેખતો નથી; ભલાઈ કે

બૂરાઈ સાંભળતો નથી; અને ગુરુજનની ઉપેક્ષા કરે છે. તેતો સ્ત્રીને એમ કહે છે કે, 'હે કમળપત્ર સમાન નેત્ર વાળી ! આ રાજમાર્ગ છે તે મને વિંધ્યાટવીના પંથ સમાન લાગે છે; માટે આગળ ચાલ.' વળી અહો ! મકરધ્વજ જે કામદેવ તેનું માહાત્મ્ય એવું છે કે, તે મ્હોટા મ્હોટા પંડિતજનોની પણ વિડંબના કરે છે. કહ્યું છે કે : **મકરધ્વજ દેવ કળાઓને વિષે ચતુર એવા પુરુષોને પણ વિહ્વલ કરી દે છે; ગંભિર પુરુષોને પણ હસાવે છે; પંડિતજનોની પણ વિડંબના કરે છે; અને ધૈર્યવાન પુરુષોને પણ હલકા પાડી દે છે.**

(બંધુશ્રી પોતાની પુત્રી કનકશ્રીને કહે છે.)

માટે હે પુત્રી ! વધારે શું કહું ? હું કોઈ રીતે તે દુષ્ટા જિનદત્તા મૃત્યુ પામે તેવા ઉપાય કરીશ.' આ પ્રમાણે પુત્રીના અંતઃકરણને વિષે સંતોષ ઉત્પન્ન કરાવી માતાએ તેને ઘેર વિદાય કરી અને પોતે મનમાં વૈર રાખ્યું.

એકદા એક મહારૌદ્રમૂર્તિ કાપાલિક નામે યોગી બીજા અનેક અવધૂતની સાથે બંધુશ્રીને ઘેર ભિક્ષા માગવા આવ્યો, તેણે શરીર ઉપર હાડકાનાં ઘરેણાં પહેર્યાં હતા, અને હાથમાં ત્રિશૂળ, [1]ડાકલું, કંકણ વિગેરે ધારણ કર્યાં હતાં. આવા યોગીને જોઈને બંધુશ્રીએ વિચાર્યું કે : 'અહો ! મેં કાપાલિક તો અનેક જોયા છે, પણ આના જેવું માહાત્મ્ય ક્યાંય દીઠું નહીં; આની પાસે અવશ્ય મ્હારી કાર્ય સિદ્ધિ થશે.' એવો વિચાર કરીને તેણીએ તેને અનેક રસવતીયુક્ત ભિક્ષા દીધી. કહ્યું છે કે : **કાર્યાર્થિ માણસો જ (બીજાની) સેવા કરે છે; વિના કાર્યે કોઈ કોઈને ગમતું નથી. વાછરડું પણ દૂધ નથી મળતું ત્યારે ગાયને ત્યજી દે છે.**

બંધુશ્રી તો રોજ એ પ્રમાણે ભિક્ષા આપવા લાગી, તે ઉપરથી પેલા યોગીએ વિચાર્યું કે, 'અહો ! એ મારી માતાતુલ્ય છે; માટે એણીના ઉપર કાંઈ ઉપકાર (પ્રત્યુપકાર) કરૂં. કહ્યું છે કે : **આ જગતને વિષે પાંચ પિતા કહેવાય છે. ૧. જન્મ આપનાર, ૨. ઉપકાર કરનાર, ૩. વિદ્યા શિખવનાર, ૪. અન્ન દેનાર અને ૫. ભયથી રક્ષણ કરનાર.** એવું ધારીને યોગીએ કહ્યું. 'હે માતા ! મને મહાવિદ્યાઓ સિદ્ધ થઈ છે, માટે કંઈ પ્રયોજન હોય તો કહો.' એ ઉપરથી બંધુશ્રીએ રડતાં રડતાં સર્વ વાત કહી. 'મ્હારે અન્ય કાંઈ કાર્ય નથી, ફક્ત તારે આ દુષ્ટા જિનદત્તાને મારી નાંખવી; તો જ તારી બ્હેનનો ગૃહાવાસ સુખદાયક

---

૧ ડમરૂ. (વાજિંત્ર)

થશે.' યોગીએ કહ્યું. 'હે માતા ! ધીરજ રાખો. હું અંધારી ચૌદશને દિવસે સ્મશાનભૂમિને વિષે વિદ્યા સાધન કરૂં છું, માટે તે કરીને નિશ્ચે હું જિનદત્તાના પ્રાણ લઈશ; નહીં તો અગ્નિમાં પ્રવેશ કરીશ.' આવી પ્રતિજ્ઞા કરીને યોગી અંધારી ચૌદશને દિવસે સ્મશાનભૂમિમાં ગયો, ત્યાં જઈને તેણે એક મૃતક (શબ) આણી તેના હાથને વિષે ખડ્ગ આપ્યું. પછી બેસીને તેની સારી રીતે પૂજા કરી. મંત્ર જાપ જપીને તે વડે તેણે વૈતાલીવિદ્યાને બોલાવી, એટલે તે તુરત મૃતકના શરીરને વિષે પ્રવેશ કરીને બોલી. 'હે કાપાલિક ! આજ્ઞા આપો.' યોગીએ કહ્યું. 'જિનમંદિરને વિષે રહેલી અને કનકશ્રીની શોક્ય જે જિનદત્તા છે, તેણીને મારી નાંખ.' વૈતાળી વિદ્યા 'તેમ જ થાઓ' એમ કહીને કિલકિલ શબ્દ કરતી જિનદત્તા પાસે ગઈ, પણ ત્યાંતો પ્રભુના માહાત્મ્યથી અને તેણીના સમકિતના બળથી તે કંઈ કરી શકી નહીં. કહ્યું છે કે : શુદ્ધ દેવ - જિન અરિહંત, શુદ્ધ ગુરૂ - નિગ્રંથ મુનિરાજ, અને શુદ્ધ ધર્મ-કેવળી ભાષિત, એ ત્રણ તત્ત્વ અથવા જિનેશ્વર ભગવાને ભાખેલાં જીવાજીવાદિક તત્ત્વોમાં જેને દ્રઢ આસ્થા છે, તેમ જ જેનામાં શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપાદિક ગુણો પ્રગટ થયા છે, તેથી **જેના હૃદયમાં સમ્યક્ત્વદેવી આવી વસી છે, તેનું નામ માત્ર ગ્રહણ કરવાથી, તેના પ્રભાવ વડે સિંહ શિયાળ જેવો થઈ જાય છે, અગ્નિ જળ સમાન થઈ જાય છે, ભયંકર સર્પ છે તે લતા જેવો થઈ જાય છે, સમુદ્ર જમીન જેવો થઈ જાય છે, પૃથ્વિ છે તે મણિમય થઈ જાય છે, અને ચોર દાસ થઈ જાય છે. વલી ગ્રહ, શાકિની, રોગ અને વૈરીની પીડા દૂર ટળે છે, અને આપત્તિમાત્ર અળગી જાય છે.**

પછી તો તે વૈતાલીવિદ્યા ત્રણ પ્રદક્ષિણા દઈને ફરીવાર સ્મશાનભૂમિ પ્રત્યે ગઈ, તેના ભયથી યોગી ઉભો થઈ દૂર જઈને ઉભો રહ્યો; પણ તે વિદ્યા તો ત્યાં સ્મશાનભમિમાં જ ઉભી રહી. આ પ્રમાણે યોગીએ ત્રણવાર મંત્ર ભણ્યો, વિદ્યા પણ ત્રણવાર ગઈ ને આવી; પરંતુ તે જિનદત્તાને કંઈપણ કરવાને સમર્થ થઈ નહીં.

ત્યારે તો ચોથી વખતે યોગીએ પોતાનું મૃત્યુ પાસે આવ્યું જાણીને કહ્યું. 'એ બે જિનદત્તા અને કનકશ્રી મધ્યે જે દુષ્ટ હોય તેણીનો પ્રાણ લે.' એમ કહીને તે વિદ્યાને ફરી મોકલી, એટલે તે વિદ્યા તો યોગીનું વચન સાંભળીને કનકશ્રી જે પોતાના ઘરમાં સુખે સૂતી હતી, તેણીનું મસ્તક છેદીને લોહીવાળું

ખડ્ગ લઈને તે યોગી પાસે સ્મશાનભૂમિમાં આવી; એટલે યોગીએ તેણીને કાર્ય કરીને આવી જાણીને રજા આપી. પછી તે પોતાને સ્થાનકે ગઈ. યોગી પણ બંધુશ્રીને સર્વ વાત કહીને પોતાને સ્થાનકે ગયો. (બંધુશ્રીતો સમજી ગઈ કે, જિનદત્તા મૃત્યુ પામી.)

હવે પ્રભાતે બંધુશ્રી ખુશ થતી થતી પોતાની પુત્રીને ઘેર ગઈ, પણ ત્યાં જઈને જુએ છે તો પોતાની પુત્રીનું શિર છેદી નાંખેલું છે ! તે જોઈને પોકાર કરતી કરતી તે રાજા પાસે જઈને કહેવા લાગી. 'હે દેવ ! મ્હારી પુત્રી કનકશ્રીને તેણીની શોક્ય જિનદત્તાએ મારી નાંખી છે.' તે સાંભળીને કોપાયમાન થઈને રાજાએ તે દંપતિને બાંધી લાવવાને અને તેમનું ઘર લૂંટી લેવાને સુભટોને મોકલ્યા; પરંતુ તે સર્વને શાસનદેવતાએ થંભાવી રાખ્યા. આ સર્વ વાત જિનમંદિરમાં રહેલા વૃષભદાસશ્રેષ્ઠીએ તથા જિનદત્તાએ સાંભળી. તેવારે જિનદત્તા કહેવા લાગી. 'પૂર્વે જે કર્મ ઉપાર્જન કર્યાં હોય છે, તે કોઈથી દૂર કરી શકાતાં નથી.' કહ્યું છે કે : **મહાસતી સ્ત્રીનું ચિત્ત ચળે, મૂળસહિત મેરુપર્વત ચળે, અથવા સમુદ્ર ચળે, પણ પૂર્વે કરેલું કર્મ કદી ચળતું નથી.** વળી કહ્યું છે કે : સમુદ્ર તો રત્નોના સમૂહથી ભરેલો છે, પણ મ્હારા જેવા દરિદ્રિ પુરુષને હાથ દેડકો આવ્યો ! તો એમાં સમુદ્રનો શો દોષ ? દોષ તો અમારા પૂર્વભવના કર્મનો જ ગણવો. વળી પણ કહ્યું છે કે : જે દેશમાં જે કાળે, જે મુહૂર્તે અને જે દિવસે હાનિ કે વૃદ્ધિ થવાની હોય છે, તે અવશ્યમેવ થાય છે; અન્યથા થતું નથી.' આ પ્રમાણે વિચાર કરીને તે પતી-પત્ની 'ઉપસર્ગ આવશે.' એમ જાણીને ધર્મપરાયણ બનીને જિનમંદિરમાં બેઠાં.

આમ બન્યું છે, તેવામાં શાસનદેવતાએ પ્રેર્યો થકો પેલો યોગી નગરની મધ્યમાં આવીને કહેવા લાગ્યો કે, 'હે લોકો ! જિનદત્તા નિરપરાધિ છે, બંધુશ્રીના ઉપદેશથી મેં વૈતાલીવિદ્યા સાધી, તે વૈતાલીવિદ્યાએ કનકશ્રીનો શિરચ્છેદ કર્યો છે.' વળી એક જગ્યાએ નગરદેવતાએ તાડન કરેલી વૈતાલીવિદ્યા પણ વૃદ્ધ સ્ત્રીનું રૂપ ધારણ કરીને નગરમાં કહેવા લાગી. 'અહો ! આ જિનદત્તા દૂષણરહિત છે, કનકશ્રી જ પાપી હતી, તેણીને મેં મારી છે.' તે સાંભળી લોકો બોલ્યા. 'હા, એ જિનદત્તા તો દોષરહિત છે.' તે વખતે દેવતાઓએ નગરમાં પાંચ પ્રકારના દિવ્ય-આશ્ચર્ય પ્રગટ કર્યાં.

આ સર્વ વૃત્તાંત સાંભળીને રાજાએ કહ્યું. 'એ બંધુશ્રી દુષ્ટ છે, તેણીને ગધેડા ઉપર બેસારીને ગામ બહાર કાઢી મૂકો.' તે સાંભળી બંધુશ્રી બોલી. 'હે દેવ ! મેં એ કાર્ય અજ્ઞાનપણે કર્યું છે, તેનું મને પ્રાયશ્ચિત આપો.' રાજાએ કહ્યું. 'એવા પ્રકારના દોષનું પ્રાયશ્ચિત મેં ક્યાંય પણ સાંભળ્યું નથી. **શાસ્ત્રમાં પણ મિત્રદ્રોહી, સ્ત્રીહત્યા કરનાર, કૃતઘ્ન અને પિશૂન (ચાડિઓ) એ ચારેનું કાંઈ પણ પ્રાયશ્ચિત સાંભળ્યું નથી.'** એમ કહીને તેણે બંધુશ્રીને બહાર કાઢી મૂકી; એટલે તે બિચારી કહેવા લાગી. 'જુઓ ! કરેલાં પાપ અને પુણ્યનું ફલ અહિં જ શીઘ્ર દેખાય છે. કહ્યું છે કે : **અતિ ઉગ્ર પાપ કે અતિ ઉગ્ર પુણ્યનું ફળ અહિંજ ત્રણ વર્ષમાં, ત્રણ માસમાં, ત્રણ પક્ષમાં કે ત્રણ દિવસમાં જ મળે છે.'**

હવે આ સર્વ ઉપરથી રાજાને નિશ્ચય થયો કે, જૈનધર્મ સિવાય અન્ય ધર્મને વિષે આવો મહિમા નથી. એવો નિશ્ચય કરીને તે દેવાલયમાં ગયો, ત્યાં સમાધિગુપ્તસૂરિ પાસે ગયો. દંપતીને નમસ્કાર કરીને રાજા બેઠો. પછી રાજા વડે કહેવાયું કે, 'હે મુનિ ! ધર્મના પ્રભાવથી આ દંપતીનો ઉપસર્ગ આજે દૂર થયો.' મુનિ બોલ્યા, 'રાજન ! જે જે ઈચ્છિત હોય છે તે ધર્મથી થાય છે. કહ્યું છે કે : **સુકૂલમાં જન્મ, અનેક પ્રકારની સંપત્તિ, પ્રિયના સમાગમનું સુખ, રાજકૂળમાં મ્હોટાઈ અને નિર્મળ યશ. એ સર્વે પુણ્યરૂપી વૃક્ષનાં ફળ જાણવાં. વળી ધર્મથી ઉંચા કૂળને વિષે જન્મ, નિરોગી શરીર, સૌભાગ્ય, આયુષ્ય, બળ, નિર્મળ યશ, વિદ્યા અને સંપત્તિ. એટલાં વાનાં પ્રાપ્ત થાય છે. વળી મહા ભયંકર એવી અટવીમાં પણ ધર્મને લીધે જ રક્ષણ થાય છે.**

આ પ્રમાણે સમ્યક્ પ્રકારે સેવન કરવાથી તે ધર્મ, સ્વર્ગ અને મોક્ષને આપનાર થાય છે. વળી હે નૃપતિ ! આ સંસારમાં ધર્મવિના સર્વ વસ્તુ અનિત્ય છે; માટે નિશ્ચે ધર્મ આરાધવો. વળી લક્ષ્મી છે તે પગની રજ સમાન છે; યૌવન છે તે નદીના વેગ સમાન (ચપળ) છે; મનષ્યપણું છે તે તૃણ ઉપર પડેલા જળબિંદુના જેવું અસ્થિર છે; આ જીવિત છે તે જળના પરપોટા જેવું છે; માટે સર્વગનો દરવાજો ઉઘાડવાને સમર્થ એવો આ ધર્મ છે. તેને જે નિશ્ચળમતિ પુરુષ આદરતો નથી. તે પશ્ચાતાપથી દુઃખ પામીને વૃદ્ધાવસ્થામાં શોક રૂપ અગ્નિને વિષે દગ્ધ થાય છે; માટે સૌ કોઈએ ધર્મનું આરાધન કરવું.'

રાજાએ પૂછ્યું. 'એ ધર્મ કેવો છે !' ત્યારે મુનિએ કહ્યું. 'એ ધર્મ હિંસાએ કરીને રહિત છે. વળી હે રાજન્ ! જો સુખની ઈચ્છા હોય તો પ્રાણીની હિંસા ન કરવી, અસત્ય ભાષણ ન કરવું, અદત્તાદાન ન લેવું, પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો, ઈચ્છિત વૈભવને વિષે ઈચ્છાનું પરિમાણ કરવું, ક્રોધાદિક દોષનો ત્યાગ કરવો, અને જૈનમતને વિષે પ્રીતિ રાખવી.'

પછી સંગ્રામશૂર રાજાએ પોતાના પુત્ર સિંહશૂરને રાજ્ય સોંપી પોતે સમાધિગુપ્ત મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. વૃષભદાસ શેઠે અને બીજાઓએ પણ તેમની પાસે દીક્ષા લીધી. તથા જિનદત્તા અને બીજી પણ ઘણી સ્ત્રીઓએ **જિનમતી** સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી.

પછી સમાધિગુપ્ત મુનિ બોલ્યા. 'અરે પુત્રો ! તમે બહુ ઉત્તમ કાર્ય કર્યું. સર્વ પદાર્થને વિષે ભય રહેલો છે, પણ વૈરાગ્યને વિષે ભય નથી. તે વૈરાગ્ય તમે અંગીકાર કર્યો છે તે ઉત્તમ કર્યું છે. કહ્યું છે કે : ભોગમાં રોગનો ભય હોય છે, સુખને વિષે વિનાશનો ભય છે, દ્રવ્યને અગ્નિનો તથા રાજાનો ભય છે, દાસને સ્વામીનો ભય છે, ગુણવંતને ખળ પુરુષનો ભય છે, ઉત્તમ કૂળને કુશીળાસ્ત્રીનો ભય છે, ઉત્તમ મનુષ્યને અપમાનનો ભય છે, જયવંત પુરુષોને વૈરીનો ભય છે, અને દેહધારી પ્રાણીઓને યમનો ભય છે. આ પ્રમાણે સર્વ વસ્તુને ભય છે; પણ અભય એવો તો ફક્ત એક વૈરાગ્ય જ છે.'

(મિત્રશ્રી પોતાના પતિ અર્હદ્દાસને કહે છે કે) : હે સ્વામિન્ ! મેં આ સર્વ પ્રત્યક્ષ જોયું છે, માટે મને સમ્યકત્વ વિશેષે દ્રઢ થયું છે.' ત્યારે અર્હદ્દાસે કહ્યું. 'હે પ્રિયે ! તેં જે દીઠું છે, તે વાત હું સદ્દહું છું, ઈચ્છું છું, અને એ મને પણ રુચિકર છે.' બીજી સ્ત્રીઓ પણ 'એ વાત સત્ય છે.' એમ બોલી, પણ કુંદલતા બોલી. 'એ સર્વ અસત્ય છે.'

આ સર્વ પેલા રાજાએ, મંત્રીએ અને ચોરે સાંભળ્યું; તેથી તેઓ જુદા જુદા પોતપોતાના મનમાં ચિંતવવા લાગ્યા. 'સ્વામિ કહે છે છતાં પણ આ દુષ્ટ સ્ત્રી સત્ય વસ્તુને અસત્ય કેમ કહે છે ?' રાજાએ ધાર્યું. 'પ્રભાતે એણીની વાત છે, એણીને નગર બહાર કાઢી મૂકવી છે.' ચોર પણ વિચારવા લાગ્યો. 'અહો ! દુર્જન માણસ ગુણનો ત્યાગ કરીને દોષ અંગિકાર કરે છે, તે લોકોક્તિ ખરી છે. કહ્યું છે કે : **નિર્ગુણી માણસ ગુણને ત્યજીને દોષ જ ગ્રહણ કરે છે. જેમ જળોને સ્તન ઉપર મૂકી હોય, તો તે પણ અમૃતરૂપ દૂધ નહીં**

**પીતાં રુધિર જ પીએ છે તેમ.'**

(ઇતિ બીજી જિનદત્તા અને બંધુશ્રીની કથા.)

❀ ❀ ❀ ❀ ❀

હવે શ્રેષ્ઠી અર્હદ્દાસ પોતાની ચંદનશ્રી નામની બીજી સ્ત્રીને પૂછે છે. 'હે પ્રિયે ! તને કેવી રીતે સમકિત થયું છે ? તે કહે.' ત્યારે તે કહેવા લાગી :

## ❀ સૌમ્યા અને વસુમિત્રા ❀

'કુરુ જંગલ દેશ મધ્યે આવેલા હસ્તિનાગપુર નગરને વિષે **સુભોગ** નામે રાજા રાજ્ય કરતો હતો, તેને **ભોગવતી** નામે પટ્ટરાણી હતી. તે જ નગરમાં પરમ ધાર્મિક અને સમ્યકદ્રષ્ટિ એવો **ગુણપાળ** નામે રાજાનો માનીતો શ્રેષ્ઠી હતો, તેની સ્ત્રીનું નામ **ગુણવતી** હતું. વળી ત્યાં **સોમદત્ત** નામે મહાદરિદ્રિ એક બ્રાહ્મણ વસતો હતો, તેને **સોમિલા** નામે અતિ શીળવતી સ્ત્રી અને **સૌમ્યા** નામે એક પુત્રી હતી.

એકદા સોમિલા જ્વરથી પીડા પામીને મૃત્યુ પામી, તેના શોકથી સોમદત્ત મહા દુઃખી થયો; એવામાં કોઈ યતિએ સોમદત્તને જોઈને પૂછ્યું. 'હે વત્સ ! તું કેમ ખેદ પામે છે ?' ઉત્તરમાં તેણે પોતાનું દુઃખનું કારણ જણાવ્યું. ત્યારે યતિએ કહ્યું. 'અહો ! એમાં ખેદ શાનો ? જે ઉત્પન્ન થયું છે તેનો નાશ થવાનો જ છે. ગમે તેટલો પ્રયત્ન કર્યા છતાં પણ આ પાપી કાળ જે છે તે જીવનો સંહાર કરે છેજ. કહ્યું છે કે : **ગમે તો પાતાળને વિષે જઇને રહો, કે બ્રહ્મલોકને વિષે વાસ કરો; ઇંદ્રના ભવનમાં જાઓ, કે જળસાગરમાં પ્રવેશ કરો; વનને વિષે જઇને રહો, કે ચારે દિશાઓમાં છુપાઈ રહો; પર્વતના શિખર ઉપર ચઢી જાઓ, કે હિમવંત પર્વતની ઉપર સંતાઈ રહો; કૈલાસને વિષે જઈ રહો, કે ભોયરામાં સંતાઇ જાઓ; અથવા મદોન્મત્ત એવા હસ્તિઓની ઘટા પાસે જઇને રહો; ગમે ત્યાં જાઓ, પણ આ બળિષ્ટ એવો જે ક્રૂર કાળ છે, તે દેહધારિઓ (પ્રાણીઓ)ના જીવને બળે કરીને ભક્ષણ કરીજ જાય છે.** માટે (યતિ બ્રાહ્મણને કહે છે કે) : હે બ્રાહ્મણ ! આ લોકને વિષે ત્હારે ધર્મ જ હિતકર્તા છે, બીજું કાંઈ નથી; કારણ કે, રાજ્ય પ્રાપ્ત થાય, લક્ષ્મી મળે, ભોગવિલાસ મળે, ઉત્તમ કૂળને વિષે જન્મ પમાય, દેહ સ્વરૂપવાન થાય, વિદ્યા મળે અને શરીર નિરોગી રહે; એ સર્વ ધર્મનાં ફળ જાણવાં.'

યતિનાં આવાં વચન સાંભળી ચિત્તને વિશે ઉપશમ લાવીને તે બ્રાહ્મણે શ્રાવકધર્મ અંગિકાર કર્યો. પછી તો તે યથાશક્તિ દાન પણ દેવા લાગ્યો. કહ્યું છે કે : થોડામાંથી થોડું દાન આપવું જોઈએ. 'ઘણું ધન મલશે પછી દાન કરીશ.' એવો વિલંબ ન કરવો. ઈચ્છા પ્રમાણેની શક્તિ કોને ક્યારે થઈ છે ! આ પ્રમાણે તે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એકદા પેલો ગુણપાળશ્રાવક આને દરિદ્ર જાણીને પોતાને ઘેર લઈ ગયો, ત્યાં તેની સારી રીતે ભક્તિ કરી, અને હમેશાં એ પ્રમાણે તેનો નિર્વાહ કરવા લાગ્યો. વળી તે કહેવા લાગ્યો કે, 'મ્હોટાની સંગતિથી કોણ ગુણી અને પૂજ્ય ન થાય ? કારણ કે, ગુણીની પાસે રહેવાથી ગુણહીન પણ પૂજાય છે. નિર્મળ આંખમાં કાજળ આંજે છે, ત્યારે સાથેની કાણી આંખને પણ તે મળે છે. (તેમાં પણ કાજળ આંજે છે.) વળી **ગુણીપુરુષ ગુણીના સંસર્ગથી જ ગુણી થાય છે; પણ નિર્ગુણીના સંસર્ગથી દોષયુક્ત થાય છે. જેમકે, નદીઓ વહે છે, તેનું જળ સ્વાદિષ્ટ હોય છે; પણ જ્યારે તે સમુદ્રને મળે છે, ત્યારે તેનું જળ નહિ પીવા યોગ્ય થાય છે.** વળી મ્હોટા પુરુષનો સંસર્ગ કોની ઉન્નતિનું કારણ નથી થતો ? જેમ કે શેરીનાં પાણી ગંગા નદીમાં પડે છે, ત્યારે તે દેવતાને પણ વંદનીય થાય છે.'

એકદા તે સોમદત્ત બ્રાહ્મણે પોતાનું મૃત્યુ આવ્યું જાણીને ગુણપાળ શ્રેષ્ઠીને બોલાવીને કહ્યું. 'હે શ્રેષ્ઠી ! આપની સહાયથી મેં કિંચિત્ પણ દુઃખ જાણ્યું નથી.' વળી તેણે કહ્યું. 'આ મ્હારી પુત્રી સૌમ્યા છે, તેણીને શ્રાવક અને બ્રાહ્મણ વિના બીજાને આપશો નહીં.' એમ કહીને તેણે તેણીને તેના હાથમાં સોંપીને પોતે સંલેખના (અનશન) કરીને મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. કહ્યું છે કે : **વિદ્યા, તપ, ધન, શૌર્ય, કુલીનપણું, આરોગ્ય, રાજ્ય, સ્વર્ગ અને મોક્ષ; એ સર્વ વાનાં ધર્મથી મળે છે.**

હવે ગુણપાલશેઠ સૌમ્યાનું પોતાની પુત્રીની પેઠે પરિપાલન કરે છે. તે જ નગરને વિષે એક મહાધૂર્ત એવો રુદ્રદત્ત નામે બ્રાહ્મણ વસતો હતો, તે રોજ દ્યૂતક્રીડા કરતો હતો. એકદા સૌમ્યા રસ્તેથી જતી હતી, તેણીને તે જુગારી એવા રુદ્રદત્તે દીઠી; એટલે તેણે બીજા સોબતીઓને પૂછ્યું. 'આ કોની પુત્રી છે ?' ત્યારે તેઓએ કહ્યું. 'એ સોમદત્ત બ્રાહ્મણની પુત્રી છે, તે સોમદત્તે મરણ સમયે તેણને ગુણપાળશ્રેષ્ઠીને સોંપી છે; તેથી એ શેઠ તે કુમારિકાનું

પોતાની પુત્રીની પેઠે પરિપાલન કરે છે.' તેમનો આવો ઉત્તર સાંભળીને રુદ્રદત્તે કહ્યું. 'એ સૌમ્યાને હું પરણીશ.' એટલે તેના જુગારી સોબતીઓએ કહ્યું. 'અરે મૂર્ખ ! તું જાણ્યા વિના બોલે છે, ઘણા દિક્ષીત એવા પણ બ્રાહ્મણોએ તે કુમારિકાને માગી; પરંતુ એ ગુણપાળશ્રેષ્ઠી એણીને જૈન વિના અન્યપતિ વેરે આપવાની ના કહે છે, તો તું તો સર્વક્રિયામાં ભ્રષ્ટ છે, તેથી તને તો આપશે જ કેવી રીતે ?' તેઓનું આવું વચન સાંભળીને તે રુદ્રદત્ત બહુ અભિમાન કરીને બોલ્યો. 'અરે ! તમે મ્હારી બુદ્ધિનું પરાક્રમ તો જુઓ ! મ્હારે અવશ્યમેવ તેણીને પરણવું છે.' એવી પ્રતિજ્ઞા કરીને તે દેશાંતર ગયો, ત્યાં કોઈ મુનિની પાસે જઈ માયાકપટ કરી બ્રહ્મચારી થયો. દેવવંદન પ્રમુખ ક્રિયા શિખી શ્રાવકરૂપ ધરી પાછો આવીને તે ગુણપાલના દેરાસરમાં રહ્યો.

પછી ગુણપાલશ્રેષ્ઠી તેનું આગમન જાણીને ત્યાં ગયો, અને ઈચ્છાકારેણ કહીને તેની સમીપે બેઠો. બ્રહ્મચારીએ 'દર્શન શુદ્ધિ થાઓ.' એવો આશીર્વાદ દીધો. પછી શ્રેષ્ઠીએ પૂછ્યું. 'અહો બ્રહ્મચારી ! આપ ક્યાં રહો છો ? અને ક્યાંથી આવો છો ?' એ આદિ પ્રશ્નો પૂછ્યા. તે ઉપરથી તેણે કહ્યું. 'હે શ્રેષ્ઠી ! મુનિની કૂળ-જાતિ આદિ ન પૂછવું, છતાં પૂછવું તો ભાવ, આચાર, સમાધિ, વિગેરે પૂછવું; કારણ કે, જૈનમાર્ગમાં કદાપિ પણ કૂળ, જાતિ, હીન એવા સાધુઓ જોયા છે ?'

પછી બ્રહ્મચારીએ કહ્યું. 'હું આઠ ઉપવાસ કરીને આવ્યો છું, અને **જિનચંદ્રભટ્ટારકનો** શિષ્ય છું. પૂર્વ દેશોમાં આવેલા તિર્થંકરોના કલ્યાણકના સ્થાનકોને વંદન કરી આવીને હવે શાંતિ, કુંથુ અને અરનાથ તિર્થંકરોને વંદન કરવાને હું અહીં આવ્યો છું.' આ સઘળું સાંભળીને શ્રેષ્ઠીએ કહ્યું. 'આપને ધન્ય છે કે આપ દિવસો ધર્મધ્યાનમાં નિર્ગમન કરો છો; કારણ કે, જે મનુષ્યોના દિવસો દેવની પૂજામાં, દયા પાળવામાં, સત્ય ભાષણ કરવામાં, સત્પુરુષોની સંગતિમાં, દાન દેવામાં, અને આઠ મદનો પરિહાર કરવામાં જાય છે, તેમનો જન્મ સ્તુતિપાત્ર છે. તેના જીવિતને ધન્ય છે, અને એવા જનો આ પૃથ્વિના ભૂષણરૂપ છે.'

વળી પણ ગુણપાળે તેને પ્રશ્ન પૂછવા માંડ્યા. 'અહો બ્રહ્મચારી ! આપની જન્મભૂમિ ક્યાં છે ?' ત્યારે તે કહેવા લાગ્યો. 'આજ નગરમાં સોમશર્મા નામે બ્રાહ્મણનો હું રુદ્રદત્ત નામે પુત્ર છું, હું મ્હારા માતા-પિતાની

મરણાવસ્થા દેખી શોકમાં ખિન્ન થઈ તિર્થયાત્રા કરવા ગયો હતો, ત્યાં વારાણશી નગરીમાં જિનચંદ્ર ભટ્ટારકે મને પ્રતિબોધ પમાડીને બ્રહ્મચારી કર્યો. ગોત્રનું શું પ્રયોજન છે ? કે દેશનું પણ શું પ્રયોજન છે ? આ અસાર સંસારમાં કંઈપણ વસ્તુ નિત્ય નથી, આ જીવ કેટલીકવાર રાજા થયો છે, અને કેટલીકવાર કીડારૂપે પણ ઉત્પન્ન થયો છે. આ સંસારને વિષે સુખ દુઃખ એકે સરખું નથી, માટે આ અસ્થિર જગતને વિષે હર્ષ કરીને કે શોકે કરીને શું ? માટે મ્હારે ધર્મ એ જ શરણ છે કે જે ધર્મથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.'

તે ઉપરથી શ્રેષ્ઠી તેની બહુ પ્રશંસા કરીને કહેવા લાગ્યો : 'હે બ્રહ્મચારી ! તમે અવધિ સહિત (મુદતવાળું) બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું છે કે અવધિરહિત (મુદત વિનાનું-જાવજ્જીવ સુધીનું) ?' ત્યારે તેણે કહ્યું. 'અવધિસહિત. પરંતુ મને સ્ત્રી ઉપર વાંછા નથી, કારણ કે કાળકૂટ જેવું વિષ શંભૂના કંઠમાં હતું તે તેને કંઈ કરી શક્યું નહીં, પણ તે જ શંભૂ સ્ત્રીથી હારેલા છે; માટે જે સ્ત્રી છે તે તો વિષમ વિષ જ છે.' શ્રેષ્ઠીએ કહ્યું. 'અહો સ્વામિ ! મ્હારે એક પુત્રી છે તેણીને આપ ગ્રહણ કરો. શ્રાવક જાણીને તમને આપવાની મ્હારી ઈચ્છા છે.' એ સાંભળીને તેણે કહ્યું. 'વિવાહ કરવા થકી તો ઉલટું મ્હારે સંસારમાં પડવું પડે, માટે મ્હારે વિવાહનું પ્રયોજન નથી; વળી સ્ત્રીનો સંગ કરવાથી તો મ્હારાં અભ્યાસ કરેલાં શાસ્ત્રાદિ પણ વિસરી જવાય. કારણ કે વશીકરણ, મંત્ર, તંત્ર, યંત્ર અનેક પ્રકારના છે, પણ સ્ત્રી સેવ્યાથી તે સર્વ વ્યર્થ થાય છે.' તેણે આમ કહ્યાં છતાં શ્રેષ્ઠીએ તો બહુ આગ્રહ કરી તેનો પુત્રી સાથે વિવાહ કર્યો.

વિવાહને બીજે દિવસે રુદ્રદત્ત હાથે કંકણદોરાસહિત પેલા જુગારીઓ પાસે ગયો, ત્યાં જઈને તેણે કહ્યું. 'મેં પ્રતિજ્ઞા કરી હતી તે પૂર્ણ કરી છે.' એ સાંભળીને જુગારીઓએ તેની પ્રશંસા કરી. હવે રુદ્રદત્તની સાસુ કુટ્ટિની વસુમિત્રા નામે છે, તેણીની પુત્રી જે કામલતા રુદ્રદત્તની સ્ત્રી થાય છે તે વેશ્યા છે. તેણીને ઘેર રુદ્રદત્ત ગયો અને ત્યાં જઈને રહ્યો.'

રુદ્રદત્તનું આવું આચરણ જાણીને સૌમ્યા તો વિલક્ષ બની ગઈ, અને શ્રેષ્ઠીની પાસે જઈને કહેવા લાગી. 'અહો ! આ મ્હારા કર્મનો જ સ્વભાવ છે, જેવાં જેવાં કર્મ ઉપાર્જ્યાં હોય છે તે ક્યાંય પણ જતાં નથી, ભાવી હોય છે તે જ થાય છે, ગમે તેવાં પ્રયત્ન કરતાં છતાં પણ તે અન્યથા થતું નથી, સર્વ

વસ્તુનો સ્વભાવ જ આવો છે, માટે વિચક્ષણ મનુષ્યે જરાપણ ખેદ કરવો નહીં જોઈએ.' સૌમ્યાનું આવું બોલવું સાંભળીને શ્રેષ્ઠીએ કહ્યું. 'હે પુત્રી ! કળિયુગનો આ સ્વભાવ છે. કારણ કે, **જૂઠું બોલવામાં ચતુરાઈ, ચોરી કરવામાં ચિત્ત, સજ્જનોને અપમાન, વિજય મેળવવામાં કુમતિ, ધર્મમાં અને સાધુ સંતમાં પણ ઠગાઈ, મોટે મીઠું બોલવું અને પાછળ વિરુદ્ધ વર્તવું, એ બધું કલિયુગનું માહાત્મ્ય છે.' વળી આ કલિયુગને વિષે સત્યવાન નરો દુર્લભ છે, દેશો પ્રલય પામ્યા છે, રાજાઓ પણ ઘણો કર પ્રમુખ લે છે ને લોભી બની ગયા છે, ચોર લોકોની સંખ્યા વધી ગઈ છે, સાધુ પુરુષોની ક્ષીણતા થઈ છે, અને પિતા પોતાના પુત્ર ઉપર પણ વિશ્વાસ કરતો નથી; આવો કષ્ટદાયક કલિયુગ પ્રવર્તે છે. વળી શશિને વિષે કલંક છે, કમળને વિષે કાંટા છે, સમુદ્રનું જળ ખારૂં છે, પંડિત પુરુષો નિર્ધન હોય છે, સ્નેહીનો વિયોગ થાય છે, સ્વરૂપવાન પુરુષો ભાગ્યરહિત હોય છે, અને લક્ષ્મીવાન કૃપણ હોય છે; આ પ્રમાણે સર્વ સારી વસ્તુમાં દૂષણ છે. માટે (આ) કાળ રત્ન દોષીજ દેખાય છે.** વળી મહાન પુરુષોને પણ ઉત્તમકાર્ય કરવા જતાં બહુ વિઘ્નો નડે છે, ત્યારે પાપકર્મ કરતાં નડે તેમાં તો વાત જ શી કરવી ?'

તેવારે સૌમ્યાએ કહ્યું. 'હે તાત ! મ્હારા મનને વિષે તો કાંઈ નથી, જુગારી માણસોનો તો એવો સ્વભાવ જ હોય છે. કહ્યું છે કે : ચોર પુરુષ કદી સત્ય બોલે નહીં, દાસીપતિને વિષે પવિત્રતા હોય નહીં, મદિરાપાન કરનારમાં લજ્જા હોય નહીં, અને જુગારીમાં તો એ ત્રણે વસ્તુ હોય નહીં.' વળી ગુણવાન હોય કે કૂળવાન હોય, પણ એ જો ખળ (જુગારી) હોય તો તેનો વિશ્વાસ કરવો નહીં; કેમકે, મલયચંદનથી પણ ઉત્પન્ન થએલો અગ્નિ બાળે છે જ.'

સૌમ્યાનાં આવાં વચન સાંભળીને શ્રેષ્ઠીએ કહ્યું : 'હે પુત્રી ! આ સર્વ મેં અજ્ઞાનતાને લીધે કર્યું છે, અને એ ત્હારે સહન કરવું પડશે.' એમ કહીને તેણીને બહુ બહુ દ્રવ્ય આપીને કહ્યું. 'હે પુત્રી ! આ દ્રવ્યથી તું દાન પૂજાદિક કરજે, જેથી તું ઉત્તમગતિ પામીશ. કહ્યું છે કે : દાન થકી ગૌરવ પ્રાપ્ત થાય છે, પણ દ્રવ્યનો સંગ્રહ કરવાથી નહીં. જેમ કે મેઘ જળ વરસાવે છે તો તેની સ્થિતિ ઉંચી છે, અને સમુદ્ર જળ સંઘરી રાખે છે તો તેની સ્થિતિ નિચી છે. સંસારમાં પણ ગુરુત્તા કામની નથી, ગુણ જ કામનો છે. ઘડો ઘણો મ્હોટો

છે, પણ પાણી તો હાથથી જ પીવાય છે. વળી **લક્ષ્મીનું ફલ દાન છે, જ્ઞાનનું ફળ સમતા છે, હાથનું ફળ દેવની પૂજા છે, જીવિતનું ફલ પરપીડા હરવી તે છે, વાણીનું ફળ સત્યભાષણ છે, સંસારનું ફળ સુખ છે, મ્હોટાઈનું ફળ ઉત્તમ લક્ષણ છે, એમ ભવ્યજીવોની બુદ્ધિ સંસારની શાંતીના ચિંતનફલ વાળી હોય છે. તે તેની આબાદી માટે થાય છે.**

આ સાંભળીને સૌમ્યાએ પેલા દ્રવ્યથી જિનમંદિર કરાવ્યું. તેમાં પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠાને ચોથે દિવસે મહાભક્તિથી શ્રી સંઘનું વાત્સલ્ય અને સન્માન કર્યું. બીજા પણ નગરવાસી લોકોને ભોજન કરાવ્યું. કુટ્ટિની વસુમિત્રા, તેણીની પુત્રી કામલતા અને પેલા રુદ્રદત્તને પણ તેણીએ ભોજન નિમિત્તે તેડ્યાં. તેમને પણ યથાશક્તિ પ્રણિપતિ કરી સન્માન્યાં. કારણ કે, સાધુ પુરુષો તો નિર્ગુણીજનો ઉપર પણ દયા કરે છે. જેમ કે ચંદ્રમા છે તે પોતાની જ્યોતિને ચાંડાળના ઘરમાં પણ મોકલે છે. નીચનું ઘર પણ ટાળતો નથી.

હવે વસુમિત્રો અને કામલતા પોતાને ઘેર જઈને મસ્તક ધૂણાવી ચિંતવવા લાગ્યાં. 'અહો ! આવી સ્વરુપવતી જે સૌમ્યા છે, તેણીનો રુદ્રદત્તે શા માટે ત્યાગ કર્યો ? અને જો એ તેણીનો ત્યાગ નહીં કરે તો આપણને સુખ કેમ મળશે ? માટે કોઈ પ્રકારે એ સૌમ્યાનો જીવ લેવો.' એમ ધારીને વસુમિત્રાએ એક ઘડામાં મહા ભયંકર સર્પ મૂકીને ઉપર પુષ્પોસહિત એ ઘડો સૌમ્યાના હાથમાં આપીને કહ્યું. 'હે પુત્રી ! એ પુષ્પથી ભગવંતની પૂજા કર. 'એટલે સૌમ્યાએ દેવપૂજા કરી. તેના પુણ્યના માહાત્મ્યથી સર્પ પણ પુષ્પની માળા થઈ ગયો ! એ આશ્ચર્ય જોઈને કુટ્ટિની તો વિસ્મય પામી ગઈ. પછી એ ત્રણે જણે તે સૌમ્યાને આભૂષણ, વસ્ત્ર, ભોજન વિગેરેથી સન્માની, તેમજ આશિર્વાદ દીધા. પછી તેજ પુષ્પની માળા સૌમ્યાએ કામલતાના કંઠમાં નાંખી, તો તે માળાનો સર્પ થઈ ગયો અને તેણીને (કામલતાને) ડસ્યો. એટલે મૂર્છા આવી તેથી તે ભૂમિ ઉપર પડી ગઈ.

પછી કુટ્ટિનીએ પોકાર કરી મૂક્યો. તે માળા સર્પ ઘડામાં નાંખી રાજા પાસે લઈ ગઈ, અને કહેવા લાગી કે, 'મ્હારી પુત્રી કામલતાને ગુણપાળશ્રેષ્ટીની પુત્રી સૌમ્યાએ સર્પ કરડાવ્યો.' રાજાએ સૌમ્યાને તેડાવીને પૂછ્યું. 'તેં કામલતાને વિના કારણે કેમ સર્પ કરડાવ્યો ?' સૌમ્યાએ કહ્યું. 'હે રાજન્ ! મેં એણીને નથી મારી. હું તો જૈનધર્મી છું અને જૈનધર્મ તો

દયાયુક્ત છે, તેમાં કહે છે કે, જે જીવહત્યા કરે તે નરકે જાય, અને જે જીવનું રક્ષણ કરે તેને સ્વર્ગાદિ સુખ મળે; માટે સુખની ઇચ્છાવાળા પ્રાણીએ જીવહિંસા ન કરવી.' એમ કહીને સૌમ્યાએ પૂર્વનો સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. ત્યારપછી કુટ્ટિનીએ ઘડામાંથી સર્પ કાઢીને સર્વેને બતાવ્યો અને પાછો તેમાં મૂક્યો. સૌમ્યાએ ઘડામાં હાથ ઘાલ્યો તો તેમાં પુષ્પની માળા હતી. ને તેણે બહાર કાઢી સર્વેને બતાવી. વળી કુટ્ટિનીએ લીધી તો સર્પ થઈ ગયો. એમ બહુવાર કરી બતાવ્યું, તેથી લોકો વિસ્મય પામ્યા. પછી કુટ્ટિનીએ કહ્યું, 'જો સૌમ્યા, મ્હારી પુત્રીને જીવતી કરે તો હું તેણીને વિશુદ્ધ માનું, નહિ તો નહીં.'

એટલે સૌમ્યાએ ભગવંતનું ધ્યાન ધરી, સ્તુતિ કરી, પોતાનો હાથ કામલતાને શરીરે સ્પર્શાવ્યો કે તુરત જ તે વિષરહિત થઈ ગઈ અને બેઠી થઈ. કહ્યું છે કે : જિનેશ્વરની સ્તુતિ કરવાથી વિઘ્નો નાશ પામે છે, અને શાકિની, ભૂત, સર્પ, વિષ એ પણ ટળી જાય છે. કામલતાને જોઈને તેણીને અભયદાન દઈ રાજાએ કુટ્ટિનીને પૂછ્યું. 'આ સઘળું શાથી થયું ? તે કહે.' તેણીએ કહ્યું. 'હે દેવ ! આ સર્વ મ્હારાં કામ છે, એમાં સૌમ્યાનો કાંઈ પણ અપરાધ નથી; એતો નિર્દોષ છે.' એમ કહીને પૂર્વનો સર્વ વૃત્તાંત રાજા પાસે કહી બતાવ્યો.

ધર્મનો આવો પ્રભાવ દેખીને માણસો અને દેવો સૌમ્યાને પૂજવા લાગ્યા, દેવતાઓએ (પુષ્પવૃષ્ટિ, દેવદુંદુભિ, ઇત્યાદિ) પાંચ આશ્ચર્ય કર્યાં. વળી લોકો કહેવા લાગ્યા કે, 'ધર્મને પ્રભાવે શું શું નથી થતું ? ધર્મને પ્રભાવે શરીર નિર્મળ થાય છે, કિર્તિ વધે છે, પ્રતાપ મળે છે, સૂર્યની પેઠે બ્રહ્માંડ શોભાવે છે, કર્મ ક્ષીણ થાય છે, આપત્તિ નાશ પામે છે, સંપત્તિનો ઝટ ઉદય થાય છે, ધૈર્ય આવે છે, અને સર્વ કાર્યની સિદ્ધિ પણ ધર્મથી થાય છે.'

આ ઉપરથી રાજાએ, ગુણપાળ શ્રેષ્ઠીએ અને બીજા ઘણા માણસોએ શ્રી જિનચંદ્ર ભટ્ટારકની પાસે દીક્ષા લીધી. કેટલાક અન્ય ધર્મી હતા તે શ્રાવક થયા; કેટલાએક ભદ્રક પરિણામી થયા; રાજાની રાણી ભોગવતી, શ્રેષ્ઠી પત્ની ગુણવતી, સૌમ્યા અને બીજી ઘણી સ્ત્રીઓએ પણ શ્રીમતી સાધ્વીની પાસે દીક્ષા ગ્રહણ કરી; રુદ્રદત્ત, વસુમિત્રા અને કામલતાએ પણ બારવ્રત આદર્યાં.

(ચંદનશ્રી અર્હદ્દાસ શ્રેષ્ઠીને કહે છે) : હે પતિ ! આ સર્વ મેં મ્હારી નજરે જોયું છે, તેથી હવે મને દ્રઢતર સમકિત થયું છે.' તેથી અર્હદ્દાસે પણ

કહ્યું. 'ખરૂં છે પ્રિયે ! એ સર્વ સત્ય છે.' તેની બીજી સ્ત્રીઓએ પણ એ વાતની હા કરી; પરંતુ કુંદલતા બોલી. 'એ સર્વ અસત્ય છે. હું તે કંઈ માનતી નથી.'

આ સઘળો વૃત્તાંત રાજા, મંત્રી અને ચોર સાંભળે છે, તેથી તેઓ પોત પોતાના **મનમાં** વિચારવા લાગ્યા. 'અહો ! આ અધમ એવી કુંદલતા, ચંદનશ્રીએ પ્રત્યક્ષ જોએલી વાતને પણ કેમ અસત્ય કહે છે ?' તેથી રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે, 'પ્રભાતે એણીની વાત છે ! એણીને ગધેડા ઉપર બેસાડીને ગામ બહાર કાઢી મૂકીશ.' ચોર પણ વિચારવા લાગ્યો કે, 'એ તો નિંદક પ્રાણીઓનો એવો સ્વભાવ જ હોય છે. કહ્યું છે કે : જે પ્રાણી સજ્જન પુરુષોમાં દોષ ન છતાં પણ દોષનું આરોહણ કરે અને તેમના ખરા ગુણ હોય તે ન કહે તે પાપનો ભોગી થાય છે, અને તે નિશ્ચે નિંદક કહેવાય છે. બીજાના યશ-પ્રતિષ્ઠાનો લોપ કરવો, એ પ્રાણ-વધ કરવા કરતાં વધારે ખરાબ દુઃખદાયી છે.'

**(ઇતિ ત્રીજી સૌમ્યા અને વસુમિત્રાની કથા.)**

❀ ❀ ❀ ❀ ❀

હવે **અર્હદ્દાસ** શ્રેષ્ઠી પોતાની ત્રીજી સ્ત્રી **વિષ્ણુશ્રી**ને પૂછે છે. 'હે પ્રિયે, તને સમકિત કેવી રીતે પ્રાપ્ત થયું ? તેની કથા કહે.' તે ઉપરથી **વિષ્ણુશ્રી** કહે છે :

## ❀ સોમશર્મા મંત્રી ❀

'**ભરતક્ષેત્ર**ને વિષે **કચ્છદેશ**માં આવેલા **કૌશાંબીપુર** નામના નગરમધ્યે **અજિતજય** નામે રાજા હતો, તેને **સુપ્રભા** નામે રાણી હતી. રાજાને **સોમશર્મા** નામે મંત્રી હતો, તે મંત્રીને **સોમશ્રી** નામે સ્ત્રી હતી. તે મંત્રી સર્વદા કુપાત્રદાનને વિષે રક્ત હતો.

હવે તે નગરમાં **સમાધિગુપ્ત** નામે આચાર્ય આવ્યા, તે ત્યાં નગરની બહારના ઉદ્યાનમાં એક માસના ઉપવાસનું પચ્ચખ્ખાણ લઈને રહ્યા. તેમના આગમન માત્રથી જ તે વન પ્રફુલ્લિત બની ગયું. સૂકાં એવાં અશોક, કદંબ, આંબા, બકૂલ અને ખજૂરી પ્રમુખ વૃક્ષોને પલ્લવ, પુષ્પ અને ફળ આવ્યાં; તેમજ તે વૃક્ષો શાખા પ્રશાખાથી શોભિત બન્યાં. તથા સૂકાઈ ગએલી વાવ વિગેરે જળસ્થાન પણ જળથી પરિપૂર્ણ થઈ ગયાં. હંસ, મોર અને કોયલ વિગેરે

પક્ષીઓ ક્રીડા કરતા કરતા મધુર સ્વર કાઢવા લાગ્યા. વળી જાઈ, ચંપક, કલ્પવૃક્ષ, મચકુંદ, કેતકી, માલતી, મરવો અને કમળ, આદિના છોડવાઓ પણ પ્રફુલ્લિત થયા.તેના વાસથી આકર્ષાઈને ભમરાઓ ત્યાં આવીને સુગંધ લઈ સુલલિત ગુંજારવ કરવા લાગ્યા અને બીજા અનેક જીવો પણ ત્યાં બહુ ગાન કરતા વિહાર કરી રહ્યા.

હવે જે સાધુ ત્યાં આવ્યા છે, તેમના વિષે કહે છે કે, તેમને દેહ ઉપર નિર્મમત્વ છે, તેઓ ગુરુ ઉપર વિનયવાન્ છે, નિત્ય શ્રુતના અભ્યાસી છે, ઉજ્વળ ચારિત્રવાળા છે, મહાશાંતિવાળા છે, સંસાર ઉપર [1]નિર્વેદયુક્ત છે, બાહ્ય અને આભ્યંતર એ બંને પ્રકારના પરિગ્રહના ત્યાગી છે, અને સાધુના ધર્મને જાણવાવાળા છે; તેમ જ સંયમમાર્ગમાં સાવધાન થઈ રહેલ છે. આ બતાવ્યાં તે (સાધુનાં) લક્ષણો સંસારને છેદવાવાળાં છે. કહ્યું છે કે : ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ, વાહન, શય્યા, આસન અને [2]કુપ્યનાં ભાંડ, એ દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ તથા મિથ્યાત્વ, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, ક્રોધ, માન, માયા અને લોભ. એ ચૌદ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ એ બે પ્રકારના પરિગ્રહથી રહિત હોય.

આવા ગુણવંત **સમાધિગુપ્ત ભટ્ટારક** (આચાર્ય)ને ભિક્ષાર્થે આવેલા દેખીને હળુકર્મી, શ્રદ્ધાદિ સાત ગુણે યુક્ત, એવા તે **સોમશર્મા** મંત્રીશ્વરે પ્રતિલાભ્યા. કહ્યું છે કે : જેને વિષે શ્રદ્ધા, સંતોષ, ભક્તિ, જ્ઞાન, નિર્લોભ, ક્ષમા અને સત્ય એ સાત ગુણો હોય છે, એવો દાતાર પ્રશંસાને પાત્ર છે. વળી સાધુયોગ્ય પાત્ર-ભાજન અને ઉચ્ચસ્થાનક-આસન આપવું, ચરણામૃત લેવું, પૂજન, પ્રણામ, મનોશુદ્ધિ, વચનશુદ્ધિ, કાર્યશુદ્ધિ અને [3]એષણાશુદ્ધિ, એ નવ ભેદે પુણ્ય થાય છે.

મુનિને જોઈને મંત્રી કહેવા લાગ્યા : 'અહો ! ધન્ય છે મને, કે આજે મેં સાક્ષાત્ તીર્થંકર જોયા. કહ્યું છે કે : હવે કલિયુગમાં ત્રણ જગતના રક્ષણહાર સમર્થ એવા કોઈ કેવળી તો રહ્યા નથી, પરંતુ કેવળી ભગવાનનાં પરમ વચન-આગમ-સિદ્ધાંત તો ભરતક્ષેત્રમાં (હાલ પણ) વિદ્યમાન છે, જે ત્રણ જગતના સ્વરૂપનો પ્રકાશ કરે છે, અર્થાત્ જગતમાં રહેલા સર્વ પદાર્થોનું નિરૂપણ કરે

(૧ વૈરાગ્ય - ઉદાસીનતા) (૨ ધાતુનાં) (૩ નિર્દોષ-દોષ વગરનો આહાર પ્રમુખ સાધુને મળે તેવી કાળજી:)

છે; તેમજ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ ઉત્તમ રત્નને ધારણ કરનારા (યાવત્ શાસનની પ્રભાવના કરનારા) મુનિવરો પણ અહીં વર્તે છે. તે આગમવાણીનું યથાર્થ આલંબન લેવું એ એની પૂજા જ છે અને જિનવચનની યથાર્થ સેવા, પૂજા, આદર, કરવાથી સાક્ષાત્ જિન જ પૂજ્યા જાણવા.

હવે મંત્રીએ મુનિને દાન દીધું, તેથી તેના ઘરમાં દેવતાઓએ પાંચ પ્રકારનાં આશ્ચર્ય પ્રગટ કર્યાં. દાનનું આવું ફળ જોઈને મંત્રી પણ મનને વિષે ચિંતવવા લાગ્યો. 'અહો ! વૈષ્ણવ ધર્મને વિષે મેં બહુ પ્રકારે ધર્મ-દાન કર્યાં, પણ કાંઈ આશ્ચર્ય દીઠું નહીં. અગ્નિ હોતૃને, કથા સાંભળવામાં આવેલાને, અભ્યાસીઓને, ધર્મ કહેનારાઓને, તપસ્વીઓને, ત્રિદંડીઓને અને યોગીંદ્રોને અનેક પ્રકારે દાન દીધેલાં છે; તેમજ સુવર્ણદાન, તલદાન, ગજદાન, રથદાન, દાસીદાન, પૃથ્વીદાન, ગૃહદાન, કન્યાદાન અને કપિલાધેનુદાન, એ નવ પ્રકારનાં મહાદાન પણ મેં દીધાં; પરંતુ કોઈ પ્રકારનું આશ્ચર્ય મેં દીઠું નહીં.'

આમ નિશ્ચય કરીને મંત્રીએ આચાર્યને પૂછ્યું : 'હે ભગવાન ! મેં ઘણાં દાન દીધાં, પરંતુ દાનફળનો અતિશય ક્યાંયપણ દેખ્યો નહીં તેનું કારણ શું ?' મુનિએ ઉત્તર આપ્યો. 'હે સચિવ ! તેઓ કુપાત્ર છે, આર્તધ્યાન-રૌદ્રધ્યાનવાળા છે, માટે તેમને દાન દેવાથી કંઈ ફલ થાય નહીં; પરંતુ જે અતિથિ આત્માને એટલે પોતાને તેમજ પોતાના આશ્રિત સેવકને તારે, તેનેજ દાન દેવું. કહ્યું છે કે : જે પાપ-દોષરહિત નિષ્પાપ-નિર્દોષ માર્ગે પોતે પ્રવર્તે, તેમજ બીજા ભવ્યજનોને તેવા જ માર્ગમાં પ્રવર્તાવે, પોતે સર્વ વસ્તુને વિષે નિસ્પૃહિ હોય, તેને જ આત્મહિત વિચારનાર માણસે સેવવા. કારણ કે તેવા જ પોતે તરે છે અને બીજાને તારવાને સમર્થ છે. વળી કહ્યું છે કે : સ્વર્ગ અથવા મોક્ષપદ પામવાની કામનાવાળા જનોએ શીલ-સદાચારવંત સજ્જન સંત સાધુજનો પ્રત્યે પ્રણામ કરીને (વિવેકસહિત) દાન દેવું, જેનાથી બંધ-મોક્ષ પ્રગટ સમજાય એવું તત્ત્વજ્ઞાન મેળવવું, અને જેના રાગ દ્વેષાદિક સઘળા દોષો સમૂળગા ક્ષીણ થયેલા હોય એવા જ દેવને સેવવા. ઉક્ત, દાન, જ્ઞાન અને સેવાભક્તિ, આત્માની ઉન્નતિ સહેજે સાધી આપે છે; પરંતુ વિવેક વગર કરેલાં તે જ જીવને ક્લેશકારી થાય છે. માટે દાનાદિકમાં વિવેક-વિચારની ખાસ જરૂર છે. વળી ઉત્તમ મધ્યમ અને જઘન્ય, એ ત્રણે પાત્રોને, ઔષધદાન, અભયદાન, આહારદાન અને શાસ્ત્રદાન, ઇત્યાદિ દાન યથાયોગ્ય રીતે દેવાં. કહ્યું છે કે : સાધુ એ ઉત્તમ

પાત્ર છે, શ્રાવક એ મધ્યમ પાત્ર છે, અને બીજા સમ્યકદ્રષ્ટિ જીવો છે તેને જઘન્ય પાત્ર જાણવા. વળી કહ્યું છે કે : અભયદાન દેવાથી આવતે ભવે નિર્ભયપણું મળે છે, આહારનું દાન દેવાથી ભોગ મળે છે, ઔષધદાનથી નિરોગી શરીર મળે છે, અને શાસ્ત્રદાન દેવાથી કેવળીપણું મળે છે, પણ કુપાત્રને દાન દેવાથી તો મનુષ્ય પોતાના આત્માનો અને પરનો પણ વિનાશ કરે છે. અગ્નિમાં હોમેલી વસ્તુની પેઠે અપાત્રને દીધેલું દાન વ્યર્થ જાય છે. જેવી રીતે ખારવાળા ક્ષેત્રને વિષે વાવેલાં બીજને ફળ થતાં નથી, તેવી રીતે અપાત્રને દીધેલું દાન પણ નિષ્ફળ સમજવું. જેવી રીતે એકજ વાવનું પાણી હોય, પણ તે શેલડીને પાવાથી મીઠો રસ આપે અને લીંબડાને પાવાથી કડવો રસ આપે; તેવી જ રીતે પાત્ર કુપાત્રને આપેલા દાનનું સમજવું. પાત્રે પાત્રે મ્હોટું અંતર હોય છે. કહ્યું છે કે : જુઓ ! **સ્વાતિ નક્ષત્રમાં પડેલું જળ તો એક જ છે, પણ તે સર્પના મુખમાં પડે તો વિષ થાય છે, અને છીપમાં પડે તો મોતી થાય છે. એ પ્રમાણે પાત્ર કુપાત્રનો અંતર સમજવું.'**

વળી મંત્રીએ પૂછ્યું : 'હે ભગવન્ ! જેવી રીતે મને મુનિદાનથી અતિશય ફળ સંપ્રાપ્ત થયું, તેવી રીતે બીજા કોઈને થયું હોય એવું આપે દીઠું કે સાંભળ્યું છે ?' ગુરુએ ઉત્તર આપ્યો : 'દક્ષિણ દિશામાં **બેન્નાતટપુર** નામે નગર છે, ત્યાંનો રાજા **સોમપ્રભ** છે અને રાણી **સોમપ્રભા** છે. તે રાજા બ્રાહ્મણોનો ભક્ત છે. 'બ્રાહ્મણો વિના બીજા કોઈ તારનારા નથી.' એમ તે માનતો. કહ્યું છે કે : ગાય, વિપ્ર, દેવતા, સતી, સત્યવાદી, અલુબ્ધ અને દાતાર, એ સાતથી આ પૃથ્વિ ધારણ થએલી છે.

એકદા તે રાજા ચિંતવવા લાગ્યો : 'અહો ! મેં બહુ દ્રવ્ય ઉપાર્જન કર્યું છે. તો તે દ્રવ્યનો દાનાદિ ઉપયોગ કરવો જોઈએ; નહિં તો તેનો નાશ થશે. કહ્યું છે કે : દાન, ભોગ અને નાશ એ ત્રણ દ્રવ્યની ગતિ છે; માટે જો દાન ન દે, કે પોતે ન ભોગવે, તો તે દ્રવ્યની ત્રીજી ગતિ અર્થાત્ નાશ થાય છે.' એમ વિચાર કરીને તેણે બહુસુવર્ણ નામે યજ્ઞ કરવા માંડ્યો. તે યજ્ઞના આરંભમાં, વચમાં અને છેવટે, બ્રાહ્મણોને બહુ દ્રવ્ય દેવા લાગ્યો.

હવે યજ્ઞશાળાની સમીપે ભોગોપભોગના નિયમવાળા, સંયમાદિ ગુણોએ યુક્ત અર્થાત્, યમ નિયમ પાળનારા, વસ્તુને વિષે નિસ્પૃહિ અને યાવજ્જીવ દયા પાળવાના નિયમવાળા **વિશ્વભૂતિ** નામે બ્રાહ્મણનું ઘર હતું,

તેને સત્યશ્રી નામની સતી સ્ત્રી હતી. કહ્યું છે કે, **'જે એકવાર વપરાશમાં આવે તે ભોગ, વારંવાર વપરાશમાં આવે તે ઉપભોગ. ભોજન વગેરે ભોગ કહેવાય. આભૂષણ વગેરે ઉપભોગ કહેવાય.'** યમ અને નિયમ આ બે પૂર્વક વસ્તુ ત્યજવાની હોય છે. **કાયમ માટે ત્યાગ કરવો તે યમ જાણવો અને થોડો સમય માટે છોડવું તે નિયમ કહેવાય.** એકદા તે બ્રાહ્મણે ક્ષેત્રમાં જઈને કપોતવૃત્તિથી (વીણી વીણીને) જવ આણ્યા, તેને શેકીને વાટ્યા, તેનો આટો કરીને પાણી સાથે મેળવીને તેણે તેના ચાર પિંડ બનાવ્યા, તેમાંથી એક પિંડ પોતે ભોજનને અર્થે રાખ્યો, ત્રીજો પિંડ પોતાની સ્ત્રીને માટે રાખ્યો, અને ચોથો પિંડ અતિથિને માટે રાખ્યો. કહ્યું છે કે : **થોડામાંથી પણ થોડું દાન કરવું, પરંતુ મ્હોટા ઉદય માટે વ્યાક્ષેપ કરવો નહીં; કારણ કે, કોઈને ઈચ્છાને અનુસરતી શક્તિ ક્યારે થાય છે ? અર્થાત્ કોઈને પોતાની ઈચ્છા પરિપૂર્ણ થાય એવી શક્તિ થતી નથી.**

વિશ્વભૂતિ આ પ્રમાણે કાળ નિર્ગમન કરે છે. એકદા તેને ઘેર **પિહિતાશ્રવ** નામના મુનિ ભિક્ષાર્થે આવ્યા, તેથી વિશ્વભૂતિ બહુ આનંદ પામ્યો અને તેણે તેમને પોતાને માટે રાખેલો પિંડ વહોરાવ્યો; સ્ત્રીએ પણ પોતાનો પિંડ વહોરાવ્યો; અતિથિ પિંડ રાખ્યો હતો તે પણ સાધુને વહોરાવ્યો; મુનિએ પણ તેમનો ચઢતો ભાવ જાણીને તે ગ્રહણ કર્યો. પછી તેણે કહ્યું. 'હે મુને ! આજે આપને પ્રસાદે મ્હારો જન્મ સફળ થયો. કહ્યું છે કે : **'આજ્ઞાપાલક પુત્રો, આજીવિકા આપનાર વિદ્યા, નિરોગીપણું, સજ્જનોનો સંગ, મનગમતી અને આજ્ઞાધીન ભાર્યા, આટલાંવાનાં દુઃખના મૂળને છેદનારાં છે.'** પછી ત્યાં તો તે દાનના પ્રભાવે રત્નની વૃષ્ટિ તેમજ સુગંધી પુષ્પની વૃષ્ટિ થઈ, સુગંધી વાયુ વાયો, દેવદુંદુભિનો નાદ થયો અને 'સારૂં દાન દીધું, સારૂં દાન દીધું' એમ દેવતાઓ બોલવા લાગ્યા. આવા આવાં આશ્ચર્ય દેવતાઓએ કર્યા. કહ્યું છે કે : સુગંધી પાણીની વૃષ્ટિ, ફૂલની વૃષ્ટિ, બારક્રોડ સોનૈયાની વૃષ્ટિ, ચીરપટકૂળાદિની વૃષ્ટિ, અને અહોદાન અહોદાન એવા શબ્દો, એ પંચદિવ્ય મહામુનિએ દાન દેવાથી પ્રગટ થાય છે. પછી મિથ્યાદ્રષ્ટિ બ્રાહ્મણો રાજા પાસે જઈને કહેવા લાગ્યા. 'હે રાજન્ ! આપના યજ્ઞને પ્રભાવે આ વૃષ્ટિ થઈ.' તે સાંભળી રાજા સંતુષ્ટ થયો. બ્રાહ્મણો તે રત્નો લેવા લાગ્યા એટલે તે કોયલા થઈ ગયા ! ત્યારે તેમનામાંનો એક વિપ્ર બોલ્યો. 'હે દેવ ! આ વૃષ્ટિ થઈ

તે આપણા યજ્ઞને પ્રભાવે નથી થઈ; એ તો વિશ્વભૂતિ બ્રાહ્મણે મુનિને દાન દીધું તે દાનનું ફળ છે.'

મુનિને દાન દેવાનું આવું માહાત્મ્ય સાંભળી લઘુકર્મા સોમપ્રભ રાજા વિચારવા લાગ્યો કે, શુભ ભાવનાએ સંયુક્ત એવા મુનિજનોને જ દાન આપવું એ જ યોગ્ય છે, પણ આર્તરૌદ્ર ધ્યાનવાળા ગૃહસ્થિઓને આપવાથી નહીં; કારણ કે, તેમને શુભભાવ હોતો નથી. કહ્યું છે કે : **ગંગા અને સિંધુ નદીના પ્રવાહ જેવા દાનેશ્વરી, સંઘનો ઉદ્ધાર કરવામાં સમર્થ અને વિમળ બુદ્ધિવાળા, એવા સાધુ શ્રાવક તો આગળ થઈ ગયા. હવે જે રહ્યા છે તેઓ આ કલિયુગરૂપી ગ્રીષ્મઋતુમાં ખાબોચીયા જેવા છે, અને વળી તેઓ મહિષની પેઠે યોગ્યાયોગ્યના વિચારથી રહિત હોય છે.** અર્થાત્ પાત્ર અપાત્રના વિચારથી રહિત હોય છે. કહ્યું છે કે : **ગૃહસ્થ લોક શીળ પાળી શકતા નથી અને તપસ્યા તેમ જ ક્ષમા કરી શકતા નથી, તથા આર્તધ્યાનને લીધે બુદ્ધિ મલીન થવાથી તેમનાથી સારી ભાવના પણ ભાવી શકાતી નથી; એવા ઘણા નિપુણ વિચારથી નિશ્ચય થયો છે કે, દાનના મજબૂત ટેકા વિના સંસારરૂપ કૂવામાંથી નિકળી શકાય નહીં.** એ પ્રકારે મુનિઓને દાન આપવું તે ગૃહસ્થિઓને મુક્તિનું કારણ થાય છે. કહ્યું છે કે : **સુર અને અસુરોના સર્વ ઇંદ્રોએ પૂજેલા એવા મુનિરાજ ત્રણ જગતમાં ઉદ્યોત કરવા માટે મુક્તિના કારણરૂપ ત્રણ રત્નો (જ્ઞાન, દર્શન અને ચારિત્ર)ને ધારણ કરે છે, તે સાધુઓની આજીવિકા, જેમણે ભક્તિથી આપેલા અન્ન વડે થાય છે, તેવા ગુણવંત સારા ગૃહસ્થોનો ગૃહસ્થધર્મ કોને પ્રિય ન લાગે ?'**

પછી હાથ જોડીને રાજાએ વિશ્વભૂતિને કહ્યું : 'હે વિશ્વભૂતિ ! મુનિને દાન દેવાનું તને જે ફળ પ્રાપ્ત થયું, તેનું અર્ધું ફળ તું મને આપ અને બહુસુવર્ણ યજ્ઞનું અર્ધું ફળ તું (તે બદલે) ગ્રહણ કર.' વિશ્વભૂતિએ કહ્યું : 'હે રાજન્ ! જેન દાનથી સ્વર્ગાદિ પ્રાપ્ત થાય છે, તે દાનનું ફળ કેમ આપી શકાય ?' રાજાએ કહ્યું : 'તું દરિદ્ર છે માટે જોઈએ તેટલું દ્રવ્ય લઈને એ તને પ્રાપ્ત થએલા દાનના ફલમાંથી અર્ધું ફલ મને આપ.' ત્યારે વિશ્વભૂતિએ કહ્યું : 'હે રાજન્ ! દારિદ્રથી પીડિત એવો પણ સત્પુરુષ કદી નીતિનો ત્યાગ કરીને શું અન્યથા વર્તે ? અર્થાત્ ન વર્તે. કહ્યું છે કે : ક્ષુધા અને તૃષાએ કરીને વ્યાકુળ, શિથિલ થઈ ગએલો, દુ:ખી અવસ્થાને પ્રાપ્ત થએલો, યાવત્ તેજ (કાંતિ) હીન બનેલો,

અને પ્રાણ પણ જવાને તત્પર થઈ રહ્યા હોય, એવી દશામાં પણ માન અને મહત્વમાં અગ્રેસર જે કેસરી, તે ભેદાએલા કુંભસ્થળવાળા હસ્તિઓનું માંસ ખાવાની ઈચ્છા છોડીને કદી જીર્ણ એવું તૃણ શું ખાય ખરો ? અર્થાત્ ન ખાય. માટે હે રાજન્ ! સ્વર્ગ અને મોક્ષને આપનાર એવાં જે આહારદાન, અભયદાન, ઔષધદાન અને શાસ્ત્રદાન, તે દ્રવ્ય વડે ન વેચવાં.'

પછી રાજાએ મુનિ પાસે જઈને કહ્યું : 'હે મુને ! આ પ્રકારનાં જે ચાર દાન છે, તે ગૃહસ્થ કેવી રીતે આપે ?' મુનિએ કહ્યું. 'હે રાજન્ ! આહારદાન દેહ ધરવા નિમિત્તે અપાય છે, માટે આહારદાન મુખ્ય કહેવાય છે. કહ્યું છે કે : સહસ્ર ગજદાન, રથદાન, અશ્વદાન, ગાય, ભૂમિ, કનક, રૂપું એના પાત્રનું દાન, સમુદ્રના અંતપર્યંત પૃથ્વીદાન, અને દેવકન્યાસમાન ઉભયકૂળ વિશુદ્ધ એવી કન્યાનું દાન દે; પણ તે દાન, આહારદાન સમાન હોય નહીં. વળી ઔષધદાન પણ દેવું, જેથી રોગનો નાશ થાય. રોગનો વિનાશ થયે છતે (મહાત્મા પુરુષ) તપ, જપ અને સંયમનું સુખે સેવન કરી શકે. તેમજ વળી તે (અનુક્રમે) સકળ કર્મનો ક્ષય કરીને અક્ષય-અવ્યાબાધ-મોક્ષપદને પણ પામી શકે. તેવા મતલબથી ઔષધદાન (પણ અવશ્ય) આપવું જોઈએ. કહ્યું છે કે : 'રોગી જનોને ઔષધ-ભેષજ દેવું જોઈે. નહીં તો રોગ દેહનો નાશ કરી નાંખનારો થાય છે. દેહનો નાશ થઈ જાય તો પછી તત્ત્વજ્ઞાન ક્યાંથી પમાય ? અને તત્ત્વજ્ઞાન વગર આત્માનો મોક્ષ કેમ થાય ? અપિતુ ન જ થાય.' દ્વારિકા નગરીમાં વાસુદેવે પૂજ્ય મહાત્માને ઔષધદાન દીધું, તે દાનના ફળ વડે તેણે તીર્થંકર ગોત્ર નામ કર્મ ઉપાર્જન કર્યું. એટલા માટે ઔષધદાન પણ દેવું જોઈએ. તેવીજ રીતે અભયદાન પણ પ્રાણીઓને આપવું જોઈએ. જે એક જીવનું પણ રક્ષણ કરે છે તે સદા નિર્ભય થાય છે, તો પછી સર્વ જીવોનું રક્ષણ કરે તેનું તો કહેવું જ શું ? તે તો સદાય નિર્ભય જ જાણવો. કહ્યું છે કે : 'સર્વદા સર્વ પ્રાણીઓને અભયદાન આપવું, કેમ કે અભયદાન દેવાથી જીવ આ ભવમાં જ નિર્ભય થાય છે.' વળી 'ગાયનું દાન, ભૂમિનું દાન અને સુવર્ણનું દાન કોઈ એક આપે, પરંતુ તે એક જીવને જીવિતદાન કહો કે અભયદાન આપે તેની બરોબરી કરી શકે નહીં. મતલબ કે અભયદાનનું ફળ ઘણું જ મ્હોટું કહ્યું છે.' આ પ્રસંગે યમ, પાસ નામના બે ચંડાળોની કથા તેમજ ભવદેવ અને કૈવર્તક (મચ્છીમાર)ની કથા ગ્રંથાંતરથી જાણી લેવી.

જીવદયાની ઉપેક્ષા કરીને સર્પને દૂધ પાવાની પેઠે જે અપાત્રને દાન દે છે તે નિષ્ફળ જાય છે; એટલે કે તેવું દાન વિષરૂપ થાય છે. કહ્યું છે કે, **'સાપને આપેલું દૂધ જેમ ઝેર બને છે, તેમ અપાત્રને આપેલું જે દાન છે તે ઝેર જેવું બની જાય છે.'**

હવે ચોથું જે શાસ્ત્રદાન તે આપવાથી પણ જીવ આવતે ભવે નવતત્વ, ષટ્દ્રવ્ય અને પંચાસ્તિકાયનો જાણનારો થાય. તથા દેવ, ગુરુ અને ધર્મના માર્ગનો નિશ્ચે જાણકાર થાય. વળી જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ એ ત્રણ રત્નોનો પણ જાણ થાય. લોકાલોકનું સ્વરૂપ પણ જાણે. છેવટે તેમ કરવાથી કર્મનો ક્ષય કરી મોક્ષપદ પણ પામે. કહ્યું છે કે : પોતે લખીને અથવા બીજા પાસે લખાવીને શાસ્ત્રના પુસ્તોનું દાન દેવું. તેમ કરવાથી સાધુ તેનું વ્યાખ્યાન કરે અથવા પોતે અભ્યાસ કરે, તેમજ જ્ઞાનની વૃદ્ધિ કરે. વળી શાસ્ત્રનું દાન દેવાથી જીવ બીજે ભવે શાસ્ત્રને ધારણ કરનારો થાય છે ને મોક્ષ પ્રામ કરે છે; માટે શાસ્ત્રનું દાન એ પણ ઉત્તમ છે.' ચારે દાનનું આવું ફળ જોઈને તથા સાંભળીને સોમપ્રભ રાજાએ કહ્યું : 'હે મુને ! મને જૈનમાર્ગનાં જે વ્રત છે તે ઉચ્ચંરાવો.' પછી મુનિએ એ વ્રત આપ્યાં અને રાજાએ સ્વિકાર્યાં.

હવે કર્યો છે જૈનધર્મ અંગિકાર જેણે એવો તે રાજા કહેવા લાગ્યો : 'હે સાધો ! કયા કયા પ્રકારનું દાન દેવું ? અને તે કોને આપવું ?' ત્યારે મુનિએ કહ્યું : 'સિદ્ધાંતને વિષે પ્રરૂપેલાં દાન શીલવંત-સાધુજનોને પ્રણામ કરીને દેવાં, એટલે કે કીર્તિ નિમિત્તે દાન ન દેવું; વળી ભય જાણીને કે ઉપકાર નિમિત્તે દાન ન આપવું; તેમજ નૃત્ય ગીત કરનારને પણ ન આપવું. વળી ગૃહસ્થે વિધિ પ્રમાણે અને દ્રવ્ય, ક્ષેત્ર તથા કાળ ભાવ જોઈને યથાપાત્રને પોતાની શક્તિને અનુસારે દાન દેવું. વિરતિ, ક્ષમાએ કરીને સહિત અને કષાય રહિત એવા મુનિને વિવિધ દાન દેવાથી મ્હોટું પુણ્ય ઉપાર્જન થાય છે. વળી ઉચ્છિષ્ટ (એઠું) નીચ લોકને લાયક, અન્યને ઉદ્દેશીને કરેલું, દુર્જને સ્પર્શ કરેલું, તેમજ દેવ યક્ષાદિકને કલ્પેલું, એવું જે અન્ન તેનું દન દેવું નહીં. વળી બીજે ગામથી આણેલું, મંત્ર તંત્ર કરીને આણેલું, અપથ્ય અને ઋતુને વિરુધ એવું જે અન્ન તેનું પણ દાન દેવું નહીં; પરંતુ બાળને, ગ્લાનને, તપથી ક્ષીણ થએલાને, વૃદ્ધને, વ્યાધિગ્રસ્તને અને તપશ્ચર્યા કરનાર મુનિને દાન દેવું. કારણ કે તેમ કરવાથી તેઓ પાછા સમર્થ થાય છે. મૂર્ખને, અભિમાનીને, અવિનીતને

અને પરનિંદા કરનારને નિશ્ચે દાન દેવું નહીં. વળી સાધુએ અભક્ત, અભિમાની, અવ્રતિ તથા દીનતાના કારણ એવા લોકોના ઘેરથી આહાર લાવવો નહીં.'

આ સર્વ સાંભળીને **સોમપ્રભ** રાજા અતિ દ્રઢ શ્રાવક થયો, ઇંદ્રિઓને વશ કરી કૃતજ્ઞ અને વિનયવંત થયો, કષાયરહિત અને શાંત થયો, સમ્યકદ્રષ્ટિ તથા મહાપવિત્ર એવો થયો. વળી તે શ્રદ્ધાળુ, ભક્તિમાન, ષટ્કર્મમાં તત્પર, સિદ્ધાંત, શીળ, તપ, દાન અને પ્રભુની પૂજાને વિષે સાવધાન થયો. આવા ગુણોએ કરીને યુક્ત સોમપ્રભ રાજા કાળે કરી ઉગ્ર તપ કરતો બહુ સુખી થયો.'

આ સર્વ વૃત્તાંત જયારે **સોમશર્મા** મંત્રીએ સાંભળ્યો, ત્યારે તે પણ કહેવા લાગ્યો : 'હે ભગવન્ ! હવે મ્હારે આપનું જ શરણ છે. મને જૈનધર્મ અંગિકાર કરાવીને તારો.' તે ઉપરથી મુનિએ તેને પણ શ્રાવકનાં બારવ્રત ગ્રહણ કરાવ્યાં. તે સ્વિકારીને મંત્રી બોલ્યો. 'હે ગુરુ ! હવે આ ભવને વિષે લોહશસ્ત્ર ન રાખવાનો હું નિયમ કરૂં છું.' પછી તેણે કાષ્ટનું ખડ્ગ કરાવીને તેને મનોજ્ઞ મ્યાનમાં રાખવા માંડ્યું. એમ કરતાં રાજાની સેવામાં ઘણો કાળ ગયો.

એકદા કોઈ દુષ્ટ માણસે જઈને રાજાને કહ્યું. 'હે રાજન્ ! આપનો સચિવ કાષ્ટના ખડ્ગથી આપની સેવા કરે છે, તો તે યુદ્ધને વિષે લોહના શસ્ત્ર વિના શત્રુઓને કેવી રીતે હણી શકશે ? માટે હવે તેને તમારો ભક્ત નહીં સમજતા.' આવા પુરુષો વિષે કહ્યું છે કે : **તેઓ પોતાના ગુણ તથા પ્રાણનો પણ ત્યાગ કરીને પારકા સુખમાં વિઘ્ન લાવે છે. જેવી રીતે કે, માખી છે તે ઝટ અન્નના કોળીઆમાં પડીને પણ માણસને વમન કરાવે છે.** પેલા દુષ્ટ પુરુષનાં વચન સાંભળીને રાજા તે વખતે કાંઈ બોલ્યો નહીં, પણ કોઈ અવસરે તેણે સભામાં ખડ્ગની વાત કાઢી; એટલે સર્વ રાજકુમારોએ પોતપોતાની તલવાર બહાર કાઢીને રાજાને બતાવી. પછી તેણે પોતાના મંત્રી સોમશર્માની તલવાર જોવા માગી. મંત્રી તો તેનો મનોભાવ જાણી ગયો, તેથી તેણે વિચાર્યું કે, 'આ કોઈ દુષ્ટ પુરુષનું કામ છે, નહીં તો રાજા, મ્હારા ખડ્ગની પરિક્ષા કરવાનું શું કામ ઈચ્છે ? કહેલા શબ્દો તો પશુ પણ ગ્રહણ કરે. હસ્તિ, અશ્વ વિગેરે પણ પ્રેર્યાથી તો આગળ ચાલે, પણ અણકહેલું તો પંડિત પુરુષો જ સમજી જાય; કારણ કે, પારકા મનોભાવ જાણી લેવા એ બુદ્ધિનું જ ફળ છે.' એટલે તેણે મનમાં દેવ-ગુરુનું સ્મરણ કર્યું કે, 'જો મને

દેવ-ગુરુને વિષે દ્રઢ શ્રદ્ધા હોય તો આ મ્હારૂં કાષ્ટનું ખડ્ગ છે, તે લોહમય થઈ જાઓ.' એમ ધારણા કરીને તેણે મ્યાન રાજાના હાથમાં આપ્યું. રાજાએ તેમાંથી તલવાર બહાર કાઢી, તો તે સૂર્યસમાન દેદિપ્યમાન અને લોહમય દીઠી ! એટલે તેણે પેલા દુષ્ટ પુરુષને કહ્યું. 'હે દુષ્ટ ! તે મને સર્વ વાત અસત્ય કહી.' બુદ્ધિવાળા પુરુષો પોતાના ગુણ અને પારકા દોષ ક્યાંય પણ પ્રગટ કરતા નથી; પરંતુ નીચજનો જ તેમ કરે છે.

પછી મંત્રીએ રાજાને કહ્યું : 'હે રાજન્ ! રાજાની પાસે કોઈ પણ માણસ અસત્ય ભાષણ કરે નહીં, માટે કોપ ન કરો. એણે આપને જે કહ્યું હતું તે ખરૂં જ હતું.' રાજાએ વિચાર્યું. 'અહો ! આ મંત્રી બહુ ઉત્તમ પુરુષ છે. કારણ કે, તે અપકારી ઉપર પણ ઉપકાર કરે છે. ઉત્તમ જનો જે છે તે પોતાનું બૂરૂં કરનારનું પણ ભલું ઈચ્છે છે. તે પુરુષોને ધિક્કાર થાઓ ! કે જેઓ ન્યાય કરનારનું પણ અશુભ ચિંતવે છે.'

પછી રાજાએ સચિવને કહ્યું. 'હે સચિવ ! આ ખડ્ગ કાષ્ટનું હતું, તે લોહમય કેવી રીતે થયું ? તે કહો.' તે ઉપરથી તેણે સર્વ વૃત્તાંત કહી બતાવ્યો કે, 'મ્હારે લોહશસ્ત્રનો નિયમ છે, તેથી મેં કાષ્ટનું ખડ્ગ કરાવીને રાખ્યું છે, તે હમણાં દેવ ગુરુના પ્રભાવથી લોહમય થઈ ગયું છે; માટે હે રાજન્ ! મને ક્ષમા કરો.' એ સાંભળીને લોકો મંત્રીની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. દેવતાઓએ પણ પાંચ આશ્ચર્ય ઉત્પન્ન કરીને તેની ઉન્નતિ ઈચ્છી.

આ સર્વ ધર્મનું માહાત્મ્ય દેખીને તથા સાંભળીને **અજિતજય** રાજા લોકોને કહેવા લાગ્યો : 'અહો ! જૈનધર્મ સિવાય બીજો ધર્મ દુર્ગતિનું નિવારણ કરતો નથી. ધર્મ દુર્ગતિરૂપી આપત્તિને દૂર કરનારો છે; અત્યંત દુ:ખરૂપી દાવાનળની જ્વાળાને માટે મેઘ સમાન છે; પ્રાણીઓને સુખ આપવામાં અગ્રેસર છે, અને મુક્તિ નગરીમાં જતાં નથતી અડચણને દૂર કરનારો છે; માટે તે ધર્મના જ વ્યાપારમાં પ્રત્યેક જીવે આદર કરવો.'

હવે રાજા તો વૈરાગ્યમાં તત્પર થયો, તેથી તેણે પોતાના પુત્ર **જયને** રાજ્ય સોંપ્યું. મંત્રી **સોમશર્માએ** પણ પોતાના પુત્ર **દેવશર્માને** મંત્રીપદે સ્થાપ્યો. પછી રાજા અને મંત્રી બન્નેએ **સમાધિગુપ્ત** આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. કેટલાકે શ્રાવકપણું અંગિકાર કર્યું. કોઈક ભદ્રપરિણામી થયા. વળી રાણી **સુપ્રભા** અને મંત્રી પત્નિ **સોમાએ** પણ બીજી સ્ત્રીઓની સંગાથે **અભયમતિ**

સાધ્વી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.

(વિષ્ણુશ્રી પોતાના સ્વામી પ્રત્યે કહે છે) :

'હે સ્વામિન્ ! આ સર્વ મેં પ્રત્યક્ષ દીઠું છે, ત્યાર પછી મ્હારૂં સમકિત વધારે દ્રઢ થયું છે.' એટલે **અર્હદ્દાસે** પણ 'તે સર્વ ઉપર મ્હારી પૂર્ણ શ્રદ્ધા છે.' એમ કહ્યું. બીજી સ્ત્રીઓએ પણ તે વાતની સત્યતા કબૂલ કરી, પરંતુ કુંદલતાએ વાત માન્ય રાખી નહીં. એણીએ તો એમ જ કહ્યું, 'હું આ વાત પર ભરોસો કરતી નથી.'

રાજા, મંત્રી અને ચોર, એ સર્વેએ પણ આ વૃત્તાંત સાંભળ્યો, એટલે તેઓ પણ પોતપોતાના હૃદયને વિષે વિચારવા લાગ્યા. 'આ વિષ્ણુશ્રીએ જે પ્રત્યક્ષ જોયું છે, તેને આ દુષ્ટા કુંદલતા કેમ અસત્ય માને છે ?' તેથી રાજાએ નિશ્ચય કર્યો કે, 'એણીને ગધેડા ઉપર બેસાડીને કાઢી મૂકીશું.' ચોરે પણ વિચાર્યું કે, 'ખળ લોકો જાતે ઉત્તમ છતાં પણ પોતાનો સ્વભાવ ત્યજતા નથી. જુઓ કે શીતળ એવા ચંદન વૃક્ષથી ઉત્પન્ન થએલો અગ્નિ પોતાની દાહશક્તિનો સ્વભાવ ત્યજતો નથી. અર્થાત્ તે અગ્નિ ચંદનવૃક્ષને બાળ્યા વિના રહેતો નથી.'

**(ઇતિ ચોથી સોમશર્મા મંત્રીની કથા.)**

❀ ❀ ❀ ❀ ❀

હવે શ્રેષ્ઠી **અર્હદ્દાસ** પોતાની **નાગશ્રી** નામની ચોથી સ્ત્રી પ્રત્યે કહે છે : 'હે પ્રિયે ! તને પણ સમકિત કેવી રીતે પ્રાપ્ત થયું ? તે કથા કહે.' તે ઉપરથી તે કહેવા લાગી :

## ❀ મુંડિકા અને ભગદત્ત રાજા ❀

કાશી દેશમાં **વારાણશી** નગરીને વિષે **સોમવંશનો જિતારિ રાજા** રાજ્ય કરતો હતો, તેને **કનકચિત્રા** નામે રાણી અને **મુંડિકા** નામે પુત્રી હતી. એ મુંડિકા નિરંતર મટોડી (માટી) ખાય છે, તેથી તેણી મૃતિકાના વિકારના રોગે કરીને પીડિત હતી. રાજાને **સુદર્શન** નામે મંત્રી હતો, તે મંત્રીને **સુદર્શના** નામે સ્ત્રી હતી.

એકદા **વૃષભશ્રી** નામે સાધ્વીએ મુંડિકાને પ્રતિબોધ પમાડીને જૈનધર્મી કરી. કહ્યું છે કે : ચંદ્રમા પોતાના કિરણોથી કમળ પુષ્પને ખીલાવે છે, તે

કંઈ સામો ઉપકાર લેવાની ઈચ્છાથી નથી ખીલવતો; પણ એતો ઉદાર જનોનો સ્વભાવ જ એવો છે. સજ્જનોનું જીવિત પરોપકારને અર્થે જ છે. એ મુંડિકા નિરતિચારપણે શ્રાવકનાં વ્રત પાળવા લાગી, એટલે તો તે વ્રતના માહાત્મ્યને લીધે નિરોગી અને મહા રૂપવતી થઈ. કહ્યું છે કે : ઉત્તમ આશ્રયને લીધે જડપ્રાણી પણ પંડિતપણું ધારણ કરે છે. જેવી રીતે કે, જળને બહુ ધારાનો સંગમ થવાથી (ધારાબંધ વર્ષાદ વરસવાથી) તે પર્વતના મસ્તકને પણ ભેદે છે.

પછી મુંડિકાએ સાધ્વીને કહ્યું : 'હે માત ! આપના પ્રસાદથી હું નિરોગી થઈ.' તે ઉપરથી સાધ્વીએ કહ્યું : 'નિરોગી થઈ તેમાં શું નવાઈ ? જે જે પ્રાણી નિરવદ્ય વ્રત પાળે છે, તે તે સ્વર્ગાદિકના પણ ભોક્તા થાય છે. સમ્યક્ પ્રકારે વ્રત પાળનારને રાજાની, ઇંદ્રની, અને મુનીંદ્રની સંપત્તિ પ્રાપ્ત થાય છે. વળી તે પ્રાણી કેવલીની લક્ષ્મીનો ભોક્તા થાય છે અને સિદ્ધિવધુને વરે છે.' ત્યારપછી જિતારિ નૃપતિએ પોતાની પુત્રી (મુંડિકા)નો સ્વયંવર રચ્યો અને સર્વદેશના રાજકુમારોને નિમંત્રણ કર્યું, પણ મુંડિકાને કોઈ પસંદ પડ્યો નહીં. તે ઉપરથી સર્વ કુમારો પોતપોતાને સ્થાનકે પાછા ગયા.

હવે મગધ દેશમાં **ચક્કોટ** નામના નગરને વિષે મહા દાનેશ્વરી અને રૂપ લાવણ્યાદિગુણે યુક્ત પણ જાતિહીન એવો ભગદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો, તેને **લક્ષ્મીવતી** નામે રાણી હતી, **સુબુદ્ધિ** નામે મંત્રી હતો, તે સુબુદ્ધિ મંત્રીને **ગુણવતી** નામે સ્ત્રી હતી. આ ભગદત્ત રાજાએ એકદા મુંડિકાનું માગું કર્યું, ત્યારે જિતારિ રાજાએ કહ્યું. 'હે જાતિહીન ! ઉત્તમ કુળના રાજપુત્રોને ત્યજીને તને પાપિષ્ટને તે હું પુત્રી આપું ?' ત્યારે ભગદત્તે કહ્યું. 'હે રાજન્ ! જાતિ કે કૂળનું શું કામ છે ? ગુણ જ જોવા જોઈએ. **જુઓ કે રેશમ જેવી ઉત્તમ વસ્તુ કીડા થકી ઉત્પન્ન થાય છે; સુવર્ણ પણ પત્થરમાંથી નિકળે છે; દુર્વા ગાયના વાળથી થાય છે; કમળ કાદવમાંથી ઉત્પન્ન થાય છે; ચંદ્રમા સમુદ્રમાંથી જન્મ પામ્યો છે; કમળ કાદવમાંથી ઉગે છે; અગ્નિ કાષ્ટમાંથી નિપજે છે; મણી સર્પના મસ્તકમાંથી નિકળે છે; ગોરોચના ગાયના શૃંગમાંથી નિકળે છે. આ પ્રમાણે સર્વ વસ્તુ લોકમાં પોતાના ગુણ થકી જ પૂજાય છે.** તેમનું ઉત્પત્તિસ્થાન કંઈપણ જોવાતું નથી. **વળી કસ્તૂરીનું દ્રષ્ટાંત લો. જુઓ, તેનું જન્મસ્થાન ઉત્તમ નથી, તેનો વર્ણ પણ સુંદર**

**નથી; વળી શરીર ઉપર વિલેપન કરવાથી તે કાદવ સરખી લાગે છે, છતાં પણ તે સર્વ સુગંધિ દ્રવ્યોમાં શ્રેષ્ઠ છે; એટલે એ સુગંધ ગુણવાળીને જાતિ જરાએ કામની નથી.'** તેમ છતાં જો તમને મુજને તે કન્યા નહીં આપશો તો પછી બળાત્કારથી પણ હું તેણીને ગ્રહણ કરી લઈશ.

આ સર્વ સાંભળીને જિતારિ રાજાએ કહ્યું. 'રણસંગ્રામમાં હું તને સર્વ ઈષ્ટ વસ્તુ આપીશ. વળી કહ્યું કે, જે પુરુષ મને યુદ્ધમાં જીતે, જે પુરુષ મ્હારા ગર્વનો નાશ કરે, અને જે પુરુષ લોકને વિષે મ્હારા સમાન હોય, તે જ પુરુષ કન્યારત્નનો અધિપતિ થાય.' આ ઉપરથી **ભગદત્ત** રાજા મહાકોપ કરીને **જિતારિ** રાજા ઉપર ચઢી આવ્યો; પણ **સુબુદ્ધિ** મંત્રીએ તેને સમજાવ્યો કે, 'હે રાજા ! સમસ્ત યુદ્ધની સામગ્રી કરીને પછી જવું, અન્યથા નાશનો સંભવ છે. પોતાના બળનો નિશ્ચય કર્યા વિના જે માણસ સંગ્રામને વિષે જાય છે, તે દીપકમાં પતંગની પેઠે નાશ જ પામે છે. વળી સેવક વગરનો રાજા લોકને અનુગ્રહકારી થઈ શકતો નથી, કેમ કે તેજસ્વી એવો પણ દિનકર-સૂર્યકિરણો વગર શોભતો નથી. એક અત્યંત બળિષ્ટ માણસ પણ ઘણા માણસના સમવાય વગર આગળ પહોંચી શકે નહીં; જુઓ કે, હસ્તિ છે તો બહુ જોરાવર, પણ એકલો હોવાથી તે તૃણ સમૂહથી કરેલા રજ્જુ વડે બંધાય છે.'

આ સાંભળીને તેણે વિચક્ષણ, કુલીન, શૂરવીર અને ભક્તિમાન એવા સેવકોને સાથે લીધા. મંત્રીને પણ તેણે કહ્યું : 'અહો **સુબુદ્ધિ** ! તેં જે કહ્યું તે હિતકારી અને સત્ય છે, માટે ત્હારૂં વચન અંગિકાર કર્યું છે; તેમ ન કરત તો વાત વિરુદ્ધ બનત.' પછી સર્વ સામગ્રી તૈયાર કરીને તેણે પ્રયાણ કરવા માંડ્યું. તે વખતે રાણી **લક્ષ્મીવતીએ** રાજાને કહ્યું : 'હે સ્વામિન્ ! આપ શા માટે મિથ્યા દુરાગ્રહ કરો છો ? જ્યાં બન્ને પક્ષ કૂળ-શીલ તુલ્ય હોય, ત્યાં જ વિવાહ મૈત્ર્યાદિક થવાં જોઈએ; અન્યથા નહીં. માટે એ અયુક્ત છે. તે આપ કરવું રહેવા દો. જે પ્રાણી અકાર્યને કાર્ય ગણી તેનો આરંભ કરે છે, તે નિશ્ચે ખીલી કાઢીને મૃત્યુ પામનાર વાનરની પેઠે વિનાશ પામે છે.

તે ઉપરથી રાજાએ કહ્યું : 'હે મૂર્ખે ! મ્હારે દુરાગ્રહનું એ કારણ છે કે, મને જિતારિ રાજાએ રણને વિષે સર્વ આપવાનું કહ્યું છે, માટે જો હું તેમ ન કરૂં તો મ્હારૂં માન ભંગ થયું કહેવાય. વળી પ્રસિદ્ધ મનુષ્યો વિજ્ઞાન, શૌર્ય, વિભવ વગેરે આર્યગુણોએ સહિત જીવન ગાળે તો જ તેમનું જીવિત

સફળ ગણાય; નહીં તો કાગડો પણ બલી ઉપર નિર્વાહ કરી લાંબુ આયુષ્ય ભોગવે છે, પણ તેનું જીવિત કાંઈ સફળ ગણાશે ?' પછી રાજા તો મહા-આડંબરસહિત બહાર નિકળ્યો. પાછળ લક્ષ્મીવતી રાણી વિચાર કરે છે કે : 'જે કર્મ ઉપાર્જન કર્યું હોય, તે પ્રાણીને ભોગવ્યા વિના છૂટકો નથી. ભવિતવ્યતા અન્યથા થતી નથી. તે પ્રાણીને દોરી જાય છે અથવા તો તે પોતાની મેળે જ ત્યાં જાય છે.'

પ્રયાણ સમયે ભગદત્ત રાજાને શુભ શકુન થયા. દધિ, દૂર્વા, અક્ષતનાં પાત્ર, જળનો કુંભ, શેલડી, કમળપુષ્પ, પુત્રસહિત સ્ત્રી, અને વીણા પ્રમુખ મંગળિક વસ્તુનાં દર્શન થયાં.

હવે અહીં કોઈ પુરુષ **જિતારિ** રાજા પાસે આવીને કહેવા લાગ્યો : 'હે રાજન્ ! ભગદત્ત રાજાનું સૈન્ય આવ્યું છે.' પણ તેણે તો ગર્વસહિત કહ્યું. 'અરે ! પૃથ્વિને વિષે એવો કોણ વીર પુરુષ છે કે, જે મ્હારા ઉપર ચઢાઈ કરે ? મ્હારૂં નામ જિતારિ છે તે બતાવે જ છે કે, મેં સર્વ શત્રુઓનો પરાજય કર્યો છે. હરિણ સિંહ ઉપર ચઢાઈ કરે, કે સૂર્ય ચંદ્ર રાહુ ઉપર ચઢાઈ કરે, એવું પૃથ્વી ઉપર ક્યાંય દીઠું કે સાંભળ્યું છે ? ઉંદર તે વળી બિલાડીનો પરાજય કરી શકે ! વળી ગરુડ ઉપર સર્પ, કે અશ્વ ઉપર રાસભ કદી ચઢી શકે ? તેમ જ યમ ઉપર કાગડો કદી ચઢી શકે ? વળી સર્પ ત્યાં સુધી રહી શકે છે કે, જ્યાં સુધી ગરુડ પક્ષી આવ્યું નથી. અંધકાર પણ ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી સૂર્ય ઉગ્યો નથી.'

જિતારિ રાજા આમ બોલે છે, એવામાં તો કોઈ ગુપ્તચરે આવીને તેને કહ્યું કે, 'નગરને વિષે ભગદત્ત રાજાનું સૈન્ય પેઠું છે.' તેનો કોળાહળ સાંભળીને તેણે ચતુરંગ દળ એકઠું કર્યું, અને યુદ્ધને માટે જવા નિકળ્યો. કહ્યું છે કે, 'શ્રી વીરભગવાન કુલમદથી, દુર્યોધન બલમદથી, મેતારજમુનિ જાતિમદથી, સ્થુલિભદ્ર શ્રુતમદથી, રાવણ ઐશ્વર્યમદથી, સનતકુમાર ચક્રવર્તી રૂપમદથી, દ્રૌપદી રૂપમદથી, અષાઢાભૂતિમુનિ લબ્ધિમદથી વિડંબના પામ્યા. તેથી આઠ મદનો ત્યાગ કરવો જોઈએ. તે વખતે તેને અપશુકન થયા. અકાળ વર્ષા, ભૂમિકંપ, નિર્ઘાત, ઉલ્કાપાત અને પ્રચંડ પવન ઈત્યાદિ અનિષ્ટ ચિન્હો થયાં. તે વખતે સુદર્શન મંત્રીએ કહ્યું. 'હે દેવ ! કન્યા આપીને સુખે રાજ્ય કરો. કહ્યું છે કે : **'કૂલને અર્થે એકનો ત્યાગ કરવો; ગામને અર્થે કૂલનો**

**ત્યાગ કરવો; દેશને અર્થે ગામનો ત્યાગ કરવો; અને આપણા આત્માને અર્થે સારી પૃથ્વીનો પણ ત્યાગ કરવો.'** ત્યારે જિતારિ રાજાએ કહ્યું : 'અરે મંત્રી ! તું ડરે છે શા માટે ? મ્હારા ખડ્ગનો પ્રહાર સહન કરવાને કોણ સમર્થ છે ? કહ્યું છે કે : 'પોતાના મસ્તક ઉપર વજ્રઘાત કયો પુરુષ ખમી શકશે ? અગ્નિની શય્યામાં કયો પુરુષ સુખે નિદ્રા લઈ શકે ? અને પ્રત્યેક કોળીએ કાળકૂટ (વિષ) પણ કોણ લઈ શકે તેવો છે ?'

વળી પણ દુઃસહ અને સાહસિક સેના જોઈને સુદર્શન મંત્રી બોલ્યો : 'હે દેવ ! મ્હોટું સૈન્ય આવ્યું છે, હવે શો ઉપાય ?' જિતારિ રાજાએ કહ્યું : 'સત્વને લીધે જય થશે, સંખ્યા કાંઈ પણ કામની નથી. તે ઉપર સૂર્યનું દૃષ્ટાંત છે કે, તેના રથને પૈડું એક જ છે, ભુજંગ જેવા સાત અશ્વો છે, તેનો માર્ગ આલંબન રહિત (અદ્ધર) છે, ચરણ વિનાનો તેનો સારથી છે, છતાં તે (સૂર્ય) પોતાના વીર્યને લીધે જ પ્રતિદિવસ આ અપાર આકાશને વિષે ફર્યા કરે છે; માટે મહાન્ પુરુષોની ક્રિયાસિદ્ધિ તેમના સત્વમાં રહેલી છે; પણ ઉપકરણમાં (વસ્તુમાં) નહીં.'

અહીં તો ભગદત્ત રાજા યુદ્ધ કરવાને તૈયાર થયો, ત્યારે તેના સુબુદ્ધિમંત્રીએ કહ્યું : 'હે દેવ ! પ્રથમ દૂતને મોકલીને પછી યુદ્ધ કરવું જોઈએ. કારણ કે, તેમ કરવાથી સામાવાળાના સૈન્યના નિર્બળપણાની કે સબળપણાની ખબર પડે છે. વળી શત્રુના સૈન્યની સંખ્યા પણ જણાય છે; માટે દૂત મોકલવો એ વાત નીતિને જાણનારા પુરુષો પસંદ કરે છે.'

એ ઉપરથી દૂતનાં સર્વલક્ષણયુક્ત એવા એક દિવાકર નામના દૂતને શત્રુના સૈન્યમાં મોકલ્યો. કહ્યું છે કે : બુદ્ધિમાન વાક્પટુ, પરચિત્તને જાણનારો, ધીર અને કહ્યા પ્રમાણે વર્તનારો દૂત જોઈએ.

હવે દૂતે શત્રુના સૈન્યમાં જઈને તેને કહ્યું. 'હે જિતારિ નૃપ ! મુંડિકાને આપી, ભગદત્ત મહારાજાની સેવા કરીને સુખે રાજ્ય કરો. અન્યથા આપનો નાશ જ થશે. કારણ કે, અનુચિત કર્મનો આરંભ, સ્વજન સંગાથે વિરોધ, બળીઆ સાથે બાથ ભીડવી, અને સ્ત્રીજનનો વિશ્વાસ કરવો, એ ચારેવાનાં મૃત્યુ પમાડનારાં છે. બળવાન્ સાથે વિરોધ કરવાથી મૂળ બીજનો નાશ થાય છે.' દૂતનાં એવાં વચન સાંભળીને જિતારિ રાજા બ્લોય : 'હે વરાક ! તું શું બોલે છે ? મ્હારા જેવા સિંહ પાસે એ હરિણો રહેવાને શક્તિમંત છે ? આજીવન

બંધાયેલા વૈરથી કઠોર એવું ચિત્ત છોડીને હરણો જો આદરપૂર્વક શિયાળ સાથે દોસ્તી કરે તો પણ તે હરણો શું હાથીના ગંડસ્થળ ઉપર ચોંટેલા મોતીઓની કાંતીથી જેની કેશરા પ્રકાશિત છે, એવા સિંહની સામે ટકી શકે ખરાં ? જે થવાનું હોય તે થાઓ, પરંતુ મ્હારી પ્રતિજ્ઞાનો ભંગ કરીને મ્હારી પુત્રી તેને નહીં આપું. કહ્યું છે કે : **'સૂર્યવંશમાં ઉત્પન્ન થએલા હરિશ્ચંદ્ર રાજાએ ચાંડાળની સેવા કબૂલ રાખી; રામચંદ્રે પણ અદ્‌ભૂત પરાક્રમ કરીને ગહન એવી ગુફાઓનું સેવન કર્યું; ચંદ્રવંશી ભીમાદિ નૃપતિઓએ પણ દીનતા કરી. આ પ્રમાણે પોતાનાં વચન પાળવાવાળા પુરુષોએ શું શું નથી અંગિકાર કર્યું ? વળી શિવ પણ હજુ સુધી કાળકૂટ (વિષ) ધારણ કરી રહ્યો છે, કાચબો પણ પોતાની પીઠ ઉપર પૃથ્વિનો ભાર ધારણ કરે છે. સમુદ્ર દુ:સહ એવો વડવાગ્નિ વહન કરે છે, એ પ્રમાણે સજ્જન પુરુષો પોતે અંગિકાર કરેલું પાળે છે જ.'**

ત્યારપછી મંત્રીએ કહ્યું : હે રાજન્ ! 'આ દૂતને મારી નાંખવો જોઈએ.' પણ રાજાએ કહ્યું. 'નહીં, એમ ન થાય. કહ્યું છે કે : રાજાએ શત્રુના દૂતને મારવો નહીં. કારણ કે, તેને મારનારો રાજા પ્રધાનસહિત નરકે જાય છે.' એમ કહી દૂતને કાઢી મૂક્યો.

હવે દૂતે આવીને સર્વ વૃત્તાંત પોતાના રાજા પાસે કહ્યો કે, 'તે જિતારિ રાજા તો પોતાની ભુજાના બળથી કોઈને પણ ગણતો નથી.' તે ઉપરથી બન્ને તરફનાં સૈન્યો સંગ્રામે ચડ્યાં. તે વખતે ભયને લીધે દિશાઓ ફરવા લાગી, સાગર બહુ વ્યાકુળ થયો, પાતાળને વિષે શેષનાગ ચકિત થયો, પર્વતો પણ કંપવા લાગ્યા, સુસ્થિત પૃથ્વી દુ:સ્થિત થઈ ગઈ, અને મહાવિષધર નાગો ક્રોધ વડે ઉત્કટ ઝેરને વમી દેવા લાગ્યા, બ્રહ્માંડ ફાટવા લાગ્યું અને પર્વતનાં શિખરો ડોલવા લાગ્યાં. એ પ્રમાણે બન્ને સૈન્યના મળવાથી થઈ રહ્યું. પવનના વેગ જેવા અત્યંત વેગવંતા સંખ્યારહિત ઘોડાઓના સમૂહ વડે તેમજ મદધારી હાથીઓના સમૂહ વડે સૈન્યલક્ષ્મી શોભી રહી છે. સર્વ આકાશ ધ્વજ, ચામર, બખ્તર, આદિથી અને સકલ વિશ્વ પટુ, પટહ, મૃદંગ, ભેરી, પ્રમુખ વાજિંત્રોના નાદથી વ્યાપી રહ્યું.

વળી અશ્વોના પગે ઉડેલી રજથી આકાશ છવાઈ ગયું, અંતરાળ છત્રોથી વ્યાપી રહ્યું, અને પૃથ્વી વીરપુરુષોથી વ્યાપ્ત થઈ. રથ સમૂહના ચાલવાથી ઉત્પન્ન થએલા નિર્ઘોષ-ચિત્કારો વડે બીજું કંઈ કાન પડ્યું સંભળાતું નથી,

અને ભારે ભય ઉપજાવે એવી વીરહાકોએ કરી યુક્ત બધું લશ્કર થઈ રહ્યું છે. આ પ્રમાણે બન્ને સૈન્ય વ્યૂહમાં તૈયાર થઈ રહ્યાં.

તુરત જ બન્ને સૈન્ય સામસામાં આવ્યાં, એટલે તીર, ભાલા, ખરશસ્ત્ર, ખુરપ, ગદા, મુદ્‌ગર, બાણ, નારાચ, ઇંદ્રબાણ, હળ, મૂસળ, શક્તિ, બરછી, ખડ્ગ, કટારી, ચક્ર અને વજ્ર પ્રમુખ બીજાં પણ દિવ્યશસ્ત્રોથી બન્ને સૈન્યના સુભટો પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધમાં કોઈ સુભટો હણાયાથી નિર્જીવ થઈને ભૂમિ ઉપર પડવા લાગ્યા; કોઈ મૂર્છા પામવાથી પડી જઈ ફરીથી પાછા ઉભા થઈ યુદ્ધ કરવા લાગ્યા; પોતાના માલિક વડે કરાયેલા સન્માનને મેળવીને કેટલાક અટ્ટહાસ્ય કરવા લાગ્યા, તો કેટલાક કાંઈક યાદ કરીને શરભના વેગને હંફાવે તેવી ઝડપથી દોડવા લાગ્યા; હાથમાં હથિયાર પકડેલા કેટલાક લોકો બીકણ પુરૂષોને ત્રાસ ઉત્પન્ન કરવા લાગ્યા, કોઈ તો બહુ ઘાથી (બહુ હણાયાથી) મરવા પડ્યા એટલે તે દેવાંગનાઓના પ્રીતિપાત્ર થયા; કોઈ કોઈ યોદ્ધાઓ તો શત્રુના પ્રહારથી પેટ ચિરાઈ જવાને લીધે અંદરનાં આંતરડાં બહાર નિકળી લટકતાં છતાં તથા કેટલાક સુભટો તો પોતાનું ધઢ સમૂળગું છૂટું પડી ગયા છતાં શત્રુની સામે નિર્ભયપણે યુદ્ધ કરવાને જવા લાગ્યા. આ યુદ્ધરૂપી સમુદ્રને વિષે તરવાર, છુરિકા, પ્રમુખ શસ્ત્રો મત્સ્યના સમૂહ જેવાં જણાય છે; કેષ સ્નાયુ, શિરા, અંત્રજાળ, આદિ જે છે તે સમુદ્રના શેવાળ જેવાં દેખાય છે. વળી હસ્તિઓનાં જે કળેવર પડ્યાં છે તે સમુદ્રના વહાણ જેવા; રુધિર તે જળ, અને અસ્થિ તે શંખ જેવાં જણાય છે.

સંગ્રામને વિષે પોતાની સેનાને પડી દેખીને સુદર્શન મંત્રીએ કહ્યું : 'હે જિતારિ નૃપતિ ! હવે આપણે નાસો; કારણ કે, સકળ સૈન્ય હાર પામી ગયું છે.' રાજાએ કહ્યું : 'હે સચિવ ! એમ ભયભિત કેમ થાઓ છો ? વિજય થશે તો આલોકને વિષે સુખ મળશે અને મૃત્યુ પામીશું તો પરલોકને વિષે સુખ મળશે. કહ્યું છે કે :

*મળે જય લક્ષ્મી અને, મૃત્યુથી સુર નાર;*
*ક્ષણભંગુર વળી દેહ ત્યાં, ભય શો રણ પડનાર.*

રાજાએ આમ કહ્યા છતાં પણ મંત્રી મહાકષ્ટ સેવી તેને લઈને નિકળી ગયો. ત્યારે રાજાએ કહ્યું : 'દેવ જ પ્રધાન છે, બળવત્તર છે, એમ જ લોકો કહે છે તે સત્ય છે. કારણ કે, બૃહસ્પતિ જેવો સેનાપતિ, વજ્ર જેવું પ્રહરણ

(શસ્ત્ર), દેવતાઓ જેવા સુભટો, સ્વર્ગ જેવો દૂર્ગ (કિલ્લો) અને ઐરાવણ જેવા હસ્તિનું વાહન, આવાં આવાં આશ્ચર્યભૂત સૈન્ય છતાં પણ ઇંદ્રને શત્રુઓ (દાનવો) સાથે યુદ્ધ કરતાં હારવું પડ્યું ? માટે દૈવ જ બળવાન છે. ઉદ્યમ વૃથા છે. વળી બીજું કલ્પિત દ્રષ્ટાંત કહે છે કે : કોઇક મૃગ પાશમાં પડ્યો, તે પાશને છેદીને અર્થાત્ કૂટ એવી જે યુક્તિ તેનાથી દૂર થઈને મહાકષ્ટે પણ પાશને ભાગી નાંખીને વનમાં ગયો. ત્યાં પણ અગ્નિમાં પડ્યો, ત્યાંથી પણ નિકળીને શિકારી લોકોના તીર પ્રમુખને ઉલ્લંઘન કરીને વેગથી જતો એવો તે અંતે કૂપને વિષે પડ્યો. આ સર્વ દૈવ જ કરે છે. એમાં ઉદ્યમ ક્યાં રહ્યો ?'

હવે જિતારિ રાજા અને તેનો સચિવ બન્ને જતા રહ્યા; ત્યારે કોઈએ ભગદત્ત રાજાને કહ્યું. 'જિતારિ રાજા તો નાશી ગયો છે.' તે સાંભળીને ભગદત્ત રાજા તેની પાછળ પડ્યો. ત્યારે તેના સુબુદ્ધિ પ્રધાને કહ્યું : 'એ કાર્ય યોગ્ય નથી, કાયર પુરુષ નાશી જાય ત્યારે તેની પાછળ બળવાને જવું નહીં; કેમકે પાછળથી એ મરવાનો નિશ્ચય કરીને સામો આવે તો પછી પોતાને પાછા ભાગતાં ભોંય ભારે થઈ પડે.'

આ ઉપરનો સર્વ વૃત્તાંત સાંભળીને દેવ ગુરુને વિષે નિશ્ચયવાળી એવી મુંડિકાએ દ્રહને વિષે ઝંપાપાત કર્યો, પરંતુ તેના વ્રતના માહાત્મ્યને લીધે જળ સ્થળ થઈ ગયું, ને સ્થળ ઉપર દેવતાઓએ એક રત્નમય ઘર બનાવી દીધું. તેમાં વળી તેમણે એક સિંહાસન રચ્યું, તે ઉપર મુંડિકા સીતાજીની જેમ બેઠી. દેવતાઓએ વળી પુષ્પવૃષ્ટિ કરી.

અહીં ભગદત્ત રાજા તો નગરના દ્વાર ભાગીને અંદર પેઠો, ને આખું નગર લૂંટી લીધું. પછી જેવો તે જિતારિ રાજાના મહેલને વિષે પ્રવેશ કરવા ગયો, તેવો જ નગરરક્ષક દેવોએ તેને સ્થંભાવ્યો. એવામાં કોઈ સેવકે આવીને મુંડિકાનો સર્વ વૃત્તાંત ભગદત્ત રાજાને કહ્યો. એ સાંભળવાથી અને પ્રત્યક્ષ ચમત્કાર જોવાથી તે ગર્વ ત્યજીને મુંડિકાને ચરણે નમ્યો અને કહેવા લાગ્યો : 'હે બ્હેન ! મેં અજ્ઞાનપણે જે જે કર્યું છે, તેની મને ક્ષમા કરો.' એ પ્રમાણે નિરુપણ કરીને અને ધર્મહસ્ત (ધર્મસહાય) આપીને ભગદત્તે સેવકો મોકલીને જિતારિ નૃપતિને પણ બોલાવ્યો, ને તેને પણ કહ્યું : 'મ્હારો અપરાધ ક્ષમા કરજો.'

પછી તો ભગદત્ત રાજા વૈરાગ્યવંત થયો છતો જિતારિ રાજાને કહેવા લાગ્યો : 'અહો રાજા ! ધર્મ છે તે પ્રાણીઓને શું શું નથી આપતો ? અર્થાત્

તે તેમનાં સર્વ કાર્ય સિદ્ધ કરે છે. કહ્યું છે કે : ધર્મ સંસારરૂપી સમુદ્રને વિષે સેતુ (પાળ) સમાન છે; અતિ ઉગ્ર એવાં જે કર્મ તે રૂપી અરણ્ય તેને વિષે અગ્નિ સમાન છે; મિથ્યાત્વ ભાવને નાથનારો છે; અતિગાઢ રીતે ભીડાયેલા દુર્ગતિના દ્વારનો ભંગ કરનારો છે; પરભવમાં પડતા એવા પ્રાણીઓને તે એક અવલંબન સમાન છે. જ્યારે ધર્મ જ આપણું આ પ્રમાણેનું ખરૂં આલંબન છે, ત્યારે બાંધવાદિ આલંબન વૃથા છે.' એમ ધારી પોતે પોતાના પુત્રને રાજ્ય સોંપી એ બન્ને રાજાઓએ તથા **સુદર્શન** અને **સુબુદ્ધિ** એ બન્ને પ્રધાનોને બીજા ઘણા પુરુષો સાથે **સત્યસાગર** ભટ્ટારક (આચાર્ય) પાસે દીક્ષા અંગિકાર કરી. **કનકચિત્રા** રાણીએ પણ **મુંડિકા**, **સુદર્શનના**, **લક્ષ્મીવતી**, **ગુણવતી** અને બીજી પણ બહુ સ્ત્રીઓની સંગાથે સાધ્વી પાસે વ્રત અંગિકાર કર્યું. વળી કેટલાંક ભાઈ બહેનોએ શ્રાવકનાં બાર વ્રતો અંગિકાર કર્યા તથા બીજા ભદ્રકપરિણામી પણ થયા.

(નાગશ્રી કહે છે) : હે સ્વામિન્ ! મેં આ સર્વ પ્રત્યક્ષ જોયું છે, તેથી મ્હારૂં સમ્યકત્વ અતિ દ્રઢ થયું છે.' અર્હદ્દાસે ઉત્તર આપ્યો. 'હે પ્રિયે ! તેં જે જે જોયું છે, તથા હમણાં કહ્યું છે, તે ઉપર મ્હારી દ્રઢ શ્રદ્ધા છે.' તેની બીજી સ્ત્રીઓએ પણ એમજ કહ્યું. પરંતુ કુંદલતા તો બીજું કંઈ કહેતી જ નથી. એ તો કહેવા લાગી કે, 'એમ હોય જ નહીં; એ સર્વ અસત્ય છે.'

એ સાંભળીને રાજા, મંત્રી અને ચોર પોતપોતાના અંતઃકરણમાં વિચારવા લાગ્યા. 'અહો ! આ નાગશ્રી જે કહે છે, તે અક્ષરે અક્ષર સત્ય છતાં પણ એ દુષ્ટા કેમ એની ના કહે છે ?' રાજાએ ધાર્યું કે, 'એણીની પ્રભાતે વાત છે ! એણીને નગરની બહાર જ કાઢી મૂકવી છે.' ચોરે પણ વિચાર્યું કે, 'દુર્જનોનો એવો જ સ્વભાવ હોય છે. જેવી રીતે કાગડાને સર્વ રસ મળ્યા છતાં પણ વિષ્ટાવિના તૃપ્તિ થતી નથી; તેવી રીતે દુર્જનને પણ પારકી નિંદા કર્યા વિના સંતોષ વળતો નથી.'

**(ઇતિ પાંચમી મુંડિકા અને ભગદત્ત રાજાની કથા.)**

❀ ❀ ❀ ❀ ❀

હવે **અર્હદ્દાસશેઠ** પોતાની **પદ્મલતા** નામની પાંચમી સ્ત્રીને પૂછે છે. 'હે પ્રિયે ! તને કેવી રીતે સમકિત પ્રાપ્ત થયું ? તે કહે.' તે ઉપરથી પદ્મલતાએ કહેવું શરૂ કર્યું.

## પદ્મશ્રી અને પદ્મસિંહ.

અંગદેશમાં આવેલી **ચંપા** નામની નગરીને વિષે **ધાડીવાહન** નામે રાજા રાજ્ય કરતો હતો, તેને **પદ્માવતી** નામે રાણી હતી. વળી ત્યાં મહાસમકિતદ્રષ્ટિ અને સર્વગુણસંપન્ન એવો **વૃષભદાસ** નામે શ્રેષ્ઠી વસતો હતો, તેને **પદ્માવતી** નામે સ્ત્રી અને **પદ્મશ્રી** નામે પુત્રી હતાં. તે પદ્મશ્રી મહા સૌંદર્યવતી હતી. તે જ નગરને વિષે બીજો એક **બુદ્ધદાસ** નામનો બૌદ્ધધર્મી શ્રેષ્ઠી વસતો હતો, તેની સ્ત્રી **બુદ્ધદાસી** અને પુત્ર **બુદ્ધસિંહ** હતો. આ બુદ્ધસિંહ એકદા કુતૂહળ નિમિત્તે પોતાના મિત્ર કામદેવની સાથે એક જિનમંદિરને વિષે ગયો, ત્યાં તેણે પૂજા કરવા આવેલી એવી પદ્મશ્રીને દીઠી. તે કેવી હતી ? તે વિષે કહે છે કે : યૌવનવર્તી, મધુર વચન બોલનારી, સૌભાગ્યરૂપી ભાગ્યશાળી, કાન સુધી પહોંચતા નયનોવાળી (મૃગના સરખા નેત્રવાળી), ચતુર, અતિ ગર્વયુક્ત, સૌંદર્યવર્તી અને બાળહંસના જેવી ગતિવાળી હતી. વળી તેણીનાં બે સ્તનો મદોન્મત્ત હસ્તિના કુંભસ્થળ જેવાં હતાં; હોઠ બિંબફળ સરખા રાતા હતા; મુખ પૂર્ણિમાના ચંદ્ર જેવું અને કેશ ભ્રમરના સરખા કૃષ્ણવર્ણના હતા.

તે કુમારિકાનું આવું સૌંદર્ય જોઈને બુદ્ધસિંહ તો બહુજ કામાતુર થયો. કહ્યું છે કે, 'પુષ્પ દેખીને, ફલ દેખીને, યુવાન નારી દેખીને, પડેલું ધન દેખીને, કોનું મન ચલાયમાન થાય નહીં ?' મહાકષ્ટે ઘેર ગયો અને શય્યા ઉપર જઈને સૂતો. કામ જેવો કોઈ રોગ નથી, મોહ જેવો કોઈ શત્રુ નથી, ક્રોધ જેવો કોઈ અગ્નિ નથી અને જ્ઞાન જેવું કોઈ સુખ નથી. પુત્રને ચિંતાયુક્ત દીઠો તેથી માતાએ પૂછ્યું. 'હે પુત્ર ! તું ભોજનાદિક કેમ કરતો નથી ? તને મ્હોટી ચિંતા લાગે છે; માટે તેનું કારણ કહે ? બુદ્ધસિંહે પણ લજ્જા ત્યજીને કહ્યું : 'હે માતા ! જો તું મ્હારો વિવાહ વૃષભદાસશેઠની પુત્રી સાથે કરીશ, તો જ મ્હારૂં જીવિત રહેશે. નહિ તો નહીં.' **ક્રોધીને ધન નથી હોતું, માયાવીને મિત્ર નથી હોતો, ક્રૂર સ્વભાવવાળાને સ્ત્રી નથી મલતી, સુખના અર્થીને વિદ્યા નથી, કામીને શરમ નથી હોતી, આળસુને લક્ષ્મી નથી મલતી, અને જે ચંચળ-અસ્થિર હોય છે તેને આમાંનું કશું જ નથી મલતું.** એ વાત તેણીએ પોતાના સ્વામિને કહી. ત્યારે તે બોલ્યો : 'હે પુત્ર ! વૃષભદાસ તો આપણને મદ્ય માંસ ખાનારા ચંડાળ જેવા ગણે છે, તો તે તેની પુત્રી આપણને

કેવી રીતે આપશે ? માટે ત્હારે એ અસાધ્ય વસ્તુને વિષે આગ્રહ કરવો નહીં. કારણ કે, લક્ષ્મીએ કરીને, કૂળે કરીને, અને ગુણે કરીને જે જે સમાન હોય, તેમનો જ સંબંધ થાય છે.' પણ પુત્ર તો એમ જ કહેવા લાગ્યો કે, 'તેણીના વિના હું જીવી શકીશ નહીં.' પિતાએ કહ્યું : 'અહો ! કામનું માહાત્મ્ય બહુ વિષમ જણાય છે. મેઘના અથાગ જળથી સિંચન કરીએ કે સમુદ્રના પાણીમાં સ્નાન કરાવીએ, તો પણ એ કામરૂપી અગ્નિ શાંત થતો નથી. કહ્યું છે કે : મનુષ્યની પ્રતિષ્ઠા ત્યાં સુધી રહે છે, તેનું મન પણ ત્યાં સુધી નિશ્ચળ રહે છે, વિશ્વતત્ત્વના એકદિપ સમાન એવાં સિદ્ધાંત અને સૂત્રપણ ત્યાં સુધી જ એના હૃદયને વિષે સ્ફુરાયમાન રહે છે કે, જ્યાં સુધી ખારા સમુદ્રનાં મોજાં જેવાં સ્ત્રીનાં વક્ર કટાક્ષોથી ભેદાયેલું હૃદય ડોલાયમાન થયું નથી.'

માતાએ પુત્રને કહ્યું. 'તું મૂર્ખ છે. ખરૂં છે કે, મૂર્ખના ચિત્ત વિના બીજું સઘળું સાધ્ય છે. કહ્યું છે કે : **મગરના મુખની દાઢામાંથી મણિ કાઢી લઈ શકાય, પ્રબળ મોજાંએ ભરપૂર એવો જે સમુદ્ર તે પણ તરી શકાય, છંછેડાયલા નાગને પણ પુષ્પની પેઠે મસ્તક ઉપર ધારણ કરી શકાય, પણ અવળો ચાલનારો એવો જે મૂર્ખ જન, તેનું ચિત્ત કદીપણ આરાધી શકાય નહીં. વળી પણ જેવો જેનો સ્વભાવ પડ્યો તે મૂકાતો નથી. જેમકે વાનરને ગમે તેટલી શિખામણ આપો, તોપણ તે પોતાની ચપળતા છોડશે નહીં.'**

એ પ્રકારે ઘણું કહ્યું, છતાં પુત્રે ન માન્યું; ત્યારે પિતાએ કહ્યું : ત્હારૂં મન સ્થિર કર. ત્હારૂં કાર્ય હું ધીમે ધીમે પાર પાડીશ. કારણ કે, પાણી પણ અનુક્રમે પર્વતને ભેદી શકે છે, કાર્ય પણ ધીમે ધીમે વિનયથી સાધ્ય થાય છે, અને સુકૃત્યોથી મોક્ષમાર્ગ પણ ધીમે ધીમે પમાય છે.'

એમ કહી બુદ્ધદાસે યશોધર મુનિ પાસે શ્રાવકનાં બાર વ્રત અંગિકાર કર્યા, અને તે કપટશ્રાવક થયો. તે શ્રાવક થયો એટલે વૃષભદાસ શેઠ હર્ષિત થઈને કહેવા લાગ્યો : 'અહો ! એને ધન્ય છે ! કે એ મિથ્યાત્વનો ત્યાગ કરીને સન્માર્ગે પ્રવર્ત્યો !' પછી તેણે તેની સાથે મૈત્રી કરી. એ **મૈત્રીનાં છ લક્ષણ કહ્યાં છે. તે એમ કે : તેને વસ્તુ આપવી અને તેની પાસેથી લેવી, ગુહ્ય વાત કહેવી અને પૂછવી, તથા તેને ત્યાં જમવું અને પોતે તેને જમાડવો.**

એકદા વૃષભદાસે બુદ્ધદાસને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ કર્યું. ભોજન સમયે બુદ્ધદાસ ત્યાં આવ્યો, પણ તે ભોજન કરતો નથી. એવું જોઈને

તેને પૂછ્યું : 'કેમ બુદ્ધદાસ ! ભોજન કેમ કરતા નથી ?' ત્યારે તેણે ઉત્તર આપ્યો : 'જો તમે તમારી પુત્રીનો મ્હારા પુત્રની સાથે વિવાહ કરો તો હું જમું, અન્યથા નહીં જમું.' તે ઉપરથી વૃષભદાસે કહ્યું. 'અહો ! મને ધન્ય છે કે આપના જેવા મિત્ર મ્હારે ત્યાં આવે છે; માટે એમાં શી મ્હોટી વાત છે ? હું નિશ્ચે મ્હારી પુત્રી આપીશ. કારણ કે તેમને ધન્ય છે, તેઓ જ વિવેકી છે, અને તેઓ જ આ પૃથ્વિ ઉપર ઉપન્યા ગણાય છે કે, જેઓને ઘેર મિત્રો કાર્યાર્થે આવે છે.'

પછી એક શુભ દિવસે અને ઉત્તમ મુહૂર્તે તેઓએ બુદ્ધસિંહનો અને પદ્મશ્રીનો વિવાહ કર્યો. એટલે બુદ્ધસિંહ પદ્મશ્રીને પોતાને ઘેર લઈ ગયો.

ઘેર ગયા પછી તો બુદ્ધદાસ જૈનધર્મનો ત્યાગ કરીને બૌદ્ધધર્મ પાળવા લાગ્યો ! એ સાંભળીને તથા દેખીને વૃષભદાસશેઠ ખિન્ન થઈને કહેવા લાગ્યો : 'અહો ! કપટી માણસનો પ્રપંચ કોઈ જાણી શકતું નથી. કારણ કે, ગુપ્તપણે રાખેલો એવો જે મંત્ર તેને બ્રહ્મા પણ જાણી શકતો નથી. જેવી રીતે કે, કોળીએ વિષ્ણુનું રૂપ લઈને રાજાની પુત્રી સાથે સુખ-ભોગ ભોગવ્યા. ગુરુની સાક્ષીએ જે વ્રત આદર્યું હોય, તે પ્રાણાંતે પણ ત્યજવું નહીં; તેનો ભંગ કરવાથી, પ્રાણી દરેક ભવમાં દુઃખ પામે છે.' આમ બોલીને વૃષભદાસ શ્રેષ્ઠી તો મૌન ધરીને બેસી રહ્યા.

એકદા બુદ્ધદાસના ગુરુ પદ્મસિંહે પદ્મશ્રીને કહ્યું : 'હે પુત્રી ! સર્વ ધર્મને વિષે બૌદ્ધ ધર્મજ ઉત્તમ છે, અન્ય કોઈ નથી. જો, જેમ વસ્ત્રને વિષે શ્વેત વસ્ત્ર ઉત્તમ છે, ઋતુને વિષે વસંતઋતુ ઉત્તમ છે, પુષ્પમાં ખીલેલી મલ્લિકા, ધનુર્ધારીઓમાં કામદેવ, પરિમલમાં કસ્તૂરીનો પરિમલ, અસ્ત્રમાં ધનુષ્ય, વાણીમાં તર્કરસથી ઉજવળ વાણી, અત્યંત પ્રિય-વ્હાલી વસ્તુમાં વ્હાલી સ્ત્રી, વયમાં યૌવન વય, રાગમાં પંચમ રાગ, અને કવિઓમાં બિલ્લણ કવિ; તેવી રીતે સર્વ ધર્મમાં આ બૌદ્ધધર્મ શ્રેષ્ઠ જાણવો.'

પદ્મશ્રીએ કહ્યું : 'હે પદ્મસિંહ ! મ્હારૂં અંતઃકરણ કદિ પણ સન્માર્ગનો ત્યાગ કરીને ઉન્માર્ગમાં પ્રવર્તનાર નથી. જેમ કોઈ સિંહ મૃગના માંસનું ભોજન કરતો હોય, તે ક્ષુધાથી પીડિત છતાં કદિપણ તૃણ ચરતો નથી; તેમ કુલીન માણસો દુઃખમાં આવી પડ્યા છતાં પણ નિચકર્મ આદરતા નથી. કહ્યું છે કે, 'હજી સુધી શંકરે ઝેર જે વમ્યું નથી, કાચબો હજી સુધી ધરતીને પોતાની

પીઠે ધારણ કરે છે અને સમુદ્ર દુસ્સહ વડવાનલને વહન જે કરે છે, તેનું કારણ એ છે કે હજી સજ્જનો સ્વીકારેલું કાર્ય પાલન કરે છે માટે !' વળી જે માણસો દેવ ગુરુ સમીપે આદરેલા વ્રતનો ભંગ કરે છે, તે ઉભયલોકને વિષે દુઃખી થાય છે. શાસ્ત્રકાર કહે છે કે : 'વ્રત લઈને તેનો ભંગ કરનાર મનુષ્ય સૌભાગ્યરહિત થાય છે; ધન અને ધાન્યરહિત થાય છે; વળી બ્હીકણ તથા દુઃખી થાય છે; માટે આત્માને જે હિતકારી હોય તે જ આચરણ કરવું. લોકો ભલે ગમે તેમ કહે. કોઈ કંઈ કહે અને કોઈ કંઈ કહે, પણ સર્વ લોકને સંતોષ પમાડવાનો એકે ઉપાય નથી. બહુ બોલનારા લોકો શું કરી શકવાના છે ?'

પદ્મશ્રીનાં આવાં વચન સાંભળીને પદ્મસિંહ ગુરુ તો પોતાને ઘેર ગયા. એકદા પદ્મશ્રીનાં માતપિતા શુભ પરિણામે મૃત્યુ પામીને સ્વર્ગે ગયાં, તે દુઃખથી તે બહુ શોકગ્રસ્ત થઈ. આ અવસર જોઈને બુદ્ધદાસે કહ્યું : 'હે વધુ ! મ્હારા ગુરુએ 'તમારાં માતા-પિતા મૃત્યુ પામીને મૃગ થયાં છે.' એમ કહ્યું છે.' પદ્મશ્રીએ આવાં વચન સાંભળી કોપ કરીને કપટ સહિત તેને કહ્યું : 'જો આપના ગુરુ એવા જ્ઞાની છે, તો હવે હુ નિશ્ચે બૌદ્ધધર્મ અંગિકાર કરીશ.' એમ કહીને તેણીએ બૌદ્ધયતિને ભોજનાર્થે ઘેર આમંત્રણ કર્યું. તેઓ આવ્યા ત્યારે બહુ આદરયુક્ત બેસારીને તેમની પૂજા કરી.

પછી પદ્મશ્રીએ સર્વ જણના ડાબા પગનું એકેક પગરખું લઈને તેના ઝીણા કકડા કરીને શાકમાં નાંખ્યા, ને તે શાક તેમને સર્વને જમાડ્યું. તે સર્વેએ વળી તે શાકની બહુ પ્રશંસા કરી. પછી પદ્મશ્રીએ તેમને તાંબૂલા દિક આપીને કહ્યું : 'હું હવે પ્રભાતે બૌદ્ધધર્મ અંગિકાર કરીશ.' ગુરુ 'તથાસ્તુ' કહીને ગયા. પણ જ્યાં પગરખાં પહેરવા જાય છે, ત્યાં તો એકેકું પગરખું ન દીઠું; તે જોઈને દાસીને કહેવા લાગ્યા : 'અમારૂં એકેક પગરખું કોઇ લઈ ગયું છે ?' તે વખતે કોલાહલ થયો તે સાંભળીને પદ્મશ્રી ત્યાં આવી, અને કહેવા લાગી : 'અહો ગુરુ ! તમે તો જ્ઞાની છો, તો જુઓ ! એ કોણ લઈ ગયું છે ? તમારૂં જ્ઞાન અજમાવો.' તેવારે યતિઓએ કહ્યું. 'અમારૂં એવું જ્ઞાન નથી.' ત્યારે પદ્મશ્રી બોલી. 'જયારે તમારા પોતાના જ ઉદરમાં રહેલા પગરખાંને તમે જાણતા નથી, ત્યારે મ્હારા માત-પિતાની ગતિ તમે કેવી રીતે જાણી ?' ત્યારે યતિઓએ પૂછ્યું. 'અમારા ઉદરમાં એ પગરખાં છે, તે તમે કેમ જાણ્યું ?' તેણીએ ઉત્તર આપ્યો : 'સંદેહ હોય તો બતાવું.' એમ કહીને તેમને વમન કરાવ્યું, એટલે

તેમાંથી ચામડાના ઝીણા ઝીણા કકડા નિકળ્યા ! તે જોઈને લજ્જાયમાન થઈ તેઓ પોતાને સ્થાનકે જતા રહ્યા.

આ વાત તેમણે બુદ્ધદાસને કહી કહ્યું કે 'હે પાપિષ્ટ ! ત્હારા ઉપદેશથી પદ્મશ્રીએ ન કહેવાનું કર્યું છે.' એ વૃત્તાંત સાંભળીને બુદ્ધદાસે ઘેર જઈને બુદ્ધસિંહને તથા પદ્મશ્રીને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યાં. તે વખતે પદ્મશ્રીએ પોતાના ધણીને કહ્યું : 'હે સ્વામિ ! ચાલો હવે આપણે મ્હારા માત પિતાને ઘેર જઈને રહીએ.' પણ બુદ્ધસિંહે કહ્યું : 'ભિક્ષા માગીશ, પણ સસરાના ઘરમાં નહીં હું. કારણ કે, વાઘ અને ગજ પ્રમુખ હિંસક પ્રાણીઓના વનમાં રહેવું તે સારૂં; વૃક્ષોના સ્થાનમાં પાકાં ફળ ઈત્યાદિનું ભોજન કરવું તે પણ સારૂં; તૃણની શય્યા અને વલ્કલનાં વસ્ત્ર તે પણ સારાં; પરંતુ બંધુઓને વચ્ચે ધનવિના રહેવું તે સારૂં નહીં.' એમ કહીને તે બન્ને સ્ત્રી પુરુષ દેશાંતર જવા નિકળ્યાં. ગામની બહાર તેમને બે સાર્થવાહ મળ્યા, તેઓ પદ્મશ્રીનું રૂપ જોઈને મોહમાં પડ્યા અને લોભને વશ થઈ પરસ્પર વિષવાળું અન્ન ખાઈને મૃત્યુ પામ્યા.

દુર્જન મનુષ્યો પોતાના આત્માનો વિનાશ થાય છે તે ગણતા નથી, પરંતુ પારકું દુઃખ જોઈને તેઓ સંતુષ્ટ થાય છે; જેવી રીતે કે, રણક્ષેત્રને વિષે હજારો ગમે મનુષ્યોનો નાશ થયે માથા વિનાનું શરીર-ધડ નાચે છે. (પોતાનો નાશ થયો છે તે તે ગણતું નથી.)

પેલું વિષવાળું અન્ન શ્રેષ્ઠીઓએ બુદ્ધસિંહને પણ આપેલું, તે તેણે (પદ્મશ્રીએ ઘણો વાર્યા છતાં પણ) ખાધું ! તેથી તેને મૂર્છા આવી, તેથી તે પૃથ્વી ઉપર પડ્યો. આખી રાત્રી પદ્મશ્રીએ શોક ને રુદનમાં નિર્ગમન કરી. પ્રભાતે કોઈએ જઈને બુદ્ધદાસને તેના પુત્રના મૃત્યુના સમાચાર કહ્યા, એ સાંભળીને બુદ્ધદાસ ત્યાં આવ્યો ને પદ્મશ્રીને કહેવા લાગ્યો : 'હે શાકિની ! તેં જ મ્હારા પુત્રનું ભક્ષણ કર્યું છે, આ શ્રેષ્ઠીઓને પણ તેં જ મારી નાંખ્યા છે, માટે મ્હારા પુત્રને ઉઠાડ; નહીં તો તને શિક્ષા કરીશ.' એમ કહીને તે પુત્રના શબને વૃક્ષતલે લઈ જઈને બેઠો અને રુદન કરવા લાગ્યો. ત્યારે પદ્મશ્રી કહેવા લાગી : 'મ્હારાં કર્મ ઉદય પામ્યાં, તેનું કોઈ નિવારણ કરી શકે તેમ નથી. જુઓ ! **ત્રણ લોકના સ્વામી એવા જે કૃષ્ણ તેમને પણ શબર (ભિલ)ના બાણથી મૃત્યુ પ્રાપ્ત થયું; ધારણ કરનારા વિધાતાનું પણ મસ્તક કપાયું; વળી સૂર્ય અને ચંદ્રમા જેવાનો રાહુ ગ્રાસ કરે છે, અને પ્રભુ એવા જે શંકર તેમને પણ નગ્ન રહેવું પડે**

**છે; માટે લલાટમાં જે લખેલું છે તેને કોઈપણ મટાડી શકતું નથી. વળી જુઓ કે, ચંદ્રમા શંકર જેવા મહાદેવના મસ્તકમાં જઈને રહ્યો, તેમની જટામાં પણ છૂપાયો, પરંતુ ત્યાથીએ રાહુ તેનું ગ્રહણ કરવા ચૂકતો નથી, માટે વિધિને કોઈ ઉલ્લંઘી શકતું નથી.'**

એમ ચિંતવીને અંજળિબદ્ધ થઈને તે પદ્મશ્રી કહેવા લાગી : 'જો મ્હારા અંતઃકરણને વિષે જૈનમાર્ગમાં [1]નિશ્ચય હોય, હું પતિવ્રતા હોઉં, અને મને રાત્રિભોજનનો નિષેધ હોય તો, હે શાસનદેવતા ! આ મ્હારા સ્વામિનાથ તથા આ બન્ને શ્રેષ્ઠી સૌ સજીવન થાઓ.'

તત્ક્ષણ તેણીના વ્રતના માહાત્મ્યથી તેઓ સર્વે જીવન આવવાથી બેઠા થયા, એટલે બાળકથી માંડીને વૃદ્ધ સુધી નગરના સર્વજનો તેણીની પ્રશંસા કરવા લાગ્યા. 'અહો ! એણીને ધન્ય છે; આવી રૂપવતી છતાં એ શીળવતી છે, એ આશ્ચર્ય છે. જુઓ કે, વેદશાસ્ત્રમાં નિપુણ એવો વિપ્ર પંડિત હોય એમાં કંઈ આશ્ચર્ય નથી; વળી નીતિશાસ્ત્રમાં પ્રવિણ એવો રાજા ધાર્મિક હોય તેમાં પણ કંઈ આશ્ચર્ય નથી; પરંતુ આશ્ચર્ય તો એ જ કહેવાય કે, રૂપ ને યૌવનવાળી સ્ત્રી શીલગુણે અલંકૃત હોય ! કે નિર્ધન માણસ કદિપણ પાપ ન કરતો હોય !'

પછી લોકોએ પદ્મશ્રીની પૂજા કરી, દેવોએ પણ પુષ્પવૃષ્ટિ કરી. આ સર્વ વૃત્તાંત પ્રત્યક્ષ જોઈને વૈરાગ્ય પામી **ધાડીવાહન** રાજાએ કહ્યું : 'અહો ! જૈનધર્મવિના બીજા ધર્મમાં ઈષ્ટની સિદ્ધિ નથી, માટે સર્વ કોઈએ એજ ધર્મ અંગીકાર કરવો; કારણ કે, સુંદર રૂપ, નિરોગી દેહ, ઉત્તમ ગુણ, મૃગના સરખાં નેત્રવાળી સ્ત્રી, સૌભાગ્ય, પ્રતિષ્ઠા, સારી બુદ્ધિ, લક્ષ્મી, કીર્તિ, દુઃખ મટીને સુખની પ્રાપ્તિ, ઉત્તમ ગુરુનો યોગ અને મનને આનંદની પ્રાપ્તિ. એ સર્વ સુખ અક્ષયપણે નિરંતર ધર્મથી જ મળે છે.'

તે ઉપરથી પોતાના પુત્ર **નયવિક્રમ**ને રાજ્ય ગાદી સોંપીને **ધાડીવાહન** રાજાએ બીજા ઘણાજન સંગાથે **યશોધર** મુનિની પાસે ચારિત્ર લીધું. **બુદ્ધદાસ** અને **બુદ્ધસિંહ** વિગેરે શ્રાવકો થયા. રાણી **પદ્માવતી** અને શ્રેષ્ઠીની સ્ત્રી **પદ્મશ્રી**એ પણ બીજી બહુ સ્ત્રીઓ સહિત **સરસ્વતી** સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી ચારિત્ર પાળી તપ કરતાં કેટલાક મોક્ષે ગયા અને કેટલાક સ્વર્ગે ગયાં.

---

**૧ નિશ્ચળ શ્રદ્ધા.**

(પદ્મલતા અર્હદ્દાસને કહે છે) : હે સ્વામિ ! મેં આ સર્વ પ્રત્યક્ષ જોયું છે, તેથી મ્હારૂં સમ્યકત્વ બહુ દ્રઢ થયું છે.' અર્હદ્દાસે પણ 'તે સર્વ સત્ય છે' એમ જણાવી તેના ઉપર પોતાની શ્રદ્ધા રાખી. બીજી સ્ત્રીઓએ પણ એ ખરૂં માન્યું. પણ પેલી **કુંદલતા** તો એવી ને એવી જ રહી. તેણીએ કહ્યું 'એમ બનેજ નહીં, એ કેવળ જૂઠું છે.'

રાજા, મંત્રી અને ચોર આ સાંભળીને વિચારવા લાગ્યા : 'આ દુષ્ટા તો, **પદ્મલતા**એ પ્રત્યક્ષ જોએલું પણ ખોટું ઠરાવે છે.' તેથી રાજાએ તો નિશ્ચય કર્યો કે, 'સવાર પડે એટલે તુરત મ્હારે એણીને ગધેડા ઉપર બેસાડીને નગર બહાર જ કાઢી મૂકવી છે.' ચોરે વિચાર્યું કે, 'એ તો દુષ્ટ માણસોનો એવો સ્વભાવ જ હોય છે. કારણ કે, સરખે સરખાનો સમાગમ જોઈને દુર્જન વિનાકારણે કોપ કરે છે. જેવી રીતે આકાશને વિષે નિર્મળ ચંદ્રિકા જોઈને કૂતરા વગર બીજું કોણ ભસે છે ?'

**(ઇતિ છઠ્ઠી પદ્મશ્રી અને પદ્મસિંહની કથા.)**

❀ ❀ ❀ ❀ ❀

વળી **અર્હદ્દાસ** શ્રેષ્ઠી પોતાની **કનકલતા** નામની છઠ્ઠી સ્ત્રીને પૂછવા લાગ્યો. 'હે પ્રિયે ! તને કેવી રીતે સમકિત પ્રાપ્ત થયું ? તે કહે.' તેથી તે કહેવા લાગી :

## ❀ ઉભયકુમાર ❀

**અવંતી** નામે દેશમાં **ઉજ્જયિની** નામે નગરી છે, તેમાં **વનપાલ** નામે રાજા રાજ્ય કરતો હતો; તેને **મદનવેગા** નામની રાણી હતી. વળી તેને **ચંદ્રપ્રભ** નામનો મંત્રી હતો, તેને **સોમા** નામની સ્ત્રી હતી. એ જ નગરમાં **સમુદ્રદત્ત** નામનો શ્રેષ્ઠી વસતો હતો, તેને **સાગરદત્તા** નામની સ્ત્રી હતી. એ શ્રેષ્ઠીને **ઉભય** નામે પુત્ર અને **જિનદત્તા** નામે પુત્રી હતાં. એ પુત્રી જિનદત્તાનો તેણે **કૌશાંબી** નગરીના રહેવાસી **જિનદત્ત** નામના શ્રેષ્ઠ શ્રાવકની સંગાથે વિવાહ કર્યો હતો.

હવે શ્રેષ્ઠીપુત્ર ઉભય, સાતે વ્યસને પૂરો હતો. તેનાં માતા-પિતા તેને ઘણો નિવારતા, છતાં તે દુર્વ્યસન તજતો નથી. ત્યારે માતા-પિતાએ કહ્યું કે, 'લખ્યા લેખ કોણ મિથ્યા કરી શકે છે ? જુઓ કે, વિષ્ણુ જેવા પિતા,

લક્ષ્મી જેવી માતા, અને પોતાને વિષમ આયુધ છતાં પણ કામદેવને શંકરે બાળી નાંખ્યો ! માટે પૂર્વોપાર્જિત કર્મને કોણ ઓળંગી શકે ? તે ઉમય તો પ્રતિદિન નગરને વિષે ચોરી કરવા લાગ્યો.

એકદા તેને પારકું દ્રવ્ય ચોરી લઈ જતાં યમદંડ કોટવાળે પકડ્યો, પરંતુ તેને નગરશેઠનો પુત્ર જાણીને છોડી દીધો; માર્યો નહીં. યમદંડે પણ વિચાર્યું કે, 'અહો ! એક ઉદરમાંથી જન્મેલા પણ સરખા હોતા નથી. જુઓ ! ક્યાં એની બ્હેન સાધ્વી જિનદત્તા અને ક્યાં આ મહાવ્યસની ભાઈ ! કહ્યું છે કે : **'તુંબડીની એકજ વેલ ઉપર થયેલા સરખા કડવા તુંબડા જો શુદ્ધ, નિર્દોષ, દગ્ધતાદિક દોષરહિત વંશ સાથે જોડેલા હોય તો તે કાનને અત્યંત પ્રિય લાગે એવું સરસ-મધુર ગાયન સંભળાવે છે. વળી તેમને જો સારા મજબૂત દોરાથી શરીર સાથે બાંધી લીધા હોય તો તે અગાધજળને તરી જવા સહાય આપે છે. (પ્હેલે પાર પહોંચાડી આપે છે.) વળી તેમાં કઠોર દિલના અઘોરી લોકો લોહી પણ પીએ છે.'** તેમજ 'કોઈ પણ પુષ્પવૃક્ષ કરતાં શ્રેષ્ઠ સુગંધ અને ઉજવળ પુષ્પોની સંપદાને ધારણ કરનાર ચંપકવૃક્ષ પાસે ભમરા રસ લેવા આવતા નથી એ શું જણાવે છે ? એ એમ જણાવે છે કે, સુગંધવાળા સ્થાનમાં મલીન વૃત્તિવાળા જીવોને રતિ-પ્રીતિ કેમ જ હોય ? અપિતુ ન જ હોય.

એકદા તે યમદંડ કોટવાળ પેલા ઉમયને પકડી જઈ રાજા પાસે ઊભો કરીને કહેવા લાગ્યો : 'હે રાજન્ ! આ આપણા નગરશેઠ સમુદ્રદત્તનો પુત્ર છે. મેં એને ઘણીવાર પકડીને છોડી મૂક્યો, છતાં પણ એ ચોરીનો ધંધો મૂકતો નથી; તો હવે આપને જે યોગ્ય લાગે તે કરો. કારણ કે, આપ તો સર્વ દેવ કરતાં પણ અધિક છો. બીજા દેવો તો શુભાશુભ કર્મનું ફલ પરભવે આપે છે, પરંતુ આપતો તાત્કાલિક જ ફળ આપો છો.'

રાજાએ કહ્યું : 'એ સમુદ્રદત્તશેઠનો પુત્ર છે, એમ કેમ જાણ્યું ? એનામાં એનો એકપણ ગુણ નથી, માટે સોગનવિના એ કોણ ખરૂં માને ? કહ્યું છે કે : **'હે શનિશ્ચર ! તું સૂર્યપુત્ર એવું નામ ધરાવે છે, પણ અમે સોગનવિના તેનો કેવી રીતે નિશ્ચય કરી શકીએ ? કેમકે નથી તેં પોતાના પિતા સૂર્યની પેઠે સમસ્ત તેજવંત ના તેજને મ્લાન કર્યા, કે નથી અંધકારને દૂર કર્યો, કે નથી વિશ્વને વિષે ઉપકાર કર્યો.'**

પછી રાજાએ સમુદ્રદત્ત શ્રેષ્ઠીને તેડાવીને કહ્યું : 'હે શ્રેષ્ઠી ! આ તમારા

દુષ્ટ પુત્રને તમારાં ઘરમાંથી કાઢી મૂકો; નહીં તો તેની સાથે તમારી પણ આબરૂ જશે અને ધનની પણ હાની થશે. કહ્યું છે કે : દુર્જનનો સંસર્ગ થવાથી, સાધુ પુરુ,ને પણ દોષ આવે છે. જેમ કે, રાવણે અપરાધ કર્યો તો તેના સોબતી સમુદ્રને પણ પાષાણના પુલરૂપ ગંભિર બંધન પ્રાપ્ત થયું. વળી સર્વથા અનિષ્ટ સમાગમથી સારાં માણસને પણ સંકટ સહેવું પડે છે. જુઓ ! ઘડી જેવાનો સંગ થયો તો પાણી પીએ ઘડી, ને માર ખાવો પડે છે ઝાલર (ઘંટ)ને.'

પછી શેઠે ઘેર જઈને પોતાની સ્ત્રીને કહ્યું : 'હે પ્રિયે ! આ પુત્રને આપણે ઘરમાંથી કાઢી મૂકવો જોઈએ. નહીં તો આપણને હાનિ થશે. કહ્યું છે કે : 'કૂળને અર્થે એક કુટુંબીનો ત્યાગ કરવો; ગામને અર્થે કૂળનો ત્યાગ કરવો; દેશને અર્થે ગામનો ત્યાગ કરવો, અને આત્માને અર્થે સકળ પૃથ્વીનો પણ ત્યાગ કરવો.' કહ્યું છે કે, 'બહુમતિ સાથે વિરોધ ન કરવો, મહાજન ખરેખર ! દુર્જય હોય છે, તેજસ્વી નાગને પણ કીડીઓ ખાઈ જાય છે.'

એમ કહીને શેઠે ઉભયને કાઢી મૂક્યો. એટલે ઉભયની માતા બહુ દુઃખી થઈને કહેવા લાગી : 'જેવી ભવિતવ્યતા હોય તેવું જ બને છે. જો ભવિતવ્યતા હોય તો સમુદ્રને પેલે તીરે ગએલી વસ્તુ પણ ફરી પ્રાપ્ત થાય છે, અને જો તે નથી હોતી તો હસ્તમાં રહેલી વસ્તુનો પણ નાશ થાય છે.'

હવે ઉભય ત્યાંથી સાર્થવાહની સંગાથે ચાલ્યો, અને કૌશાંબી નગરીમાં પોતાની બ્હેન જિનદત્તાને ત્યાં ગયો. તે જિનદત્તાએ પણ તેની દુષ્ટ વર્તણૂંક વિષે સાંભળ્યું હતું તેથી મંદ આદર દીધો. કહ્યું છે કે : **લોકોને વિષે સારી કે નરસી વાત, કસ્તૂરીની અસાધારણ સુવાસ, અને જળને વિષે તેલનું બિંદુ, એ ત્રણેવાનાં વિરુદ્ધ યત્ન કર્યા છતાં પણ ઉતાવળાં વિસ્તાર પામે છે. તેમાં કોઈ આશ્ચર્ય જેવું નથી.**

ઉભયને યોગ્ય સત્કાર ન મળ્યો તેથી તેણે વિચાર્યું કે, 'અહો મ્હારાં ભાગ્ય જ મંદ છે. અહીં પણ મને આપત્તિ ત્યજતી નથી. કહ્યું છે કે : 'કોઈ એક ટાલવાળો માણસ મસ્તકે સૂર્યના તાપથી દુઃખી થતો છાયાને અર્થે શીઘ્ર ચાલતો ચાલતો એક બીલીના વૃક્ષતળે આવ્યો, પણ ત્યાં આવીને બેઠો કે તુરત જ ઊંચેથી એક મ્હોટું ફળ તેના મસ્તક ઉપર પડ્યું અને મસ્તક ફૂટ્યું. માટે ઘણું કરીને ભાગ્યરહિત જન જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં આપત્તિ પણ સાથે જ જાય છે.' વળી કહ્યું છે કે : 'મચ્છીમારના મજબૂત હાથથી પકડાએલો

એક માછલો ત્યાંથી છટકી ગયો તો ફરી તે બાપડો જાળમાં સપડાયો, અને જાળમાંથી નિકળી પડ્યો એટલે તેને બગલો ગળી ગયો. દૈવ વાંકું હોય ત્યાં દુઃખનો છેડો કેમ આવે ?' તેથી તે અંતઃકરણને વિષે વૈરાગ્ય ધરતો બોલ્યો કે, 'અહો ! પારકો આશ્રયપણ કષ્ટદાયક છે. કહ્યું છે કે : 'તારાઓના પરિવારવાળો, ઔષધીઓનો નાયક, અમૃતમય શરીરવાળો, અને સૌંદર્યવાન્ એવો ચંદ્ર પણ સૂર્યના મંડળમાં જઈને તેજરહિત થાય છે; માટે પરઘરને વિષે પેઠેલો કયો પુરુષ લઘુતાને નથી પામતો ? અર્થાત્ સર્વ પામે છે ?'

એવો વિચાર કરીને તે જિનમંદિરે ગયો, ત્યાં તેણે **શ્રુતસાગર** મુનિ પાસે ધર્મ શ્રવણ કરી, સાતે વ્યસનનો ત્યાગ કરી સમકિતપૂર્વક બારવ્રત ગ્રહણ કર્યા; અને બીજાં પણ અજાણ્યાં ફલ ન ખાવાં. એ પ્રમુખ વ્રત અંગિકાર કર્યા. કર્યું છે કે : ગુણવંતની સેવાના પ્રસંગથી નિર્ગુણી હોય તે પણ ગુણી થાય છે. જેવી રીતે જળ છે તે કર્પૂરથી કે પાટલીપુષ્પથી સુવાસિત થાય છે તેમ.

પછી તો ઉમયને ઉત્તમ માર્ગગામી જોઈને તેની બ્હેને તેને પોતાને ઘેર બોલાવ્યો, અને બહુ દ્રવ્ય આપ્યું. કહ્યું છે કે : 'ન્યાયે પ્રવર્તતાજનોને તિર્યંચ પણ સહાય્યકારી થાય છે, અને તેથી ઉલટા અન્યાયમાર્ગે ચાલનારાને તો તેના બંધુ પ્રમુખ પણ ત્યજી દે છે. વળી દડાને હાથ વડે ભૂમિ ઉપર પછાડ્યો હોય છતાં પણ તે જેમ પાછો ઊંચો જ આવે છે, તેવી રીતે સજ્જન પુરુષો વિપત્તિ પામ્યા છતાં પણ પોતાનો અસલ સ્વભાવ મૂકતા નથી. અને તેમના પર આવેલી આપત્તિ પણ અસ્થાયી હોય છે.

એકદા કેટલાએક સાર્થવાહ ઉજ્જયિનીથી કૌશાબીમાં આવ્યા, તેઓએ તે ઉમયને સન્માર્ગે ચાલતો જોયો; તેથી તેઓ તેની પ્રશંસા કરીને કહેવા લાગ્યા : 'હે ઉમય ! તને ધન્ય છે. તું ઉત્તમની સંગતિમાં ઉત્તમ થયો છે. જેવી સંગતિ તેવું ફળ. કહ્યું છે કે : **'તપાવેલા લોહ ઉપર પાણીનું બિંદુ મુક્યું હોય, તો તેનું નામ પણ દેખાતું નથી. તે જ જળનું બિંદુ જો કમળના પત્ર ઉપર પડ્યું હોય, તો તે મોતી જેવું દેખાય છે;** વળી જો સ્વાતિનક્ષત્રને વિષે સમુદ્રમાં રહેલી છીપમાં પડ્યું હોય તો તે મુક્તાફળ જ થાય છે. માટે ઘણું કરીને સોબતના પ્રમાણમાં ઉત્તમ, મધ્યમ કે અધમગુણ પ્રાપ્ત થાય છે. વળી ચંદ્ર વિના જેમ રાત્રી અને કમળ વિના જેમ સરોવર શોભતાં નથી, તેમ ધર્મ વિના માણસ શોભતો નથી.'

પછી તો એ ઉભય બહુ પ્રકારનાં કરિયાણાં લઈને એ સાર્થવાહની સંગાથે પોતાના નગરભણી જવા નિકળ્યો. એકદા માતાપિતાના દર્શનમાં ઉત્સુક એવો તે ઉભય કેટલાક માણસો સહિત એકલો આગળ ચાલ્યો, પણ રાત્રીને સમયે પ્રમાદને લીધે ખરો માર્ગ ત્યજી અટવીમાં પેઠા; એટલે તેઓ ભૂલા પડ્યા. પ્રભાત થયે સૂર્યોદય થયો એટલે તેઓ ક્ષુધાતુર થયા, તેથી તેના મિત્રો રૂપથી સુંદર એવાં ફળ ખાવાને માટે લઈ આવ્યા. પણ ઉભયે 'તે અજાણ્યાં ફળ છે, માટે ખાવાં નહીં' એમ કહ્યું. ત્યારે તેમણે કહ્યું : 'ત્હારે જાણ્યાં-અજાણ્યાંનું શું કામ છે ? એ ફળ ઉત્તમ છે, માટે ખાઈને આત્માને સંતુષ્ટ કર.' પણ તેણે કહ્યું કે : 'મ્હારે અજાણ્યાં ફલ ખાવાની પ્રતિજ્ઞા છે.' એમ કહીને તેણે તે ફળ ખાધાં નહીં. બીજા સર્વેએ એ ખાધાં. એ ફળ કિંપાકવૃક્ષનાં હતાં, જે એ ખાય તે મૃત્યુ પામે. તેથી ઉભય વિના સર્વ ત્યાં જ મૂર્છા ખાઈને મૃત્યુ પામ્યા !

તે જોઈને ઉભય બહુ શોકગ્રસ્ત થઈ ગયો અને વિચારવા લાગ્યો : 'અહો ! આ ફળને વિષે કાળકૂટ વિષ છે તે કોઈ જાણતું નથી. કારણ કે, આ વૃક્ષ પ્રથમ પોતાની છાયાથી, પછી પુષ્પથી, અને પછી સ્વાદિષ્ટ એવાં ફળથી આશ્રિતોને સુખ આપે છે; ત્યારે શી ખબર પડે કે, એના મૂલમાં હળાહળ વિષ હશે, કે મહાઉગ્ર જવાળામય વિષવાળો ફણિપતિ (સર્પ) અહીં રહેતો હશે ?'

હવે ઉભયની વ્રતના નિશ્ચયની પરિક્ષા કરવાને અર્થે વનની અધિષ્ઠાતા દેવી ત્યાં સુંદર સ્ત્રીનું રૂપ લઈને આવીને કહેવા લાગી : 'હે પ્રવાસી ! આવાં કલ્પવૃક્ષસમાન વૃક્ષનાં ફળ તું કેમ નથી ખાતો ? મહા પુણ્યના યોગે એ ફળ પ્રાપ્ત થાય છે, એ ખાવાથી રોગી નિરોગી થાય છે; વળી તેને મૃત્યુનો ભય પણ રહેતો નથી. સાંભળ, હું પણ પૂર્વે વૃદ્ધ હતી, ત્યારે મને ઇંદ્રે આ ફળના રક્ષણાર્થે અહીં મોકલી. અહીં મેં એ ફળ ખાધાં, એટલે હું નવ યૌવના બની ગઈ છું.' વનદેવીનાં વચન સાંભળી ઉભયે કહ્યું : 'હે બ્હેન ! મારે અજાણ્યાં ફળ ખાવાને નિષેધ છે, માટે વધારે શું કહું ? જે લલાટમાં લખેલું હોય છે તે જ થાય છે; એનો બીજો કંઈ ઉપાય નથી.' **વિધાતાએ લલાટના પટ્ટા પર જે લખેલું છે તે ઓછું કે વધારે ધન મલવાનું જ છે, પછી મારવાડમાં જાવ તો પણ એટલું જ રહેવાનું છે, અને મેરૂ પર્વત પર જાવ તો પણ**

**વધવાનું નથી. તેથી (હે જીવ !) ધીરજ રાખ ! ધનવાનોની કંજૂસ સેવા ન કર, દેખ ! કૂવામાં અને દરીયામાં ઘણું પાણી હોવા છતાં હાથમાં રહેલા ઘડા જેટલું જ જલ ગ્રહણ થાય છે.**

ઉમયનું આવું ધૈર્ય જોઈને વનદેવીએ તેના ઉપર તુષ્ટમાન થઈને તેને વર માગવાનું કહ્યું. ત્યારે તેણે માગ્યુ કે, 'જો તું તુષ્ટમાન થઈ હોય તો આ મ્હારી સાથે આવેલા સર્વને ઉઠાડ અને ઉજ્જયિનીનો માર્ગ બતાવ.' દેવીએ કહ્યું. 'તેમજ થાઓ.' કહ્યું છે કે : **જે પુરુષમાં ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ. આ છ વાનાં હોય છે, તેનાથી દેવતા પણ શંકા પામે છે.**

પછી દેવીના વચનથી સર્વ સજીવન થઈ ઉભા થયા. એટલે તેઓએ કહ્યું : 'હે ઉમય ! અમે તારી જ કૃપાથી જીવ્યા છીએ, અમે તારા વ્રતનું માહાત્મ્ય બરાબર સમજ્યા છીએ, તને કંઈપણ અગમ્ય નથી. કહ્યું છે કે : **'પ્રતિજ્ઞાવંત ધીર પુરુષને વસુધા એ ઘરની વેદિકા (ઓટલા) જેવી છે, સમુદ્ર જળની નીક જેવો છે; પાતાળ પણ સ્થૂળ જેવું છે, અને મેરુપર્વત રાફડા સમાન છે.'**

પછી માર્ગ જોયો એટલે તેઓ સર્વ બીજાઓની સાથે પોતપોતાના ઘેર આવ્યા. ઉમયનું સચ્ચરિત્ર જોઈને અને તેનો પૂર્વ વૃત્તાંત સંભારીને રાજા, તેના માતા પિતા તથા સ્વજન સંબંધી વર્ગ-સર્વેએ તેની પ્રશંસા કરી. 'અહો ! તને ધન્ય છે ! ઉત્તમ પુરુષોના સંસર્ગથી તું પણ પૂજ્ય થયો. એટલામાં તો નગરદેવતાએ આવીને નગરવાસીજનોના દેખતાં રત્નમય સિંહાસન રચી તે ઉપર ઉમયને બેસાડી તેનો અભિષેક કરવાપૂર્વક પૂજા કરીને પંચ દિવ્ય પ્રગટ કર્યાં.

એ જોઈને સર્વ લોક ચકિત થઈ ગયાં ! રાજા પણ એ આશ્ચર્ય જોઈને કહેવા લાગ્યો : 'જૈનધર્મ એ જ સર્વ આપત્તિ હરે છે.' **કહ્યું છે કે : ધર્મ આલોક અને પરલોકમાં મનુષ્યોને સુખ કરનારો છે, અંધકારીયા કાલમાં ધર્મ સૂર્ય જેવો છે, સજ્જનોની સર્વ આપત્તિનો નાશ કરવામાં સમર્થ એવો ધર્મ ભંડાર જેવો છે, સ્વજનવિહોણાના માટે ધર્મ સ્વજન છે, મોટા માર્ગમાં ધર્મ મિત્ર સમાન છે, સંસારરૂપી મારવાડની ભૂમિમાં ધર્મ સિવાય બીજું કોઈ કલ્પવૃક્ષ નથી.** પછી પોતપોતાના પુત્રોને પોતપોતાને પદે સ્થાપીને

રાજાએ, મંત્રીએ અને શ્રેષ્ઠીએ; તેમજ ઉમયે તથા બીજા ઘણા માણસોએ **સહસ્રકીર્તિ** મુનિ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. કેટલાએક શ્રાવકો થયા. કેટલાએક ભદ્રપરિણામી થયા. રાણી મદનવેગા, મંત્રીશ્રી સ્ત્રી સોમા, શ્રેષ્ઠીની સ્ત્રી અને બીજી પણ ઘણી સ્ત્રીઓએ **અનંતમતિ** સાધ્વી પાસે દીક્ષા લીધી.

(કનકલતા કહે છે) : હે સ્વામિન્ ! આ સર્વ મેં પ્રત્યક્ષ દીઠું છે, તેથી જ મ્હારૂં સમકિત દ્રઢત્તર થયું છે.' અર્હદ્દાસે પણ એ વાતની સત્યતા વિષે પોતાનો નિશ્ચય બતાવ્યો. બીજી સ્ત્રીઓએ પણ એ કબૂલ કર્યું; પણ કુંદલતા જેવી તેવી નહોતી કે સૌની હાએ હા કહે. તેણીએ એ વાત કબૂલ કરી નહીં.

રાજા, મંત્રી અને ચોર, એ ત્રણે જણ વિચારવા લાગ્યા : 'આ દુષ્ટા તો હા ભણતી જ નથી; સર્વ સત્ય છતાં તે તો અસત્ય જ કહે છે.' રાજાએ તેણીનો પ્રભાતમાં ઘાટ ઘડવાનું ધાર્યું કે, 'એણીને નગરની બહારજ કાઢી મૂકવી છે.' ચોરે પણ ધાર્યું કે, 'દોષ નહીં છતાં પણ જે દોષ કાઢે છે, તે નીચ ગતિ પામે છે. કહ્યું છે કે : **જેનામાં ગુણ હોય, તેને નિર્ગુણી ન કહેવો; અને જેનામાં ગુણ ન હોય તેને ગુણી ન કહેવો; જે જેવો હોય તેવો તેને વર્ણવવો. જે વિપરીત કહે છે, તે નિચગોત્ર બાંધે છે.'**

**(ઇતિ સાતમી ઉમયની કથા.)**

❀ ❀ ❀ ❀ ❀

ત્યારપછી **અર્હદ્દાસ** શ્રેષ્ઠીએ પોતાની **વિદ્યુલ્લતા** નામની સાતમી સ્ત્રીને પૂછ્યું : 'હે પ્રિયે ! ત્યારે તું કહે જોઈએ, તને કેવી રીતે સમકિત પ્રાપ્ત થયું ?' તેણીએ કહ્યું. સાંભળો :

## વૃષભદાસશેઠની કથા

ભરતક્ષેત્રને વિષે **કૌશાંબી** નામની નગરી છે, ત્યાં **સુદંડ** નામે રાજા રાજ્ય કરતો હતો, તેને **વિજયા** નામે રાણી હતી. એ રાજાને **સુમતિ** નામે પ્રધાન હતો, તેને **ગુણશ્રી** નામે સ્ત્રી હતી. એ જ નગરમાં **સુરદેવ** નામે શ્રેષ્ઠી રહેતો હતો, તેને **ગુણમતિ** નામની સ્ત્રી હતી.

અન્યદા સુરદેવ શ્રેષ્ઠી વ્યાપાર નિમિત્તે **મુગુલ** દેશ ગયો હશે, તેણે ત્યાંથી ઉત્તમ અશ્વો આણ્યા, તે તેણે સુદંડ રાજાને આપ્યા. રાજાએ પણ શ્રેષ્ઠીને પુષ્કળ દ્રવ્ય આપ્યું, અને તેનો સત્કાર કરીને તેની પ્રશંસા કરી. કહ્યું છે કે :

કેટલાક ગુણ વસ્તુમાં હોય છે, ને વાણીમાં નથી હોતા; કેટલાક વળી વાણીમાં હોય છે, વસ્તુમાં નથી હોતા. કેટલાક તો એવા છે કે વસ્તુ અને વાણી બન્નેમાં હોય છે; અને કેટલાક તો એવા છે કે, વસ્તુમાંએ નથી ને વાણીમાંએ નથી. એકદા તે સુરદેવ શ્રેષ્ઠીએ આગમોક્તવિધિ પ્રમાણે **ગુણસેન** નામના મુનિને પ્રતિલાભ્યા, તે દાનના પ્રભાવને લીધે દેવતાએ સુરદેવશ્રેષ્ઠીના ઘરમાં પાંચ પ્રકારનાં આશ્ચર્ય પ્રગટ કર્યાં.

હવે એ જ નગરમાં કોઈ **ગતદ્રવ્ય** નામે બીજો શ્રેષ્ઠી રહેતો હતો, તેને **શ્રીદત્તા** નામે સ્ત્રી અને **સમુદ્રદત્ત** નામે પુત્ર હતો. સુરદેવને ત્યાં મુનિદાનનું આવું ઉત્કૃષ્ટ ફળ જોઈને સમુદ્રદત્તે મનમાં ચિંતવ્યું કે : 'અહો ! મ્હારી પાસે દ્રવ્ય નથી તો હું શું દાન દઉં ? માટે, તેની પેઠે દ્રવ્યોપાર્જન કરીને હું પણ મુનિને દાન દઉં. કેમ કે, આદરસત્કાર મળે છે તે ધનથી જ, કુળથી નહીં. કીર્તિ વધે છે તે પણ ધનથી જ, પરાક્રમથી નહીં, કાંતિ પણ ધનને લીધેજ છે, યૌવનથી નહીં. સ્ત્રીઓ પણ ધનથી થાય છે, ખાલી જીવવાથી નથી મલતી. **જેની પાસે ધન છે તેને જ મિત્રો છે, સ્વજનો છે, અને તે જ પુરૂષ લોકમાં પંડિત ગણાય કે જેની પાસે ધન છે. આ લોકમાં ધનવાન પુરૂષોને પારકો પણ સ્વજન બની જાય છે, જ્યારે દરિદ્રને સ્વજન પણ દુર્જન જેવો બની જાય છે.** આમ ધારી તેણે દેશાંતર જવાનો નિશ્ચય કર્યો. તેવારે તેના ચાર મિત્રો તેને પૂછવા લાગ્યા : 'અહો સમુદ્રદત્ત ! તું દૂર દેશાંતરે શી રીતે જઈશ ?' ત્યારે તેણે ઉત્તર આપ્યો : **'અમારા જેવા વ્યાપારીઓને કશું દૂર નથી. કારણ કે, સમર્થને ભાર શો ? વ્યાપારીને દૂર શું ? વિદ્વાનોને વિદેશ શો ? અને પ્રિય બોલનારને શત્રુ શો ? પ્રમાદી પુરુષો પરદેશના ભયથી બ્હીકણ અને વિવ્હળ હોય છે. કાગડા, કાયર પુરુષ અને હરિણો એ પોતાના દેશમાંજ મરે છે.** (અર્થાત્ એઓ પરદેશ જઈ શકતા જ નથી.)

પછી નિશ્ચય કરીને ચારે મિત્રો દેશાંતર જેવા નિકળ્યા. રસ્તે ચાલતાં તેઓ **પલાસ** નામના ગામમાં આવી પહોંચ્યા, ત્યાં સમુદ્રદત્તે પોતાના મિત્રોને કહ્યું : 'અહો ભાઈઓ ! આપણે આપણાં કરીઆણાં ગમે ત્યાં વેચીને અને બીજાં યોગ્ય કરીઆણાં લઈને અહીં પાછા ત્રણ વર્ષની અંદર મળવું.' એ પ્રમાણે તેમણે સ્થાનનો નિશ્ચય કર્યો. પછી ત્રણ જણ તો પહેલા નિકળ્યા. ફક્ત

સમુદ્રદત્ત માર્ગના ખેદને લીધે કેટલોક કાળ ત્યાં રહ્યો. કહ્યું છે કે : **મૂર્ખાઇ એ એક કષ્ટ છે; વળી યૌવનને વિષે દારિદ્ર એ પણ કષ્ટ છે; અને પરઘર વાસ તથા પ્રવાસ એ તો અત્યંત કષ્ટ છે.**

હવે આ **પલાસ** ગામમાં એક **અશોક** નામે કુટુંબી રહેતો હતો, તે અશ્વોનો વ્યાપારી હતો, તેને **વીતશોકા** નામે સ્ત્રી અને **કમળશ્રી** નામે પુત્રી હતી. તે અશોક અશ્વોને સાચવવાને માટે એક સેવકની શોધ કરતો હતો. તે વાતની સમુદ્રદત્તને ખબર પડી, તેથી તે તેની પાસે જઈને કહેવા લાગ્યો : 'હું તમારા અશ્વોની રક્ષા કરીશ; તમે મને શું આપશો ?' આ પ્રમાણે સમુદ્રદત્તે યાચના કરી. કહ્યું છે કે : **ગુણ અને ગૌરવ ત્યાં જ સુધી રહે છે કે, જ્યાં સુધી પુરુષ માગતો નથી. પુરુષ દ્રવ્યનો અર્થિ થયો કે, નથી રહેતા તેના ગુણ કે નથી રહેતું તેનું ગૌરવ.** પછી અશોકે સમુદ્રદત્તને જવાબ આપ્યો કે, 'હમેશાં બે વખત ભોજન, છ છ મહિને એક ત્રિવલિકા, ધોતલી, એક કંબળ અને પગરખાંની જોડ. તથા ત્રણ વર્ષને અંતે આ મ્હારા સાતસો અશ્વોમાંથી ત્હારે જોઈએ તેવા બે અશ્વો.' સમુદ્રદત્તે તે કબૂલ રાખ્યું, ને તેના અશ્વોની રક્ષા કરવા લાગ્યો. કહ્યું છે કે : **સેવક વિના બીજો કોણ મૂઢ ઉન્નતને અર્થ પ્રણામ કરે, શેઠને જીવાડવાને પોતાના પ્રાણ આપે, અને સુખને અર્થે દુઃખ આદરે ?**

હવે સમુદ્રદત્ત હર હમેંશ શેઠની પુત્રી કમળશ્રીને મનોહર ફલ અને ફૂલ આણી આપવા લાગ્યો, તથા તેણીને મનહર સ્વગીતકળા બતાવવા લાગ્યો; જેથી થોડા વખતમાં કમળશ્રીને પોતાને વશ કરી લીધી. કહ્યું છે કે : વનમાં ભીલ્લ લોકો પણ પોતાના ગાયનરૂપી ગુણથી હરિણોને વશ કરી લે છે; માટે કોઈપણ પ્રકારનો ગુણ છે તે કોનું કાર્ય નથી સાધતો ? અર્થાત્ તે સર્વનાં કાર્ય સિદ્ધ કરે છે. તેથી તે કમળશ્રીના મનમાં તો એમ જ ભાસવા લાગ્યું કે, 'સમુદ્રદત્ત મ્હારો ભર્તાર છે.' આમ ચિંતવન કરતી એવી તે તેને અહર્નિશ અનુરક્ત થઈ. કારણ કે, **જેમ ગમે તેટલા કાષ્ટ વડે પણ અગ્નિ તૃપ્ત થતો નથી; ગમે તેટલી નદીઓ વડે જેમ સમુદ્ર પણ તૃપ્તિ પામતો નથી; તથા અમૃતથી જેમ પ્રાણીમાત્ર તૃપ્ત થતા નથી; તેમ વામલોચના-સ્ત્રીઓ પણ પુરુષોથી તૃપ્તિ પામતી નથી.**

હવે કેટલાએક દિવસ પછી, અવધી પૂર્ણ થઈ એટલે સમુદ્રદત્તે કમળશ્રીને

ક્યું : 'હે સ્ત્રી ! ત્હારી કૃપાથી હું બહુ સુખી થયો છું, હવે મ્હારી સેવાની અવધિ પૂર્ણ થઈ છે; માટે હવે હું પરદેશ જઈશ. મ્હારાથી કંઈ શુભાશુભ કહેવાયું હોય તે ક્ષમા કરજે.' આ સાંભળીને કમળશ્રી ગદ્‌ગદ્‌ કંઠે બોલી : 'હે નાથ ! તમારા વિના હું કેમ રહી શકું ? માટે હું તો નિશ્ચે તમારી સાથે જ આવીશ.' સમુદ્રદત્તે કહ્યું : 'તું આ ઠાકોરની મહા સુકોમળ પુત્રી છે અને હું તો મહા દરિદ્રી એવો પ્રવાસી છું, માટે મ્હારા જેવા નિર્ધનની સંગાથે તને સુખ મળશે નહીં; તેથી તું મ્હારી સાથે આવવાની વાત કરે છે એ અયોગ્ય છે. કહ્યું છે કે : **મહાદેવ પાસે વસ્ત્રમાં ચર્મ, આભૂષણમાં મનુષ્યની ખોપરી, અંગરાગમાં ભસ્મ અને કૃષિકર્મમાં અયોગ્ય એવો એક વૃષભ, આવી (નિર્ધન માણસના જેવી) સંપત્તિ જોઈને, તે ઈશ્વર છતાં ગંગા જેવી પત્ની પણ તેમનો ત્યાગ કરીને સમુદ્રમાં જઈને મળી.** માટે નિર્ધન પુરુષનું જીવિત કષ્ટદાયક છે. કારણ કે, સ્ત્રી પણ તેને ત્યજીને જતી રહે છે.'

કમળશ્રીએ કહ્યું. 'વધારે કહેવાથી શું ? હું તમારા વિના ક્ષણમાત્ર પણ જીવીશ નહિં.' પછી સમુદ્રદત્તે તેણીને ઘણીએ સમજાવી, તો પણ તેણીએ માન્યું નહીં; ત્યારે તેણે ફરીથી કહ્યું. 'જો તારે આવવું જ હોય તો ચાલ મ્હારી સાથે, તેં જે કર્મ ઉપાર્જન કર્યાં હશે, તે ગમે ત્યાં પણ તને ફળ આપશે. જે બનવાનું હોય છે તે પોતાની મેળે બની આવે છે જ. જેવી રીતે કે, **જ્યારે** ઘડો નાશ પામે છે - ફૂટી જાય છે, ત્યારે તેમાંનું જળ સ્વયમેવ તેમાંથી બહાર નિકળી આવે છે. વળી હાથીએ કોઠાં ખાધાં હોય છે તે હાથીના પેટમાં ગયા છતાં જેવી રીતે તેવાંને તેવાં જ ગુદા દ્વારા પાછાં નિકળી આવે છે, તેવી રીતે બનવાનું હોય તે બને છે જ.'

એકદા કમળશ્રીએ સમુદ્રદત્તને પોતાના પિતાના અશ્વોનો ભેદ કહી દીધો કે, 'આ અશ્વો મધ્યે જે બે અશ્વ ઘણા જ દુર્બળ છે, તે ઉત્તમ છે. બેમાં રક્તવર્ણનો છે, તે જળગામી (પાણીમાં ચાલનારો) છે; અને જે શ્વેત વર્ણનો છે, તે આકાશગામી (આકાશમાં ચાલનારો) છે.' તેણીનાં આવાં કથનથી તેણે અશ્વો જોવા માંડ્યા, તો તેણે તે પ્રમાણેના જ બે અશ્વો જોયા; તેથી પોતે અત્યંત સંતુષ્ટ થયો. વળી બોલ્યો કે, 'પુણ્ય વિના ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતી નથી.'

હવે એક દિવસ તેના ત્રણે મિત્રો દેશાંતરમાં કરીઆણાં વેચીને તથા

પોતાના દેશને યોગ્ય એવા કરિયાણાં વહોરીને ત્યાં આવ્યા. આવીને તેઓએ પરસ્પર વસ્ત્ર-ભોજનાદિ દીધાં લીધાં. કહ્યું છે કે : **આપે, સામું સ્વીકારે, ગુપ્ત વાત કહે, પૂછે, તેનું ખાય, તેને ખવડાવે, આ છ પ્રકારના પ્રીતીના લક્ષણ છે.** પછી સમુદ્રદત્તે પોતાના સ્વામી અશોક પાસે જઈને કહ્યું : 'હે સ્વામિ ! મને સેવા કરતાં ત્રણ વર્ષ થયાં છે, મ્હારા મિત્રો પણ દેશાંતરથી પાછા આવ્યા છે; માટે મ્હારી સેવાનું મૂલ્ય આપો. મ્હારે સ્વદેશ જવું છે.' અશોકે કહ્યું. 'એ અશ્વોમાંથી તને રૂચે તેવા બે અશ્વો લઈ લે.' એટલે સમુદ્રદત્તે જળગામી અને આકાશગામી એવા બે અશ્વો હતા તે લીધા. તે જોઈને અશોકે ચિંતાગ્રસ્ત થઈને કહ્યું. 'રે મૂર્ખ શિરોમણિ ! કંઈ સમજે છે ખરો કે નહીં ? આવા અતિ દુર્બળ અને કુરૂપ અશ્વો તેં લીધા, તે આજ કે કાલ મરી જશે, માટે એને પડતા મૂકીને બીજા બે બહુ મૂલ્યવાળા ને પુષ્ટ એવા અશ્વો લે.' પણ તેણે કહ્યું. 'મ્હારે આ જ જોઈએ છીએ, બીજાનું કામ નથી.' બીજા પોસ ભા હતા તેમણે પણ કહ્યું : 'અહો ! આ મૂર્ખ અને દુરાગ્રાહી છે, એને સારી શિક્ષા તે વૃથા જ છે. કારણ કે, **જળવડે અગ્નિને ઠારી શકાય, છત્રવડે સૂર્યનો તાપ વારી શકાય, અનેક ઔષધ ભેષજો વડે વ્યાધિ ટાળી શકાય, વિવિધ મંત્ર પ્રયોગોવડે વિષ ઉતારી શકાય, તીક્ષ્ણ અંકુશવડે મદોન્મત્ત હાથીને વશ કરી શકાય, તેમ જ દંડ-પ્રહાર વડે બળદને તથા ગર્દભને વારી શકાય. આ પ્રમાણે સર્વનું ઔષધ-વારણ શાસ્ત્રમાં કહેલું છે, પરંતુ મૂર્ખ-નિટોળનું કશું ઔષધ જાણ્યું-સાંભળ્યું નથી. વળી જેમ મગશેલીયા (કઠણ) પાષાણને વરસાદ પણ મૃદુ (પોચો) કરી શકતો નથી, તેમ દુરાગ્રહિ વિદ્વાન માણસને પંડિત પણ સમજાવી શકતો નથી.'**

અશોકે પણ કહ્યું : 'એ મંદભાગ્ય છે, તેથી એને શ્રેષ્ઠ વસ્તુનો લાભ થશે જ નહીં. કહ્યું છે કે : સમુદ્ર જેવાને પણ ઉલ્લંગી જવાને સમર્થ, સારી પૃથ્વી ઉપર ફરવાવાળા અને ખરૂં ખોટું પણ કાર્ય કરી આપનારા એવા હનુમંતને રામચંદ્રજીએ (સેવાના બદલામાં) કંછોટો આપ્યો; કારણ કે, વિધિએ જ તેને એટલું અપાવ્યું.'

એમ કહીને અશોકે ઘેર જઈને પોતાના સર્વ પરિવારને પૂછ્યું : 'એ અશ્વોનો ભેદ સમુદ્રદત્તને કોણે કહ્યો ?' ત્યારે સર્વેએ સોગન ખાઈને કહ્યું કે, 'અમે કંઈ કહ્યું નથી, પણ કોઈ ધૂર્ત પુરુષ કમળશ્રીની ચેષ્ટા જણી ગયો હશે,

તેણે સર્વ વાત કહી દીધી.' એ ઉપરથી અશોકે વિચાર્યું કે : 'અહો ! એ પુત્રી દુષ્ટ છે. કારણ કે, **જળ ઉપર મુકેલું તેલ, ખલ પુરુષને કહેલી ગુહ્ય વાત, નિર્દોષ પાત્રને આપેલું દાન, અને બુદ્ધિવંતને વિષે શાસ્ત્રજ્ઞાન; એ સર્વ વસ્તુ અનેક રીતે પોતાની મેળે જ વિસ્તાર પામે છે.** વળી કહ્યું છે કે : 'સ્ત્રીઓ કુશીલવંતને વિષે વિચરે છે; કૂળક્રમનું ઉલ્લંઘન કરે છે; ને ગુરુ, મિત્ર, પતિ અને પુત્રને પણ સંભારતી નથી. વળી સુખ દુઃખને જાણનારા અને જયપરાજય તથા જીવિત મરણના જ્ઞાનવાળા તત્ત્વજ્ઞ પણ સ્ત્રીના ચેષ્ટિતમાં મોહ પામી જાય છે; તેમ જ અસત્ય, સાહસ, માયા, મૂર્ખપણું, અતિલોભ, અશૌચ અને નિર્દયતા; એ સ્ત્રીના સ્વભાવિક દોષો છે.'

હવે અશોકે વિચાર્યું કે : 'જો એ અશ્વો હું એને નહીં આપું, તો મ્હારી પ્રતિજ્ઞાનો ભંગ થશે. મ્હોટા પુરુષો પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે નહીં. કહ્યું છે કે : દિશાઓના હસ્તિએ, કાચબાએ, કુલ પર્વતોએ અને ફણિપતિએ આ જે પૃથ્વી ધરી રાખી છે, તે પૃથ્વી કદાચિત્ ચલાયમાન્ થાય તો પણ સજ્જન પુરુષોની પ્રતિજ્ઞા ચલિત થાય નહીં. વળી જો હું પુત્રી ઉપર કોપ કરીશ, તો મ્હારો મર્મ જાણનાર એ પુત્રી બીજું કંઈક નિધાનાદિક પ્રગટ કરી દેશે. કહ્યું છે કે : **રસોઈઓ, કવિજન, વૈદ્ય, બંદિજન, શસ્ત્ર ધારણ કરનાર, સ્વામી, ધનાઢ્ય, મૂર્ખ અને મર્મજ્ઞ એટલા જણ ઉપર કદિપણ કોપ કરવો નહીં.'**

એ ઉપરથી નિશ્ચય કરીને અશોકે તે બન્ને ઘોડા તેને આપ્યા. વળી કમળશ્રીનો પણ તેની સાથે વિવાહ કર્યો. કેટલાક દિવસ પછી સમુદ્રદત્તે પોતાના મિત્રો સાથે સ્વદેશ તરફ પ્રયાણ કર્યું. તે વખતે અશોકે વહાણવાળા સાથે સંકેત કર્યો કે, 'તમારે સમુદ્રદત્ત પાસે ભાડાના બદલામાં બન્ને અશ્વો માંગવા.' વહાણવટીએ કહ્યું : 'એ વાત અયોગ્ય છે, મને અશ્વો કેવી રીતે મળે ? કારણ કે, **કૃપણનું ધન, નાગનો મણિ, કેસરીસિંહનો કેશ (વાળ) અને સતી સ્ત્રીનાં સ્તન, એટલાં વાનાં તેના જીવતાં મળવાં બહુ દુર્લભ છે.'**

તોપણ અશોકે કહ્યું : 'તને વધારે શું કહું ? તું ત્હારે તેની પાસે એ અશ્વો જરૂર માગજે.' પછી તે તો પુત્રીને શીખ આપીને પાછો ઘેર ગયો.

અહીં સમુદ્રદત્ત પણ પરિવાર સહિત મિત્રોની સાથે સમુદ્રને તીરે આવ્યો.

જેમાં ઉછળતા કલ્લોલની માળાએ જાણે ગગનને ગ્રાસરૂપ કર્યું હોય નહી ! તેવી રીતે ફીણ વળી રહ્યાં હતાં ! તે ફીણ નવા ચંદ્રોદયનો ભ્રમ કરાવે છે, તે જોવાને ત્યાં આકાશમાં દેવતાઓ આવ્યા છે ! એવો આ સમુદ્ર કલ્પાંતકાળના જળધર (મેઘ)ના શબ્દો જેવા મોજાંઓથી ગાજતો છે અને મત્સ્ય, પ્રવાલ આદિના શબ્દથી કિલકિલાટ કરી રહ્યો છે, ત્યાં વહાણવટીએ તેમની પાસે ઉતરવાના બદલામાં પેલા બે અશ્વો માગ્યા. ત્યારે તેણે કહ્યું. 'અશ્વો તો શું, યોગ્ય રકમ સિવાય કોડી પણ નહીં મલે.' ત્યારે વહાણવટીએ કહ્યું : 'ભલે તેમ કરો, તમે તમારી મેળે ઉતરો, હું સાથે નહીં આવું.' તે સાંભળીને કમળશ્રીએ કહ્યું : 'ચાલો, આપણે આકાશગામી અશ્વ ઉપર બેસીને તથા જળગામીને હાથે ઝાલીને સમુદ્ર ઉતરીને ઘેર જઈએ.' એમ કહી તેઓ તેમ કરીને ઘેર પહોંચ્યા. કહ્યું છે કે : **અશ્વ, શસ્ત્ર, શાસ્ત્ર, વીણા, વાણી, નર અને સ્ત્રી, એઓ જેવા પુરુષને હસ્તે જાય, તેવી રીતે તે યોગ્ય કે અયોગ્ય થાય છે.**

એકદા સમુદ્રદત્તે પેલો ગગનગામી અશ્વ સુદંડ રાજાને આપ્યો. રાજાએ તેને અર્ધ રાજ્ય આપ્યું. વળી પોતાની પુત્રી અનંગસેનાને પણ તેની સાથે પરણાવી. આ પ્રમાણે સમુદ્રદત્ત બહુ સુખી થયો, તેથી તે દાન પૂજાદિક કાર્યો કરવા લાગ્યો. લક્ષ્મી મળી તો તે ભોગવવી અને દેવી. વિદ્યા મળી તો વિવેકી થવું. કોઈક ભાગ્યવંત જીવને જ લક્ષ્મી, ભોગ અને દાનને અર્થે, વિદ્યા વિવેકને અર્થે અને કીર્તિ સ્વર્ગ તેમ જ મોક્ષને અર્થે થાય છે.

પછી રાજાએ ગગનગામી અશ્વ પોતાના વૃષભદાસશેઠને રક્ષણને અર્થે સોંપ્યો. કહ્યું છે કે : **પાપમાંથી પાછા ફેરવે, હિતમાં જોડે, ગુપ્ત વાતો ઢાંકે, ગુણોને પ્રગટ કરે, આફતમાં ત્યાગ ન કરે, અવસરે આપે, આ ૬ સન્મિત્રના લક્ષણ છે.** તેનું તે મહાયત્ને પાલન કરવા લાગ્યો. એકદા તેણે મનમાં વિચાર્યું કે : 'અહો ! આ આકાશગામી અશ્વ છે, તો તેનો ઉપયોગ શા માટે ન કરવો જોઈએ ? કહ્યું છે કે : જ્યાં સુધી આ કલેવરરૂપી ગૃહ સ્વસ્થ છે, વૃદ્ધાવસ્થા આવી નથી, ઇંદ્રિયોની શક્તિ હણાઈ નથી, અને આયુષ્ય ક્ષીણ થયું નથી, ત્યાં સુધીમાં પંડિત પુરુષે આત્માના હિતને અર્થે મહા પ્રયત્ન કરવો; કારણ કે, ઘર સળગી ઉઠ્યા પછી કૂપ (કૂવો) ખોદવો તે ઉત્તમ ઉદ્યમ નિષ્ફળ છે.'

એમ વિચારીને તે શ્રેષ્ઠી તેને લાડ લડાવીને અને તેના ઉપર ત્રણવાર હાથ ફેરવીને અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા, આદિ પર્વતિથિના દિવસોએ તે અશ્વ ઉપર આરુઢ થઈ વિજયાર્દ્ધ પર્વત ઉપર આવેલાં જિનમંદિરોનાં દર્શન કરવા લાગ્યો. એ પ્રમાણે તે સુખે કરીને કાળ નિર્ગમન કરવા લાગ્યો. કહ્યું છે કે : **બુદ્ધિમાન પુરુષોનો કાળ ધર્મ શાસ્ત્રના વિનોદમાં અને મૂર્ખ લોકોનો કાળ વ્યસન, નિદ્રા અને કલહમાં જાય છે.**

એકદા જિતશત્રુ નામના પલ્લીપતિ ભિલ્લને કોઈએ જઈને એકાંતમાં કહ્યું કે : 'હે દેવ ! સૂર્યકૌશાંબી નગરીમાં **વૃષભદાસશેઠ** પાસે એક ગગનગામી અશ્વ છે, તે ઉપર બેસીને તે નિરંતર આપણી પલ્લી પાસે થઈને પોતાના દેવની પૂજા કરવા માટે આકાશમાર્ગે જાય છે.' બૃહસ્પતિએ કહ્યું છે કે : રાજાનું પણ સ્વલ્પ કાર્ય હોય તે કોઈએ સભામાં પ્રકાશ કરવું નહીં. વળી કહ્યું છે કે : **મતિમાન્ પુરુષે ભાટ, બંદિજન, નીચ, નાપિત, માળી તથા ભિક્ષુકની સાથે ગુહ્ય વાત કરવી નહીં.** એક દિવસ આકાશમાં જતા તેને જોઈને જિતશત્રુ વડે કહેવાયું કે ઉત્તમગુણવાળો આ અશ્વ દુર્બલ છે તો પણ શોભે છે.

પછી જિતશત્રુ વડે પોતાના સુભટોની આગળ કહેવાયું કે જે વીરપુરુષ આ અશ્વને લાવીને મને સોંપશે તેને અર્ધુ રાજ્ય અને મારી પુત્રી આપીશ. કહ્યું છે કે : **'અતિ મેલા કાર્યમાં શઠ લોકોની બુદ્ધિ અતિ નિપુણ હોય છે. અંધકારમાં જ ઘુવડોની દૃષ્ટિ રૂપ જોઈ શકે છે.'** કુંતલ નામના સુભટ વડે કહેવાયું કે : 'હું અશ્વ લાવીશ.' આવી પ્રતિજ્ઞા કરીને તે દેશાંતરમાં ગયો. કોઈક ગામમાં સાગરચંદ્ર મુનિ પાસે ભગવાનના સ્તવન આદિ શાસ્ત્ર ભણીને બ્રહ્મચારી થયો. ઉગ્ર તપથી લોક વૈદ્ય થયો. કહ્યું છે કે : 'ઉત્તમજનોના સંસર્ગથી નીચ પણ ઉચ્ચતાને પામે છે. ગંગા નદીના કિનારે થયેલો કાદવ પણ લોકો વડે વંદાય છે.' ક્રમે કરીને તે કૌશાંબી નગરીમાં ગયો. વૃષભદાસ શેઠે કરાવેલા જિનાલયમાં માયાવી થઈને રહ્યો.

એક દિવસ બહાનુ કાઢીને આંખ ઉપર પાટો બાંધીને લોકોની આગળ કહે છે કે, 'મને આંખમાં બહુ પીડા થાય છે.' અને તે દિવસે ઉપવાસ કરે છે. કહ્યું છે કે : **'આંખના રોગવાળાને, કોઢીયાને, મસ્તકના રોગવાળાને જ્વરના અને વ્રણના રોગવાળાને ઉપવાસ એજ પરમ ઔષધ છે.**

એક દિવસ શ્રેષ્ઠીએ મંદિરના પૂજારીને પૂછ્યું : 'અરે ! કોઈ અતિથિ આવેલો છે ? કહ્યું છે કે - **અતિથિની, ઉપધિની, મૈત્રીની, રાજસેવાની, ધનની, પશુની, બાલકની, ખેતીની, અભ્યાસની, પત્નીની, શત્રુની, રોગની, ગ્રહની, ઘરની, ગુરૂની, રાજવાર્તાની, ઇન્દ્રિયોની ક્ષણ પૂરતી પણ ઉપેક્ષા કરવામાં આવે તો સર્વથા કાર્ય વિનાશ થાય છે.** એક અતિથિ અને બીજો નિંદા કરનાર એ બે મ્હારા બંધુ જેવા છે. કારણ કે, જે નિંદક છે તે મ્હારાં પાપ હરી લે છે, અને અતિથિ છે તે મોક્ષનો દેનારો છે.' ઉત્તરમાં પેલા પૂજારીએ કહ્યું : 'હે શેઠ ! એક આંખે પીડાતો મહા બ્રહ્મચારી છે.' એ સાંભળીને શેઠ તત્કાળ મંદિરે ગયો, ત્યાં જઈ નમસ્કાર કરીને બોલ્યો : 'હે બ્રહ્મચારી ! મ્હારે ઘેર ચાલો, અન્યથા રોગ શાંત થશે નહીં.' તેવારે તેણે કહ્યું : 'અમારા જેવાને ઘરને વિષે રહેવું એ યોગ્ય નહીં.' ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું : 'જે રાગી પુરુષો છે, તેમને તો વનમાંએ દોષ જ પ્રાપ્ત થાય છે; અને જે ઇંદ્રિય ઉપર નિગ્રહવાળા હોય છે, તેમને ગૃહ એ જ તપનું સ્થાન હોય છે. ઉત્તમ કાર્યને વિષે પ્રવર્તનાર એવા નિરોગી જનોને તો ગૃહ એ જ તપોવન છે.'

એમ તેને મહાકષ્ટવડે સમજાવીને પોતાને ઘેર લઈ ગયો. પણ એક મહાધૂર્ત પુરુષે તે (કપટી) બ્રહ્મચારીને જોઈને શેઠને કહ્યું : 'હે શ્રેષ્ઠી ! આ બ્રહ્મચારી મહાઠગ છે, અને તે તમારા ઘરમાં જ ચોરી કરશે. કારણ કે, આંખ પણ ન ફેરવે, પગ પણ ન ચલાવે, ડોક પણ ન કંપાવે, પડખાં પણ જરાએ ન હલાવે, વળી નાસિકા સામું જોઈ રહીને એક જ પગે ઉભો રહે, એવો પણ જે બગલો તે ત્યાં સુધી જ તાપસ જેવો થઈને રહે છે કે, જ્યાં સુધી તેના મુખમાં માછલું નથી આવ્યું.'

એ સાંભળીને શ્રેષ્ઠીએ કહ્યું : 'અરે અધમ માણસ ! જિતેંદ્રિયની નિંદા કરવી નહીં. કારણ કે, એવા પુરુષો વિરલા હોય છે. કહ્યું છે કે : **મદોન્મત્ત હસ્તિઓના કુંભસ્થળને ભેદી નાંખવાને સમર્થ, ક્રૂર અને પ્રચંડ એવા સિંહનો વધ કરવામાં પ્રવિણ અને સર્પને વશ કરવામાં શક્તિમાન એવા પુરુષો ઘણા મળી આવે છે; પરંતુ કામદેવના મદનો નાશ કરવાવાળા પુરુષો વિરલા હોય છે.** વળી પણ કહ્યું છે કે : 'હે સખિ ! આ બટુને તું બોલતાંવાર અટકાવ, તે વધતું ઓછું બોલવા જાય છે; કારણ કે, જેઓ મહાન્

પુરુષોના અવગુણ બોલે છે એટલાને જ નહીં, પણ તેમની પાસેથી સાંભળે છે તેમને પણ પાપ લાગે છે.' કહ્યું છે કે : **અવિદ્યમાન દોષ જે બોલે છે, અને સજ્જનોના ગુણ બોલવામાં જે મૂંગો છે, તે પાપનો ભાગીદાર અને નિંદક થાય છે. જીવની હત્યા કરતા તેનો તેજોવધ કરવો તે મોટું પાપ છે.** કહ્યું છે કે : **પોતાનું કામ છોડીને જે પરોપકારમાં રક્ત છે તે સજ્જન છે, પોતાનું કામ સાચવીને જે પરોપકારમાં રક્ત છે તે મધ્યમ છે, પોતાના સ્વાર્થથી જે પરોપકારનો નાશ કરે છે તે મનુષ્ય રૂપે રાક્ષસ છે, અને જે નિરર્થક રીતે પરોપકારનો નાશ કરે છે તે કોણ છે ? તે અમે જાણતા નથી.**

છેવટે બ્રહ્મચારીએ કહ્યું : 'અહો શ્રેષ્ઠી ! એની ઉપર કોપ ન કરો. જે મહાપુરુષો છે, તે તેમના આશ્રિતોના ગુણ દોષ લેખવતા જ નથી. કહ્યું છે કે : 'ચંદ્રમાની ક્ષય પ્રકૃતિ છે, વક્ર તનુ છે, જડ આત્મા છે. અને વળી તે રાત્રિને કરવાવાળો છે; તથા મિત્રને વિપત્તિકાળે મસ્તકે આવીને પ્રકાશ કરે છે, આ પ્રકારનો છતાં પણ શંકરે તે ચંદ્રને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યો છે; માટે મ્હોટા લોકોએ પોતાના આશ્રિતોના ગુણ દોષની ચિંતા ન રાખવી.' કહ્યું છે કે : **સજ્જનો જે વાત એકવાર સ્વીકારે છે તે કેમે કરીને પણ છોડતા નથી. ચંદ્ર કલંકને ત્યજતો નથી, દરિયો વડવાનલને ત્યજતો નથી.**

પછી પાસે ઉભેલા માણસોએ પણ કહ્યું. 'અહો ! આ કોઈ મ્હોટો પુરુષ છે. કારણ કે, એને હર્ષ, વિષાદ, ગર્વ અને અહંકારાદિ કંઈ નથી. કહ્યું છે કે : **'જેમ સૂર્ય ઉદય સમયે તેમજ અસ્ત સમયે, મતલબ કે બન્ને વખતે લાલ વર્ણનો અર્થાત્ એક જ વર્ણનો હોય છે; તેમ માણસોએ પણ આપત્તિ કે સંપત્તિને સમયે એક જ રંગના રહેવું.'** કહ્યું છે કે : **અહંકારથી જે ગુણો હોય છે તે પણ નાશ પામે છે, તો ગુણનો ઇચ્છુક પુરૂષ અભિમાન શું કામ કરે ?'** પછી વૃષભદાસ શેઠ તે બ્રહ્મચારીની બહુ સેવા ભક્તિ કરવા લાગ્યો. કારણ કે, **દેવપૂજા, ગુરુની સેવા, સ્વાધ્યાય, તપ, સંયમ અને દાન એ છ ગૃહસ્થનાં નિત્યકર્મ કહેલાં છે.** પછી બ્રહ્મચારીએ શ્રેષ્ઠીને કહ્યું : 'અહો શેઠ ! તમને ધન્ય છે ! તમારે આ અસાર સંસારને વિષે આ પ્રમાણે જ ધર્મ જાગરણા કરવી. કારણ કે, લક્ષ્મી છે તે પત્ર ઉપર પડેલા જળબિંદુના

જેવી ચંચળ છે.' આ પ્રમાણે તેઓ નિત્ય સાથે રહેવા લાગ્યા.

એવામાં એકદા શેઠને નિદ્રાવશ જોઈને પેલો (કપટી) બ્રહ્મચારીના વેષમાં રહેલો કુંતલ, પેલા અશ્વ ઉપર બેશીને આકાશમાર્ગે ચાલ્યો, પણ અશ્વને કશાઘાત કર્યો; (અર્થાત્ ચાબખો માર્યો) તેથી તેણે તે કુંતલને ભૂમિ ઉપર નાંખી દીધો. કહ્યું છે કે : **'તેજીદાર અશ્વ ચાબુકનો ઘાત સહન કરે નહીં, સિંહ મેઘની ગર્જના સહન કરે નહીં અને મનસ્વી પુરુષો છે તે બીજાઓ આંગળી વડે બતાવે તે પણ પણ સહન કરે નહીં.'** પછી ભૂમિ ઉપર પડેલો તે કુંતલ વિચારવા લાગ્યો : 'અહો ! હસ્તિના મરણની પેઠે મ્હારૂં મરણ થયું.'

**સંતાપ હજી ગયો નથી, શરીરનો મેલ હજી ધોવાયો નથી, આ તૃષ્ણા હજી શાંત નથી થઈ, મધુર પાણી હજી ચાખ્યું નથી, હજી આંખ સ્પર્શાઈ નથી, કમલનું મુળ હજી ચુંબ્યુ નથી, અને કિનારે તો ભમરાઓ વડે ગુંજારવ કરાવા લાગ્યો... અરરર...?**

હવે પેલો અશ્વ તો નિત્યનિયમને અનુસારે પેલાં દેરાસરો હતાં ત્યાં ગયો, ત્યાં ત્રણ પ્રદક્ષિણા દઈને ઉભો રહ્યો; એવામાં ત્યાં ચિંતાગતિ અને મનોગતિ નામના બે ચારણમુનિઓ આવ્યા. વળી એક વિદ્યાધર પણ ત્યાં આવ્યો. તે વિદ્યાધર જિનેશ્વરને વંદન કરીને ચિંતાગતિ નામના ચારણમુનિને પૂછવા લાગ્યો : 'હે મુને ! મને આ અશ્વનો વૃત્તાંત કહો.' તેવારે તેમણે અવધિજ્ઞાનથી જાણીને અશ્વનો સકળ વૃત્તાંત કહ્યો. વળી પણ તે મુનિએ વિદ્યાધરને એટલું કહ્યું કે : 'આ અશ્વને લીધે વૃષભદાસશ્રેષ્ઠીને મહા ઉપસર્ગ થયો છે, માટે એને ત્રણવાર થાબડીને એના ઉપર પલાણ માંડી-બેસીને શ્રેષ્ઠી પાસે લઈ જાઓ અને ધર્મની રક્ષા કરો. કહ્યું છે કે : **'દાન દેવા કરતાં પણ મનુષ્યની રક્ષા કરવી એ અધિક છે; કારણકે, દાનથી સ્વર્ગ મળે છે અને મનુષ્યની રક્ષા કરવાથી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.'**

વળી જે માણસ અધમ થઈ ગયેલા કૂળનો, કે વાવ, કૂવા અને તળાવનો, રાજ્યથી ભ્રષ્ટ થયેલાનો કે શરણાગતનો, તેમ જ ગોબ્રાહ્મણનો કે જીર્ણ દેવમંદિરનો ઉદ્ધાર કરે છે, તેને ચોગણું ફળ પ્રાપ્ત થાય છે.' એ સાંભળીને વિદ્યાધર તે ઉપર બેશીને આકાશમાર્ગે સૂર્યકૌશાંબી નગરીએ આવ્યો.

અહીં પાછળ એવું બન્યું કે, વૃષભદાસ શ્રેષ્ઠી જાગી ઉઠ્યા, ને ઉભા થઈને જોયું તો અશ્વ મળે નહીં ! તેથી બોલ્યા : 'અહો ! મહા પ્રપંચ થયો

તે કોઈએ જાણ્યો નહીં. અહો ! મ્હારા અશુભ કર્મનો ઉદય આવ્યો, જરૂર રાજા મ્હારો શિરચ્છેદ કરશે; કારણ કે, જે માણસને જયાં સુખ દુ:ખ ભોગવવું લખેલું છે, તેને દૈવ દોરડાં વડે બાંધીને ત્યાં જ લઈ જાય છે.' પછી પોતાના કુટુંબના માણસોને બોલાવીને તેણે કહ્યું : 'મ્હારૂં તો જે થવાનું હશે તે થશે, પરંતુ તમારે કદિપણ દેવપૂજાદિક ત્યજી દેવાં નહીં. કહ્યું છે કે : 'નિચ માણસો વિઘ્નના ભયથી કંઈ આરંભ કરતા જ નથી; મધ્યમ વર્ગના લોકો આરંભ કરીને વિઘ્ન આવેથી તે પડતું મૂકે છે; પરંતુ જે ઉત્તમ પુરુષો છે, તે તો ગમે તેટલો ઉપદ્રવ કે વિઘ્ન થાયતો પણ લીધેલું કાર્ય મૂકતા નથી.'

આ સાંભળીને કોઈ ઉપહાસ તરીકે બોલ્યો : 'અહો શેઠ ! તમારા ગુરુ તો ભલા છે. (અર્થાત્ દેવ, ગુરુ, ધર્મની આરાધના કરતા છતાં તમને વિઘ્ન કેમ આવ્યું ?)' ત્યારે શેઠે કહ્યું : 'શું એવા એક પ્રપંચીના અપરાધથી અમારા દર્શનને જરાપણ મ્લાની થાય ? એ પાપ તો એને જ લાગ્યું. કંઈ સમુદ્રને વિષે દેડકો મરી જાય, તો તે સમુદ્રનાં પાણી ગંધાશે નહીં. વળી **આ કલિયુગ એવો જ છે, તેમાં સત્યવક્તા નર બહુ દુર્લભ છે; સર્વ દેશો પણ કરભારથી પ્રલયપણું પામ્યા છે; કારણકે, રાજાઓ બહુ લોભી થયા છે; નાના પ્રકારના ચોર લોકો પૃથ્વિને લૂંટે છે; આર્યજન રહ્યા નથી; અને પુત્ર પણ પિતાને સુખકર્તા નથી.'**

પછી શ્રેષ્ઠી ઝટ જિનાલયમાં ગયો, ત્યાં જઈને પ્રભુને નમસ્કાર કરીને બોલ્યો : 'હે પ્રભો ! જો મ્હારો ઉપસર્ગ ટળશે, તો જ હું અન્નપાનાદિ ગ્રહણ કરીશ; અન્યથા નહીં.' એમ કહીને ભગવંતની પાસે તે કાયોત્સર્ગે રહ્યો. કહ્યુ છે કે : 'ઉપસર્ગ થાય, દુર્ભિક્ષ પડે, વૃદ્ધાવસ્થાને વિષે રોગ આવે, તે ત્રણેનો પ્રતિકાર કરવો હોય તો, અને ધર્મના સ્થાનકનો વિનાશ થતો હોય તો સંલેખના કરવી.

એટલામાં તો રાજાએ વાતની ખબર પડી, એટલે તેણે કોપાયમાન થઈને કહ્યું : 'વૃષભદાસશેઠનો શિરચ્છેદ જ કરવો, બીજું કંઈ નહીં.' પાસે બેઠેલાઓએ પણ એમજ કહ્યું. **ધર્મી પ્રત્યે ધર્મીષ્ઠ અને પાપી પ્રત્યે પાપી રાજા હોય છે, લોકો રાજાને અનુસરે છે. કારણ કે, જેવો રાજા તેવી પ્રજા હોય છે.** વળી મુનિશ્વર જેવા પણ વનમાં તપ કરતા હોય, તો તેમને પણ ત્યાં મિત્ર, ઉદાસિન અને શત્રુ એ ત્રણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. પછી

રાજાએ યમદંડ કોટવાળને બોલાવીને કહ્યું : 'હે યમદંડ ! તું શીઘ્ર જઈને વૃષભદાસશ્રેષ્ઠીનું મસ્તક છેડીને મ્હારી પાસે લાવ. કારણ કે, ધર્મના આરંભમાં, દેવું આપવામાં, કન્યાદાનમાં, ધન લાવવામાં, શત્રુનો ઘાત કરવામાં, આગ લાગી હોય તે શમાવવામાં, અને રોગનો ઉચ્છેદ કરવામાં વિલંબ ન કરવો.'

એ સાંભળીને યમદંડ જિનમંદિરમાં જઈ તરવાર વડે જેવો શ્રેષ્ઠીનો ઘાત કરવા જાય છે, તેવો જ તેને શાસનદેવતાએ અટકાવ્યો !!!

એટલામાં પેલો વિદ્યાધર એ અશ્વ ઉપર બેસીને જિનમંદિરની ત્રણ પ્રદક્ષિણા કરીને પ્રભુની સન્મુખ આવીને ઉભો. પછી તેણે તે અશ્વ શ્રેષ્ઠીને સોંપ્યો. તેનું આવું વ્રત માહાત્મ્ય જોઈને દેવોએ પંચ પ્રકારનાં દિવ્ય-આશ્ચર્ય ત્યાં પ્રગટ કર્યાં.

આ સર્વ વૃત્તાંત રાજાએ જાણ્યો ત્યારે તે બોલ્યો : 'અહો ! દ્રવ્ય છે તે અનર્થનું જ ભાજન થાય છે. અહો ! એ અર્થ કોને અનર્થ નથી કરતો ? ભરતખંડમાં ભરતેશ્વર જેવા ચક્રવર્તીએ પણ ધનના લોભેજ શત્રુ (બાહુબળિ)ના સૈન્યમાં ચક્ર મૂક્યું હતું' એમ કહીને તે તુરત જ જિનમંદિરે આવ્યો. ત્યાં આવી અંજળિ જોડીને શેઠને તેણે કહ્યું : 'હે શ્રેષ્ઠી ! મેં અજ્ઞાનપણે આપનો જે જે અપરાધ કર્યો છે, તે તે ક્ષમા કરો.' શ્રેષ્ઠીએ તેને યથોચિત્ ઉત્તર આપ્યો. એટલામાં કોઈએ કહ્યું : 'હે શેઠ ! તમે તો ગયા હતા, પણ દેવે તમારી રક્ષા કરી છે.' તેવારે શેઠે કહ્યું : 'તે ખરૂં છે, પણ કાળને ક્ષયે કોણ કોણ નથી ગયા ? જુઓ ! રાવણને ત્રિકુટપર્વત જેવો કિલ્લો હતો, સમુદ્ર સરખી ખાઈ હતી, રાક્ષસો જ યોદ્ધાઓ હતા, કુબેર જેવો મિત્ર હતો અને શસ્ત્ર મિત્ર એવા ઇન્દ્ર વડે અપાયેલા હતા અને સંજીવની વિદ્યા તો જિવ્હાગ્રે હતી; એવો રાવણ પણ કાળને વશ પડ્યો છે.'

પછી સૌ લોકોએ શ્રેષ્ઠીનો બહુ માન સત્કાર કર્યો. રાજાએ પણ કહ્યું : 'જૈનધર્મવિના બીજા કોઈ ધર્મને વિષે આવું માહાત્મ્ય નથી. કારણ કે, એ **ધર્મ છે તે ધનના અર્થિને ધન આપે છે, કામના અર્થિને કામ આપે છે, સૌભાગ્યની વાંછાવાળાને સૌભાગ્ય આપે છે. વળી તે પુત્રના અર્થિને પુત્ર અને રાજ્યના અર્થિને રાજ્ય પણ આપે છે. વધારે શું કહેવું ! તે નાના પ્રકારના સંકલ્પ-વિકલ્પોને પણ આપે છે; છેવટ સ્વર્ગ અને મોક્ષપણ એ**

જ આપે છે.'

પછી સુદંડ રાજાએ અને સુમતિ મંત્રીએ પોતપોતાના પદે પોતાના પુત્રોને સ્થાપીને તથા રાજયશ્રેષ્ઠી **વૃષભદાસ** અને **સુરદેવશ્રેષ્ઠીએ** તથા બીજા પણ બહુજણાએ **શ્રી જિનદત્ત મુનિશ્વરની** પાસે દિક્ષા ગ્રહણ કરી. વળી કેટલાક શ્રાવક થયા. બીજા પણ ભદ્રપરિણામી થયા. રાણી **વિજયા**, મંત્રી સ્ત્રી **ગુણશ્રી** અને શ્રેષ્ઠીપત્ની **ગુણવતીએ** પણ બીજી ઘણી સ્ત્રીઓની સંગાથે અનંતશ્રી સાધ્વી પાસે ચારિત્ર અંગિકાર કર્યું.

(વિદ્યુલ્લતા કહે છે) : 'હે સ્વામિનાથ ! આ વૃષભદાસશ્રેષ્ઠીના વ્રતનું માહાત્મ્ય જોઈને તથા સાંભળીને મ્હારૂં સમકિત દ્રઢ થયું છે.' અર્હદ્દાસે કહ્યું : 'એ ઉપર મ્હારી ભક્તિસહિત સંપૂર્ણ શ્રદ્ધા છે, એ સર્વ મને રુચિકર છે.' બીજી સર્વ સ્ત્રીઓએ પણ એમ જ કહ્યું. પરંતુ પેલી કુંદલતાએ તો કહ્યું કે, 'એ સર્વે અસત્ય છે, હું તે વાત માનતી નથી.'

એ સાંભળીને રાજા, મંત્રી અને ચોરે પોતપોતાના મનમાં વિચાર કર્યો કે, 'અહો ! વિદ્યુલ્લતાએ જે પ્રત્યક્ષ જોયું છે, તે આ પાપણી કુંદલતા કેમ માનતી નથી.' રાજા એ પ્રભાતે એણીને શિક્ષા કરવાનું નક્કી કર્યું. ચોરે પણ ધાર્યું કે, **'દુર્જનનો સ્વભાવ જ એવો હોય છે. ખળ પુરુષ જગત્ ઉપર અપકાર કરવાથી અને સજ્જન પુરુષ ઉપકાર કરવાથી તૃપ્તિ પામતા નથી. જુઓ કે, અંધકાર છે તે નિત્ય વિશ્વને ગ્રસે છે, અને સૂર્ય છે તે સદા પ્રકાશ કરે છે.'**

**(ઈતિ આઠમી વૃષભદાસશ્રેષ્ઠીની કથા.)**

❀ ❀ ❀ ❀ ❀

પછી રાજા, મંત્રી અને ચોર સૌ પોતપોતાને સ્થાનકે ગયા. પ્રભાતે સૂર્યોદય થયો એટલે દિવસનું કર્મ કરીને તથા સૂર્યને અર્ઘ્ય આપીને પછી કેટલાએક માણસોસહિત રાજા અને મંત્રી **અર્હદ્દાસ** શેઠને ઘેર આવ્યા, તેમને જોઈને શ્રેષ્ઠીએ બહુ આદરસત્કાર કર્યો. કારણ કે, તેઓ જ ધન્ય, વિવેકી અને પ્રશંસા પાત્ર ગણાય છે કે, જેમને ઘેર મિત્રજન કાર્યાર્થે આવે છે.

પછી રાજાએ કહ્યું : 'હે શ્રેષ્ઠી ! રાત્રિને વિષે તમે તથા તમારી સ્ત્રીઓએ જે જે કથાઓ કહી, તે તે કથાઓ દુષ્ટા કુંદલતાએ નિંદી કાઢી છે; તેથી તે સ્ત્રી ભવિષ્યમાં તમારા ઉપર મ્હોટો અપકાર કરશે; માટે એણીને મ્હારી પાસે

લાવો, હું તેણીને શિક્ષા કરીશ. કહ્યું છે કે : **'દુષ્ટ ભાર્યા, શઠ મિત્ર, સામો ઉત્તર આપનાર સેવક જન અને સર્પના વાસવાળું ઘર, એ સર્વે નિશ્ચે મૃત્યુ પમાડનારાં છે.'**

રાજાનાં એ વચન સાંભળીને કુંદલતા બહાર આવીને બોલી : 'હે રાજન્ ! એ દુષ્ટા હું આ આવી. આ સર્વેએ જે જૈનમતનું અતિશય માહાત્મ્ય બતાવ્યું છે, તે હું માનતી નથી.' રાજાએ કહ્યું : 'તું કેમ નથી માનતી ? અમે સર્વેએ નજરોનજર રુપ્યખુર ચોરને શૂળી ઉપર ચડાવેલો જોયો છે, તેને તું અસત્ય કેમ કહે છે ?' તેવારે કુંદલતાએ ઉત્તર આપ્યો, 'હે રાજન્ ! આ શ્રેષ્ઠી અને તેમની સાતે સ્ત્રીઓ જૈનમતવાળાઓનાં પુત્ર પુત્રી હોવાથી એ માર્ગ વિના બીજો કોઈ ધર્મ જાણતાં નથી. અને હું જૈન નથી, તેમ જૈનની પુત્રી પણ નથી, છતાં પણ મ્હારા અંતઃકરણમાં જૈનવ્રતનો પ્રભાવ દેખીને તથા સાંભળીને મ્હોટો વૈરાગ્ય ઉપન્યો છે; માટે મ્હારે સવારે જ દિક્ષા ગ્રહણ કરવી છે, એવો નિશ્ચય કરી રાખ્યો છે. પરંતુ આ લોકો તો જૈનમાર્ગના વ્રત માહાત્મ્ય જોઈને તથા સાંભળીને પણ ઉપવાસને દિવસે શરીરને સુખ ઉપજાવે છે, લંપટપણાથી સંસારના ભોગ પણ ત્યજતા નથી. કહ્યું છે કે : 'ગુણને માટે પ્રયત્ન કરવો (ખરા ગુણી થવું), ખોટા આડંબરનું કંઈ પ્રયોજન નથી. કારણ કે, દૂધ વગરની ગાયો કંઈ મોટી જાહેરાતોને લીધે ખપતી નથી.' કુંદલતાનાં આવાં વચનો સાંભળીને રાજા પ્રમુખ સર્વ કોઈએ તેની બહુ પ્રશંસા કરી.

પછી રાજા, મંત્રી, ચોર અને અર્હદ્દાસે તથા બીજાઓએ પણ પોત પોતાને પદે પોત પોતાના પુત્રને સ્થાપીને ગુણધર મુનિ પાસે ચારિત્ર લીધું. રાજાની રાણી, મંત્રી પત્ની, ચોરની સ્ત્રી અને અર્હદ્દાસશેઠની સ્ત્રીઓએ બીજી ઘણી સ્ત્રીઓને સંગાથે ઉદયશ્રી સાધ્વી પાસે વ્રત અંગિકાર કર્યું. તે સર્વ સાધુ અને સાધ્વીઓ અત્યુગ્ર તપ કરીને સ્વર્ગે ગયાં. કહ્યું છે કે : ધર્મથી ઉર્ધ્વ ગતિ અને અધર્મથી નીચ ગતિ પ્રાપ્ત થાય છે; તથા જ્ઞાનથી મોક્ષ અને અજ્ઞાનથી કર્મબંધ થાય છે. વળી ચાલતાં કે ઉભા રહેતાં, જાગતાં કે ઉંઘતાં, જેનું મન પરહિત તરફ રહ્યા કરે છે, તે અક્ષય મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરે છે.

આ સર્વકથા શ્રી ગૌતમસ્વામિએ શ્રેણિક રાજાને કહીને ત્યાંથી (રાજગૃહ નગરથી) વિહાર કર્યો. પછી શ્રેણિક રાજા વિગેરે સર્વે પોતપોતાને સ્થાનકે ગયા.

**॥ इति श्री सम्यक्त्वकौमुदी भाषांतर समाप्तम् ॥**

# આદિનાથ - શકુનાવલી

અંક - રમળ

લગ્ન - પ્રશ્ન

## નિવેદન

જૈન પ્રવચન એટલે રત્નાકર જેમ રત્નાકરમાં નૂતન નૂતન ખનિજ પદાર્થો ઉત્પન્ન થાય છે તેમ વીર પ્રવચનમાં વિવિધ પદાર્થો રત્નો છે. જેમ કે વ્યાકરણ કાવ્ય, કોષ, ચંપ્પુ, નાટક, ઈતિહાસ, સાહિત્ય, જ્યોતિષ, વૈદિક શકુનાવલી અંક ગણીત, અંકરમલ, લગ્નપ્રશ્ન, માતૃકાપ્રશ્ન, વિગેરે વિગેરે. ફક્ત તેને બહાર કાઢવાની ખામીથી તે વસ્તુનો ઉપયોગ સમાજ કરી શકતો નથી, એથી સમાજ વંચીત જ રહે છે. જેના અભાવે અજ્ઞાન લોકો ભૂદેવોનું શરણ લે છે અને એનાથી ભૂદેવો પણ સાચા ખોટા મૂહુર્તાદિ કાઢીઆપી વસ્તુપ્રાપ્તિનો હેતુ સંપૂર્ણ સાધે છે આથી એવી કઢંગી સ્થિતિ બને છે કે દીનપ્રતિદીન સમાજમાં ઘટાડાનો સડો પેઠો છે. જો કે આ વિષય પ્રસંગે ચર્ચાશે. પણ અહીંયાતો ફક્ત આ પુસ્તક આવશ્યક સંબન્ધનો જ નિર્દેશ કરવાનો છે.

આ પ્રત "શ્રીમદ્ ચારિત્ર સતક જૈન ગ્રંથ નિધિ"ની પોથીઓને અવલોકતાં મળી આવી છે આ પ્રત હસ્તગત થતાં તેની અંદરની વસ્તુ માટે અમારી ધારણા કોઈ જુદા પ્રકારની હતિ પણ આ પ્રતને ખુલ્લી કરીને દ્રષ્ટિપ્રક્ષેપ કરતા જે વિષયની સમાજમાં ખામી જણાતી હતી તે ખામી અલ્પાંશે આ પ્રતથી પુરાઈ છે એમ "આદિનાથ શુકનાવળી" નામ વાંચતાં માનવું પડયું છે કીન્તુ સખેદની વાત તો એ છે કે આ પુસ્તકના કર્તા કોણ છે ? તે ક્યા સંવતમાં બન્યું ! કઈ સ્થિતિમાંથી કેવી રીતે અવતરણ થયું ? તે સંબન્ધે પુસ્તકમાં બીલકુલ કાંઈ ઉલ્લેખ જ નથી. ફક્ત પ્રત પ્રાન્તે "લીૅ ધર્મવિૅ" એમ એક મુનિનું નામ છે આ મુનિ કોનિ પાટપરંપરા છે ? અથવા તેઓના ગુરૂ આદિ કોણ છે ? તેનો કાંઈ ખુલ્લાસોજ નથી અસ્તુ,

જો કે આ પ્રત ઘણી અશુદ્ધિથી ભરપુર હતિ તેને સુધારો વધારો કરી આ પુસ્તક સમાજને બહુઉપયોગી થઈ પડશે તેમ ધારી અશુદ્ધિને બનતા પ્રયત્ને દુર કરેલ છે. તે છતાં નીચેના શ્લોકોના ચરણો બહુજ અશુદ્ધ છે જેનો અર્થ કાંઈ પણ ખ્યાલમાં ન આવતો હોવાથી શ્લોકના ચરણો નીચે ટાંકેલ છે.

શ્લોક ૩ ચરણ ૩ જું,

શ્લોક ૧૦ ચરણ ૨ જું,

શ્લોક ૪૨ ચરણ ૩ જું,

ઉપરના ચરણો, તે તે શ્લોકોનું ભાષાન્તર દરેક શ્લોકની નીચે આપેલ છે. બાકીની જ્યોતિષ સંબન્ધે આવશ્યક ખુલાસો બીજા ગ્રંથો "ચારિત્ર સિરિઝ" તરફથી બ્હાર પાડવાના છે તેમાં સવિસ્તર આપવા ઈચ્છા છે.

આ સિવાય પુસ્તકની અંતરગત "અંક રમળ" તથા "લગ્ન પ્રશ્ન" એમ બે નાજુક પુસ્તકોનો સમાવેશ કરેલ છે તે બન્ને પુસ્તકો પૂજ્યપાદ વડીલ બંધુ મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી મહારાજ સાહેબ તરફથી પ્રાપ્ત થયેલ છે. આ બન્ને નાજુક પ્રશ્નાવલી જૈનાચાર્યોએ રમુજ માટે બનાવેલ હોઈ તેમ જણાવે છે જે વર્તમાનકાળમાં હેરત પમાડે તેવી છે.

આ સ્થાને વડીલબન્ધુને અંતઃકરણ પૂર્વક આભાર સાથે કોટિશઃ વંદન છે તેઓશ્રી દરેક પુસ્તકમાં મને સારી મદદ આપે છે તે માટે હું હંમેશા તેઓશ્રી પ્રત્યે ઋણી છું.

લી.

સંપાદક.

श्री ऋषभदेवाय नमो नमः

# श्री युगादिदेव शकुनावली.

## अथ पीठिका गाथा.

*अकारादि हकारान्ता, प्रसिद्धा सिद्ध मात्रिका*
*युगादौ या स्वयं प्रोक्ता, वृषभेन महात्मना ॥*

**અર્થ :** અકારથી પ્રારંભીને હકારસુધિની વર્ણમાળા (સિદ્ધમાત્રિકા-કક્કાવાળી) પ્રસિદ્ધ છે જે યુગની આદિમાં સ્વયં ઋષભદેવ ભગવાને કહેલ છે.

અ થી હ સુધીના ૪૯ અક્ષરો છે આઠ ઉભી અને આઠ આડી લીંટીનો કોઠો કરી તેમાં એ અક્ષરોનું સ્થાપન કરવાનું છે.

## अथ बीजमंत्र - प्रेक्षण विधि.

*ॐ चलिचलि मीलिमीलि मातंगीनि*
*सिद्धिं दर्शयदर्शय स्वाहा:,*

**અર્થ :** ઓ ચલિ ચલિ ઈત્યાદિ અંબિકાનો મંત્ર છે.

*संस्थाप्य श्रीफलं पुगी, फलं वा नाणकं फलं*
*समपंचत्रिभिर्मंत्रै:, पश्चात्तत्फलमादिशेत्*

**અર્થ :** આ મંત્ર વડે સાત પાંચ કે ત્રણવાર શ્રીફળ સોપારી ત્રાંબાનાણું કે હરકોઈ ફળ મંત્રવું અને પછી તેને કોઠા ઉપર મુકવું આ રીતે જે અક્ષર ઉપર ફળ મુકાય તે અક્ષર ઉપરથી (તે અક્ષરનો શ્લોક વાંચી શુભાશુભ ફળ કહેવું ॥ ૩ ॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| अ અ | आ આ | इ ઇ | ई ઈ | उ ઉ | ऊ ઊ | ऋ ઋ |
| ज જ | झ ઝ | ञ ઞ | ट ટ | ठ ઠ | ड ડ | ॠ ૠ |
| छ છ | भ ભ | म મ | य ય | र ર | ढ ઢ | ऌ ઌ |
| च ચ | ब બ | स સ | ह હ | ल લ | ण ણ | ॡ ૡ |
| ङ ઙ | फ ફ | ष ષ | श શ | व વ | त ત | ए એ |
| ध ધ | प પ | न ન | ध ધ | द દ | थ થ | ऐ ઐ |
| ग ગ | ख ખ | क ક | अः અઃ | अं અં | औ ઔ | ओ ઓ |

## अथ अक्षरमाला फलम्.

• **उत्तमं :**

*अकारे विजयो लाभो, विद्या चैश्वर्यमेवहि*
*वित्तं स्त्रिपुत्रलाभश्च, क्षेमंचैवभविष्यति ॥ १ ॥*

**અર્થ :** જે ખાનામાં ફળ મુક્યું હોય તે ખાનામાં જો અ હોય તો જાણવું કે - વિજય, લાભ, વિદ્યા, ઐશ્વર્ય, ધન, સ્ત્રની પ્રાપ્તિ, પુત્ર પ્રાપ્તિ અને ક્ષેમ કલ્યાણ થશે.

• **मध्यमं :**

*आकारे शौकसंतापौ, भयः कलह एवच*
*विरोधश्च विनाशश्च, व्याधिर्भवति दुःसहः ॥ २ ॥*

આ હોય તો જાણવું કે શોક સંતાપ ભય કજીયો વિરોધ વિનાશ અને ભયંકર વ્યાધિ થશે. ॥ ૨ ॥

• **उत्तमं :**

*इकारे पुत्रलाभश्च, संतुश्रीः सर्वसंपदः*
*अद्धीनगने सिद्धि, शोभा भाग्यं भविष्यति ॥ ३ ॥*

ઈ હોય તો જાણવું કે - પુત્રલાભ લક્ષ્મી દરેક પ્રકારની સંપદા ...... સિદ્ધિ શોભાવાળું સુંદર ભાગ્ય થશે. ॥૩॥

★ આ શ્લોકનું ત્રીજું ચરણ અશુદ્ધ સંભવે છે.

*ईकारे सर्वलाभश्च, शोभनं च प्रवर्तति*
*सिद्धं सर्वकार्याणि, मित्रैः सह समागमः ॥ ४ ॥*

ઈ હોય તો જાણવું કે- સર્વ લાભ થશે, સારૂં સારૂં વૃદ્ધિ પામશે સર્વકાર્યો સિદ્ધ થશે, અને મિત્રોનો મેળાપ થશે.

• **मध्यमं :**

*उकारे शोकसंतापौ, विध्नं चैव भविष्यिति*
*दुखं च प्राप्यतें घोरं, शस्त्रघातः प्रजायते ॥ ५ ॥*

ઉ હોય તો જાણવું કે - શોક સંતાપ અને વિધ્ન થશે, ઘોર દુઃખની પ્રાપ્તિ થશે અને શસ્ત્રનો પ્રહાર થશે.

• **उत्तमं :**

*ऊकारे भुक्त भोगानु, प्रतिष्ठा चैव शोभना*
*सर्वकार्याणि सिध्यंति, क्षेमं विजय एव च ॥ ६ ॥*

ઊ હોય તો જાણવું કે - ભોગવેલા અને ભોગવવા લાયક ભોગો મળે. સારી પ્રતિષ્ઠા જામે સર્વ કાર્યો સિદ્ધ થાય અને ક્ષેમ તથા વિજય મળે.

• **उत्तमं :**

*ऋकारे प्राप्यतेराज्यं, नानारत्नसमुद्भव:*
*सर्वकार्येषु संसर्द्धि, स्वजनैश्च समागम: ॥ ७ ॥*

ઋ હોય તો જાણવું કે રાજયની પ્રાપ્તિ થાય વિવિધ પ્રકારના રત્નોની પ્રાપ્તિ થાય, સર્વ કાર્યો સિદ્ધ થાય અને સ્વજનોનો મેળાપ થાય.

*ऋकारे सर्वहानि: स्यात्, रोगबाहुल्यमेव च*
*मित्रै: सह विरोधश्च, भवेद् द्रोह कुलक्षय: ॥ ८ ॥*

ૠ હોય તો જાણવું કે - દરેક પ્રકારની હાનિ થાય રોગ વૃદ્ધિ પામે મિત્રો સાથે વિરોધ પ્રગટે અને કલહ વડે કુલનો ક્ષય થાય

• **उत्तमं :**

*लृकारे प्राप्यते सिर्द्धि मित्राणांच समागम:*
*अचिरेणापि कालेन, राज्यमानं भविष्यति ॥ ९ ॥*

લૃ હોય તો જાણવું કે સિધ્ધિ મળશે, મિત્રોનો સમાગમ થશે અને ટૂંક સમયમાં રાજમાન્ય થશે.

★ આ શ્લોકનું બીજું ચરણ અશુદ્ધ સંભવે છે.

*लॄकारे तु महाव्याधि:, व्यिधुतापमेवच*
*आयास: कलहश्चैव, अर्थनाश: प्रजापते ॥ १० ॥*

લૄ હોય તો જાણવું કે - મહાવ્યાધિ પ્રકટે સંતાપ થાય કાર્યમાં અતિપ્રયત્ન કલેશ અને ધનનો નાશ થાય.

★ આ શ્લોકનું બીજું ચરણ અશુદ્ધ સંભવે છે.

• **उत्तमं :**

*एकारे पुत्रलाभस्तु, स्त्रीलाभश्च मनोरम:*
*उपस्थितं च कल्याणं, प्रतिष्ठा चैव शोभना ॥ ११ ॥*

એ હોય તો જાણવું કે - પુત્રનો લાભ થશે મનોવાંછિત સ્રીનો લાભ થશે કલ્યાણ પ્રાપ્ત થશે અને સારી પ્રતિષ્ઠા જામશે.

• **जघन्यं :**

*ऐकारे वधबंधौ च, विरोधो बंधुविग्रहा:*

*महद्दुखं च विघ्नं च, जायते नात्र संशयः ॥ १२ ॥*

ઐ હોય તો જાણવું કે - વધ બંધન થશે કલેશ થશે ભાઈઓમાં અણબનાવ થશે મોટું દુઃખ આવશે અને વિઘ્ન ઉપસ્થિત થશે તેમાં સંશય નથી.

• **उत्तमं :**

*ओकारे प्राप्यते सिद्धि, मानमैश्वर्यमेव च*
*सिध्यंति सर्व कार्याणि, भयो नैव प्रसज्जति ॥ १३ ॥*

ઓ હોય તો જાણવું કે - સિધ્ધિની પ્રાપ્તિ થશે માન વધશે ઐશ્વર્ય વધશે સર્વ કાર્યો સિધ્ધ થશે. અને ભયનો નાશ થશે [ભયનો પ્રચાર થશે નહીં]

• **जधन्यं :**

*औकारे अर्तिका विद्या - दर्थहानि र्महाभयः*
*नित्यव्यसनमाप्नोति, शोकं संतापमेव च ॥ १४ ॥*

ઔ હોય તો જાણવું કે - પીડા, ધનની હાનિ તથા મહાભય થાય, તેમજ કાયમનું દુઃખ, શોક અને સંતાપ પામે.

• **जधन्यं :**

*अंकारे (सर्व) द्रव्यहानिश्च, दुःखं चैव प्रजापते*
*महन्ति सर्व कार्याणि, निष्फलानि भवेत ध्रुवं ॥ १५ ॥*

અં હોય તો જાણવું કે - દ્રવ્યની હાનિ થાય અને મોટા દરેક કાર્યો નિષ્ફળ થાય એ નિશ્ચયથી જાણવું.

• **उत्तमं :**

*अःकारे सर्वसौभाग्यं, द्रव्यलाभः प्रजापते*
*प्रतिष्ठाचैव सर्वत्र, महती पूजया सह ॥ १६ ॥*

અઃ હોય તો જાણવું કે - દરેક રીતે સૌભાગ્ય વધશે દ્રવ્યનો લાભ થશે અને મોટા માન સન્માન સાથે પ્રતિષ્ઠા જામશે.

• **उत्तमं :**

*ककारे राजसन्मानं, लाभश्च प्रियसंगमः*
*राज्यप्रसादकल्याणं, विजयः सर्वकर्मसु ॥ १७ ॥*

ક હોય તો જાણવું કે - રાજ સન્માન થશે, લાભ થશે, ઇષ્ટ મનુષ્યોનો મેળાપ થશે, રાજયની મહેરબાની ઉતરશે, કલ્યાણ થશે, અને સર્વ કાર્યોમાં વિજય મળશે.

• **मध्यमं :**

*खकारे शोक संतापो द्रव्यनाशस्तथैव च*

*सुतभृत्यविनाशस्तु, व्याधिना नैव जीवति ॥ १८ ॥*

ખ હોય તો જાણવું કે - શોક સંતાપ લક્ષ્મીનો નાશ તથા પુત્ર અને નોકરનો વિનાશ થશે, અને વ્યાધિ થાય તો તેમાંથી બચશે નહીં.

• **उत्तमं :**

*गकारे सर्वसंप्राप्तिः सिद्धिः सौभाग्यमेव च*

*जयश्च व्याधिनाशश्च, सद्भिः संगमो भवेत् ॥ १९ ॥*

ગ હોય તો જાણવું કે - સર્વ પ્રકારની પ્રાપ્તિ થશે, સિધ્ધિ સૌભાગ્ય જય અને વ્યાધિનો નાશ થશે. તથા સંત પુરુષોની સોબત થશે.

• **उत्तमं :**

*घकारे दृश्यते लाभः, कार्यसिद्धिः प्रजायते*

*सर्वत्र सुखमाप्नोति, कल्याणं विजयं तथा ॥ २० ॥*

ઘ કાર હોય તો જાણવું કે - લાભ દેખાય, કાર્ય સિધ્ધિ થાય સર્વસ્થાને સુખ મળે, તથા કલ્યાણ અને વિજયી થાય.

• **जघन्यं :**

*ङकारे द्रव्यहानिः स्यात् आयासश्च महाभयः*

*दृष्यते कार्यहानिश्च, निष्फलं चिंतितं भवेत् ॥ २१ ॥*

ઙ હોય તો જાણવું કે - લક્ષ્મીનો નાશ થાય દરેક કાર્યમાં અતિશય મહેનત પડે, મહા ભય ઉત્પન્ન થાય, કાર્યનો નાશ થાય, અને ધાર્યું નિષ્ફળ જાય.

• **उत्तमं :**

*चकारे विजयो लाभो, राजसन्मानमेव च*

*सर्वक्षेमंकरं कार्यं, सफलं च भविष्यति ॥ २२ ॥*

ચ હોય તો જાણવું કે - વિજય લાભ રાજસન્માન સર્વ કુશલતા અને કરેલ કાર્ય સફળ થશે.

• **उत्तमं :**

*छकारे ध्वजपताका रत्नानि मुकुटास्तथा*

*आरोग्यदेशलाभश्च, छत्रलाभस्तथा भवेत् ॥ २३ ॥*

છ હોય તો જાણવું કે - ધ્વજા પતાકા રત્નો મુકુટ વિગેરેની પ્રાપ્તિ થાય, આરોગ્ય થાય, દેશની પ્રાપ્તિ થાય અને છત્રનો લાભ થાય.

• **मध्यमं :**

*जकारे दृश्यते हानिः, कार्यं चैव न सिध्यति,*
*मित्रैः सह विरोधश्च, बंधनं मरणं तथा. ॥ २४ ॥*

જ હોય તો જાણવું કે - સોનું અને રૂપું વિગેરેનો લાભ થશે, સૌભાગ્ય મળશે સ્થાન પ્રાપ્તિ થશે, તથા કાર્ય સિદ્ધિ થશે.

• **जघन्यं :**

*जकारे दृश्यते लाभः, सुवर्णरजतादिकः*
*सौभाग्यं स्थानलाभश्च, कार्यसिद्धिः प्रजापते ॥ २५ ॥*

ઝ હોય તો જાણવું કે - સોનું અને રૂપું વિગેરેનો લાભ થશે, સૌભાગ્ય મળશે સ્થાન પ્રાપ્તિ થશે, તથા કાર્ય સિદ્ધિ થશે.

• **जघन्यं :**

*ञकारे दृश्यते क्लेशो, व्याधिश्च वधबंधनं,*
*अनिमशुभं चैव, द्रव्यहानिः प्रजापते ॥ २६ ॥*

ञ હોય તો જાણવું કે - કલેશ થાય વ્યાધિ પ્રકટે વધબંધન થાય અણધાર્યું અશુભ થાય અને દ્રવ્ય હાનિ થાય.

• **जघन्यं :**

*टकारे द्रव्यनाशः स्यात्, विघ्नं चैव सदा भवेत्*
*प्राप्यते शोकसंतापः, भवेत्सर्वं तु निष्फलं ॥ २७ ॥*

ટ હોય તો જાણવું કે - દ્રવ્યનો નાશ થાય હંમેશા વિઘ્નો આવ્યા કરે, શોક અને સંતાપની પ્રાપ્તિ થાય તથા સર્વ કાર્ય નિષ્ફળ જાય.

• **उत्तमं :**

*ठकारे पूर्णकुंभस्तु, शोभनः परमो मतः,*
*प्राप्यते निधयश्चाष्टौ, रोगशांतिर्भवेदिह ॥ २८ ॥*

ઠ હોય તો જાણવું કે - અતિ શોભાયમાન સુંદર પૂર્ણ કુંભ મળે, [ચરૂ મળે] આઠ નિધય મળે, તથા રોગની શાંતિ થાય.

• **उत्तमं :**

*डकारे दृश्यते लाभो, दीर्घमायुस्तथैव च,*

*क्षेममारोग्यं दीर्घं स्यात्, सुख-संपती एव च ॥ २९ ॥*

ડ હોય તો જાણવું કે - લાભ થાય દીર્ઘાયુષ થાય, ક્ષેમ, કુશલ પ્રવર્તે, દીર્ઘ આરોગ્ય રહે, તથા સુખ સંપતિ પ્રાપ્ત થાય.

• **जघन्यं :**

*ढकारे अतिमूढत्वं, शोकसंताप एव च*
*चिंतया दुर्भायाश्चैव, निष्फलं तु सदैव हि ॥ ३० ॥*

ઢ હોય તો જાણવું કે - અતિ મૂઢપણું પ્રાપ્ત થાય, શોક સંતાપ થાય ચિંતા થાય, દુર્ભય ઉત્પન્ન થાય, અને હંમેશા નિષ્ફલ થાય.

• **उत्तमं :**

*णकारे सफलं कार्यं, प्रियसंपद एव च*
*शांतिपुष्टी तथारोग्यं, विजयश्च भविष्यति ॥ ३१ ॥*

ણ હોય તો કાર્ય સફલ થાય, પ્રિય વસ્તુની તથા સક્ષ્મીની પ્રાપ્તિ થાય, પુષ્ટિ મળે, આરોગ્ય વધે, અને વિજય પ્રાપ્તિ થાય.

• **जघन्यं :**

*तकारे दीर्घमध्यस्तं, गतश्च न निवर्तते,*
*चंचलत्वं च दौर्भाग्यं, धनहानिर्भवेदिह ॥ ३२ ॥*

ત હોય તો જાણવું કે - ભણેલું લાંબા કાળ સુધી યાદ ન રહે, ગયેલો પાછો ન આવે ધનની હાનિ થાય, ચંચલપણું પ્રાપ્ત થાય, આ દરેક વસ્તુ દુર્ભાગ્યનું સુચન કરનારી છે.

• **उत्तमं :**

*थकारे विविधाभोगा, विजयः क्षेममेव च*
*प्रयाणे इष्टतोव्याप्तिः सर्वसिद्धिर्भविष्यति ॥ ३३ ॥*

થ હોય તો જાણવું કે - વિવિધ પ્રકારના ભોગ મળે વિજય પ્રાપ્ત થાય, ક્ષેમકુશલ રહે પ્રયાણને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય અને સર્વ પ્રકારની સિદ્ધિ મળે.

• **जघन्यं :**

*दकारे निवृतिर्नास्ति, आर्तिःशोकस्तथैव च*
*पत्न्या सह विरोधो वा, वियोगो बांधवैः सह ॥ ३४ ॥*

દ હોય તો જાણવું કે - નિવૃતિ ન મળે (પરદેશમાં ગયેલો પાછો ન ફરે) ગ્લાની થાય, શોક સંતાપ રહ્યા કરે પત્નિ (સ્ત્રી) સાથે વિરોધ થાય અથવા

ભાઈ સાથેનો વિયોગ થાય.

• **उत्तमं :**

*धकारे धनधान्यंस्या - दायुरारोग्यमेव च*
*यद्यद् प्रारभ्यते कार्यं, सफलं च भविष्यति ॥ ३५ ॥*

ધ હોય તો જાણવું કે - ધનની પ્રાપ્તિ થાય, આયુષ્ય અને આરોગ્ય વધે પ્રારંભેલ કાર્ય સફલ થાય, ઉત્તમતાને સુચવનારૂં છે.

• **जघन्यं :**

*नकारे तु भयो विद्या-दर्थहानिस्तथैव च*
*भाग्यक्षयं विपत्तिश्च, सर्वं भवति निष्फलं ॥ ३६ ॥*

ન હોય તો જાણવું કે - ભય ઉત્પન્ન થાય, અર્થ હાની થાય, પુણ્યનો ક્ષય થાય, વિપત્તિ આવે અને સર્વ કાર્ય નિષ્ફળ થાય.

• **जघन्यं :**

*पकारे द्रव्यहानिश्च, वधबंधौ तथैव च*
*व्यसनं प्राप्यते घोरं, विकलो नैव नंदति ॥ ३७ ॥*

પ હોય તો જાણવું કે - દ્રવ્યની હાની થાય, વધ બંધન થાય, ઘોર દુઃખ આવે અથવા ખરાબ વ્યસન પ્રાપ્ત થાય અને ગાંડો થયેલ જીવે નહીં.

• **उत्तमं :**

*फकारे दृष्यते लाभः, सौभाग्यं तस्य संपदः*
*जयो विजयश्चैव, क्षेममारोग्यमेव च ॥ ३८ ॥*

ફ હોય તો જાણવું કે - લાભ દેખાય, સૌભાગ્ય અને સંપદા મળે જય વિજય પ્રાપ્ત થાય, ક્ષેમકુશળ ને આરોગ્યની વૃદ્ધિ થાય.

• **मध्यमं :**

*बकारे बंधमाप्नोति, क्लेशं राजभयं तथा*
*मरणावस्थामाप्नोति, देशत्यागं तथैवहि ॥ ३९ ॥*

બ હોય તો જાણવું કે - બંધ પ્રાપ્ત થાય, કલેશને રાજ્ય ભય થાય, મરણની અવસ્થા પ્રાપ્ત થાય અને દેશ ત્યાગ કરાવે.

• **उत्तमं :**

*भकारे दृश्यते लाभो, भक्ष्यभोज्यमनेकधा*
*सर्वकार्याणि सिध्यंति, निर्भयः सततं भवेत् ॥ ४० ॥*

ભ હોય તો જાણવું કે - લાભ મળે અનેક પ્રકારના ભક્ષ્ય ભોજન પ્રાપ્ત થાય, સર્વ પ્રકારના કાર્ય સિદ્ધ થાય અને એકદમ નિર્ભય અવસ્થા પ્રાપ્ત થાય.

• **जधन्यं :**

*मकारे बंधनं क्षिप्रआपदश्च पदे पदे*
*महाव्याधि र्भवेत्क्षिप्रं, चिंन्तितं नैव सिध्यति ॥ ४१ ॥*

મ હોય તો એકદમ બંધન થાય, સ્થાને સ્થાને આપદ (દુઃખ) આવે ઓચિંતા મોટો વ્યોધિ થાય, અને ચિંતવેલ કાર્યની સિદ્ધિ ન થાય.

• **उत्तमं :**

*यकारे कीर्तिमाप्नोति, धनधान्यं च संपदः*
*दुष्टो दासकृमोजाति, प्रवासः सफलोभ्भवेत् ॥ ४२ ॥*

ય હોય તો કિર્તિ પ્રાપ્તિ થાય, ધન ધાન્ય સંપાદામ મળે અને પ્રવાસ સફળ થાય.

આ શ્લોકનું ત્રીજું પદ અશુદ્ધ છે %

• **मध्यमं :**

*रकारे शोकसंतापः, कलहश्च महाभवेत्*
*वियोगो वित्तहानिस्तु, मरणं च विनिर्दिशेत् ॥ ४३ ॥*

ર હોય તો શોક સંતાપને મોટો કલેશ થાય. વિયોગ થાય, વિત્ત (દ્રવ્ય) હાનિ થાય, અને મરણ થાય એમ નિર્દેશ જણાવો.

• **उत्तमं :**

*लकारे दृश्यते लाबो, जनवृद्धिस्तथा बहुः*
*सौभाग्यं प्रियसंयोगः, राज्यसन्मानमेव च ॥ ४४ ॥*

લ હોય તો જાણવું કે - લાભ દેખાય અને કુટુંબી જનોની વૃદ્ધિ થાય સૌભાગ્યને પ્રિય વસ્તુનો સંયોગ થાય અને રાજ્યમાં સન્માન થાય.

• **जधन्यं :**

*वकारे कार्यहानिश्च, विघ्नं च विग्रहो भवेत्*
*चिंतितं विफलं यस्य, कार्यं चैव न सिध्यति ॥ ४५ ॥*

વ હોય તો કાર્યની હાનિ થાય વિધ્ન અને વિગ્રહ (લડાઈ) થાય જે ચિંતવેલ હોય તે નિષ્ફલ થાય અને કાર્ય સિદ્ધિ થાય જ નહિં.

• जघन्यं :

*शकारे शोकसंतापो, भयश्चैवाति दारुणः*
*निष्फलं चिंतितं तस्य, व्यसनं चैव दारुणं ॥ ४६ ॥*

શ હોય તો શોક સંતાપ અને અતિ ભય ઉત્પન્ન થાય જે ચિંતવેલ હોય તે નિષ્ફલ થાય તથા ખરાબ વ્યસન પ્રાપ્ત થાય.

• उत्तमं :

*षकारे धनलाभःस्या-द्धनमाप्नोति निश्चितं*
*राज्यप्रसादमाप्नोति, पुत्रलाभश्च दृश्यते ॥ ४७ ॥*

ષ હોય તો ધન-દ્રવ્યનો લાભ થાય અરે અવશ્ય દ્રવ્યનો પામે રાજ્યની મહેરબાની મેળવે અને પુત્રનો લાભ દેખાય છે.

• जघन्यं :

*सकारे निष्फलाचिंता, भयश्चैवदारुणः*
*यत्वयाचिंतितं कार्यं, तत्सर्वं न भविष्यति ॥ ४८ ॥*

સ ચિંતા નિષ્ફલ થાય કાંઇક ખરાબ ભય ઉત્પન્ન થાય અને તેં જે કાંઇ ચીંતવેલ કાર્ય હોય તેનિ સિદ્ધિ ન થાય.

• उत्तमं :

*हकारे सर्व निष्पतिः सिद्धिश्चैव प्रजायते*
*तस्मात्कार्यं च कर्तव्यं, जायते सफलं तथा ॥ ४९ ॥*

હ હોય તો સર્વ પ્રકારની નિષ્પતિ થાય સર્વ પ્રકારની સિદ્ધિ મળે માટે ઇચ્છિત કાર્ય કરવું જે સર્વ રીતે સફલ થાય છે.

**। इति आदिदेव शुकनावली संपुर्णा ।**

**संवत् १८०२ वर्षे अषाढ वद १३ भोमवारे लख्यो छे**

**सही. ॥ ल० ॥ धर्मविजय ॥**

સંવત્ ૧૯૮૧ના વૈશાખ સુદિ ૧ અને રવિદિને આ આદિદેવ શકુનાવલીનું ભાષાન્તર કરેલ છે.

# અંક - રમત

મંત્ર : ॐ ह्रीं श्रीं वद वद वाग्वादीनि स्वाहा ॐ सिद्धिः

આ મંત્ર ૭ વાર ભણીને નીચેના બે કોઠાના ગમે તે આંકડા ઉપર જુદી જુદી વાર એક સોપારી મુકવી પછી તે બન્ને કોઠાના આંકોને એક સાથે ગોઠવવાં અને જે આંક તૈયાર થાય તે ઉપરથી શુભાશુભ ફળ જાણવું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

## આંકોનું શુભાશુભ ફળ.

૧૧ ધારેલી ઇચ્છા પુરી થાય

૧૨ દેવપૂજાથી વિલંબે પણ કાર્ય સિદ્ધિ થાય

૧૩ કાર્યમાં વિઘ્ન આવે

૧૪ કાર્યસિદ્ધિ થાય

૧૫ ધારણા પાર પડે

૨૧ ચિંતા ત્યાગથી કાર્યસિદ્ધિ ને આયુવૃદ્ધિ થશે

૨૨ સામર્થ્યથી જ કાર્ય થશે

૨૩ કાર્યમાં વિઘ્ન આવે

૨૪ મંગલકાર્ય સિદ્ધિ

૨૫ સ્વબાહુ બળેજ મહામનોરથ પુરો થશે બીજાના વિશ્વાસથી બેસી રહીશ નહિં.

૩૧ કાર્યસિદ્ધિ થાય વ્યાપારે લાભ થાય

૩૨ નુકશાન થઈને સુધરે

૩૩ તે કાર્ય છોડી જ દ્યો સાર વગરનું છે

૩૪ શ્રદ્ધા સાથે ઉદ્યમથી સિદ્ધિ થાય

૩૫ કાર્યની અસિદ્ધિ છે

૪૧ નિઃસંદેહ કાર્ય થાય
૪૨ ઉદ્યમે કાર્ય સિદ્ધિ થાય
૪૩ કાર્ય સિદ્ધિ જ થવાની (દિશાથી કાર્ય સિદ્ધિ થાય)
૪૪ અલ્પ મહેનતે ઉત્તરદિગ્ અથવા પશ્ચિમ દિશાથી કાર્ય સિદ્ધિ થાય
૪૫ તારૂં કાર્ય મ્હોટું છે બીજાને હાથે કાર્યસિદ્ધિ થશે.
૫૧ કાર્ય સિદ્ધિથાય કલ્યાણ પણ થાય
૫૨ તારી ધારણા સફલ થવાની છે.
૫૩ તું ગુપ્તપણે કાર્ય કરે જા નજીકમાં તારૂં ભાગ્ય ખુલશે
૫૪ તારી આડે શત્રુ છે વિલંબે કાર્ય સિદ્ધ થશે
૫૫ તારી સર્વ કાર્ય સિદ્ધિ થશે.

**જોવાની રીત :** જેમકે એક મનુષ્યે સોપારી મંત્રીને એકવાર પહેલા કોઠાના ૪ (ચોગડા) ઉપર મૂકે અને બીજી વાર બીજા કોઠાના ૩ (તગડા) ઉપર મૂકે તો આ બન્ને કોઠાના આંક ૪-૩ ને સાથે ગોઠવતાં ૪૩ થાય છે અને તેનું ફળ "કાર્ય સિદ્ધિજ થાય" એવું છે.

**(ઇતિ અંક - રમળ સમાપ્ત.)**

# લગ્ન - પ્રશ્ન

કોઈ મનુષ્ય પ્રશ્ન પુછે તો તાત્કાલિક લગ્ન લઈ કુંડળી કરવી અને પછી લગ્ન, લગ્નપતિ, રાહુ, તથા ચંદ્રના સ્થાન ઉપરથી શુભાશુભનો નિર્ણય કરવો તે તાત્કાલિક લગ્નનું શુભાશુભ ફળ નીચે મુજબ છે.

૧-૮ પ્રશ્ન કુંડલીમાં **મેષ** કે **વૃશ્ચિક** લગ્ન હોય તો સ્વામી **ભોમ** ૩,૬,૯,૧૦,૧૧ સ્થાને હોય તો શ્રેષ્ઠ છે અને ૧,૨,૫ સ્થાને હોય તો વિલંબે સિદ્ધિ થાય. ચંદ્ર ૧,૨,૩,૪,૫,૭,૯,૧૦,૧૧, સ્થાને હોય તો તુરત કાર્ય સિદ્ધિ થાય, શ્રેષ્ઠ છે.

૨-૭ **વૃષ** કે **તુલાલગ્ન** હોય તો સ્વામી **શુક્ર** ૧,૨,૩,૪,૫, સ્થાને હોય તો શ્રેષ્ઠ છે ૭,૯, સ્થાને મધ્યમ છે ૧,૧૧, સ્થાને મિશ્રફળદાયી છે. ૧૦,૧૧, સ્થાને ઉત્તમ છે અને ૮,૧૨, સ્થાને નિંદ્ય છે ચંદ્ર ૧,૭, સ્થાને સામાન્ય ૨,૩,૪,૫, સ્થાને ઈષ્ટસિદ્ધિને આપનારો છે અને ૬,૮,૧૨, સ્થાને હોય તો પ્રશ્ન જ ન જોવો એવો અતિનિંદ્ય છે.

૩, ૬ **મિથુન** કે **કન્યાલગ્ન** હોય તો **સ્વામીબુધ** અને ગુરૂ ૧,૨,૩,૪,૫, સ્થાને સિદ્ધિને આપનાર છે. ૧૦-૧૧ સ્થાને સામાન્ય છે, ૬, ૮, ૧૨ સ્થાને કાર્યની હાનિ કરનાર છે ચંદ્ર ૬,૮,૧૨, સિવાયના સ્થાને હોય તો શુભ છે.

૪ **કર્ક** લગ્ન હોય તો **સ્વામીચંદ્ર** - ચંદ્ર ૧,૪,૭,૧૦, સ્થાને ગુપ્ત ચિંતાનો નાશકારી વાંછિત સિદ્ધિ આપનાર છે ૨,૩,૫, સ્થાને સામાન્ય છે ૯,૧૦,૧૧, સ્થાને મહાન લાભકારક છે અને ૮,૧૨, સ્થાને ચિંતા ઉપજાવનાર છે

૫ પ્રશ્ન કુંડલીમાં **સિંહ લગ્ન** હોય તો **સ્વામી રવિ** ૨,૩,૬,૯,૧૦,૧૧, સ્થાને હોય તો દરેક ચિંતાને હરનાર છે ૧,૪,૭ સ્થાને દોષપ્રકટાવનાર છે અને ૮,૧૨ સ્થાને હોય તો અશુભ છે.

૧૦-૧૧ **મકર** કે **કુંભ** લગ્ન હોય તો **સ્વામી** શનિ- ૧,૨,૩,૪,૫, સ્થાને હોય તો શ્રેષ્ટ છે ૬,૭ સ્થાને સામાન્ય છે ૯,૧૦,૧૧, સ્થાને મનોભિષ્ટ પૂરનાર છે અને ૮,૧૨, સ્થાને હોય તો કાર્યનો ધ્વંશ

કરનાર છે.

૯-૧૨ **ધન** કે **મીન** લગ્ન હોય તો **સ્વામીગુરૂ** - ચંદ્ર ૧,૨,૩,૪,૫,૭,૯,૧૦,૧૧, સ્થાને હોય તો ઉત્તમ છે મહાસિદ્ધ કરનાર છે અને ૬,૮,૧૨, સ્થાને હોય તો કાર્યનો નાશ કરનાર છે.

૧-૧૨ **મેષ થી મીન** સુધિના બારે લગ્નોમાં રાહુ બળ જોવું રાહુ- ૩,૬,૯,૧૦,૧૧,૧૨, સ્થાને હોય તે, શ્રેષ્ઠ છે.

સૂચના : આ ફળ એક પ્રશ્ન પુછનાર માટે સમજવું અને એક જ લગ્નમાં એક સાથે ઘણાં માણસો પ્રશ્ન પુછવા આવે તો તેમાં પણ પ્રથમ પ્રશ્ન કરનાર માટે જ આ ફળ સમ જવાનું છે પણ ત્યારપછી બીજો પ્રશ્ન પુછનાર કે ત્રીજો પ્રશ્ન પુછનારના ફળ જાણવા માટેની રીત પ્રશ્નગ્રંથોમાંથી જોઈ લેવી અને તે રીતે ફળનો નીર્દેશ સમજવો તથા સંધી લગ્નમાં તપાસતાં બહુજ કાળજી રાખવી.

**(ઇતિ લગ્ન-પ્રશ્ન સમાપ્ત.)**

# પરિશિષ્ટ : ૧

## સમ્યકત્વકૌમુદી ગ્રંથમાં આવતા બોધદાયક શ્લોકો

- સારંગી સિંહશાવં સ્પૃશતિ સુતધિયા નંદિની વ્યાઘ્રપોતં,
  માર્જારી હંસબાલં પ્રણયપરવશા કેકિકાંતા ભુજંગં ।
  વૈરાણ્યાજન્મજાતાન્યપિ ગલિતમદા જંતવોઽન્યે ત્યજંતિ,
  દૃષ્ટ્વા સામ્યૈકરૂઢં પ્રશમિત કલુષં યોગિનં ક્ષીણમોહં ॥ ૧ ॥

- રિક્તપાણિ ર્ન પશ્યેચ્ચ રાજાનં દેવતાં ગુરૂં ।
  નૈમિત્તિકં વિશેષેણ ફલેન ફલમાદિશેત્ ॥ ૨ ॥

- અદ્યાભૂત્ સફલતા નયનધ્વયસ્ય, દેવ ! ત્વદીયચરણાંબુજવીક્ષણેન ।
  અદ્ય ત્રિલોકતિલક ! પ્રતિ ભાસતે મે સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ ॥ ૩ ॥

- યસ્ય દેવે પરા ભક્તિઃ યથા દેવે તથા ગુરૌ ।
  તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશંતે મહાત્મભિઃ ॥ ૪ ॥

- યાસ્યામ્યાયતનં જિનસ્ય લભતે ધ્યાયંશ્ચતુર્થં ફલં,
  ષષ્ટં ચોત્થિત ઉદ્યતોઽષ્ટમમથો ગંતું પ્રવત્તોઽધ્વનિ ।
  શ્રદ્ધાલુઃ દશમં બહિઃ જિનગૃહં પ્રાપ્તઃ તતો દ્વાદશં,
  મધ્યે પાક્ષિકમીક્ષિતે જિનપતૌ માસોપવાસં ફલં ॥ ૫ ॥

- સયં પમજ્જણે પુણં સહસ્સં ચ વિલેવણે ।
  સયસહસ્સં ચ માલાએ અણંતં ગીયવાયએ ॥ ૬ ॥

- આજ્ઞાભંગો, નરેન્દ્રાણાં, ગુરૂણાં માનમર્દનં,
  પૃથક શય્યા ચ નારીણાં અશસ્ત્રો વધ ઉચ્યતે ॥ ૭ ॥

- આજ્ઞામાત્રફલં રાજ્યં, બ્રહ્મચર્યફલં તપઃ ।
  જ્ઞાનમાત્રફલં વિદ્યા, દત્તભુક્તફલં ધનં ॥ ૮ ॥

- નદીનાં ચ નખીનાં ચ, શ્રૃગિણાં શસ્ત્રપાણીનાં ।
  વિશ્વાસો નૈવ કર્તવ્યઃ સ્ત્રીષુ રાજકુલેષુ ચ ॥ ૯ ॥

- બહુભિઃ ન વિરોધવ્યં દુર્જયો હિ મહાજનઃ ।
  સ્ફુરતમ્ અપિ નાગેન્દ્રં ભક્ષયંતિ પિપીલિકાઃ ॥ ૧૦ ॥

- આજન્મપ્રતિબદ્ધવૈરપરૂષં ચેતો વિહાયાદરાત્ ।
  સાંગત્યં યદિ નામ સંપ્રતિ વૃકૈઃ સાર્દ્ધં કુરંગૈઃ કૃતં ॥
  તત્કિં કુંજરકુંભપીઠવિલુઠત્-વ્યાસક્તમુક્તાફલ- ।
  જ્યોતિઃ ભાસુરકેસરસ્ય પુરતઃ સિંહસ્ય તૈઃ સ્થીયતે ॥ ૧૧ ॥

- બહુનામ અપિ અસારાણાં સમુદાયો હિ દારૂણઃ ।
  તૃણૈઃ આવેષ્ટિતા રજ્જું યયા નાગોડપિ બધ્યતે ॥ ૧૨ ॥

- એકોડપિ યઃ સકલકાર્યવિધૌ સમર્થઃ,
  સત્વાધિકો ભવતિ કિં બહુભિઃ પ્રસૂતૈઃ ।
  ચંદ્રઃ પ્રકાશયતિ દિઙમુખમંડલાનિ
  તારાગણઃ સમુદિતોડપિ અસમર્થ એવ ॥ ૧૩ ॥

- મંત્રી કાર્યાનુગો યેષાં સ્વામિકાર્યે હિતાનુગઃ ।
  તે એવ મંત્રિણો રાજ્ઞો રાજ્યયોગોડયમુત્તમઃ ॥ ૧૪ ॥

- નિદ્રામુદ્રિતલોચનો મૃગપતિઃ યાવત્ ગુહાં સેવતે ।
  તાવત્ સ્વૈરમમી ચરંતુ હરિણાઃ સ્વચ્છંદસંચારિણઃ ।
  ઉન્નિદ્રસ્ય વિધૂતકેસરસટાભારસ્ય નિર્ગચ્છતો,
  નાદે શ્રોત્રપથે ગતે હતધિયાં સંત્યેવ દીર્ઘા દીશઃ ॥ ૧૫ ॥

- જાનીયાત્ પ્રેષણે ભૃત્યાન્ બાંધવાન્ વ્યસનાગમે ।
  મિત્રં ચ આપદિ કાલે ભાર્યાં ચ વિભવ ક્ષયે ॥ ૧૬ ॥

- નિયોગિહસ્તાર્પિતરાજ્યભારાઃ તિષ્ઠંતિ યે સ્વૈરવિહારસારાઃ ।
  બિડાલવૃંદાર્પિતદુગ્ધમુદ્રાં સ્વપંતિ તે મૂઢધિયઃ ક્ષિતીંદ્રાઃ ॥ ૧૭ ॥

- અર્થનાશં મનસ્તાપં ગૃહે દુશ્ચરિતાનિ ચ ।
  વંચનં ચાપમાનં ચ મતિમાન્ન પ્રકાશયેત્ ॥ ૧૮ ॥

- કાકે શૌચં દ્યૂતકારેષુ સત્યં સર્પે ક્ષાંતિઃ સ્ત્રીષુ કામોપશાંતિઃ ।
  ક્લીબે ધૈર્યં મદ્યપે તત્વચિંતા રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા ॥ ૧૯ ॥

- શાસ્ત્રંસુનિશ્ચિતધિયા પરિચિતનીયમ્ આરાધિતોઽપિ નૃપતિઃ પરિશંકનીયઃ ।
  આત્મીકૃતાપિ યુવતિઃ પરિરક્ષણીયા, શાસ્ત્રે નૃપે ચ યુવતૌ ચ કતો વશિત્વં ॥ ૨૦ ॥

- તાદશી જાયતે બુધ્ધિઃ વ્યવસાયઃ ચ તાદશઃ ।
  સહાયાઃ તાદશા ક્ષેયા યાદશી ભવિતવ્યતા ॥ ૨૧ ॥

- અજ્ઞાનભાવાત્ અથવા પ્રમાદાત્ ઉપેક્ષણાત્ વાત્યયભાજિ કાર્યે ।
  પુંસઃ પ્રયાસો વિફલઃ સમસ્તો ગતોદકે કઃ ખલુ સેતુબંધઃ ॥

- ચિત્તાયત્તં ધાતુબદ્ધં શરીરં, ચિત્તે નષ્ટે ધાતવો યાંતિ નાશં ।
  તસ્માત્ ચિત્તં યત્નતો રક્ષણીયઃ સ્વચ્છે ચિત્તે બુધ્ધાયઃ સંભવંતિ ॥ ૨૨ ॥

- કદાગ્રહગ્રહગ્રસ્તે વિદ્યાનૂપુંસિ કરોતિ કિમ્ ।
  કૃષ્ણપાષાણખંડેષુ માર્દવાય ન તોપદઃ ॥ ૨૩ ॥

- યો દદ્યાત્ કાંચનં મેરૂં કૃત્સ્નાં ચૈવ વસુંધરાં ।
  એકસ્ય જીવિતં દદ્યાત્ ફલેન ન સમં ભવેત્ ॥ ૨૪ ॥

- પૂજ્યતે યદપૂજ્યોડપિ યદગમ્યોડપિ ગમ્યતે ।
વંદ્યતે યદવંદ્યોડપિ તત્પ્રભાવો ધનસ્ય હિ ॥ ૨૫ ॥

- તાવત્ ભાયાત્ ચ ભેતવ્યં યાવત્ ભયમ્ અનાગતં ।
આગતં તુ ભયં દષ્ટ્વા પ્રહર્તવ્યમશંકિતૈઃ ॥ ૨૬ ॥

- ઉદ્યમઃ સાહસં ધૈર્ય બલં બુદ્ધિ પરાક્રમઃ ।
ષડેતે યસ્ય વિદ્યંતે તસ્માત્ દેવોડપિ શંકતે ॥ ૨૭ ॥

- વને રણે શત્રુજલાગ્નીમધ્યે મહાર્ણવે પર્વતમસ્તકે વા ।
સુપ્તં પ્રમત્તં વિષમસ્થિતં વા રક્ષંતિ પુણ્યાનિ પુરા કૃતાનિ ॥ ૨૮ ॥

- ન સહંતિ ઈક્કમિક્કં ન વિણા ચિટ્ઠંતિ ઈક્કમિક્કેણ ।
રાસહસાણતુરંગા જૂઆરી પંડિઆડિંભા ॥ ૨૯ ॥

- સત્યં નામ ગુણઃ તવૈવ તદનુ સ્વાભાવિકી સ્વચ્છતા
કિં બ્રૂમઃ શુચયો ભવંતિ અશુચયઃ સંગેન યસ્યાપરે ।
કિં ચાન્યત્ પદમસ્તિ તે સ્તુતિપદં ત્વં જિવિતં દેહિનાં
ત્વં ચેત્ નીચપથેન ગચ્છસિ પયઃ કસ્ત્વાં નિરોધ્ધું ક્ષમઃ ॥ ૩૦ ॥

- ચંદ્રઃ ક્ષયી પ્રકૃતિવક્રતનુઃ જડાત્ દોષાકરઃ સ્ફુરતિ મિત્રવિપત્તિકાલે ।
મૂર્ધ્ના તથાપિ વિધૃતઃ પરમેશ્વરેણ ન હિ આશ્રિતેષુ મહતાં ગુણદોષચિંતા ॥ ૩૧ ॥

- કપિરપિ ચ કાપિશાયન - પરિપીતો વૃશ્ચિકેન સંદષ્ટઃ ।
સોડપિ પિશાચગૃહિતઃ કિં બ્રૂમઃ ચેષ્ટિતં તસ્ય ॥ ૩૨ ॥

- એકં હિ ચક્ષું અમલં સહજો વિવેકો વિધ્વદભિરેવ ગમનં સહજં દ્વિતીયં ।
પુંસો ન યસ્ય તદિહ ધ્વાયમસ્તિ સોંધ-સ્તસ્યાપમાર્ગ ચલને વદ કોડપરાધઃ ॥ ૩૩ ॥

- કૃશઃ કાણઃ ખંજઃ શ્રવણરહિતઃ પૃચ્છવિકલો,
વ્રણી પૂતિક્લિન્નઃ કૃમિકુલશતૈરાવૃતતનુઃ ।
ક્ષુધાક્ષામો જિર્ણ પિઠરકકપાલાર્પિતગલઃ
શુનીમન્વેતિ શ્વા હતમપિ ચ હંત્યેવ મદનઃ ॥ ૩૪ ॥

- આલિંગાત્યન્યમન્યં રમયતિ વચસા વીક્ષતે ચાન્યમન્યં,
રોદિત્યન્યસ્ય હેતોઃ કલયતિ શપથૈરન્યમન્યં વૃણીતે ।
શેતે ચાન્યેન સાર્ધં શયનમુપગતા ચિંતયત્યન્યમન્યં,
સ્ત્રીમાયેયં પ્રસિદ્ધા જગતિ બહુમતા કેન ધૃષ્ટેન સૃષ્ટ ॥ ૩૫ ॥

- મિત્રં શાઠ્યરતં કલત્રમસતીં પુત્રં કુલધ્વંસિતં,
મૂર્ખં મંત્રિણમુત્સુકં નરપતિં વૈદ્યં પ્રમાદાસ્પદં ।
દેવં રાગયુતં ગુરૂં વિષયિણં ધર્મં દયાવર્જિતં
યો નૈવ ત્યજતિ પ્રમાદવશતઃ સ ત્યજયતે શ્રેયસા ॥ ૩૬ ॥

- રામો હેમમૃગં ન વેત્તિ નહુષો યાને યુનક્તિ દ્વિજાન્
વિપ્રસ્યાપિ સવત્સધેનુહરણે જાતા મતિઃ ચ અર્જુને ।
દ્યુતે ભ્રાતૃચતુષ્ટયસ્ય મહિષીં ધર્માત્મજો દત્તવાન્
પ્રાયઃ સત્પુરૂષો વિનાશસમયે બુધ્યા પરિત્યજયતે ॥ ૩૭ ॥

- સ્થિતસ્ય કાર્યસ્ય સમુદ્રવાર્થં આગામિનોડર્થસ્ય ચ સંભવાર્થમ્ ।
અનર્થકાર્યપ્રતિઘાતનાર્થં યો મંત્રતે સ પરમો હિ મંત્રી ॥ ૩૮ ॥

- કથાકાવ્યવિનોદેન કાલો ગચ્છતિ ધીમતાં ।
વ્યસનેન હિ મૂર્ખાણાં નિદ્રયા કલહેન ચ ॥ ૩૯ ॥

- પુરઃસ્થિતં નિર્દહંતિ પાર્શ્વસ્થં વેષ્ટયંતિ ચ ।
ચિંતયંતિ સ્થિતં પશ્ચાદ્ ભોગિનઃ કુટિલા નૃપા ॥ ૪૦ ॥

- મણિમંત્રૌષધૈઃ સ્વસ્થાઃ સર્પદષ્ટા વિલોકિતાઃ ।
  નૃપૈઃ દષ્ટિવિષૈઃ દષ્ટા ન પુનઃ ઉત્થિતાઃ ॥ ૪૧ ॥

- મજ્જતુ અંભસિ યાતુ મેરૂશિખરે શત્રું જયત્વાહવે ।
  વાણિજ્યં કૃષિસેવનાદિસકલાઃ પુણ્યાઃ કલાઃ શિક્ષતુ ॥
  આકાશં વિપુલં પ્રયાતુ ખગવત્ કૃત્વા પ્રયત્નં પરં ।
  નાભાવ્યં ભવતીહ કર્મવશતો ભાવ્યસ્ય નાશઃ કુતઃ ॥ ૪૨ ॥

- એકાગ્રચિત્તસ્ય દઢવ્રતસ્ય પંચેન્દ્રિયપ્રીતીનિર્વતકસ્ય ।
  અધ્યાત્મયોગે ગતમાનસસ્ય મોક્ષો ધ્રૂવં નિત્યમહિંસકસ્ય ॥ ૪૩ ॥

- ગુરૂઃ અગ્નીઃ દ્વિજાતીનાં વર્ણાનાં બ્રાહ્મણો ગુરૂઃ ।
  પતિરેવ ગુરૂઃ સ્ત્રીણાં સર્વસ્યાભ્યાગતો ગુરૂઃ ॥ ૪૪ ॥

- અન્નેન ગાત્રં નયનેન વક્ત્રં ન્યાયેન રાજ્યં લવણેન ભોજ્યં ।
  ધર્મેણ હીનં ન ચ જીવીતવ્યં ન રાજતે ચંદ્રમસા નિશીથં ॥ ૪૫ ॥

- રાત્રિ ગમિષ્યતિ ભવિષ્યતિ સુપ્રભાતં ભાસ્વાનુદેષ્યતિ હસિષ્યતિ પંકજં ચ ।
  એવં વિચિંતયતિ કોશગતે દ્વિરેફે, હા હંત હંત નલિનીં ગજ ઉદ્‌જહાર ॥ ૪૬ ॥

- ધૂતાત્ ધર્મસુતઃ, પલાદિહ બકો મદ્યાત્ યદોઃ નંદનાઃ ।
  ચારૂઃ કામુકયા મૃગાંતકતયા સ બ્રહ્મદત્તો નૃપઃ ॥
  ચૌરત્વાત્ શિવભૂતિઃ અન્યવનિતાદોષાત્ દશાસ્યો હતો ।
  હયેકૈકવ્યસનાહતા ઇતિ જનાઃ સર્વે ન કો નશ્યતિ ॥ ૪૭ ॥

- ધૂતાત્ રાજ્યવિનાશનં નલનૃપઃ પ્રાપ્તોડથવા પાંડવા ।
  માદ્યાત્ કૃષ્ણનરેંદ્રરાઘવપિતા પાપર્ધ્વિતો દૂષિતઃ ॥
  માંસાત્ શ્રેણિકભૂપતિઃ ચ નરકે ચોર્યાત્ વિનષ્ટાઃ ન કે ।
  વેશ્યાતઃ કૃતપણ્યકો ગતધનોડન્યસ્ત્રીરતો રાવણઃ ॥ ૪૮ ॥

- સુવર્ણમેકં ગામેકાં ભૂમેરપ્યેકમંગુલં ।
  હરન્નરકમાપ્નોતિ યાવત્ આભૂત સંપ્લવઃ ॥ ૪૯ ॥

- કુરંગમાતંગપતગંભૃંગ - મીના હતાઃ પંચભિરેવ પંચ ।
  એકઃ પ્રમાદી સ કથં ન હન્યતે યઃ સેવ્યતે પંચભિરેવ પંચ ॥ ૫૦ ॥

- પાતાલમાવિશતુ યાતુ સુરેન્દ્રલોકં આરોહતુ ક્ષિતિધરાધિપતિં ચ મેરું ।
  મંત્રૌષધપ્રહરણૈઃ ચ કરોતુ રક્ષાં યદ્ ભાવિ તદ્ ભવતિ નાત્ર વિચારહેતુઃ ॥ ૫૧ ॥

- યસ્યચિત્તં દ્રવીભૂતં કૃપયા સર્વજંતુષુ ।
  તસ્યજ્ઞાનં ચ મોક્ષઃ ચ કિં જટાભસ્મ ચીવરૈઃ ॥ ૫૨ ॥

- છાયામન્યસ્ય કુર્વંતિ સ્વયં તિષ્ઠતિ ચાતપે ।
  ફલંતિ ચ પરાર્થેષુ નાત્મહેતોઃ મહાદ્રુમાઃ ॥ ૫૩ ॥

- પિબંતિ નદ્યઃ સ્વયમેવ નાંબુ ખાદંતિ ન સ્વાદુફલાનિ વૃક્ષાં ।
  પયોમુચઃ કિં વિલસંતિ શસ્યં પરોપકારાય સતાં વિભૂતયઃ ॥ ૫૪ ॥

- ક્ષૂદ્રાં સંતિ સહસ્રશઃ સ્વભરણવ્યાપારમાત્રોદ્યતાઃ ।
  સ્વાર્થો યસ્ય પરાર્થ એવ સ પુમાનેકઃ સતામગ્રણીઃ ॥
  દુઃપૂરોદરપૂરણાય પિબતિ શ્રોતઃપતિં વાડવો ।
  જીમૂતઃ તુ નિદાધસંભૃતજગત્ સંતાપવિચ્છિત્તયે ॥ ૫૫ ॥

- આકૃષ્ટિં સુરસંપદાં વિધ્યતે મુક્તિશ્રિયો વશ્યતાં ।
  ઉચ્ચાટં વિપદાં ચર્તુગતિભુવાં વિધ્વોષમાત્મૈનસાં ॥
  સ્તંભં દુર્ગં મનંપ્રતિ પ્રપતતાં મોહસ્ય સંમોહનં ।
  પાયાત્ પંચનમસ્ક્રિયાક્ષરમયી સારાધના દેવતા ॥ ૫૬ ॥

- મહાનુભાવસંસર્ગઃ કસ્ય નોન્નતિકારણં ।
  ગંગાપ્રવિષ્ટં રંથ્યાંબુ ત્રિદશૈરપિ વંદ્યતે ॥ ૫૭ ॥

- મિષ્ટાન્નપાનશયનાસનગંધમાલ્ય -
  વસ્ત્રાંગનાભરણવાહનયાનવાહાઃ ।
  વસ્તૂનિ પૂર્વકૃતપુણ્યવિપાકકાલે યત્નાત્
  વિનાપિ પુરૂષાઃ સમુપાશ્રયંતિ ॥ ૫૮ ॥

- હસ્તી સ્થૂલતનુઃ સ ચાંકુશવશઃ કિં હસ્તિમત્રોંકુશો ।
  દીપે પ્રજ્વલિતે પ્રશ્યતિ તમઃ કિં દીપમાત્રં તમઃ ॥
  વજ્રેણાભિકૃતાઃ પતંતિ ગિરયઃ કિં વજ્રમાત્રો ગિરિઃ ।
  તેજો યસ્ય વિરાજતે સ બલવાન્ સ્થૂલેષુ કઃ પ્રત્યયઃ ॥ ૫૯ ॥

- કૃશોડપિ સિંહો ન સમો ગજેન્દ્રૈં સત્વં પ્રધાનં ન ચ માંસરાશિઃ ।
  અનેકવૃંદાનિ વને ગજાનાં સિંહસ્ય નાદેન મદં ત્યજંતિ ॥ ૬૦ ॥

- ભીરૂઃ પલાયમાનોડપિ નાવેષ્ટવ્યો બલીયસા ।
  કદાચિત્ સ્થિરતામેતિ મરણે કૃતનિશ્ચયઃ ॥ ૬૧ ॥

- કસ્યાદેશાત્ ક્ષપયતિ તમઃ સપ્તસપ્તિઃ
  પ્રજાનાં છાયાં કર્તું પથિ વિટપિનામંજલિઃ કેનબદ્ધઃ ।
  અભ્યર્થતે નવજલમુચઃ કેન વા વૃષ્ટિહેતોઃ,
  પ્રાયેણૈતે પરહિતવિધૌ સાધવો બદ્ધકક્ષાઃ ॥ ૬૨ ॥

- જૈનો ધર્મો પ્રગટવભવઃ સંગતિઃ સાધુલોકે,
  વિધ્વાદ્ગોષ્ઠિ વચનપટુતા કૌશલં સત્ક્રિયાસુ ।
  સાધ્વી લક્ષ્મિઃ ચરણકમલોપાસના સદ્ગુરૂણાં,
  શુદ્ધં શીલં મતિરપિ વિમલા પ્રાપ્યતે નાલ્પપુણ્યૈં ॥ ૬૩ ॥

- સર્પો હારલતા ભવત્યસિલતા સત્પુષ્પમાલાયતે,
  સંપદ્યેતે રસાયનં વિષમપિ પ્રીતિં વિઘતે રિપુઃ ।
  દેવા યાંતિ વશં પ્રસન્નમનસઃ કિં વા બહુ બ્રુમહે,
  ધર્મો યસ્ય નભોડપિ સતતં રત્નૈઃ પરૈઃ વર્ષતિ ॥ ૬૪ ॥

- પાત્રે ત્યાગી ગુણે રાગી ભોગી પરિજનૈઃ સહ,
  શાસ્ત્રે બોદ્ધા રણે યોદ્ધા પુરૂષઃ પંચલક્ષણ ॥ ૬૫ ॥

- અનુકૂલા સદાતુષ્ટા દક્ષા સાધ્વી વિચક્ષણા,
  એભિરેવ ગુણૈઃ યુક્તા શ્રીરિવ સ્ત્રી ન સંશયઃ ॥ ૬૬ ॥

- નાગો ભાતિ મદેન કં જલરૂહૈઃ પૂર્ણેન્દુના શર્વરી
  શીલેન પ્રમદા જવેન તુરગો નિત્યોત્સવૈઃ મંદિરં ।
  વાણી વ્યાકરણેન હંસમિથુનૈઃ નદ્યઃ સભા પંડિતૈઃ
  સત્પુત્રેણ કુલં વનાનિ કુસુમૈઃ નીત્યા પ્રભુત્વં પ્રભોઃ ॥ ૬૭ ॥

- શર્વરીદિપકઃ ચંદ્રઃ પ્રભાતે રવિદીપકઃ
  ત્ર્યૈલોક્ય દિપકો ધર્મઃ સત્પુત્રઃ કુલદિપકઃ ॥ ૬૮ ॥

- સંસારશ્રાન્તદેહસ્ય તિસ્રો વિશ્રામભૂમયઃ ।
  અપત્યં ચ કલત્રં ચ સતાં સંગતિરેવ ચ ॥ ૬૯ ॥

- એષા તનુઃ કવલનાય યમસ્ય કૃતા વાંછોદયૈઃ ચ પરમંતરિતા સમસ્તૈઃ ।
  નિત્યામિમાં કિલ મુધા બહુ મન્યમાના મુહ્યંતિ હંત વિષયેષુ વિવેકમૂઢાઃ ॥ ૭૦ ॥

- રોગેડપ્યંગવિભૂષણ દ્યુતિરિયં શોકેડપિ લોકસ્થિતિઃ
  દારિદ્રેડપિ ગૃહં વયઃ પરિણતાવપ્યંગના સંગમઃ ।
  યેનાન્યોડન્ય વિરૂદ્ધમેતદખિલં જાનન્ જનઃ કાર્યતે
  સોડયં સર્વજગત્ જયી વિજયતે વ્યામોહમલ્લો મહાન્ ॥ ૭૧ ॥

- કિમુ કુવલયનેત્રાં સંતિ નો નાકનાર્યઃ
  ત્રિદશપતિઃ અહલ્યાં તાપસીં યત્સિષિવે ।
  હૃદયતૃણકુટિરે દીપ્યમાને સ્મરાગ્નૌ
  ઉચિતમનુચિતં વા વેત્તિ કઃ પંડિતોડપિ ॥ ૭૨ ॥

- વિકલયતિ કલાકુશલં હસતિ પરં પંડિતં વિડંબયતિ ।
  અધરયતિ ધીરપુરૂષં ક્ષણેન મકરધ્વજો દેવઃ ॥ ૭૩ ॥

- કાર્યાર્થી ભજતે લોકઃ ન કશ્ચિત્ કસ્યચિત્ પ્રિયઃ
  વત્સ ક્ષીરક્ષયં દષ્ટવા પરિત્યજતિ માતરં ॥ ૭૪ ॥

- જનિતા ચોપનેતા ચ યઃ તુ વિદ્યાં પ્રયચ્છતિ,
  અન્નદાતા ભયત્રાતા પંચૈતે પિતરઃ સ્મૃતાઃ ॥ ૭૫ ॥

- સિહઃ ફેરુરિવ સ્ફુટાગ્નિરુદકં ભીષ્મઃ ફણી ભૂલતા,
  પાથોધિઃ સ્થલમંડુકો મણિધરઃ ચૌરઃ ચ દાસો જનઃ ।
  તસ્ય સ્યાદ્ ગ્રહશાકિની ગદરિપુપ્રાયાઃ પરાશ્ચાપદઃ
  તન્નામ્નાપિ ચ યાંતિ યસ્ય વદને સમ્યકત્વદેવી હૃદિ ॥ ૭૬ ॥

- યસ્મિન્ દેશે યથા કાલે યન્મુર્હુતેન ચ યદિને,
  હાનિઃ વૃદ્ધિ યશોલાભઃ તત્ તથા ન તદન્યથા ॥ ૭૭ ॥

- મિત્રદ્રુહઃ કૃતઘ્નસ્ય સ્ત્રીઘ્નસ્ય પિશુનસ્ય ચ,
  ચર્તુણાં વયમેતેષાં શ્રૃણુમો નૈવ નિઃકૃતિં ॥ ૭૮ ॥

- ત્રિભિઃ વર્ષૈઃ ત્રિભિઃ માસૈઃ ત્રિભિઃ પક્ષૈં ત્રિભિ દિનૈઃ
  અત્યુગ્રપુણ્યપાપાના મિહૈવ ફલમશ્નુતે ॥ ૭૯ ॥

- સુકુલજન્મ વિભૂતિરનેકધા પ્રિયસમાગમસૌખ્યપરંપરા,
નૃપકુલે ગુરૂતા વિમલં યશો ભવતિ ધર્મતરોઃ ફલમીદશં ॥ ૮૦ ॥

- ધર્માત્ જન્મ કુલે શરીરપટુતા સૌભાગ્યમાર્યુબલં,
ધર્મેણૈવ ભવંતિ નિર્મલયશો વિદ્યાર્થસંપત્તયઃ ।
કાંતારાત્ ચ મહાભયાત્ ચ સતતં ધર્મપરિત્રાયતે,
ધર્મ સમ્યગુપાસિતો ભવતિ હી સ્વર્ગાપવર્ગપ્રદઃ ॥ ૮૧ ॥

- અર્થાઃ પાદરજઃ સમા ગિરિનદીવેગોપમં યૌવનં,
માનુષ્યં જલબિંદુલોલચપલં ફેનોપમં જીવિતં ।
ધર્મં યો ન કરોતિ નિશ્ચલમતિઃ સ્વર્ગાગલોદ્ઘાટનં
પાશ્ચાતાપહતો જરાપરિણતઃ શોકાગ્નિના દહ્યતે ॥ ૮૨ ॥

- દોષમેવ સમાધત્તે ન ગુણં વિગુણો જનઃ,
જલૌકા સ્તનસંપૃક્તં રક્તં પિબતિ નામૃતં ॥ ૮૩ ॥

- પાતાલે બ્રહ્મલોકે સુરપતિભવને સાગરાંતે વનાંતે,
દિક્ચક્રે શૈલશૃંગે દહનવનહિમધ્વાંતવજ્રાસિદુર્ગે ।
ભૂગર્ભે સન્નિવિષ્ટં સમદકરિઘટાસંકટે વા બલીયાન્
કાલોડયં ક્રૂરકર્મા કવલયતિ બલાત્ જીવિતં દેહભાજાં ॥ ૮૪ ॥

- ધર્મઃ શર્મ પરત્ર ચેહ ચ નૃણાં ધર્મોડધંકારે રવિઃ
સર્વાપત્ પ્રશમક્ષમઃ સુમનસાં ધર્માભિધાનો નિધિઃ ।
ધર્મો બંધુરબાંધવઃ પૃથુપથે ધર્મં સુહૃદ નિશ્ચલઃ
સંસારોરુમરુસ્થલે સુરતરૂઃ નાસ્ત્યેવ ધર્માત્ પરઃ ॥ ૮૫ ॥

- દેયં સ્તોકાદપિ સ્તોકં ન વ્યાક્ષેપો મહોદયે,
ઈચ્છાનુકારિણી શક્તિઃ કદા કસ્ય ભવિષ્યતિ ॥ ૮૬ ॥

- ગુણાઃ ગુણક્ષેષુ ગુણીભવંતિ તે નિર્ગુણં પ્રાપ્ય ભવંતિ દોષાઃ ।
  સુસ્વાદુતોયાઃ પ્રવહંતિ નદ્યઃ, સમુદ્રમાસદ્ય ભવન્ત્યપેયાઃ ॥ ૮૭ ॥

- દેવાન્ પૂજયતો દયાં વિદ્ધતઃ સત્યં વચો જલ્પતઃ
  સદ્ભિઃ સંગમનુજ્જતો વિતતો દાનં મદં મુચંતઃ ।
  યસ્યેત્થં પુરૂષસ્ય યાંતિ દિવસાઃ તસ્યૈવ મન્યામહે
  શ્લાઘ્યં જન્મ ચ જીવિતં ચ સફલં તેનૈવ ભૂઃ ભૂષિતા ॥ ૮૮ ॥

- યદ્ ભાવિ તદ્ ભવતિ નિત્યમયત્નોઽપિ
  યત્નેન ચાપિ મહતા ન ભવત્યભાવિ ।
  એવં વિધાતૃવશવર્તિનિ જીવલોકે
  શોચ્યં કિમસ્તિ પુરૂષસ્ય વિચક્ષણસ્ય ॥ ૮૯ ॥

- અનૃતપટુતા ચૌર્યે ચિત્તં સતાપમાનતા
  કુમતિઃ વિજયે ધર્મે સાધુગુરૂષુ અપિ વંચના ।
  લલિતમધુરા વાક્ પ્રત્યક્ષે પરોક્ષ વિભાષિણી,
  કલિયુગમહારાજસ્યૈતા સ્ફુરંતિ વિભૂતયઃ ॥ ૯૦ ॥

- કાલઃ સંપ્રતિ વર્તતે કલિયુગઃ સત્યા નરા દુર્લભા,
  દેશાન્ ચ પ્રલયં ગતાઃ કરભરૈઃ લોભં ગતા પાર્થિવાઃ ।
  નાનાચૌરગણા મુષંતિ પૃથ્વીમાર્યો જનઃ ક્ષીયતે,
  પુત્રસ્યાપિ ન વિશ્વસંતિ પિતરઃ કષ્ટં યુગે વર્તતે ॥ ૯૧ ॥

- શશિનિ ખલુ કલંકં કંટકા પદ્મનાલે જલધિજલમપેયં પંડિતે નિર્ધનત્વં,
  સ્વજનજનવિયોગો દુર્ભગત્વં સુરૂપે ધનપતિકૃપણત્વં રત્નદોષી કૃતાંતઃ ॥ ૯૨ ॥

- કુલભે અયં ગુણવાનિતિ વિશ્વાસો નૈવ ખલેષુ કર્તવ્યઃ ।
  નનુ મલયચંદનાદપિ સમુત્થિતોઽગ્નિ દહત્યેવ ॥ ૯૩ ॥

- લક્ષ્મીઃ દાનફલા શ્રુતં શમફલં પાણિઃ સુરાર્ચાફલઃ
ચેષ્ટા ધર્મફલા પરાર્તિહરણક્રીડાફલં જિવિતં ।
વાણીઃ સત્યફલા જગત સુખફલં સ્ફીતિઃ પ્રભાવોન્નતિઃ
ભવ્યાનાં ભવશાંતિચિંતનફલા ભૂત્યૈ ભવત્યેવ ધીઃ ॥ ૯૪ ॥

- નિર્ગુણેષુ અપિ સત્વેષુ દયાં કુર્વંતિ સાધવઃ ।
ન હિ સંહરતે જ્યોત્સ્નાં ચંદ્રઃ ચાંડાલવેશ્મનિ ॥ ૯૫ ॥

- ધર્માન્નિર્મલકિર્તિકાંતલતિકાકાંડ પ્રચંડદ્યુતિ -
બ્રહ્માંડ પરિમંડયેત્ વિપિનવત્ ધર્માત્ ચ કર્મક્ષયઃ ।
ધર્માત્ આપદપૈતિ સંપદુદયં સદ્યોઽપિ સંપદ્યતે,
ધર્માત્ ધૈર્યમુદીયતે પ્રભવિનાં કિં કિં ન ધર્માત્ ભવેતે ॥ ૯૬ ॥

- દેહે નિર્મમતા ગુરૌ વિનયિતા નિત્યં શ્રુતાભ્યાસતા
ચારિત્રોજ્વલતા મહોપશમતા સંસારનિર્વેદતા ।
અંતબાહ્યપરિગ્રહત્યજનતા ધર્મક્ષત્તા સાધુતા સાધોઃ
સાધુજનસ્ય લક્ષણમિદં સંસાર વિચ્છેદને ॥ ૯૭ ॥

- શ્રદ્ધા તુષ્ટિઃ ભક્તિઃ વિજ્ઞાનમલુબ્ધતા
ક્ષમા શક્તિઃ યત્રૈતે સપ્ત ગુણાઃ તં દાતારં પ્રશસંતિ ॥ ૯૮ ॥

- સંપ્રત્યસ્તિ ન કેવલી કલિયુગે ત્ર્યૈલોક્યરક્ષામણિઃ
તદવાચઃ પરમાશ્ચ સંતિ ભરતક્ષેત્રે જગતદ્યોતકાઃ ।
સત્રત્નત્રયધારિણો યતિવરાસ્તાસાં સમાલંબનં
તત્પૂજા જિનવાક્યપૂજનતયા સાક્ષાત્ જિનઃ પૂજિતઃ ॥ ૯૯ ॥

- ગોભિઃ વિપ્રૈઃ ચ દૈવેઃ ચ સતીભિઃ સત્યવાદિભિઃ ।
અલુબ્ધૈઃ દાનશીલૈઃ ચ સપ્તભિઃ ધાર્યતે જગત્ ॥ ૧૦૦ ॥

- વશ્યાં સુતા વૃત્તિકરી ચ વિદ્યા નીરોગતા સંગતિઃ સજ્જનસ્ય ।
ઈષ્ટા ચ ભાર્યા વશવર્તિની ચ દુઃખસ્ય મૂલોદ્ધારણાનિ પંચ ॥ ૧૦૧ ॥

- ની શીલં પરિપાલયંતિ ગૃહિણં તપ્તું તપો ન ક્ષમા,
આર્તધ્યાનનિરાકૃતોજ્વલધિયાં તેષાં ન સદ્ભાવના ।
ઈત્યેવં નિપુણેન હંત મનસા સમ્યગ્ મયા નિશ્ચિતં નોત્તારો,
ભવકૂપતોઽસ્તિ સુદઢો દાનાવલંબાત્પરઃ ॥ ૧૦૨ ॥

- સંતઃ સર્વસુરાસુરેનદ્રમહિતા મુક્તેઃ પરં કારણં,
રત્નાનાં દધતિ ત્રયં ત્રિભુવનપ્રદ્યોતકાર્યે સતિ ।
વૃત્તિઃ તસ્ય યદન્નતઃ પરમયા ભક્ત્યાર્પિતા જાયતે
તેષાં સદ્ગૃહમેધિનાં ગુણવતાં ધર્મો ન કસ્ય પ્રિયઃ ॥ ૧૦૩ ॥

- ગજતુરગસહસ્ત્રં ગોકુલં ભૂમિદાનં કનકરજતપાત્રં મેદિની સાગરાંતા ।
સુરયુવતિસમાનં કોટિ કન્યાપ્રદાનં ન હિ ભવતિ સમાનં અન્નદાનં પ્રધાનં ॥ ૧૦૪ ॥

- ત્યકત્વાપિ નિજપ્રાણાન્ પરસુખવિઘ્નં ખલઃ કરોત્યેવ,
નિપતતિ કવલે સદ્યો વમયતિ ખલુ મક્ષિકા હિ ભોક્તારં ॥ ૧૦૫ ॥

- ઉદીરિતોઽર્થઃ પશુનાપિ ગૃહયતે, હયઃ ચ નાગાઃ ચ વહંતિ નોદિતાઃ ।
અનુક્તમપ્યૂહતિ પંડિતોજનઃ પરેંગિતક્ષાનફલા હિ બુધ્યયઃ ॥ ૧૦૬ ॥

- ધર્મોદુર્ગતિસંગતિવ્યતિકરવ્યાઘાતઘોરાશિનો,
ધર્મો નિસ્સમદુઃખદાવદહનજ્વાલાવલીવારિદઃ ।
ધર્મશર્મસમર્પણે પ્રતિભુવામગ્રેસરઃ પ્રાણિનાં
ધર્મસિદ્ધિપુરંધ્રિસધ્વિ-ઘટનાવ્યાપાર બધ્ધાદરઃ ॥ ૧૦૭ ॥

- ન ચંદ્રમા પ્રત્યુપકારલિપ્સયા કરોતિ ભાભિઃ કુમાદાવબોધં ।
સ્વભાવ એવોન્નતચેતસાં સદા પરોપકારાય સતાં હિ જીવિતં ॥ ૧૦૮ ॥

- આશ્રયસ્ય વિશેષેણ જડોઽપિ પટુતાં વ્રજેત્ ।
બહુધારાશ્રિતં તોયં ભિનત્તિ ગિરિમસ્તકં ॥ ૧૦૯ ॥

- કૌશેયં કૃમિજં સુવર્ણમુપલાત્દૂર્વાપિ ગોલોમતઃ
પંકાત્તામરસં શશાંક ઉધ્ધેરિંદીવરં ગોમયાત્ ।
કાષ્ટાદગ્નિરહેઃ ફણાદપિમણિઃ ગોપિત્તગોરોચના
સર્વ રત્નમુપદ્રવેણ સહિતં મુકત્વા ત્વદીયં યશઃ ॥ ૧૧૦ ॥

- જન્મસ્થાનં ન ખલુ વિમલં વર્ણનીયો ન વણઃ,
દૂરે શોભા વપુષિ નિહિતા પંકશંકાં તનોતિ ।
પદ્યપ્યેવં સકલસુરભિદ્રવ્યગર્વાપહારાન્
કો જાનીતે પરિમલગુણાન્ વસ્તુકસ્તૂરિકાયાઃ ॥ ૧૧૧ ॥

- યદ્ જીવ્યતે ક્ષણમપિ પ્રથિતૈઃ મનુષ્યૈઃ વિજ્ઞાનશોર્યવિભવાર્યગુણૈઃ સમેતં ।
તન્નામ જીવિતફલં પ્રવદંતિ તજજ્ઞાં કાકોઽપિ જીવતિ ચિરં ચ બલિં ચ ભુંકતે ॥ ૧૧૨ ॥

- શ્રી વીરઃ કુલમાનતોઃ બલભરાત્ દુર્યોધનો જાતિતો,
મેતાર્ય શકડાલભૂઃ શ્રુતમદાત્ ઐશ્વર્યતો રાવણઃ ।
રૂપાત્ તૂર્યકચક્રભૃત્ દ્રુપદજા નીવીતપોગર્વિતા,
લબ્ધ્યાષાઢમુનિઃ વિડંબિતઃ ઈમે ત્યાજયાઃ તદષ્ટૌ મદાઃ ॥ ૧૧૩ ॥

- અનુચિતકાર્યારંભઃ સ્વજનવિરોધો બલીયસા સ્પર્ધા ।
પ્રમદાજન વિશ્વાસો મૃત્યુર્ધ્વારણિ ચત્વારી ॥ ૧૧૪ ॥

- આજન્મપ્રતિબદ્ધવૈરપરૂષં ચેતો વિહાયાદરાત્
સાંગત્યં યદિ નામ સંપ્રતિ વૃકૈઃ સાર્ધં કુરંગૈઃ કૃતમ્ ।
તત્કિં કુંજરકુંભપીઠવિલુઠત્ વ્યાસકતમુક્તાફલ -
જ્યોતિઃ ભાસુરકેસરસ્ય પુરતઃ સિંહસ્ય તૈઃ સ્થીયતે ॥ ૧૧૫ ॥

- માર્તંડાન્વયજન્મના ક્ષિતિભૃતા ચાંડાલસેવાકૃતા
રામેણાદ્ભૂતવિક્રમેણ ગહના સંસેવતા કંદરા ।
ભીમાદ્યૈઃ શશિવંશજૈઃ નૃપેવરૈઃ દૈન્યં કૃતં રંકવત્
સ્વાં ભાષાં પ્રતિપાલનાય પુરૂષૈઃ કિં કિં ન ચાંગીકૃતં ॥ ૧૧૬ ॥

- અદ્યાપિ નોધ્વમતિ હરઃ કીલ કાલકૂટં કૂર્મો વિભર્તિ ધરણીં ખલુ પૃષ્ટભાગે ।
અંભોનિધિઃ વહતિ દુઃસહવાડવાગ્નિમ્ અંગીકૃતં સુકૃતિનઃ પરપાલયંતિ ॥ ૧૧૭ ॥

- નેતા યત્ર બૃહસ્પતિઃ પ્રહરણં વજં સુરાઃસૈનિકાઃ,
સ્વર્ગો દુર્ગમનુગ્રહઃ ખલુ હરેરૈરાવણો વારણઃ ।
ઈત્યાશ્ચર્ય બલાન્વિતોડપિ બલિભિઃ ભગ્નઃ પરૈઃ સંગરે
તદ્યુક્તં નનુ દૈવમેવ શરણં ધિક ધિગ વૃથા પૌરૂષમ્ ॥ ૧૧૮ ॥

- સેતુઃ સંસારસિંધૌ નિબિડતરમહાકર્મકાંતારવહિનઃ
મિથ્યાભાવપ્રમાથી પૃથુપિહિતતમો દુર્ગતિદ્વારભંગ ।
યેષાં નિર્વ્યાજબંધુઃ ભવતિ પરભવાપન્નસત્વાવલંબી
ધર્મસ્તેષાં કિમેભિઃ બહુભિરપિ તથાલંબનૈઃ બાંધવાદ્યૈઃ ॥ ૧૧૯ ॥

- પુષ્પં દૃષ્ટ્વા ફલં દૃષ્ટ્વા દૃષ્ટ્વા નારીં સયૌવનાં
દ્રવિણં પતિતં દૃષ્ટવા કસ્ય નો ચલતે મનઃ ॥ ૧૨૦ ॥

- નાસ્તિ કામસમો વ્યાધિઃ નાસ્તિ મહોસમો રિપુઃ
નાસ્તિ ક્રોધસમો વહનીઃ નાસ્તિ જ્ઞાનસમં સુખં ॥ ૧૨૧ ॥

- ન કોવિનોડર્થો ન શઠસ્ય મિત્રં, ક્રૂરસ્ય ન સ્ત્રી સુખિનો ન વિદ્યા,
ન કામિનો હ્રીઃ અલસસ્ય ન શ્રીઃ સર્વં ચ ન સ્યાત્ અનવસ્થિતસ્ય ॥ ૧૨૨ ॥

- ક્રમેણ શૈલઃ સલિલેન ભિદ્યતે ક્રમેણ કાર્યં વિનયેન સાધ્યતે ।
ક્રમેણ શત્રું કપટેન હન્યતે ક્રમેણ મોક્ષઃ સુકૃતેન સાધ્યતે ॥ ૧૨૩ ॥

- દદાતિ પ્રતિગૃહ્ણાતિ ગુહ્યમાખ્યાતિ પૃચ્છતિ ।
  ભુંકતે ભોજયતે ચૈવ ષડ્વિધં પ્રીતિલક્ષણં ॥ ૧૨૪ ॥

- વરં વનં વ્યાઘ્રગજેન્દ્રસેવિતં દ્રુમાલયે પુષ્પફલાંબુભોજનં,
  તૃણૈઃ ચ શય્યા વસનં ચ વલ્કલં ન બંધુમધ્યે ધનહીનજીવિતં ॥ ૧૨૫ ॥

- ત્રિલોકીશઃ શાડગી શબરશરલક્ષત્વમગમત્
  વિધાતા ધાતૃણામ્ અલભતં શિરઃ કૃંતનમપિ ।
  પ્રયાતો વ્યંગાહેર્દિનકરશશાંકો કવલતાં,
  પ્રભુઃ નગ્નઃ શિરસિ લિખિતં લંઘયતિ કઃ ॥ ૧૨૬ ॥

- કિં ચિત્રં યદિ વેદશાસ્ત્રનિપુણો વિપ્રો ભવેત્પંડિતઃ
  કિં ચિત્રં યદિ નીતિશાસ્ત્રનિપુણો રાજા ભવેત્ ધાર્મિકઃ ।
  તત્ ચિત્રં યદિ રૂપયૌવનવતી સાધ્વી ભવેત્કામિની
  તચ્ચિત્રં યદિનિર્ધનોડપિ પુરૂષઃ પાપં ન કુર્યાત્ કવચિત્ ॥ ૧૨૭ ॥

- રમ્યં રૂપમરોગતા ગુણગણઃ કાંતા કુરંગીદશા
  સૌભાગ્યં જનમાન્યતા સુમતયઃ સંપત્તયઃ કીર્તયઃ ।
  વૈદુષ્યં રતિરુત્તમા ગુણગણા યોગ્યાઃ સહાયાઃ
  સુખં ધર્માદિવ ભવંતિ યત્તદનિશં ધર્મે મન રજયતાં ॥ ૧૨૮ ॥

- વલ્લીજાતા સદશકટુકાઃ તુંબકાઃ તુંબિનીનાં
  શબ્દાયંતે સરસમધુરં શુદ્ધવંશે વિલગ્નાઃ ।
  એકે કેચીત્ ગ્રથિતસુગુણા દુસ્તરં તારયંતિ
  તેષાં મધ્યે જવલિતહૃદયા શોણિતં સંપિબંતિ ॥ ૧૨૯ ॥

- જલનિધિ પરતટગતમપિ કરતલમાયાતિ યસ્ય ભવિતવ્યં ।
  કરતલગતમપિ ન પશ્યતિ યસ્ય ચ ભવિતવ્યતા નાસ્તિ ॥ ૧૩૦ ॥

- વાર્તા ચ કૌતુકવતી વિમલા ચ વિદ્યા લોકોત્તરઃ પરિમલશ્ચ કુરંગનાભેઃ ।
તૈલસ્ય બિંદુઃ ઈવ વારિણિ દુર્નિવાર મેતત્ત્રયં પ્રસરતિ સ્વયમેવ ભૂમૌ ॥ ૧૩૧ ॥

- યાંતિ ન્યાયપ્રવૃત્તસ્ય તિર્યંચોઽપિ સહાપતાં ।
અપંથાનં તુ ગચ્છતં સોદરોઽપિ હિ મુંચતિ ॥ ૧૩૨ ॥

- પતિતોઽપિ કરાઘાતૈઃ ઉત્પતત્યેવ કંદુકઃ ।
પ્રાયેણ હિ સુવ્રતાનામ્ અસ્થાયિન્યો વિપત્તયઃ ॥ ૧૩૩ ॥

- સંતપ્તાયસિ સંસ્થિતસ્ય પયસો નામાપિ ન ક્ષાયતે ।
મુક્તાકારતયા તદેવ નલિનીપત્રસ્થિતં રાજતે ।
સ્વાતૌ સાગરશુક્તિસંપુટગતં તદ્ જાયતે
મૌક્તિકં પ્રાયેણાધમમધ્યમોત્તમગુણઃ સંસર્ગતો જાયતે ॥ ૧૩૪ ॥

- કોઽતિબારઃ સમર્થનાં કિં દૂરે વ્યવસાયિનાં ।
કો વિદેશઃ સુવિદ્યાનાં કઃ પર પ્રિયવાદિનાં ॥ ૧૩૫ ॥

- કષ્ટં ખલુ મૂર્ખત્વં કષ્ટં ખલુ યૌવને ચ દારિદ્યં ।
કષ્ટાદપિ તત્કષ્ટં પરગૃહવાસઃ પ્રવાસશ્ચ ॥ ૧૩૬ ॥

- વાસઃ ચર્મવિભૂષણં નરશિરો ભસ્માંગરાગઃ સદા,
ગૌરેકઃ સ ચ લાંગલેષુ અકુશલઃ સંપત્તિરેતવતી ।
ઈશસ્યેત્યવમન્ય યાતિ જલધિં રત્નાકરં જાન્હવી,
કષ્ટં નિર્ધનિકસ્ય જીવિતમહો દારૈરપિ ત્યજયતે ॥ ૧૩૭ ॥

- શક્યો વારપિતું જલેન દહનઃ છત્રેણ સૂર્યાતપો,
વ્યાધિઃ ભેષજસંગ્રહૈઃ ચ વિવિધૈઃ મંત્રપ્રયોગૈઃ વિષં ।
નાગેન્દ્રો નિશિતાંકુશેન સમદો દંડેન ગોગર્દભૌ
સર્વસ્યૌષધમસ્તિ શાસ્ત્રવિહતં મૂર્ખસ્ય નાસ્ત્યૌવધં ॥ ૧૩૮ ॥

- સૂપકારં કવિં વૈદ્યં બંદિનં શસ્ત્રપાણિનં ।
  સ્વામિનં ધનિનં મૂર્ખં મર્મજ્ઞં ન પ્રકોપયેત્ ॥ ૧૩૯ ॥

- પાપન્નિવારયતિ યોજ યતે હિતાય ગુહ્યં નિગૂહયતિ ગુણાન્ પ્રગટીકરોતિ ।
  આપદગતં ચ ન જહાતિ દદાતિ કાલે સન્મિત્રલક્ષણમિદં પ્રવદંતિ સંતઃ ॥ ૧૪૦ ॥

- યાવત્ સ્વચ્છમિદં શરીરમરુજં યાવત્ જરા દૂરતો
  યાવત્ ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ક્ષયો નાયુષઃ ।
  આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યં પ્રયત્નો મહાન્,
  સંદિપ્તે ભુવને તુ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદ્દશઃ ॥ ૧૪૧ ॥

- મણિશાણોલ્લીઢઃ સમરવિજયી હેતિદલિતો,
  મદક્ષીણોનાગઃ શરદિ સરિતોઽમ્લાનપુલિનાઃ ।
  કલાશેષઃ ચંદ્રઃ સુરતમૃદિતા બાલવનિતા,
  તનિમ્ના શોભંતે ગલિતઃ વિભવાઃ ચ અર્થિષુ નરાઃ ॥ ૧૪૨ ॥

- અતિમલિને કર્તવ્યે ભવતિ ખલાનામતીવ નિપુણા ધીઃ ।
  તિમિરે હિ કૌશિકાનાં રૂપં પ્રતિપદ્યતે દષ્ટિં ॥ ૧૪૩ ॥

- મત્તેભકુંભદલને ભુવિ સંતિ શૂરાઃ ક્રૂરપ્રચંડમૃગરાજવધેઽપિ દક્ષાં ।
  એતદ્ બ્રવિમી કૃતિનઃ પુરતઃ પ્રસહ્ય કંદર્પદર્પદલને વિરલા મનુષ્યાઃ ॥ ૧૪૪ ॥

- તે વૈ સત્કૃતિનઃ પરાર્થનિરતાઃ સ્વાર્થં પરિતજ્ય યે,
  મધ્યાઃતે તુ પરાર્થમુધ્વાતધિયઃ સ્વાર્થાવિરોધેન યે ।
  તેઽમી માનુષરાક્ષસાઃ પરહિતં નિધ્નંતિ યે સ્વાર્થતો,
  યે નિધ્નંતિ નિરર્થકં પરહિતં તે કે ન જાનીમહે ॥ ૧૪૫ ॥

- દાનપાલનયોઃ મધ્યે દાનાત્ હિ પાલનં વરં ।
  દાનાત્ સ્વર્ગ મવાપ્નોતિ પાલનાત્ અચ્યુતં પદં ॥ ૧૪૬ ॥

- અશક્તસ્થાપરાધેન કિં ધર્મો મલિનો ભવેત્ ।
  નહિ ભેકે મૃતે યાતિ સમુદ્રઃ પૂતિગંધતાં ॥ ૧૪૭ ॥

- ધર્મારંભે ઋણચ્છેદે કન્યાદાને ધનાગમે ।
  શત્રુઘાતાગ્નિરોગેષુ કાલક્ષેપં ન કારયેત્ ॥ ૧૪૮ ॥

- ધમોડયં ધનવલ્લભેષુ ધનદઃ કામાર્થિનાં કામદઃ,
  સૌભાગ્યર્થિષુ તત્પ્રદઃ કિમપરં પુત્રાર્થિનાં પુત્રદઃ ।
  રાજ્યાર્થિષુ અપિ રાજ્યદઃ કિમથવા નાનાવિકલ્પૈઃ
  નૃણાં તત્કિં યત્ર દદાતિ કિં ન તનુતે સ્વર્ગાપવર્ગાવપિ ॥ ૧૪૯ ॥

- ગુણેષુ યત્ન ક્રિયતાં કિમાટોપૈઃ પ્રયોજનં
  વિક્રીયંતે ન ઘંટાભિઃ ગાવઃ ક્ષીરવિવર્જિતાઃ ॥ ૧૫૦ ॥

- દુષ્ટા ભાર્યા શઠં મિત્રં ભૃત્યાઃ ચ ઉત્તરદાયકાઃ ।
  સસર્પે ચ ગૃહે વાસો મૃત્યુરેવ ન સંશયઃ ॥ ૧૫૧ ॥

# પરિશિષ્ટ : ૨

## સમ્યકત્વ વિષયક સંસ્કૃત - પાકૃત ગ્રંથોની નામાવલી

સૌજન્ય : આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર,
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબાના સહકારથી આ લીસ્ટ પ્રાપ્ત થયું છે.

૧. સમ્યકત્વસપ્તતિ / કર્તા : આચાર્ય હરિભદ્રસૂરિ / ભાષા : પ્રાકૃત
૨. સમ્યકત્વસપ્તતિ-(સં.)ટીકા / કર્તા : આચાર્ય સ---ઘતિલકસૂરિ / ભાષા : સંસ્કૃત
૩. સમ્યકત્તકૌમુદી / કર્તા : મુનિ જિનહર્ષ / ભાષા : સંસ્કૃત
૪. સમ્યકત્વકૌમુદી / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત જૈન / ભાષા : સંસ્કૃત
૫. સમ્યકત્વસારકુલક / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત જૈન / ભાષા : પ્રાકૃત
૬. સમ્યકત્વસારચક્ર / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૭. સમ્યકત્વમાહાત્મ્યગાથા / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૮. સમ્યકત્વસપ્તતિકા / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૯. સમ્યકત્વસપ્તતિકા-વૃત્તિ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૧૦. સમ્યકત્વસપ્તતિકા-અવચૂરિ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૧૧. સમ્યકત્વઆલાપક / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત, સંસ્કૃત
૧૨. સમ્યકત્વ-કૌમુદી / કર્તા : મુનિ જિનહર્ષ / ભાષા : સંસ્કૃત
૧૩. સમ્યકત્વઆલોવો / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૧૪. સમ્યકત્વપ્રકરણ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૧૫. સમ્યકત્વપ્રકરણ-(સં.) વૃત્તિ / કર્તા : આચાર્ય તિલકાચાર્ય / ભાષા : સંસ્કૃત
૧૬. સમ્યકત્વકૌમુદી / કર્તા : આચાર્ય જયચન્દ્રસૂરિ / ભાષા : સંસ્કૃત
૧૭. સમ્યકત્વસત્તરી / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૧૮. સમ્યકત્વસપ્તષષ્ટિભેદ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૧૯. સમ્યકત્વપરીક્ષા / કર્તા : આચાર્ય વિબુધવિમલસૂરિ / ભાષા : સંસ્કૃત
૨૦. સમ્યકત્વોપરીકથા / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૨૧. સમ્યકત્વસમ્ભવકાવ્ય / કર્તા : આચાર્ય જયતિલકસૂરિ / ભાષા : સંસ્કૃત
૨૨. સમ્યકત્વકૌમુદીરાસ / કર્તા : પંન્યાસ હીરકલશ / ભાષા : સંસ્કૃત
૨૩. સમ્યકત્વગાથા / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત

૨૪. સમ્યકત્વભેદકોષ્ટક / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત, મારુગુર્જર
૨૫. સમ્યકત્વવિધાતિનીસપ્તપ્રકૃત્યુપસમવિધાનરચના / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૨૬. સમ્યકત્વસ્તવ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૨૭. સમ્યકત્વશ્લોક / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત, મારુગુર્જર
૨૮. સમ્યકત્વકૌમુદીકથાષ્ટક / કર્તા : મુનિ વિનયચન્દ્ર / ભાષા : મારુગુર્જર
૨૯. જીવનાપાંચસોભેદેસમકિતવિચાર / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : મારુગુર્જર
૩૦. સમ્યકત્વવિવરણ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૩૧. સમ્યકત્વકૌમુદીકથા / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : મારુગુર્જર
૩૨. સમ્યકત્વપચ્ચીસી / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૩૩. સમ્યકત્વપચ્ચીસી-બાલાવબોધ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : મારુગુર્જર
૩૪. સમ્યકત્વસ્વરુપગર્ભિતવીરજિનસ્તવ-(સં.) અવચૂરિ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૩૫. સમ્યકત્વસ્વરુપસ્તવ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૩૬. સમ્યકત્વગુણ-(સં.) ટીકા / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : સંસ્કૃત
૩૭. સમ્યકત્વરહસ્યપ્રકરણ / કર્તા : આચાર્ય સિદ્ધસેણસૂરિ / ભાષા : સંસ્કૃત
૩૮. સમકિતસાર / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૩૯. સમ્મત્તુપ્પાયવિહી / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૪૦. સમ્યકત્વદ્વાર-(ગુ.) ભાષાટીકા / કર્તા : આચાર્ય સાગરાનન્દસૂરિ / ભાષા : સંસ્કૃત
૪૧. સમ્યકત્વભેદવિચાર / કર્તા : આચાર્ય સાગરાનન્દસૂરિ / ભાષા : સંસ્કૃત
૪૨. સમ્યકત્વસારશતક / કર્તા : પંડિત ભૂરામલ શાસ્ત્રી / ભાષા : હિન્દી
૪૩. અધિગમસમ્યકત્વ / કર્તા : આચાર્ય સાગરાનન્દસૂરિ / ભાષા : સંસ્કૃત
૪૪. સમ્યકત્વોપાયપ્રકરણ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : પ્રાકૃત
૪૫. સમ્યકત્વકૌમુદી / કર્તા : મુનિ ધર્મકીર્તિ / ભાષા : સંસ્કૃત
૪૬. સમ્યકત્વકૌમુદીરાસ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : મારુગુર્જર
૪૭. સમક્તિની ચૌપાઈ / કર્તા : અજ્ઞાત - અજ્ઞાત / ભાષા : ગુજરાતી

* શ્રધ્ધા સમર્પણ અને વિશ્વાસનો સરવાળો એટલે સમ્યકત્વ !

* શંકાના સીમાડા વટાવીને શ્રધ્ધાની સરહદમાં વિચરણ એટલે સમ્યકત્વ !

* બુધ્ધિની બાદબાકી અને શ્રધ્ધાની બોલબાલા એટલે સમ્યકત્વ !

* આત્મસુવર્ણને ચકચકિત કરતો અગ્નિ એટલે સમ્યકત્વ !

* ઉત્કૃષ્ટ સ્થિતિવાળા કર્મોના ડુંગરાને ઢેફા જેવડા
બનાવનાર વજ્ર એટલે સમ્યકત્વ !

* સમ્યકત્વ એટલે આત્માના અધ્યવસાયોને
નિર્મળ-નિશ્ચળ અને નિરૂપદ્રવ કરનાર રસાયન !

* આવા સમકિતધારી પુરુષોની ટેકની ગાથાને વર્ણવનાર
ગ્રંથ એટલે સમ્યકત્ત્વ કૌમુદી !

* સમ્યકત્વની દૃઢ ટેકધારી પુરૂષોની કથા વાંચ્યા પછી તમે ગાઈ ઉઠશો કે-
"સમકિત દ્વાર ગભારે પેંસતાજી પાપ પડલ ગયા દૂર રે..."



Tejas Printers
AHMEDABAD PH. (079) 6601045